
# જ્ઞાનયજ્ઞના આચાર્ય

મણિલાલ હ. પટેલ



ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ ઇ-બુક શ્રેણી : 10

શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ વિદ્યાવિસ્તાર ગ્રંથશ્રેણી : 14

# જ્ઞાનયજ્ઞના આચાર્ય

## મણિલાલ હ. પટેલ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના પ્રકાશનો ઓનલાઈન જોવા માટે લિંક

https://gujarativishwakosh.org/ebooks

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

અમદાવાદ

**પટેલ, મણિલાલ હ.**

જ્ઞાનયજ્ઞના આચાર્ય (શ્રી ધીરુભાઈ ઠાકરનું જીવનચરિત્ર) / મણિલાલ હ. પટેલ
ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પ્રકાશન 2019. 8 + 124 પૃ., સે.મી. 21 x 14.
(શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ વિદ્યાવિસ્તાર ગ્રંથશ્રેણી : 14)

ISBN : 978-93-83975-83-9

DDC : 928.9147

જીવનચરિત્ર

Jnanyajnna Aacharya (Shri. Dhirubhai Thakernun Jivancharitra)
by Manilal H. Patel
Published by Gujarat Vishvakosh Trust
Ahmedabad - 380 013

© ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

પ્રકાશક

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે,
વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ-380 013. ફોન : 2755 1703

Email : vishvakoshad1@gmail.com website : www.vishwakosh.org

કિંમત ` : 120 ❑ પહેલી આવૃત્તિ : 2019 ❑ પૃષ્ઠસંખ્યા : 8 + 124

❑

મુદ્રક

અજય ઑફસેટ, 15/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ-380 004

❑

મુખ્ય વિક્રેતા

ગૂર્જર સાહિત્ય ભવન, રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380 001

❑

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

# પ્રકાશકીય

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ વિદ્યાવિસ્તાર ગ્રંથશ્રેણીના ચૌદમા પુસ્તક રૂપે 'જ્ઞાનયજ્ઞના આચાર્ય' પુસ્તક પ્રગટ કરતાં અમે આનંદની લાગણી અનુભવીએ છીએ. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટને એના પ્રારંભકાળથી શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈનું સતત માર્ગદર્શન મળ્યું હતું અને વિશ્વકોશના સમગ્ર સંકુલને 'શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ વિશ્વવિદ્યા સંકુલ' એવું નામાભિધાન પણ કરવામાં આવ્યું છે. કેળવણીના ક્ષેત્રે શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ અને એમના પરિવારે અમદાવાદમાં અનેકવિધ શિક્ષણસંસ્થાઓની સ્થાપનામાં સક્રિય ફાળો આપ્યો છે, વળી આજે ડૉ. ધીરુભાઈ ઠાકરે લખેલા શ્રી કસ્તૂરભાઈ લાલભાઈના જીવનચરિત્ર 'પરંપરા અને પ્રગતિ' (જૂન, 1980)નું પણ સુખદ સ્મરણ થાય છે.

અગાઉ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ તરફથી 'શિક્ષણવિદ ધીરુભાઈ ઠાકર' નામનું શ્રી પ્રવીણ દરજીનું પુસ્તક પ્રગટ થયું છે અને એમાં શ્રી ધીરુભાઈ ઠાકરના શિક્ષણવિષયક વિચારતંતુઓને આલેખવાનો લેખકે પ્રયત્ન કર્યો છે. એ પછી ધીરુભાઈ ઠાકરની સમગ્ર જીવનકથા આલેખાય તેવું પુસ્તક પ્રગટ કરવાનો ટ્રસ્ટનો વિચાર 'જ્ઞાનયજ્ઞના આચાર્ય' પુસ્તકથી સાકાર થઈ રહ્યો છે. ડૉ. મણિલાલ હ. પટેલ ગુજરાતી સાહિત્યમાં એક સર્જક તરીકે આગવી પ્રતિભા ધરાવે છે. એમણે કવિતા, ચરિત્ર, વિવેચન, વાર્તા, નિબંધ, આત્મકથા અને સંપાદન જેવાં સાહિત્યસ્વરૂપોમાં 70થી વધુ ગ્રંથો દ્વારા મહત્વનું પ્રદાન કર્યું છે. ધીરુભાઈનાં બધાં જ પુસ્તકોમાંથી પસાર થઈને એમણે ધીરુભાઈના જીવનના સાડા નવ દાયકાને અને એમની સાતત્યપૂર્ણ જ્ઞાનોપાસનાને આવરીને આ જીવનકથા આલેખી છે.

છેક 1968થી શ્રી મણિલાલ હ. પટેલને વિદ્યાર્થી તરીકે ડૉ. ધીરુભાઈ ઠાકરના સંપર્કમાં આવવાનું બન્યું અને જીવનપર્યંત એ સંબંધ-તંતુ જળવાઈ રહ્યો. આથી

ધીરુભાઈ ઠાકરના તેજસ્વી વિદ્યાર્થી અને સમર્થ સર્જક શ્રી મણિલાલ હ. પટેલ દ્વારા આ જીવનકથા લખાય તે કેવો સુયોગ છે ! ડૉ. મણિલાલ હ. પટેલે ગુજરાતીના અભ્યાસી અધ્યાપક તરીકે 41 વર્ષ સેવાઓ આપી. હાલ નિવૃત્તિ સાથે લેખન-વાચનમાં પ્રવૃત્ત છે.

આશા છે કે એમની જીવનકથા દ્વારા વાચકોને એમના જીવનની ઝાંખી મળશે અને ધીરુભાઈ ઠાકરના સુદીર્ઘ અને સક્રિય જીવનના તમામ તબક્કાઓ જોવા મળશે. અત્રે એ ઉલ્લેખ પણ કરવો જોઈએ કે પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકરના અવસાન પછી ડૉ. મણિલાલ હ. પટેલના સંપાદન હેઠળ 'સવ્યસાચી : સ્મરણદીપના પ્રકાશમાં' ગ્રંથ પણ પ્રકાશિત થયો હતો. આમ સંસ્થા અનેક પ્રકારે શ્રી મણિલાલ હ. પટેલની આભારી છે.

આશા રાખીએ કે ગુજરાતી વિશ્વકોશના અન્ય પ્રકાશનની માફક આ પ્રકાશનને પણ અભ્યાસીઓ અને વિદ્વાનો ઉમળકાભેર આવકારશે.

21 જૂન, 2019

**– કુમારપાળ દેસાઈ**

# લેખકનું નિવેદન

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી ડૉ. કુમારપાળ દેસાઈએ, એક પ્રકલ્પ રૂપે, આચાર્યશ્રી ધીરુભાઈ ઠાકરની જીવનકથા લખવાનું મને નિમંત્રણ આપ્યું એને હું મારું સદભાગ્ય માનું છું. મારા વિદ્યાગુરુ, જ્ઞાનયજ્ઞના આચાર્ય અને વિશ્વકોશના વિશ્વકર્મા એવા ઠાકરસાહેબ વિશે લખવાનું કાર્ય સહેલું તો નથી જ; પરંતુ મેં એ પડકાર ઉપાડી જોવાનું સાહસ કર્યું છે. મને આ લેખનકાર્યમાં બહુ આનંદ આવ્યો છે.

ઠાકરસાહેબના જીવનના તમામ તબક્કાઓ વિશે વિગતે આલેખન કરવાનું કાર્ય રસપ્રદ રહ્યું છે. શૈશવ, કિશોરકાળ, હાઈસ્કૂલના ભણતરનાં વર્ષો, કૉલેજ-શિક્ષણ અને અધ્યયન-અધ્યાપનનાં; મુંબઈમાં વીતેલાં (પાંચ જેટલાં) પ્રારંભિક વર્ષો, ગુજરાત કૉલેજ : અમદાવાદનાં (18) વર્ષો, મોડાસા કૉલેજનાં બીજાં એટલાં જ વર્ષો તથા વિશ્વકોશ કાર્યાલયમાં વીતેલાં (24) સક્રિય વર્ષો : ધીરુભાઈના સમગ્ર જીવનના સાડા નવ દાયકા વિશે આ જીવનકથામાં માંડીને છતાં ટૂંકમાં પણ મહત્વની ઘણી બધી વાતો–વિગતોને વર્ણવીને વણી લેવાનો પ્રયાસ કર્યો છે.

પરિશ્રમ કરીને સફળતા મેળવનારા લોકો તો ઘણા બધા હોવાના. પણ જીવનમાં સફળતા કરતાંય વધુ માહાત્મ્ય તો સાર્થકતાનું છે. સાર્થક્ય તો સહજપણે થતી સાતત્યપૂર્વકની તપશ્ચર્યાનું પરિણામ છે. એ તો કોઈ વિરલ વ્યક્તિત્વ જ પામી શકે. ધીરુભાઈ ઠાકરની સાતત્યપૂર્ણ જ્ઞાનોપાસના નિશ્ચિત દિશામાં અને સમગ્ર પ્રજાજીવનના હિતમાં આગળ વધતી વધતી, કશા પણ અભિનિવેશ વિના, જીવનસાર્થક્યની પરાકાષ્ઠાએ પહોંચી છે. એમની નિષ્ઠા અને નિસબતભરી વ્યક્તિમત્તા અને જ્ઞાનસાધનાને આલેખવાનો મારો આ વિનમ્ર પ્રયાસ હવે વાચકોના હાથમાં છે.

આ જીવનકથાલેખન માટે મુખ્ય આધારસ્રોત તરીકે મેં, ધીરુભાઈ ઠાકરલિખિત ‘સ્મરણ માધુરી’(2008)નો ઉપયોગ કર્યો છે. માધુરીશ્રેણીના બીજા આઠ ગ્રંથોમાંથી પણ હું પસાર થયો છું. 1968માં મોડાસા કૉલેજમાં ભણવા ગયો ત્યારથી છેક 2014ના 20 જાન્યુઆરી સુધી હું ઠાકરસાહેબના સતત સંપર્કમાં રહ્યો છું. હું ઘણી વાર એમનો પક્ષપાત પામીને ધન્ય થયો છું. ઠાકરસાહેબનાં પરિવારજનો, વિશ્વકોશ પરિવાર તથા એમના વાચકો–ચાહકો–વિદ્યાર્થીઓ અને અનેક પ્રશંસકોનો સંપર્ક પણ મને અહીં ઉપયોગી નીવડ્યો છે. મોડાસા કૉલેજમાંથી પણ પુસ્તકો ને સામગ્રી મેળવ્યાં છે.

ઉનાળાના કાળઝાળ બળબળતા દિવસોમાં આ જીવનકથાનું લેખન થયું છે. ઘણી વાર હું લખાવતો ગયો હોઉં અને શ્રી હરેશ મકવાણા તથા ડૉ. ગિરીશ ચૌધરી પ્રેમપૂર્વક ગણેશકર્મ કરતા રહ્યા હોય એવુંય બન્યું છે – બલ્કે લેખનકાર્ય એ રીતે થવાથી વહેલું સંપન્ન થયું છે.

આ કાર્ય થઈ શક્યું એનો પારાવાર આનંદ છે. આ તબક્કે શ્રી કુમારપાળ દેસાઈ, વિશ્વકોશ ટ્રસ્ટ, શ્રી કનુ પટેલ, શ્રી બિપિનચન્દ્ર શાહ, અરવિંદ ગજ્જર, પ્રીતિ શાહ, કિશોર શુક્લ, હરેશ મકવાણા તથા ગિરીશ ચૌધરીનો આભાર માનું છું.

બુદ્ધ પૂર્ણિમા : 2075

**– મણિલાલ હ. પટેલ**

વલ્લભવિદ્યાનગર

# અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| 01. | શૈશવ | 10 |
| 02. | પ્રાથમિક શિક્ષણ | 17 |
| 03. | માધ્યમિક શિક્ષણ | 27 |
| 04. | કૉલેજનાં વર્ષો | 35 |
| 05. | ઘડતરકાળ | 44 |
| 06. | ગુજરાત કૉલેજ, અમદાવાદ (1) | 55 |
| 07. | ગુજરાત કૉલેજ, અમદાવાદ (2) | 63 |
| 08. | વિદ્યાયજ્ઞના આચાર્ય, મોડાસા (1) | 78 |
| 09. | કારમો આઘાત : વિપથગામી પરિબળો, મોડાસા (2) | 100 |
| 10. | જ્ઞાનયજ્ઞના પુરોહિત | 108 |
| 11. | વિશ્વકોશ વિશેષ | 115 |

# પોતાની મૂલ્યનિષ્ઠા વિશેની મક્કમતા

‘‘શ્રી ધીરુભાઈ જે સદીમાં જીવ્યા એ સદી કેટલીક અભૂતપૂર્વ ઘટનાઓથી ભરેલી હતી. એ સદીએ બબ્બે વિશ્વયુદ્ધો જોયાં. માનવસર્જિત શસ્ત્રોમાં દેશ અને કાળને લાંઘી જાય એવાં પરમાણુશસ્ત્રો જોયાં. સામ્રાજ્યવાદનો સૂર્ય મધ્યાહ્ને ચડીને ઓસરતો જોયો. એક મહાન સામ્યવાદી સત્તાનો ઉદય અને અસ્ત જોયો. એકથી વધારે દેશોના ભાગલા પડતા જોયા. લાખો લોકોને ઉચાળા ભરતા જોયા. સ્વતંત્રતાના ઉન્માદમાં લોકોને ગાંડાતૂર બનતા જોયા. ધર્મ કે રાજકારણના ઝનૂનમાં લોકોને એકબીજાનાં ગળાં કાપતા જોયા. આવા મોટા ફેરફારો વચ્ચે ચિત્તને સલામત રાખી લગભગ એક આખી સદી જીવી જાણવા સારુ કોઈ પણ સંવેદનશીલ નાગરિકને જે ગુણસંપદાની જરૂર પડે તેમાંથી કેટલાક ગુણો ધીરુભાઈ ધરાવતા હતા એટલે તેઓ માત્ર ટકી રહ્યા નહીં, પણ પોતાની આસપાસના અનેકને ટકાવી શક્યા. ધૈર્ય, તટસ્થતા, વિવિધ વિચારો અંગે સમજવાનો ખરેખરો પ્રયાસ અને તે બધાંની સાથે પોતાની મૂલ્યનિષ્ઠા વિશેની મક્કમતા એ એવા ગુણો છે જેની ગઈ સદી જ નહીં પણ આ સદીમાં પણ એટલી જ જરૂરિયાત છે.’’

**– નારાયણ દેસાઈ**

# 1

# શૈશવ

આપણી ભારતીય પરંપરામાં, કદાચ વિશ્વમાં પણ માનવજીવનને આપણે નદીના પ્રવાહ સાથે સરખાવતા રહ્યા છીએ. પહાડની કૂખમાંથી બુંદ બુંદ ટપકીને ઝરણું આગળ વધે છે. રસ્તામાં અવરોધ આવે તોય ઊછળતું કૂદતું કલ્લોલ કરતું વહે જાય છે. ઝરણાને બીજા પ્રવાહો મળતાં એ પહાડો વીંધતું, કોતરોમાં ધોધ રૂપે પડતું અને ખીણોમાં તીવ્ર ગતિએ વહેતું આગળ વધે છે. ધીમે ધીમે એ નદીનું રૂપ લે છે. નદી પણ ક્યાંક ઉતાવળી, વળાંક લેતી વહે છે. મેદાનોમાં એની ગતિ ધીરગંભીર બને છે. ક્યારેક જળપ્રવાહ ઓછો થાય છે કે સુકાઈ જાય છે. ત્યારે પણ તળની ભીતરમાં જળ તો વહેતું જ રહે છે. ઋતુઓ એને વધારે સભર કરે છે. બીજી નદીઓ પણ આવી મળે છે અને એમ નદી મહાનદ બનીને મહાસાગરમાં વિલીન થઈ જાય છે. એને કાંઠે, એની આસપાસ વાટે અને ઘાટે પ્રકૃતિના પારણામાં માનવસંસ્કૃતિ જન્મે છે, ઊછરે છે અને વિકસિત થાય છે. આમ નદી માનવજીવનનું આબેહૂબ રૂપક બની રહે છે. કેટલાક મૂઠી ઊંચેરા માનવીઓનું જીવન પણ આવી નદીઓ જેવું હોય છે. જીવન સંકુલ હોય છે, બહુસ્તરીય હોય છે. એને અનેક પરિબળો ઘડે છે, તાવે છે, તપાવે છે, નિષ્ફળ અને સફળ બનાવે છે. મૂળ વાત અંદરની ઊર્જાની છે, પરિશ્રમ અને ગતિની છે, ધૈર્ય અને સાહસની છે, સંઘર્ષ અને સિદ્ધિની છે. આવું જીવન જીવ્યાનું સદભાગ્ય બહુ ઓછા માણસોને મળે છે. આપણે જે જીવનકથા માંડી રહ્યા છીએ એ જીવનકથાના નાયક ધીરુભાઈ ઠાકરનું જીવન ઉપરોક્ત રૂપકને બરાબર ચરિતાર્થ કરનારું રહ્યું છે.

*

વીસમી સદીના બીજા દાયકાનો ઉત્તરાર્ધ ચાલે છે. મોહનદાસ કરમચંદ ગાંધી દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહ સફળ રીતે પાર પાડીને પાછા હિન્દુસ્તાન આવી ગયા છે. 'હિંદ સ્વરાજ'નું સ્વપ્ન એમણે કાગળ પર 1908માં અવતારી દીધું છે.

એ પછી 1914-15માં ગામડામાં વસતું ભારત જોવા-પ્રમાણવા સારુ એ દેશાટન કરી ચૂક્યા છે. અમદાવાદમાં સાબરમતી તટે હરિજન આશ્રમની સ્થાપના થઈ ચૂકી છે. પોતાના વિચારોને, જીવનકાર્યને સ્પષ્ટ કરવા અને પ્રજાને જણાવવા સારુ ‘હરિજન બંધુ’, ‘નવજીવન’ અને ‘યંગ ઇન્ડિયા’ જેવાં સાપ્તાહિકો એમના દ્વારા શરૂ થઈ ચૂક્યાં છે. સમગ્ર દેશમાં અંગ્રેજોનું શાસન સ્થિર થઈ ચૂક્યું છે. ઘણી જગ્યાએ રાજા-રાજવીઓ અંગ્રેજી શાસનના નેજા હેઠળ પોતાનો રાજકારભાર ચલાવી રહ્યા છે. એમાંના બહુ જાણીતા મહારાજા સયાજીરાવ ગાયકવાડ વધારે સુચારુ રાજકારભાર ચલાવી રહ્યા છે. એમના તાબામાં ત્યારે ચાર પ્રાંત હતા. વડોદરા, નવસારી, કડી-મહેસાણા અને અમરેલી. આ પ્રદેશોમાં પ્રજાના જાનમાલની રક્ષા કરવા સાથે શિક્ષણ આપવા માટે ખાસ વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. ઘણી જગ્યાએ શાળાઓ શરૂ કરાઈ. પછી ગામે ગામે ગ્રંથાલયોનો પ્રારંભ કરવામાં આવે છે. બરોડા, અમદાવાદ, પેટલાદ, વિસનગર, નવસારી જેવાં કેન્દ્રોમાં ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓ, કૉલેજો શરૂ થાય છે. આપણે નર્મદના જમાનાને નવજાગૃતિનો કાળ ભલે કહેતા હોઈએ પણ ખરું અને ગામડા સુધી પહોંચતું નવજાગરણ તો સયાજીરાવ જેવા કેટલાક પ્રજાવત્સલ રાજવીઓ દ્વારા થયું દેખાશે. એમાં ગોંડલના મહારાજા ભાવસિંહજી અને ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજીનો પણ ઉલ્લેખ કરવો જોઈએ. આજ ગાળામાં ગાંધીજી દ્વારા ગામોમાં શિક્ષણમાં નઈ તાલીમની અને સ્વાશ્રય તથા રોજગારી માટે રેંટિયો કાંતી ખાદી વણવાની વાત મહત્વની બની રહે છે.

આ સમયની મહત્વની ઘટના તે 1920માં ગાંધીજી દ્વારા ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના. કાકાસાહેબ કાલેલકર એના પ્રથમ આચાર્ય નિમાયા અને ગાંધીના વિચારે દોરવાયેલા સ્વાશ્રયી, નીતિનિષ્ઠ અને સમાજસેવી કહી શકાય એવા શિક્ષકો, કાર્યકર્તાઓ અને વિદ્યાર્થીઓ વિદ્યાપીઠ સાથે જોડાય છે. વિદ્યાપીઠનો આશય સ્વાશ્રયી, સ્વાવલંબી, સાદગીપૂર્ણ, મૂલ્યનિષ્ઠ અને આપકમાઈ કરનારું શિક્ષણ આપવાનો છે. સાહિત્યના ક્ષેત્રમાં એક તરફ પંડિતયુગ ધીમે ધીમે સમેટાતો, ઓસરતો જાય છે અને બીજી તરફ ગાંધીજીના પ્રભાવે કરીને સાહિત્યમાં અને અન્ય ક્ષેત્રોમાં ગાંધીવિચાર અને ગાંધીજીવન દર્શનને રજૂ કરવા માંગતો ગાંધીયુગ શરૂ થવા જઈ રહ્યો છે. સ્વાશ્રય, સાદગી, જીવનમૂલ્યો, સ્વાતંત્ર્ય અને સત્યનિષ્ઠાને અનુસરતા નાગરિકોના ઘડતર માટે જાણે ચારે તરફ વાતાવરણ રચાતું આવે છે. સાહિત્યમાં અને જીવનનાં અનેક ક્ષેત્રોમાં બીજા નવજાગરણનો કહો કે સામાજિક અને રાજકીય નવજાગરણનો યુગ શરૂ થાય છે.

*

આવા સંક્રાંતિ કાળમાં ધીરુભાઈ ઠાકરનો 27 જૂન, 1918ના રોજ કોડિનારમાં જન્મ થાય છે. એમના પિતાનું નામ પ્રેમશંકર ઠાકર અને માતાનું નામ ગોમતીબહેન, મોટા કાકા નાથાલાલનાં પત્નીનું પણ ગોમતીબહેન હતું એટલે ધીરુભાઈનાં બાનું નામ ભાગીરથી પાડવામાં આવેલું જે ગુજરાતમાં સ્થાયી થયાં પછી ભગવતીબહેન તરીકે ઓળખાતાં રહ્યાં. પ્રેમશંકર ગાયકવાડી રાજ્યમાં તલાટી હતા. મોટા ભાઈ નાથાલાલ પણ કડી-મહેસાણા બાજુ ગાયકવાડી રાજ્યમાં ઓવરસીયર તરીકે કામ કરતા હતા. ત્યારે સાત ધોરણ સુધી ભણેલાને નોકરી મળી જતી. નાથાલાલ અને ગોમતીબહેનને કોઈ સંતાન ન હોવાથી ધીરુભાઈના મોટા ભાઈ રમણભાઈને એમણે સાથે રાખેલા. એટલે રમણભાઈનો ઉછેર લાડકોડમાં થયો. ખાવુંપીવું અને પહેરવું-ઓઢવું, માંગે એવું મળી રહેતું. જોકે એમનું ભણતર થોડું નબળું રહેલું. રમણભાઈ ઉપરાંત ધીરુભાઈને બે મોટાં બહેન. એક પ્રભાબહેન ને બીજાં સુમિત્રાબહેન, ધીરુભાઈથી નાના જયંતભાઈ. આમ પ્રેમશંકરને પાંચ સંતાનો. ધીરુભાઈનું બાળપણ અને કિશોરાવસ્થા સુમિત્રાબહેન અને જયંતભાઈ સાથે પસાર થયું હતું. પ્રેમશંકરનું મૂળવતન તો વિરમગામ. એમના બાપુજી હરગોવિંદ ઠાકર અને બાનું નામ ઝબકબા. પ્રેમશંકરને નાના મૂકીને હરગોવિંદદાસ ગુજરી ગયેલા. પ્રેમશંકર અને નાથાલાલને ગાયકવાડી નોકરી હોવાથી વિરમગામમાં એ ઝાઝું રહેલા નહીં. પ્રસંગે પર્વે વિરમગામ જવાનું થતું એટલું જ. છેલ્લે વિરમગામ બાપદાદાના ઘરમાં નાથાલાલ અને ગોમતીબહેન રહેલાં અને ત્યાં જ એમણે દેહ છોડેલો.

ધીરુભાઈને સ્વાભાવિક જ કોડિનારનાં બહુ સ્મરણો નથી. ત્રણ-ચાર વર્ષની વયે શું બન્યું હતું એ તો મોટા થઈને વડીલો પાસે સાંભળીએ ત્યારે ખબર પડે. એવા બે પ્રસંગો ધીરુભાઈને એમનાં બા વારંવાર કહેતાં. એ વર્ષોમાં કોડિનારમાં રામવાળો કરીને એક બહારવટિયો ગાયકવાડ સરકારની સામે બહારવટે ચડેલો. એક વખત એના સાગરિતો સાથે કોડિનાર પર એ ત્રાટક્યો અને દોઢ દિવસ બધાને ધમકાવીને એણે કોડિનારની ગાદી ભોગવેલી. દરમિયાન તિજોરી તોડીને અને બધેથી લૂંટીને ગાડાં ભરીને રૂપિયા લઈને કોડિનાર ગામ વચ્ચેથી એ નીકળતો હતો ત્યારે ગામના નગરશેઠે એમની હવેલીની ડોકાબારીમાંથી ગાડાં હાંકી જતા બહારવટિયાઓ ઉપર તાવડામાં કકડાવેલું તેલ રેડવા માંડેલું. રૂપિયાનાં ગાડાં ગામ વચ્ચે મૂકીને બહારવટિયા ભાગી છૂટેલા. નગરશેઠની આ હિંમત અને કોઠાસૂઝ માટે ગાયકવાડ સરકારે એમને ઇલકાબ આપીને સન્માન કરેલું. આ વાત સાંભળીને ત્રણેય ભાઈ-બહેનને બહુ મજા આવતી. એક બીજી પણ રોમાંચક વાત બની હતી. રામવાળો બહારવટિયો પ્રેમશંકરભાઈને સારી રીતે ઓળખતો હતો. કેમ કે રામવાળાના ગામમાં રહેતાં એના ઘરવાળાંને ખાવાપીવાનું મળી રહે એવો બંદોબસ્ત એ જ ગામમાં કોઈ એક કુટુંબને છૂપી રીતે સમજાવીને વ્યવસ્થા કરેલી. પ્રેમશંકરને

કોડિનારથી ગામડે જવાનું વારે વારે થતું. એમના હવાલે ત્રણ-ચાર ગામ હતાં. ત્યારે તો પાકા રસ્તા ન મળે. એટલે મોટાભાગે એ ઘોડા ઉપર ગામડે જતા અને પાછા ફરતાં રાત પડી જતી. ત્યારે કોડિનારની આસપાસ ગીર જંગલનો ભરચક વિસ્તાર હતો. રાતે રસ્તો ન સૂઝે અને ડર લાગે એવી વનરાજીથી એ મલક ભરેલો હતો. એક વાર કોઈ બીજા તલાટી સાથે પ્રેમશંકરને ગામડેથી પાછા ફરતાં મોડું થઈ ગયેલું. ગીચ ઝાડીની વચ્ચે કેડી ઉપરથી ઘોડા પસાર થતા હતા. પ્રેમશંકર આગળ અને પેલા તલાટી સાથીદાર પાછળ હતા. એકાએક ઝાડીમાંથી બે બહારવટિયા નીકળ્યા અને આગળ જતા પ્રેમશંકરના ઘોડાની લગામ પકડીને તેમને રોક્યા. કરડા અવાજે પૂછ્યું, આટલી રાતે ક્યાં હાલ્યા ? કોણ છો? પ્રેમશંકરે ડર્યા વગર કહ્યું કે કોડિનાર જઈએ છીએ. અવાજ સાંભળીને પાછળવાળા તલાટીએ મોટેથી પૂછ્યું શું છે પ્રેમશંકર ? કોણ છે ? પ્રેમશંકર શબ્દ સાંભળીને ઝાડીમાંથી રામવાળો બહાર આવ્યો અને બોલ્યો અરે, 'પ્રેમશંકરભાઈ ! તમે ? આટલી રાતે ?' તમારું નામ ન હાંભળ્યું હોત તો ગજબ થઈ જાત. આ ખાખી પહેરવેશથી છેતરાઈ જાત હોંકે. જાઓ હવે ખાખી કપડાં ન પહેરતા. જંગલનો રસ્તો પૂરો થાય ત્યં સુધી રામવાળાનો એક માણસ એ લોકોને મૂકવા આવેલો. એ દિવસ પછીથી પ્રેમશંકરે ખાખી કપડાં ન પહેરવાનું નક્કી કરેલું.

પ્રેમશંકર સાહસિક ખરા, કોડિનારમાં ગાંધીશેરીમાં એક ભૂતિયા મકાનમાં એ રહેતા. ત્રણ માળનું એ મોટું મકાન. એમાં ભૂત છે એમ લોક કહેતું એટલે કોઈ એમાં રહેવા જતું નહીં. પણ પ્રેમશંકર તો આવાં મકાન જ પસંદ કરતા અને ઘરનાંને કહેતા કે આપણે ગાયત્રીમંત્રનો જાપ કરવાનો, દીપ અને ધૂપ કાયમ કરતાં રહેવાનું એટલે ભૂત કે પ્રેત અહીં ફરકે જ નહીં. ત્રણ માળનાં અને ઊંચાં આ પથ્થરનાં મકાનો. દરેક મકાનમાં ડોકાબારી હોય, જેમાંથી રસ્તાની અવરજવર જોઈ શકાય. પ્રવેશદ્વાર તો ખડકીમાં પડતું હોય, જ્યાં શેરી જેવું હોય અને બાળકો રમતાં હોય. ધીરુભાઈને વજા પાનવાળા એમના મકાનમાલિક તો યાદ નથી. પણ પાસેનું હેમાશેઠનું મકાન અને સાથે રહેતા ભૂટા મહારાજ યાદ હતા. ભૂટા મહારાજની કંદોઈની દુકાન ગામ વચ્ચે હતી એની ઝાંખી યાદ ખરી. ભૂટા મહારાજની દીકરી શાંતિ અને બાજુમાં રહેતા શામળજી ભીમજી જોશી નોંધણી કામદાર–પિતાજીના મિત્ર–એમનો દીકરો જયંત એ બધાં સાથે રમતાં. જયંત તો દોસ્ત બની ગયેલો. રમતાં રમતાં એક વખતે લાકડાની આખી સીડી ધીરુભાઈ ઉપર પડેલી અને ડાબા હાથનું હાડકું કોણીમાંથી ખડી ગયેલું એ ધીરુભાઈને કાયમ યાદ રહી ગયું હતું. વરસો પછી જયંત નવસારીની કૉલેજમાં ગુજરાતીનો પ્રોફેસર થયો ત્યારે ધીરુભાઈ પણ અમદાવાદની ગુજરાત કૉલેજમાં પ્રોફેસર હતા. જયંતને જૂના પત્રો વાંચતા પ્રેમશંકર કાકાનો એક કાગળ મળેલો. પછી તો જયંત અને ધીરુભાઈ ઘણી વખત

મળતા રહેલા.

કોડિનાર પણ શિંગોડો નદીના કિધારે આવેલું છે. ત્યારે તો એ એક મોટું ગામ જ હતું. ગામના પાદરેથી શિંગોડો નદી વહ્યા કરતી. કોડિનારમાં એ માંડ એક વર્ષ નિશાળમાં ગયા હશે પણ એનું ઝાઝું સ્મરણ નથી. કોડિનારથી બારેક કિમી. દૂર એ જ નદીને કાંઠે ઘાંટવડ ગામે પ્રેમશંકરની બદલી થયેલી એથી આખો પરિવાર ઘાંટવડ આવી ગયેલો. અહીં જવા-આવવા માટે ગાડારસ્તો હતો. પ્રેમશંકર ઘોડા પર કે ગાડામાં સરકારી કામકાજને માટે કોડિનાર જતા. રાતે મોડા આવતા ત્યારે ત્રણેય ભાઈ-બહેન અને બા એમની રાહ જોતાં ભૂખ્યાં બેસી રહેતાં, બા વાર્તાઓ કહેતાં. પ્રેમશંકર આવે પછી બધાં જમતાં. ત્યારે તો જયંતની ઉંમર ત્રણેક વરસની હતી. ઘાંટવડની આ જગ્યા બહુ રૂપાળી હતી. આસપાસ ભરચક વનસ્પતિ અને વગડો. ઓટલા ઉપરથી દૂરના ડુંગરા દેખાય, ક્યારેક ડુંગર ઉપર દવ બળતો હતો. એ દવની જ્વાળાઓ બાળક ધીરુને કાયમ માટે યાદ રહી ગયેલી. ગિરનારની પર્વતમાળાનો એ વિસ્તાર ગીરના હૃદયસ્થાને હોય તેમ ગાઢ વનરાજીની વચોવચ ઘાંટવડ ગામ આવેલું હતું. શિંગોડો નદીમાં બારેમાસ પાણી રહેતું. પ્રેમશંકરનો પરિવાર ગામની બહાર આવેલા સરકારી વિશ્રાંતિગૃહના કૅમ્પસમાં આવેલા જંગલખાતાના અધિકારીઓના આવાસ પાસે રહેતો હતો. ત્યાંથી થોડે દૂર શાળા અને પુસ્તકાલય પણ હતાં. ખરેખર તો વિશ્રાંતિગૃહની બીજી પાંખમાં તલાટીનો નિવાસ રહેતો. બાજુના બે-ત્રણ રૂમો પ્રવાસે આવતા સરકારી અધિકારીઓ માટે ખાલી રહેતા. આ મોકળી જગ્યામાં ભાઈબહેનને રમવાનું, ભમવાનું બહુ ગમતું. પહાડ અને વનરાજીની એ ગેબી દુનિયામાં ઉનાળામાં દવ લાગતો અને ચોમાસામાં કાળાં વાદળો ચડી આવતાં – પ્રકૃતિનું એ રૌદ્ર રૂપ બાળ ધીરુના મનમાં બરાબર અંકાઈ ગયું હતું. બપોરે પણ અંધારું ઘોર હોય એવા એ જંગલની વાત પ્રેમશંકર બાળકોને કહેતા. અહીં ચોર-લૂંટારાનો પણ ભય રહેતો. ક્યારેક જંગલી પ્રાણીઓ પણ આવી ચડતાં. વાઘ, સિંહ તો ચાલ્યા જાય પણ દીપડો તો ડર્યા વગર ચોકીદારોએ કરેલી તાપણી પાસે આવી જવાની હિંમત કરતો. ક્યારેક વાછરડાને ઉપાડી જતો તો ક્યારેક બાળકને ઉપાડી જવાની વાતો પણ સાંભળવા મળતી. ગાયકવાડની ફોજના માણસો કોઈ વાર વિશ્રાંતિગૃહમાં રાત રોકાવા આવતા. એમની સાથે એમણે પકડેલા ચોર-લૂંટારા અને બહારવટિયાઓ પણ હોય. એ ફોજના સિપાહીને ક્યારેક આ ભાઈ-બહેન પૂછતાં, 'તમે કેમ આ માણસને બાંધ્યો છે' તો સિપાહી હસીને કહેતો 'ખૂન કિયા હૈ, લૂંટ ચલાતા હૈ'. બંધાયેલો કેદી જરાય ડરેલો નહોતો લાગતો. મૂછે વળ દીધેલા કેદીઓના એ કડક ચહેરા ધીરુ અને સુમિત્રા અચરજથી જોઈ રહેતાં. ક્યારેક રાજકુટુંબના નબીરા કે મોટા અધિકારી શિકાર કરવા આવે. એમણે મારેલા વાઘ કે ચિત્તાને વિશ્રાંતિગૃહના આંગણામાં સૂવડાવે ત્યારે ધીરુ

અને સુમિત્રા ડરતાં ડરતાં એની પાસે જતાં અને મરેલા વાઘ કે ચિત્તાને સહેજ પંપાળી જોતાં ત્યારે રોમાંચ સાથે શરીરમાંથી ભયની ધ્રુજારી પસાર થઈ જતી. આવી રુદ્ર અને રમ્ય પ્રકૃતિની વચ્ચે ધીરુભાઈનું બાળપણ વીત્યું હતું. ભયાનક અને અદભુતની એ સૃષ્ટિ એમના મનમાં ઘણાં વર્ષો સુધી રહી હતી.

પ્રેમશંકરની આવક પગાર પૂરતી જ મર્યાદિત, એટલામાં જ ઘર ચલાવવાનું. એટલે બા કરકસર કરતાં. ઘાંટવડમાં હતા ત્યારે તો શીંગડાં વગરની એક ગાય પાળેલી. એનું નામ બોડી પાડેલું. દિવસમાં ત્રણ વાર દૂધ આપતી. એવી શાણી અને સમજણી કે છોકરાં એના પગ વચ્ચેથી નીકળી જાય કે આંચળ મોઢામાં લઈને દૂધ ચૂસે તોય કદી કોઈને પૂંછડું પણ વાગવા ન દે. સુમિત્રા અને ધીરુ બોડીને લઈને પાસેની સીમમાં ચરાવવા જતાં. લીલું ઘાસ પણ ભેગું કરી લાવતાં. સીમમાં બોર ખાવા મળતાં અને ખિસ્સું ભરીને ઘેર પણ લાવી શકાતાં. જીવનમાં આ અનુભવ થયો તે પછી કદી બીજો એવો અનુભવ થયો નથી. ઘર પાછળ વહેતી શિંગોડો નદીનો ખળખળ અવાજ રાત્રે વધારે સંગીતમય લાગતો. નદીના ભાઠામાં લોકો સક્કરટેટીની વાડીઓ કરતા. એ રસદાર ટેટીઓનો ઢગલો તલાટીસાહેબના ઘરમાં આખી સિઝન રહેતો. કેરીથીયે મીઠી એ ટેટીનો સ્વાદ જીવનમાં ફરી ચાખવા મળ્યો નથી.

કોડિનાર અને ઘાંટવડનાં વર્ષો બહુ લાંબાં ન હતાં. ત્રીજા ધોરણમાં ભણતા હશે અને ઘાંટવડ છોડવાનું આવ્યું હતું. મૂળવાત એમ હતી કે નાથાબાપા માંદા-સાજા રહેતા, કાને બહુ ઓછું સાંભળતા. વળી દિલના ઉદાર અને મનમોજી, ઘોડેસવારી કરે અને એક્કો પણ રાખે, રમણભાઈને પણ આ બધું શિખવાડે. એ પણ ઉત્તમ કપડાં પહેરે અને ઠાઠથી રહે. ભાભી પણ રમણભાઈને દૂધ, માખણ અને ઘીમાં રાખતાં. પ્રેમશંકરને નાથાભાઈની તબિયતની ચિંતા થતી. એમની ઇચ્છા હતી કે વતન બાજુ કડી પ્રાંતમાં બદલી થાય તો સારું. એ માટે એમણે એક વાર વિશ્રામગૃહમાં રોકાવા આવેલા વડોદરા રાજ્યના પોલીસ સરસૂબા ઘાટગેસાહેબને વાત કરેલી. ઘાટગે શિકારના શોખીન હતા અને ઘાંટવડ આવીને રહેતા. એક વખત ઘાટગે પ્રેમશંકરની બદલી માટેની અરજી સાથે જ લઈ ગયા. થોડાક દિવસમાં બદલીનો હુકમ આવી ગયો. ચાણસ્મા ખાતે બદલી થઈ હતી. એ જ દિવસે એક માઠા સમાચાર પણ મળ્યા કે વિરમગામમાં મોટાં ગોમતીભાભી (ભાભુ) ગુજરી ગયાં છે. જોડે એવો તાર પણ આવેલો કે નાથાબાપા પણ બહુ માંદા છે. પ્રેમશંકરભાઈ ઝટઝટ ઘર સંકેલવામાં પડ્યા. માણસો બોલાવી સામાન બંધાવ્યો. બે ગાડાં મંગાવ્યાં. ગાયને દુઃખી હૃદયે ત્યાંના મુખીના ઘેર જ મોકલી આપી. ધીરુ અને સુમિત્રાની આંખમાં આંસુ હતાં. સામે ગાયની આંખમાંથી પણ પાણી નીતરતાં હતાં. એક ગાડામાં સામાન ભર્યો અને બીજામાં ઘરનાં બધાં ગોઠવાયાં. વરસતો

વરસાદ અને રસ્તામાં નદી આવે. ઘૂઘવતાં પાણીમાં પસાયતા ઊતરી વાંસથી પાણી માપે અને પછી ગાડાને ધીમે ધીમે પાણીમાં ઉતારે. પૂરમાં બળદ ખેંચાતા હતા પણ હિંમત હાર્યા વગર એ પસાયતાઓએ બળદની રાસ પકડીને નદી પાર કરાવી હતી. મોડી રાતે પ્રાચી ગામમાં રાત રોકાયા. વરસાદ બંધ નહોતો રહેતો. ત્રણેય ભાઈ-બહેન ભીંજાઈ ગયાં હતાં. બધાંને મંદિરમાં આશરો આપેલો. ધીરુના માથામાં રાતે ઝિમેલો પેસી ગયેલી તે બાએ વીણી વીણીને કાઢેલી એ પ્રસંગ પણ યાદ રહી ગયેલો. બીજે દિવસે ધીમા વરસાદમાં ગાડાં આગળ ચાલ્યાં ત્યારે રસ્તાના કીચડમાં બેઉં ગાડાનાં પૈડાં કાદવમાં ખૂંપી ગયાં. બળદ ઘણુંયે મથે પણ ગાડું હાલે જ નહીં. ઘણા લોકોએ મદદ કરી જોઈ પણ કંઈ બન્યું નહીં. ત્રણ કલાક વીતી ગયા ત્યારે છેવટે ત્યાંથી પસાર થતા બે ઊંટવાળા ગાડાંને ફસાયેલાં જોઈને ઊભા રહ્યા. ખૂંપેલા પૈડાંઓને બંનેએ હાથ દઈને બળદને હાંકવા હાકોટા કર્યા. બંને ગાડાં બહાર નીકળી ગયાં. પ્રેમશંકરભાઈ આભાર માને એ પહેલાં તો બંને ઊંટવાળા દૂર નીકળી ગયા હતા, એક બાજુ કુદરત કસોટી કરે છે અને બીજી બાજુ મદદ પણ મોકલે છે. વેરાવળથી રાતની ગાડી પકડીને પરોઢિયે વિરમગામ પહોંચ્યાં. ત્યારે ખબર પડી કે નાથાબાપા પણ એ જ રાતે ગુજરી ગયા હતા.

આ દિવસોમાં ઘરમાં થતી એક વાત ધીરુભાઈને છેક સુધી યાદ રહી ગયેલી. બધાં વાત કરતાં હતાં કે ભાભુએ સિમેન્ટની એક કોથળી ભરીને રોકડા રૂપિયા ઓરડામાં સંતાડેલા છે. પાછળથી ઓરડો ખોદાવી જોતાં કશું હાથ લાગેલું નહીં. પછી છેક 1963માં ભગવતીબાના અવસાન પછી ત્રણેય ભાઈઓએ મળીને વિરમગામનું ઘર કોઈને વેચાતું આપી દીધું. એ ઘર ખરીદનારે જૂનું ઘર પાડીને નવેસર પાયા ખોદીને ઘર બાંધવાનું ચાલુ કરાવ્યું ત્યારે એને પેલી કોથળી ભરીને રૂપિયા મળી આવ્યા હતા એવી વાત આસપાસના ઘણા લોકોએ આ ભાઈઓ સુધી પહોંચાડી હતી. જોકે કોઈએ એનો કશો અફસોસ કર્યો નહોતો. જેહના ભાગ્યમાં જેહ સમય જે લખ્યું તેહ તણો ખરખરો ફોક કરવો.

* * *

# 2

# પ્રાથમિક શિક્ષણ

ઈ. સ. 1920–25ના એ વર્ષોમાં મોટાં શહેરો અને ભદ્રવર્ગને બાદ કરતાં શિક્ષણ વિશેની સભાનતા લોકોમાં બહુ પ્રસરી ન હતી. શાળાઓ મોટાં ગામ કે શહેરોમાં આવેલી હતી અને કૉલેજો તો હજી માંડ ત્રણ-ચાર હતી. જોકે અંગ્રેજી શાસન, ગોરી પ્રજા એની રીતરસમો વગેરેથી લોકો વાકેફ થવા માંડ્યા હતા. હજી ગુજરાતમાં રેડિયો આવવાની પણ વાર હતી. થોડાં વર્તમાનપત્રો નીકળતાં અને એમાં છપાતી ઘટનાઓ અને વાતો ધીમે ધીમે ગામડાંઓ સુધી પહોંચતી હતી. બોરસદ અને ખેડાના સત્યાગ્રહોથી ગુજરાતમાં આંદોલનોના મંડાણ થઈ ચૂક્યાં હતાં. તોય હજી આઝાદીનાં આંદોલનોએ એટલો વેગ પકડ્યો નહોતો. આઝાદીનાં આંદોલનોમાં જોડાવા માટેનો જુવાળ તો છેક 1928માં બારડોલી સત્યાગ્રહ અને 1930ની દાંડીકૂચ પછી બરાબર પ્રસરે છે. આ વરસોમાં ધીરુભાઈનું પ્રાથમિક શિક્ષણ ચાણસ્મા અને સિદ્ધપુરની શાળાઓમાં ચાલુ છે.

નાથાબાપા અને ભાભુનું કારજપાણી પતાવીને પ્રેમશંકરભાઈ પરિવારને લઈને વિરમગામથી ચાણસ્મા જાય છે. રહેવાનું ચાણસ્મામાં જ રાખે છે. રૂપપુર, સરદારપુર, સેંધા અને ગલોલીવાસણા જેવાં ગામો પ્રેમશંકરના હવાલે હતાં. અહીં જવાઆવવાની થોડી સારી સગવડો હતી. રહેવાનું ઘર પણ સગવડવાળું અને શાળાઓ પણ સારી. નાથાબાપા ગુજરી જતા રમણભાઈ પણ પરિવાર સાથે ચાણસ્મા આવીને આગળ ભણવા માંડ્યા હતા. સૌથી મોટાં પ્રભાબહેનને વિરમગામમાં જ પરણાવી દીધાં હતાં. એમના પતિ છોટાલાલ જાની વિરમગામની હાઈસ્કૂલમાં શિક્ષક હતા અને પછી આચાર્ય થયા હતા. છોટાલાલ જાની આ પરિવારને મળવા આવતા ત્યારે બધાને બહુ ગમતું. કુટુંબ માટે તે સલાહકાર જેવા હતા. ખૂબ પ્રેમાળ, વ્યવહારકુશળ અને વિનોદી સ્વભાવના કારણે એમના આગમનથી ઘરમાં આનંદ છવાઈ જતો.

આગળ કહ્યું તેમ કોડિનાર અને ઘાંટવડમાં ધીરુભાઈ માંડ બે-અઢી વર્ષ

ભણ્યા હશે. એમનું ખરું શિક્ષણ તો અહીં ચાણસ્માથી શરૂ થયું એમ કહેવાય. ત્યારે શાળામાં ધોરણ ગણવાની પદ્ધતિ આજના કરતાં જુદી હતી. જે સાદી ગ્રાન્ટેડ ગુજરાતી શાળાઓ ગણાતી તેમાં એકથી સાત ધોરણ ભણવાનું થતું. સાતમા ધોરણમાં વર્નાક્યુલર ફાઇનલની પરીક્ષા આપીને શિક્ષક, તલાટી અને કારકુન થવાતું. પણ કેટલીક શાળાઓ અંગ્રેજી શાળા કહેવાતી. એમાં અંગ્રેજી ધોરણ એકથી સાત ભણાવાતાં હતાં એટલે ગ્રાન્ટેડ શાળામાં એકથી ચાર ધોરણ પાસ કરીને વિદ્યાર્થી અંગ્રેજી પહેલામાં બેસી શકતો અને ત્યાં ત્રીજું ધોરણ ભણીને વ. ફા.ની પરીક્ષા આપી શકતો. આ શાળાઓમાં અંગ્રેજી, ગણિત અને વિજ્ઞાનના વિષયો ઉપર વધારે ધ્યાન આપવામાં આવતું એટલે ઘણાને અંગ્રેજી નિશાળમાં ભણવાની હોંશ રહેતી, જ્યાં સગવડ હોય ત્યાં વિદ્યાર્થીઓ ગ્રાન્ટેડ શાળા છોડીને અંગ્રેજી પહેલા ધોરણમાં દાખલ થતા. ઘણી વાર એક જ મકાનમાં આ બંને પ્રકારની સ્કૂલો સાથે ચાલતી. રમણભાઈ અને ધીરુભાઈને આવી સ્કૂલમાં ભણવાનો લાભ મળ્યો છે. ચાણસ્માનાં વર્ષોને ધીરુભાઈ સારી રીતે યાદ કરે છે. ત્યાંના અનુભવો નોખા પણ છે. સૌરાષ્ટ્રમાં રહીને ઉત્તર ગુજરાતમાં આવેલા એટલે ભાઈબહેનની બોલીમાં સોરઠી બોલીની છાંટ આવતી. એટલે એમના બોલવાની ઢબ અને ભાષાની ચાણસ્મામાં મશ્કરી થતી. ઉ.ગુ.ની બોલી પ્રમાણમાં તોછડી અને કર્કશ. જ્યારે સોરઠી બોલીમાં મીઠાશ અને ભાવ વધુ પરખાય. ધીરુભાઈ પાટલૂન અને હાફપેન્ટ પહેરીને નીકળતા. લોકોને એની નવાઈ લાગતી. હાફપેન્ટ પહેરીને નીકળે એટલે કૂતરાં ભસે અને પાછળ પણ પડે. કુંભારવાડાની પાસેથી પસાર થતાં ધીરુભાઈને ચાર-પાંચ વાર કૂતરું કરડેલું ત્યારે કંઈ ઇન્જેક્શનની સારવાર નહોતી, કૂતરું કરડ્યું હોય ત્યાં ઘા ઉપર છીંકણી લગાવીને તાંબાનો પૈસો બાંધી દેતા. શરૂમાં બંને ભાઈ મોચીના કૂવે કપડાં ધોવા પણ જતા પણ પછી ધોબી સવારે ઘરેથી કપડાં લઈ જતો અને સાંજે આપી જતો. આમ ઘરમાં સગવડ વધી હતી.

ધીરુભાઈ ચોથું ધોરણ પાસ કરીને ચાણસ્માની એ. વી. સ્કૂલમાં અંગ્રેજી પહેલા ધોરણમાં દાખલ થયેલા. અંગ્રેજી ત્રીજું ધોરણ ભણતા હતા ત્યારે અન્ય સહાધ્યાયીઓની સાથે એમણે પણ વ.ફા.ની પરીક્ષા આપીને પ્રમાણપત્ર મેળવી રાખ્યું હતું. એમણે અંગ્રેજી ચોથા ધોરણથી આગળ ભણવાનું ચાલુ રાખ્યું હતું અને મૅટ્રિક થયા હતા. ચાણસ્માની સ્કૂલોના અને શિક્ષકોના કેટલાક રસપ્રદ અનુભવો ધીરુભાઈએ 'સ્મરણમાધુરી'માં આલેખ્યા છે. એક વખતે શાળામાં ડેપ્યુટી આવેલા. ધીરુભાઈની ઉંમર સાત-આઠ વર્ષની હશે, તે નવી ધોતી પહેરીને સ્કૂલે ગયેલા. ડેપ્યુટીસાહેબ પલાખાં અને શબ્દો લખાવતા. ધીરુભાઈ જવાબ બતાવવા જેટલી વાર ઊભા થઈને જતા એટલી વાર ધોતીની કાછડી નીકળી જતી એટલે એ ખોસતાં ખોસતાં જવાબ બતાવતા. એક વાર મૌખિક પરીક્ષામાં સાહેબે સવાલ પૂછેલો –

'હાથીદાંતનાં ઝાડ કેવાં હોય ?' ધીરુભાઈએ કશો વિચાર કર્યા વગર તરત જવાબ આપેલો : 'મોટાં, જાડાં અને કાળાં'. જવાબ સાંભળીને બધાં ખડખડાટ હસી પડેલા. સાહેબે કહેલું કે – 'શાબાશ, આ છોકરો ખરો રમૂજી છે.' એ. વી. સ્કૂલનું મકાન મોટું હતું, મેદાન પણ મોટું. ક્રિકેટ, ફૂટબૉલ અને કુસ્તી વગેરે બધી રમતો રમવાની ત્યાં સગવડ હતી. એ જમાનામાં અખાડાનું શિક્ષણ પણ ઘણું જરૂરી ગણાતું. કુસ્તી દરેક શાળામાં રમાડવામાં આવતી. અંગ્રેજી ચોથા ધોરણથી સંસ્કૃત, ફ્રેન્ચ અથવા ફારસી ભાષા શિખવાડાતી. ધીરુભાઈને એવો ખ્યાલ હતો કે સંસ્કૃત તો માત્ર બ્રાહ્મણો જ ભણી શકે. પણ ચોથા ધોરણમાં એમણે જોયું કે પટેલ અને વાણિયાના છોકરાઓએ સંસ્કૃત લીધું છે ત્યારે એમનો પેલો ભ્રમ દૂર થયો હતો. ગુજરાતી શાળાના એકથી ચાર ધોરણના શિક્ષકોમાંથી ધીરુભાઈને એક માત્ર વિરમભાઈ પટેલ યાદ રહેલા. મજબૂત બાંધો, ગંભીર ચહેરો, જાડું ધોતિયું, ખમીસ અને ટોપી એ એમનો કાયમી પહેરવેશ. ભાષા અને ગણિત એ સરસ શીખવતા. શીખવનાર શિક્ષક પ્રેમાળ હોય તો ભણાવેલું જલ્દી યાદ રહી જાય છે એવી છાપ ધીરુભાઈના મનમાં અંકિત થઈ હતી.

અંગ્રેજી શાળામાં ભણાવનારા ઘણા શિક્ષકો એમને યાદ રહી ગયા હતા. શંકરલાલ પાધ્યાસાહેબ અંગ્રેજી પહેલા ધોરણમાં અંગ્રેજી ભણાવતા. નવાસવા જોડાયેલા પણ દરેકના અભ્યાસમાં વ્યક્તિગત રસ લેતા, બધાની સાથે ક્રિકેટ પણ રમતા. એમની બદલી સિદ્ધપુર થઈ એ પછી ધીરુભાઈ પણ પિતાજીની બદલી થતાં સિદ્ધપુર ગયા હતા. ત્યાં ફરીથી શંકરલાલ પાધ્યા શિક્ષક તરીકે મળ્યા હતા. ત્યારે એ સંસ્કૃત શીખવતા. ત્યારે કલકત્તા સંસ્કૃત ઍસોસિયેશન તરફથી કાવ્યતીર્થ વગેરે પરીક્ષાઓ લેવાતી. ધીરુભાઈ એની તૈયારી કરતા હતા. પાધ્યાસાહેબે એમને ઘરે બોલાવીને ઉત્તર રામચરિત અને રઘુવંશનો બીજો સર્ગ શિખવાડેલો. પાધ્યાના કુટુંબ સાથે ધીરુભાઈને આજીવન સંબંધો રહ્યા હતા. બીજા સારા શિક્ષક તે નંદલાલભાઈ. બેઠી દડીના, જાડા કાચના ચશ્માંવાળા, થોડા વાચાળ અને ગરમ મિજાજના. વળી થોડા મશ્કરા પણ ખરા, પણ ભણાવવામાં બહુ કુશળ. પ્રહલાદભાઈ ત્રીજી અંગ્રેજીમાં એમને ભણાવતા. એ ઓછા બોલા અને ગંભીર. ઊંચા અને સોટા જેવા. મિજાજ જાય ત્યારે સણસણતી સુણાવે. એ પણ ભણાવવામાં કુશળ અને સંનિષ્ઠ. આ બંને શિક્ષકોએ વિદ્યાર્થીઓને જાત-મહેનત કરવાની અને સ્વપ્રયત્નોથી ભણવાની ટેવ પાડી હતી. આ બંને શિક્ષકોની ધાકે ધીરુભાઈ ઉપર સારી અસર કરી હતી. ધીરુભાઈ એસ. એલ. વહિયાસાહેબને પણ યાદ કરે છે. વહિયાસાહેબ ધીરુભાઈના મામાના મિત્ર જેવા હતા. કડક સ્વભાવના પણ પ્રેમથી ભણાવનારા. ધીરુભાઈ એક વખત વર્ગ છોડીને સીમમાં બોર ખાવા ઊપડી ગયેલા એટલે વહિયાસાહેબે વર્ગમાં ઊભા કરીને, લાંબો હાથ કરાવીને હથેળીમાં સોટીનો સ્વાદ બરાબરનો ચખાડેલો.

પરીક્ષા વખતે વિદ્યાર્થીઓને શાળાની લૉબીમાં ભણવા બોલાવતા. દરેક પથારી અને ફાનસ લઈને જતા. વહિયાસાહેબ એમને શીખવતા અને સંકલ્પ કરીને સૂઈ જવાથી આપમેળે ઊઠી જવાય છે એ પાઠ બરાબર શીખવેલો. વહિયા પાટણના નાગરબ્રાહ્મણ હતા. ગોરો વર્ણ, ધોતી-ઝભ્ભો અને હાફ કોટ પહેરે, માથે કાળી ટોપી. છીંકણી બહુ સૂંઘતા એટલે બોલે ત્યારે અનુનાસિક ધ્વનિ બહુ આવતા.

ચાણસ્માનાં વર્ષો ધીરુભાઈના વિદ્યાભ્યાસ માટે ઘણા મહત્ત્વનાં રહ્યાં હતાં. બહુ વિદ્વાન સંશોધક એવા રામલાલ ચુનીલાલ મોદી એમની સ્કૂલમાં હેડમાસ્તર તરીકે આવેલા. હિન્દી શીખવતા. શીખવતાં-શીખવતાં અટકીને પ્રશ્નો પૂછતા. વિદ્યાર્થી બેધ્યાન હોય તો પકડી પાડતા. એક વખત ધીરુભાઈ પણ ઝપટમાં આવી ગયેલા. મોદીસાહેબે એમને પૂછ્યું, ‘એક દર્ઝન કે કરીબ’નો શો અર્થ થાય? ધીરુભાઈએ એમ જ જવાબ આપ્યો ‘એક દરજણ ગરીબ હતી.’ આખો વર્ગ ખડખડાટ હસી પડ્યો હતો. મોદીસાહેબ જેવા ગંભીર માણસ પણ હસી પડેલા અને ધીરુભાઈને બેસાડી દીધેલા. આ રામલાલ ચુનીલાલ મોદીએ કવિ ભાલણ વિશે સંશોધન કરીને ગુજરાતમાં પ્રસિદ્ધિ મેળવી હતી. આ વર્ષોમાં વર્ગમાં અને વર્ગ બહાર ધીરુભાઈનું ઘડતર બરાબર ચાલે છે. મૅટ્રિક પાસ થયેલા એમના દૂરના એક કાકાની પાસે ધીરુભાઈએ અંગ્રેજી કક્કો અને પ્રાઇમર શીખી લીધેલાં. નેલ્સનની રીડર બુક ચાલતી તે વાંચી લીધેલી. આથી ભાષામાં ધીરુભાઈને વધારે ગુણ મળતા પણ ગણિતમાં તે બહુ કાચા હતા. એક વખત તો સોમાંથી સાત જ ગુણ આવેલા. કેટલાક વિદ્યાર્થી મિત્રો ચાણસ્મામાં મળેલા એમાં ત્રિભુવન દ્વારકાદાસ પટેલ જે અમદાવાદની એલ.ડી.એન્જિનિયરિંગ કૉલેજમાં ગણિતના પ્રૉફેસર થયેલા. એ ભાઈનું વ્યક્તિત્વ પણ ખાસું નિરાળું હતું. ગણિતના ખાંટુ હતા. એ તો ખરું પણ દેખાવે જરા જુદા. આંખો કાચી, ચીપડાવાળી, એક આંખ પાસે મોટું ગૂમડાનું નિશાન. જાડું ધોતિયું, ઝભ્ભો કે ખમીસ પણ પહેરે, માથે કાયમ સફેદ ટોપી હોય. સ્વભાવે શાંત, સરળ અને નિર્દંભી. મનમાં કોઈ કડવાશ નહીં, વ્યવહારની કોઈ આંટીઘૂંટી નહીં. જોકે પછીનાં વર્ષોમાં બહુ મળવાનું નહીં થયેલું. આ ત્રિભુવન પટેલ નિવૃત્ત થયા પછી એમ જ ગુજરી ગયેલા. આવા જ એક મિત્ર અને ઘરની નજીક રહેતા સહાધ્યાયી તે લાભશંકર નાગરજી વ્યાસ. એમની સાથે ફરવાનું ને રમવાનું વધુ થતું. આ ઉપરાંત બીજા મિત્રોમાં મૉનિટર જીવાભાઈ ઠાવકા અને ઠરેલ વિદ્યાર્થી. તોફાનીઓની આગેવાની લેનાર વાડીલાલ પટેલ અને છાપાંનાં પાનાંની કોરી જગામાં દાખલા ગણનારો વિઠ્ઠલ શાહ. ઉપરાંત પટેલ બ્રધર્સની દુકાનવાળો પરસોતમ અને સાવ પાતળિયો શાંતિ શાહ એ બંનેની અતૂટ જોડી પણ યાદ રહી ગઈ છે. ધીરુભાઈ આ બધાની સાથે થોડું રમ્યા છે, ઝઘડ્યા છે અને ક્રિકેટ પણ રમ્યા છે. ધીમે ધીમે સ્વાતંત્ર્યની લડત ગાયકવાડી રાજ્યમાં પણ પ્રજામંડળ

વડે ચલાવાતી હતી. લોકજાગૃતિ માટે પ્રદેશના કાર્યકરો છોટુભાઈ પંડિત અને રેહાના તૈયબજી ભાષણો કરતાં. ધીરુભાઈ અને તેમના મિત્રો સરઘસમાં વાનરસેના રૂપે જોડાતા. એમ કરતાં કરતાં શાળામાં રેંટિયો અને તકલી લાવીને કાંતવાનું શીખેલા. પાઈ પૈસો ખર્ચીને દેશભક્તોની છબીઓ વેચાતી લઈને ઘરમાં ટીંગાડતા. ગાંધીજી, સરદાર, જવાહરલાલ, કમળા નહેરુ અને ભગતસિંહ વગેરેની છબીઓ આ કિશોરોના દિલમાં દેશપ્રેમનો રોમાંચ જગાડતી હતી. આમ અંગ્રેજોને દેશમાંથી કાઢવા માટેના જુવાળનો એકાદ છાંટો આ કિશોરોએ પણ ઝીલ્યો હતો ખરો.

એક વાર શાળામાં મહારાજા પધારવાના હતા. એટલે છોકરાઓ પાસે પ્રાર્થના તૈયાર કરાવેલી એમાં ધીરુભાઈ પણ સામેલ હતા. એ પ્રાર્થનાની પંક્તિઓમાં એ વખતની પ્રજાની સ્વાતંત્ર્યઝંખના પહેલી બે પંક્તિમાં દર્શાવાઈ હતી અને પછીની બે પંક્તિઓ આપણે ત્યાં  અનેક ધર્મના લોકો સાથે રહે છે એની એકતા માટે સૂચક હતી. એ ચાર પંક્તિઓ આ પ્રમાણે હતી.

અમારા દેશ ભારતને પ્રભુ સ્વાધીનતા આપો,

હરો અજ્ઞાન અંધારું સદા તેજસ્વિતા આપો.

*

મુસલમાન, પારસી, હિંદુ, યહૂદી, ક્રિશ્ચિયન સૌના

બધા ઝઘડા પતાવીને અવિચલ એકતા સ્થાપો.

દરેક સમયનું પ્રજાજીવન એ વખતના રાજકીય અને સાંસ્કૃતિક વલણોનું પ્રતિબિંબ ઝીલતું જ હોય છે. ગાંધીજીના આગમન સાથે શરૂ થયેલી આઝાદી મેળવવાની વાત ધીમે ધીમે દેશમાં પ્રસરી રહી હતી. સરકારી શાળાઓમાં પણ બહુધા પરોક્ષ રીતે અને ક્યાંય ઉપરોક્ત પ્રત્યક્ષ સંકેતો દ્વારા અભિવ્યક્તિ પામતી રહેતી. ધીરુભાઈના ઘડતરમાં આવાં અનેક વલણો સૂક્ષ્મ રીતે સક્રિય રહ્યાનું જણાય છે. વિદ્યાર્થી તરીકે એ ઉત્સાહી વર્તાયા છે. વાંચવું, નિયમિત લેસન કરવું, કુટુંબમાં વિનય-વિવેકપૂર્વક રહેવું, વડીલોના આદેશો પાળવા અને મદદરૂપ થવું. નિયમિત ફરવા જવું અને મિત્રો સાથે રમવું. આ બધી સામાન્ય લાગતી વિગતો સહજ રીતે કિશોરકાળમાં વ્યક્તિત્વ-ઘડતર કરતી હોય છે. સારા શિક્ષકો, સારા મિત્રો અને ઘર આસપાસ સારા પડોશીઓ તથા સારું વાતાવરણ ધીરુભાઈને મળતા રહ્યાં હતાં.

ચાણસ્મામાં અંગ્રેજી ત્રીજામાં ધીરુભાઈ ભણતા ત્યારે માણેકલાલ જાની નામના એક શિક્ષક વર્ગો લેવા આવતા, એ એમના દૂરના સગા હતા. એ વિદ્યાર્થીના અભ્યાસમાં અંગત રસ લઈ સારા નંબરે પાસ થાય એ રીતે મહેનત કરાવતા. ધીરુભાઈને એમનો પહેરવેશ બહુ ગમતો. માણેકલાલ જાની શોખીન અને

રુઆબદાર માણસ હતા. ક્યારેક એકદમ પાશ્ચાત્ત પોશાક એટલે કે પેન્ટ, શર્ટ, કોટ પણ પહેરતા તો ક્યારેક અચકન, સુરવાલ પહેરતા અને માથે સાફો બાંધતા. અંગ્રેજોના સંપર્કે કરીને ધીમે ધીમે આવી રહેલ પરિવર્તનો શિક્ષિતોમાં આ રીતે દેખાવા માંડેલાં. પ્રજા હંમેશાં પોતાના શાસકોથી પ્રભાવિત થતી હોય છે. અંગ્રેજી ભાષાના પ્રચાર-પ્રસાર સાથે અંગ્રેજોની જીવનરીતિ અને એમના આચાર-વિચાર પણ પ્રજાઓમાં આકર્ષણ અને અનુસરણનો વિષય બનવા માંડ્યા હતા.

ચાણસ્માથી એકાદ વર્ષ માટે પ્રેમશંકરભાઈ સપરિવાર રૂપપુર રહેવા ગયેલા. ત્યારે ધીરુભાઈ રૂપપુરથી ચાલીને ચાણસ્મા ભણવા જતા-આવતા. ચાર માઈલ જવા-આવવાનો આ અનુભવ પણ ઘડતર માટે મહત્ત્વનો હતો. રસ્તામાં પ્રકૃતિનું સાંનિધ્ય, સાથી વિદ્યાર્થીમિત્રોની ગમ્મત અને નિશાળે વહેલા જઈને ગિલ્લી-દંડા રમવાનું મળતું. આ વર્ષમાં જ ધીરુભાઈની બાનાં બા દિવાળીબા ગુજરી ગયેલાં ત્યારે ઉત્તરક્રિયા પ્રસંગે પરિવાર લીંબડી ગયેલો. મામાએ શ્રીમદ્ ભાગવતની પારાયણ બેસાડેલી. આના થોડા મહિના પહેલાં જ ધીરુભાઈને જનોઈ દીધેલી એટલે આ પારાયણમાં બીજા બ્રાહ્મણોની સાથે ધીરુભાઈને જપ કરવા બેસાડેલા. આમેય ભાણેજનો એ હક ગણાય. સાત દિવસ સુધી કિશોર ધીરુભાઈ વડીલ બ્રાહ્મણો સાથે જપ કરતા. આના બદલામાં એમને એક કોથળો ભરાય એટલાં વાસણો દક્ષિણા રૂપે મળેલાં. એમની આ પહેલી કમાણી એમને યાદ રહી ગઈ હતી. ચાણસ્મામાં એમનો પરિવાર મોલાતવાડામાં રહેતો. ત્યાં મોટાભાગના બ્રાહ્મણો અને થોડા પટેલો હતા. જ્યારે મોરારદાસના માઢમાં રહેવા ગયા ત્યાં એકલા પટેલોની વસ્તી હતી. ત્યાં નજીકમાં દરજીનાં મકાનો અને પાછળ અડીને હરિજનવાસ પણ હતો. આ બધા છોકરાઓ જોડે શેરીમાં રમવાનું ચાલતું. કાકચિયા અને ભમરડાની રમતો રમતા. મોહન અને મણિલાલ એ બે એમના ખાસ દોસ્તાર બની ગયેલા. પાસેના મેદાનમાં ખો ખો, આટાપાટા અને ગદામણીની રમતો રમવામાં પટેલોના છોકરાઓ હોશિયાર. એમની સાથે રમવાનું ગમતું. ત્યારે તો લોકો પાસેના વાડાઓમાં ખુલ્લામાં જાજરૂ જવા બેસતા. છાણના ઉકરડા પણ ત્યાં જ થતા. એની આસપાસ પીલુના ઝાડ, એટલે પાકાં પીલુ ખાવા માટે એ તરફ પણ જવાનું બનતું.

સમાજજીવનનો અને પરંપરાગત ધર્મ સંસ્કૃતિનો અનુભવ પણ મોરારદાસના માઢમાં જરા જુદી રીતે થતો હતો. પ્રેમશંકરભાઈ નોકરીથી મોડા આવે એ પછી એ જમી-પરવારીને વાંચવા બેસતા. ગામડે ન જાય ત્યારે સવારથી સાંજ લગી ગાદીએ બેસીને ઢળતા મેજ ઉપર સરકારી ચોપડા લખવાનું કામ ચાલતું. એમને સાંજે ફરવા જવાની પણ ટેવ હતી. ઉનાળાની ઢળતી રાત્રે પ્રેમશંકરભાઈ ગિરધરકૃત રામાયણ વાંચતા એ સાંભળવા માટે આખા માઢનાં સ્ત્રી-પુરુષો એકત્ર થઈ જતાં. બાને પણ વ્રત ઉપવાસની ટેવ. વળી બા ભજનકીર્તન પણ કરે. દરેક પર્વપ્રસંગની

કથા-વાર્તા પણ બધી બહેનોને સંભળાવે. આમ માઢમાં ભક્તિભાવ અને સંસ્કારનું વાતાવરણ અનુભવાતું હતું. મોરારદાસના માઢ ઉપર એક મોટી મેડી હતી. એમાં બસો-ત્રણસો માણસો બેસી શકતા. ઉનાળામાં કણબી સમાજના ગોર કથા કરવા માટે આવતા. એમનો ઉતારો એ મેડી પર હોય. એ મહારાજ દ્વારા રામજીમંદિરના મેદાનમાં આખ્યાનો રજૂ થતાં. મોટી મેદની ભેગી થતી. બા સાથે ધીરુભાઈ પણ ત્યાં જતા. મહારાજનો સૂરીલો કંઠ ગમતો. તબલા વગાડનાર છોકરાઓની કળા જોઈને ધીરુભાઈને બહુ આનંદ થતો. અભિમન્યુ આખ્યાન, કૃષ્ણચરિત્ર, રામવનવાસ અને ભીમ-હેડંબા જેવાં આખ્યાનો કે પ્રસંગો અહીં સરસ રીતે રજૂ થતાં હતાં. સાહિત્યના સંસ્કારો આમ અજાણતાં જ સ્પર્શી રહ્યા હતા. આ માઢની મેડીમાં ઘણી વાર બધા છોકરાઓ વાંચવા અને સૂવા ભેગા થતા. નિશાળમાંથી વાર્તાની ચોપડીઓ લાવીને ત્યાં બેસીને ધીરુભાઈ મોટેથી વાંચતા. ક્યારેક માઢનાં સ્ત્રી-પુરુષો પણ સાંભળવા આવતાં. ગજરા-મારુની વાર્તા અને શામળની નંદબત્રીસી કથાવાર્તા ધીરુભાઈએ સૌને વાંચી સંભળાવી હતી. બીજાને રસ પડે કે નહીં એની ચિંતા વગર ધીરુભાઈ પોતે છટાથી વાંચવાનો આનંદ મેળવતા. એક રીતે આ બહુ મહત્વની ઘટનાઓ હતી. ઘરમાં બાપુજીના કબાટમાં નાનકડી લાઇબ્રેરી પણ હતી. શ્રીમદ્ ભાગવત અને ભગવદગીતા તો હોય જ પણ બીજાં અનેક પુસ્તકો પણ એમાં રહેતાં. ધીમે ધીમે આ બધાં પુસ્તકો વાંચવાનું શરૂ થયું. દર વર્ષે ભેટ રૂપે આવતાં પુસ્તકો પણ વંચાતાં. પુસ્તકોને પૂંઠા ચડાવવની કામગીરી પણ ધીરુભાઈ ઉત્સાહથી કરતા. એમની વાચનરુચિ અહીંથી સતેજ બને છે. ચંદ્રકાંતના અને અમરચરિત્રના બધા ભાગ, પઢિયાર નામના લેખકના બે પુસ્તકો 'સાચુ સ્વર્ગ' અને 'સ્વર્ગની સીડી' આ દિવસોમાં માઢ-મેડીમાં બેસીને વંચાયાં હતાં. વાચકને આશ્ચર્ય થશે પણ સરસ્વતીચંદ્રના ત્રણ ભાગ, નારાયણ વી. ઠક્કરની ઐતિહાસિક નવલકથાઓ અને ર. વ. દેસાઈની ('સયાજીવિજય'ની ભેટ રૂપે આવતી) નવલકથાઓ વાંચવાની શરૂઆત પણ આ વર્ષોમાં જ થઈ હતી. આમ પ્રાથમિક શિક્ષણનાં છેલ્લાં વર્ષોમાં સાહિત્ય સાથેનો પરિચય થવા માંડ્યો હતો. કણબીઓના સમૂહમાં હિંમતલાલ વ્યાસ રામાયણ વાંચવા આવતા અને બા પણ કથા-કીર્તન ઉપરાંત ધર્મપુરાણોની વાતો સૌને સંભળાવતાં. લગ્ન વગેરે પ્રસંગોનાં ગીતો, લોકકથાઓ અને લોકગીતો તથા ભજનો બધાં ભાઈ-બહેનોને બાએ આ દિવસોમાં રોજેરોજ કહીને અને ગાઈને સંભળાવ્યાં હતાં. ધીરુભાઈનો સાહિત્યરસ અહીંથી જ જાણે પ્રારંભાય છે.

આ વર્ષોના બીજા બે-ત્રણ પ્રસંગો પણ નોંધપાત્ર છે. સુમિત્રાબહેન ધીરુભાઈ કરતાં અઢી વર્ષ મોટાં. એમનો સાતમા ધોરણ સુધીનો અભ્યાસ પૂરો થયો ત્યારે ઈ. સ. 1929માં એમનું લગ્ન લેવામાં આવેલું. એ જ વખતે અગિયાર વર્ષના ધીરુભાઈને જનોઈ દેવાનો પ્રસંગ પણ ગોઠવેલો. આ પ્રસંગો માટે કુટુંબ વિરમગામ ગયેલું.

લગ્ન પછી બહેન આગળ ભણી શકે એમ હતું નહીં. બહેન સાથેનો સંગાથ અહીંથી કાયમ માટે તૂટી જાય છે. ધીરુભાઈ માટે એ વસમું બની રહે છે. દુઃખદ તો એ હતું કે સાસરે જઈને સુમિત્રાબહેન પિયર પાછાં આવ્યાં ત્યારે હિસ્ટીરિયાનો રોગ લેતાં આવેલાં. એમના પતિ, જેઠ અને સસરા બધા પોલીસખાતામાં હતા. સુમિત્રાબહેન કોઈ મોટો આઘાત લઈને આવ્યાં હોય એમ ઘરમાં બધાને લાગેલું. સાસરિયાંની વાત નીકળે એટલે એ બેભાન થઈ જતાં. ડૉ. પ્રેમજીભાઈ ઠક્કર વારંવાર ઘરે આવીને દવા કરતા. બા-બાપુજીને ચિંતા કોરી ખાતી. ધીરુભાઈ તથા નાના જયંતને માણેકલાલ કાકાને ત્યાં મોકલી દેવાતા. બેભાન સુમિત્રાબહેનને બંને ભાઈઓ જોઈ શકતા નહીં. કલ્લોલ કરતા ઘરમાં શોકની ઘેરી છાયા ફરી વળી.

પ્રેમશંકરભાઈનો પરિવાર શ્રીમન્ન નથુરામ શર્મા મહારાજશ્રીમાં આસ્થા રાખતો હતો. ધીરુભાઈનાં બા-બાપુજી પણ એમના અનુયાયી હતાં. એમનાં પુસ્તકો ઘરમાં રાખવામાં આવતાં. જનોઈ દીધા પછી ધીરુભાઈ પણ મહારાજશ્રીમાં શ્રદ્ધા રાખતા. એમના દેખાવને જોઈને પ્રભાવિત થતા. આ વર્ષોમાં ધીરુભાઈ ગાયત્રીમંત્ર, સંધ્યાવિધિ, આરતી અને સ્તવનો મહારાજશ્રી પાસેથી સમજીને શીખેલા. લસણ, ડુંગળી નહીં ખાવાની મહારાજશ્રીએ શીખ આપેલી જોકે તે બહુ સમય પાળી શકાઈ નહોતી. સંધ્યાવંદનનો ક્રમ ધીરુભાઈએ નિયમિત શરૂ કરેલો, કૉલેજકાળના બે-ત્રણ વર્ષ બાદ કરતાં એ ક્રમ એમણે આજીવન ચાલુ રાખ્યો હતો.

ધીરુભાઈના જીવનઘડતરમાં બીજી બે મહત્વની પ્રવૃત્તિઓ પણ ચાણસ્મા ખાતે જ શરૂ થઈ હતી. એક અખાડાની પ્રવૃત્તિ. વડોદરા રાજ્યમાં અખાડાની પ્રવૃત્તિ બહુ વ્યાપક રીતે ચલાવવામાં આવતી હતી. અનેક જગ્યાએ એના વ્યાયામ કેન્દ્રો ચાલતાં. વ્યાયામ ઉત્સવ અને હરીફાઈ પ્રત્યેક વર્ષે યોજાતાં. ચાણસ્મામાં પણ અખાડો હતો. મનુભાઈ અને મોરલીધર નામના બે ભાઈઓ બધાને કુસ્તીના દાવ શીખવતા. ધીરુભાઈએ પણ લંગોટ પહેરીને ઘણા દિવસ સુધી કુસ્તી કરવાનો અનુભવ લીધો હતો. જોકે કુસ્તીમાં એમને ભાગે તો કાયમ માટે હારવાનું જ આવેલું. બીજી મહત્વની પ્રવૃત્તિ તે સ્કાઉટ પ્રવૃત્તિ હતી. સ્કાઉટનો યુનિફૉર્મ પહેરીને દર શનિવારે કવાયતમાં જવાનું કિશોર ધીરુભાઈને બહુ ગમતું. શાળામાં ત્રીજી મહત્વની પ્રવૃત્તિ તે નાટક અને સંવાદમાં ભાગ લેવાની. ધીરુભાઈ આ પ્રવૃત્તિમાં બહુ હોંશપૂર્વક ભાગ લેતા. અ. ક. ત્રિવેદીના ગદ્ય-પદ્ય સંચયમાંથી ખાસ સંવાદો પસંદ કરીને ધીરુભાઈ સાહેબ સામે કડકડાટ બોલી જતા. 'ફ્રેશ ગ્રેજ્યુએટ' નામનો સંવાદ સરસ રીતે ભજવવા બદલ પ્રિન્સિપાલ જોશીએ એમને સર્ટિફિકેટ આપેલું. ઍલેકઝેન્ડર ધ ગ્રેટ નો નાનકડો અંગ્રેજી સંવાદ પણ ધીરુભાઈ પૂરો અર્થ સમજ્યા વિના બોલી જતા. આના ઇનામમાં એમને જર્મન-સિલ્વરનો મોટો પ્યાલો મળેલો. આપણે જાણીએ છીએ કે પછીથી કૉલેજમાં ભણતા ત્યારે અને અધ્યાપક થયા

ત્યારે પણ ધીરુભાઈને નાટ્યપ્રવૃત્તિમાં ભારે રસ રહ્યો હતો. એનો આરંભ અહીં ચાણસ્માથી થયો હતો એ ધ્યાનપાત્ર બાબત છે. ધીરુભાઈ પછીથી નાટ્યવિદ તરીકે જાણીતા થયા. નાટકો વિશે એમણે લેખો લખ્યા. નાટકોમાં એમણે પાઠ ભજવ્યો, કૉલેજમાં નાટ્યપ્રવૃત્તિને મહત્વ આપ્યું અને મણિલાલ નભુભાઈના જીવન ઉપર એક નાટક પણ લખ્યું હતું.

ચાણસ્મા છોડીને સિદ્ધપુર જતાં પહેલાં બીજી એક મહત્વની ઘટના બની હતી. એમના મોટા ભાઈ રમણભાઈનાં લગ્ન લેવામાં આવ્યાં હતાં. રમણભાઈ અંગ્રેજી પાંચમામાં ભણતા હતા. ધીરુભાઈ એમના પિતાજી સાથે પુષ્પાભાભીને તેડવા મુંબઈ ગયેલા. પહેલવહેલું મુંબઈ જોઈને એમને બહુ વિસ્મય થયેલું. ત્રીસીનો સત્યાગ્રહ ચાલતો હતો એટલે ચારેબાજુ મુંબઈમાં સભા-સરઘસોની ધમાલ હતી. રાષ્ટ્રીય જુસ્સો લોકોમાં બરાબર વર્તાતો હતો. મુંબઈમાં ધીરુભાઈના એક સ્નેહી આ જુસ્સાની કવિતાઓ લખતા હતા. ધીરુભાઈ તે કવિતાઓ લખીને ચાણસ્મા લઈ આવેલા. આ કવિતાઓ એમણે ચાણસ્મા પુસ્તકાલયના હસ્તલિખિત સામયિકમાં મૂળ કવિના નામ સાથે છપાવી હતી અને નીચે પ્રાપ્ત કરનાર તરીકે એમનું નામ લખાવ્યું હતું. પોતાનું છપાયેલું નામ એમણે આમ પહેલી વાર જોયું હતું. એમને બીજી એક બાબતનું આશ્ચર્ય પણ થયેલું. પુષ્પાભાભી ઘરમાં આવ્યાં એટલે ઘરમાં નાહવાનો સાબુ, પફ-પાઉડર, ક્રીમ વગેરેનો ઉપયોગ શરૂ થયેલો. આમ જાણે મુંબઈની અસર છેક ગામડા સુધી પહોંચી હતી.

ચાણસ્માના દિવસોમાં થોડાંક તોફાન-મસ્તી જીવનમાં પહેલી વાર અને છેલ્લી વાર જાણે-અજાણે થઈ ગયાં હતાં તે યાદ કરવા જેવાં છે. ચાણસ્મામાં કણબી, માળી, દરજી અને અન્ય કોમના છોકરાઓની સોબતથી ક્યારેક અશ્લીલ ભાષા બોલવા માંડેલી. થોડાક મિત્રોએ ભેગા મળીને માળીના વાડામાં કોઈ જુએ નહીં એમ કિશોર ધીરુભાઈને બીડી પિવરાવવાનો પ્રયોગ કરેલો. બે જણે એમને પકડી રાખ્યા અને એક જણે બીડી સળગાવીને એમના મોઢામાં મૂકી અને દમ ખેંચવા કહ્યું. ધુમાડો શ્વાસનળીમાં જતાં ઉધરસ ચડી અને ગભરામણ થઈ. આ પ્રસંગ પછી ધીરુભાઈ કોઈ બીડી-સિગારેટ પીનાર માણસથી પણ દૂર જઈને બેસતા. એક વખત સ્કૂલમાં શિક્ષકે એમને કોઈ કારણસર થોડો માર મારેલો એનાથી ખૂબ નિરાશ થઈને ઘેર જતાં ગુસ્સામાં અને ગુસ્સામાં રસ્તાની બાજુ પર આવેલા સુધરાઈનાં ફાનસો પર પથ્થર મારીને કાચ ફોડતા-ફોડતા આગળ જતા હતા. એમને ખબર નહોતી કે પાછળ એમના બાપુજી આવી રહ્યા છે. ઘેર પહોંચીને બાપુજીએ ધીરુભાઈને બરાબર કોપરાપાક આપેલો. એ વર્ષોમાં ગામડામાં હોળી, દિવાળી અને મોહરમની ઉજવણી સાવ ગ્રામ્યશૈલીમાં થતી. હોળી માટે છોકરાઓ લાકડાં ચોરી લાવતા. ધુળેટીમાં રંગ કે ગુલાલને બદલે કાદવ ચોપડતા.

દિવાળી પર લોઢાની કોઠીમાં પોટાશ ધરબીને ભીંતભડાકા કરતા. મોહરમ વખતે તાજિયાના જુલૂસમાં હિંદુ છોકરાઓ પણ મુસલમાનોની સાથે કૂટવામાં જોડાતા. આમ કહી શકાય કે ચાણસ્માનાં વર્ષોમાં કિશોર ધીરુભાઈએ શૈશવ જીવનના અનેક અનુભવો કરી લીધા હતા. છોકરાઓને અંગ્રેજી પાંચથી આગળ ભણાવવા માટે ચાણસ્મામાં સ્કૂલ નહોતી. એટલે પ્રેમશંકરભાઈએ સિદ્ધપુર બદલી માંગેલી અને એમ આખો પરિવાર 1930-31ના વર્ષમાં સિદ્ધપુર પહોંચ્યો હતો. સિદ્ધપુરનાં વર્ષો પણ ધીરુભાઈના જીવનઘડતર માટે મહત્વનાં રહ્યાં હતાં.

* * *

# 3

# માધ્યમિક શિક્ષણ

સિદ્ધપુરમાં કિશોર ધીરુભાઈનું ઘડતર વ્યાપક સંદર્ભો સાથે નોખી રીતે થાય છે અને ગતિ પણ પકડે છે. 'સ્મરણ માધુરી'માં (પૃ. 26) ધીરુભાઈ નોંધે છે :

> ''સિદ્ધપુર આવ્યા પછી અમારું જીવન વધુ ગતિ અને પ્રવૃત્તિમાં મુકાયું એમ કહી શકાય. સિદ્ધપુર તીર્થક્ષેત્ર ઉપરાંત ઔદિચ્ય સહસ્ર બ્રાહ્મણ જ્ઞાતિનું મોટું મથક. અહીં સંસ્કૃત વિદ્યા અને કર્મકાંડનો મોટો મહિમા. સામાજિક રૂઢિ અને અંધશ્રદ્ધાનું ભારે જોર. અર્ધોઅર્ધ વસ્તી વહોરા-મુસ્લિમ કોમની. તેથી કોમી તંગદિલી પણ અવારનવાર ઊભી થાય. ...આ બધાંની વચ્ચે મારી રુચિ, બુદ્ધિ અને જીવનદૃષ્ટિને વિકસવાનું હતું.''

સિદ્ધપુરમાં ધીરુભાઈ ધોરણ પાંચ અંગ્રેજીમાં દાખલ થયેલા. 1931નો એ ઉનાળો હતો. એમની એલ. એસ. હાઈસ્કૂલ બ્રાહ્મણોની વાડીમાં ઉતારેલી ઓરડીઓ અને પડસાળમાં બેસતી. સિદ્ધપુરમાં એ વખતે બ્રાહ્મણોની વસ્તી બાર હજાર જેટલી હતી. સિદ્ધપુર તો તીર્થસ્થાન. સરસ્વતી નદીના કિનારે વસેલું. માતૃશ્રાદ્ધ બિંદુસરોવર પર કરાવવાનું ભારે મહત્વ એટલે બારેમાસ યાત્રાળુઓ આવે. એમાંથી બ્રાહ્મણોને જ્ઞાતિભોજન ઉપરાંત પૈઠણ-પૈસા મળી રહેતા. આમ ગુજરાનનું સાધન આપમેળે મળતું હોવાથી ભણવાની બહુ જરૂર નહિ એવી માન્યતા બ્રાહ્મણોમાંય ઘર કર ગયેલી. યજમાનવૃત્તિ ઉપર જ જીવનગુજારો કરી શકાતો હતો. આ તીર્થસ્થળે મરણ પાછળ જમણવારનો રિવાજ પણ ચુસ્તપણે પળાતો એટલે વર્ષમાં છ મહિના જ્ઞાતિભોજન બ્રાહ્મણો માટે નિશ્ચિત હતું. એ માટે બે મોટી ભોજનશાળાઓ – આંબાવાડી અને ગંગાવાડી સદાય સજ્જ રહેતી. વાસણકૂસણ અને પાણીની પૂરી સગવડ. પુરુષોએ નાહીને રેશમી પીતાંબર પહેરીને જમવા બેસવાનો નિયમ ચુસ્તપણે પાળવો પડતો. સ્ત્રીઓએ નહાવાનું નહિ એટલે એમની બેઠક વ્યવસ્થા

જુદી. એમને પિરસનારા પણ અલગ ને રસોઈ પણ જુદી થતી. એક સાથે દસ હજાર માણસ જમવા બેસે. એટલે દરેક માણસ પડસાળ કે પડાળીમાં પોતાની જગ્યા થાળી-લોટો મૂકીને મુકરર કરી દે. વિદ્યાર્થીઓને પણ જમવાનું નિમંત્રણ હોય. ધીરુભાઈ પોતે પણ જમવાની જગ્યા મિત્રો સાથે મુકરર કરી આવતા અને રિસેસમાં જમવા જતા. ધીરુભાઈ નોંધે છે કે –

> ''બ્રાહ્મણ વિદ્યાર્થીઓનું ધ્યાન ભણવા કરતાં ભોજન પર વિશેષ રહેતું. જમવામાં પણ છ લાડુ ખાનારને ડિસ્ટિંગ્શન, ચારે એક્ઝમશન, ત્રણે પાસ અને તેનાથી ઓછા ખાય તે નાપાસ એવી રમૂજભરી ગણતરી થતી. બ્રાહ્મણોના જ્ઞાતિભોજનમાં સિદ્ધપુરમાં જે ખર્ચ થતું તે દસ વર્ષ સુધી બચાવીને કેળવણી પાછળ ખર્ચ કરવાની યોજના કરી હોત તો એક વિશાળ સગવડવાળી યુનિવર્સિટી બ્રાહ્મણ સમાજ દ્વારા ચાલતી હોત.'' (પૃ. 27)

સિદ્ધપુરના બ્રાહ્મણોમાં એવોય રિવાજ હતો કે તળ સિદ્ધપુરની કન્યા બહાર પરણાવાય નહિ. બહારગામની કન્યા લેવાય ખરી પણ કન્યા બહાર અપાય નહિ. આને પરિણામે મુરતિયાના ભાવ મનફાવે તેમ લેવાતા હતા. કુળ અને આબરૂ પ્રમાણે પૈઠણ મળતી હતી  મુરતિયો ભણેલો હોય કે ન હોય, લાયકાતવાળો હોય કે ન હોય કન્યાવાળાએ પૈસા આપવા જ પડતા. આ બધાંના પરિણામે એ ગાળામાં બ્રાહ્મણ ગ્રૅજ્યુએટ થનારા બહુ ઓછા હતા. સિદ્ધપુરમાં છોટુભાઈ પંડિત બી.એ. થયેલા. સ્વાતંત્ર્યની લડાઈમાં જોડાયેલા અને જેલમાં જઈ આવેલા. એમણે એમનું જીવન ગાંધીવાદી લોકસેવક તરીકે વિતાવેલું. જિલ્લાની પ્રજાનું નેતૃત્વ કરેલું. જોકે પાછળથી આર્થિક સ્થિતિ કથળી જતાં મુંબઈ જઈને નોકરી કરવી પડેલી. એક બીજા ગ્રૅજ્યુએટ તે લાભશંકર વકીલ. છોટુભાઈના નાના ભાઈ પૂંજીરામ હાઈસ્કૂલમાં શિક્ષક હતા. એક વસ્તુ નોંધવી જોઈએ કે એ  સમયગાળાના લગભગ તમામ શિક્ષકો અભ્યાસી અને નીતિનિષ્ઠ હતા. શિક્ષણ ઓછું પણ ગુણવત્તા ઊંચી હતી. કિશોર ધીરુભાઈના મન ઉપર આના સંસ્કારો પડ્યા હતા  જે પાછળથી ધીરુભાઈની પણ વિદ્યાપ્રીતિ અને નીતિનિષ્ઠાને સંકોરતા રહેલા. ગ્રંથાલયો હતાં, વાંચવાની ટેવ હતી. વર્ગશિક્ષણ ઉપરાંત અન્ય પરીક્ષાઓ આપવાની ધગશ વિદ્યાર્થીઓમાં જોવા મળતી હતી.

ધીરુભાઈની સ્કૂલમાં નિષ્ઠાવાન શિક્ષકોના કારણે શાળાનું વાતાવરણ રસપ્રદ હતું. અહીં એમને સારામાં સારા શિક્ષકો મળ્યા હતા. સ્કૂલમાં સ્કાઉટની પ્રવૃત્તિ સરસ ચાલતી. સ્કાઉટ ટીચર તરીકે મૂલતાની માસ્તર બહુ મહેનતુ હતા. ધીરુભાઈ સ્કાઉટ પ્રવૃત્તિમાં જોડાયેલા. લીડરશિપ અને માનવતાના પ્રત્યક્ષ પાઠ સ્કાઉટ દ્વારા

અપાતા હતા. સ્કાઉટનાં બે સૂત્રો ધીરુભાઈને ગમી ગયેલાં :

(1) once a scout is always a scout, (2) do a good turn daily. ધીરુભાઈ રોજ એક-બે સત્કાર્ય કરવાનો પ્રયત્ન કરતા. એક વાર જખ્મી થઈને પડેલા ગધેડાની એમણે સારવાર કરેલી. ચોખ્ખા પાણીથી ગધેડાનો જખમ ધોઈ, દવાનો પાઉડર નાંખીને એમણે પાટો બાંધેલો. બીજાને મદદરૂપ થવાની વૃત્તિ એમનામાં છેક સુધી રહેલી. સમગ્ર રાજ્યના સ્કાઉટોની 'જંબોરી' વડોદરાના કમાટી બાગમાં ભરાયેલી. ધીરુભાઈ એમાં ગયેલા. એ અઠવાડિયા દરમિયાન એમણે સમૂહજીવન, સામૂહિક કવાયત, ખેલકૂદ અને જ્ઞાનચર્ચાઓમાં ભાગ લીધેલો. આ અનુભવને એ ભાવિજીવન માટે પ્રેરણારૂપ માનતા હતા. વડોદરાથી પાછા આવ્યા ત્યારે પિતાજી ગંભીર બીમારીમાં પથારીવશ હતા. આખું ઘર ચિંતાતુર હતું. કિશોર ધીરુભાઈને સખત આંચકો લાગેલો અને એ પિતાજીની પથારી પાસે બેસીને ડૂસકે ને ડૂસકે રડતા રહેલા. પિતાજી ગામડેથી સાંજે પાછા ફરે ત્યારે થાકેલા હોય એટલે ધીરુભાઈ તથા ભાઈ-બહેનો નિયમિતપણે પિતાજીના પગ દબાવતાં. ઘરમાં એકદમ શાંતિ રહેલી. સવાર સાંજ પ્રભુભક્તિ અને બાનું ભજનગાન પણ રહેતું. સિદ્ધપુરના બ્રાહ્મણોના રીતિરિવાજો અને મરણ તથા શ્રાદ્ધના પરંપરાગત વ્યવહારો ધીરુભાઈ ઉપર બહુ પ્રભાવ પાડી શક્યા નહોતા. એમના મનમાં અંગ્રેજી, સંસ્કૃત તથા બીજા વિષયો વિશે વધુ જ્ઞાન મેળવવાની જિજ્ઞાસા હતી. એમને સારા શિક્ષકો અને પુસ્તકો કિશોરકાળથી જ પ્રભાવિત કરતાં હતાં.

સિદ્ધપુરમાં ધીરુભાઈનું મિત્રમંડળ પણ વિસ્તર્યું હતું. જોકે એમનો જીવ નવા નવા વિચારો, વિદ્યાકીય પ્રવૃત્તિઓ અને સેવાકીય વ્યવહારોમાં વધુ નિમગ્ન હતો. એ જમાનામાં કલકત્તા સંસ્કૃત ઍસોસિયેશન દ્વારા ખાસ પરીક્ષાઓ લેવાતી. શંકરલાલ પાદ્યાને ત્યાં એ સંસ્કૃતનો વિશેષ અભ્યાસ કરવા જતા. 'રઘુવંશ' અને 'કુમારસંભવ'ના થોડાક સર્ગો એમણે સરસ ભણાવેલા. સંસ્કૃત ઍસોસિયેશનની પરીક્ષાઓનું એકમાત્ર કેન્દ્ર આખા ગુજરાતમાં પેટલાદ હતું. અમૃતલાલ શાસ્ત્રીની પાઠશાળામાં પ્રથમા અને દ્વિતીયાની પરીક્ષા આપવા ધીરુભાઈ સતત બે વર્ષ ગયેલા. સિદ્ધપુરથી ટ્રેનમાં અમદાવાદ આવતા અને અમદાવાદ ધર્મશાળામાં રોકાઈને સવારે આણંદની ગાડી પકડતા. રેવાબાઈ ધર્મશાળામાં રાત રહેવાનો એક પૈસો આપવો પડતો. અહીં મિત્રો સાથે પહેલી વાર ડાકોરના સ્ટુડિયોમાં સમૂહ ફોટો પડાવેલો. સંસ્કૃત કાવ્યતીર્થની છેલ્લી પરીક્ષા એ પોતે મૅટ્રિકના વર્ષમાં હોવાથી આપી શક્યા નહોતા. પણ સંસ્કૃતનો આ અભ્યાસ એમને એક વિદ્વાન શિક્ષક અને સંસ્કારપુરુષ રૂપે ઘડવામાં ઘણો અગત્યનો રહ્યાનું સમજાય છે. સંસ્કૃતમાં પ્રશ્નો પુછાતા અને જવાબો પણ સંસ્કૃતમાં લખાતા. પાઠશાળાના વિદ્યાર્થીઓ સંસ્કૃતમાં જ વાતચીત કરતા. પેટલાદ પાઠશાળામાં રહેવા જમવાની મફત વ્યવસ્થા પેટલાદના શેઠ

રમણલાલ તરફથી થતી. પરીક્ષા આપીને વિદ્યાર્થીઓ ઘેર જવા નીકળે ત્યારે દક્ષિણા પણ આપવામાં આવતી. સંસ્કૃતના આ વિશેષ અભ્યાસે ધીરુભાઈની સાહિત્યિક સમજ અને ભાષાને પરિષ્કૃત કરવામાં ખૂબ મદદ કરી હોવાનું ધીરુભાઈએ પણ કબૂલ્યું છે.

આ જ વર્ષોમાં ધીરુભાઈએ 'સરસ્વતીચંદ્ર'નું વાચન કરેલું. 'સરસ્વતીચંદ્ર'માં આવતા સંસ્કૃત અને અંગ્રેજીનાં અવતરણો ધીરુભાઈ નોટમાં ઉતારી લેતા. દરેકની નીચે સમજૂતી પણ લખતા. લોટેશ્વરના મેળે હારિજ સુધી ટ્રેનમાં અને પછી બળદ ગાડામાં જવાનું થતું. ધીરુભાઈએ રસ્તામાં વાંચવા 'સરસ્વતીચંદ્ર'નો બીજો ભાગ લીધેલો. રસ્તામાં અંધારું થયું એટલે ગાડામાં ફાનસ સળગાવ્યું હતું. આ ફાનસના અજવાળે જ ધીરુભાઈએ 'જંગલ, અંધારી રાત અને સરસ્વતીચંદ્ર'વાળું પ્રકરણ અંધારી રાતે જંગલમાંથી પસાર થતાં થતાં વાંચેલું. બહાર પણ એવું જ વાતાવરણ હતું. તમરાં બોલતાં હતાં, રસ્તો નિર્જન હતો. ભયની સાથે રોમાંચ અનુભવાતો હતો. લોટેશ્વરનો મેળો 'સરસ્વતીચંદ્ર'ના કારણે યાદ રહી ગયેલો.

આ જ ગાળામાં સિદ્ધપુરના સાર્વજનિક પુસ્તકાલયમાં જઈને 'શારદા', 'નવચેતન', 'પ્રસ્થાન' વગેરે માસિકોનું ધીરુભાઈ કલાકો સુધી વાચન કરતા. ઘરે વાંચવા પુસ્તકો લેતા આવતા. ધૂમકેતુનું 'રજકણ' પુસ્તક વાંચતાંની સાથે જ ગમી ગયેલું. ઘરે સૌની સામે પણ 'રજકણ'ના વિચારોને ધીરુભાઈ છટાથી અને ભાવપૂર્વક વાંચી સંભળાવતા. સૂત્રાત્મક શૈલીમાં મૂકેલા એ વિચારો અને સંવેદન કણિકાઓએ યુવાન ધીરુભાઈના મુગ્ધ હૃદયને વશ કરી લીધું હતું. ન્હાનાલાલનું 'જયા-જયંત' પણ એ જ દિવસોમાં વાંચવામાં આવેલું. ડોલનશૈલીમાં મૂકેલા એ નાટકના સંવાદો ધીરુભાઈ મોટેથી અને છટાથી વાંચતા. અહીં ધીરુભાઈનાં નાટક તરફનાં રસરુચિનાં મૂળ પડેલાં દેખાશે. મુંબઈમાં કૉલેજકાળ દરમિયાન ચં. ચી. એ 'જયા જયંત' ભજવેલું એમાં ધીરુભાઈએ એક પાત્રનો પાઠ ભજવ્યો પણ હતો.

સિદ્ધપુરના એમના સહાધ્યાયીઓ અને ઉત્તમ શિક્ષકોને પણ યાદ કરવા જોઈએ. એમના ખાસ સહાધ્યાયીઓમાં જતીન્દ્ર આચાર્ય, સોમનાથ ઠાકર અને હરપ્રસાદ ઠાકર ઉપરાંત માણેકલાલનો પણ સમાવેશ કરી શકાય. નટવરલાલ વ્યાસ, ઈશ્વરલાલ આચાર્ય જેવા બીજા મિત્રો પણ હતા. પ્રમાણમાં સુખી પરિવારના આ બધા મિત્રો રાચરચીલાવાળાં ઘરોમાં રહેતા હતા અને એકબીજાના નજીક કે દૂરના સગા પણ થતા હતા. સોમનાથ અને જતીન સાથે ધીરુભાઈના સંબંધો છેક સુધી રહ્યા હતા. હરપ્રસાદ સાથે પણ આજીવન ઘરોબો રહ્યો હતો. ભણવામાં આ બધા મિત્રો પ્રમાણમાં હોશિયાર. એકબીજાની ટેવ પ્રમાણે એમના ઉપનામ પણ રાખતા. દા. ત., નટવર મહાવીર (હનુમાન), માણેકલાલ પેંડા, અમુક જુગારી,

અમુક બિસ્કુટ, અમુક ઉઘાડ પગા વગેરે. એક દિવસ નટવર મંદિરમાં 'ગોવિંદ માધવ'ના દર્શન કરવા આવેલો. પરીક્ષાના દિવસો હતા એટલે હાથ જોડીને ભગવાન પાસે માગણી કરતો હતો કે – 'હે ભગવાન, પરીક્ષામાં મને પહેલો નંબર આપજે અને ધીરુને બીજો આપજે.' પાછળ ઊભેલા ધીરુભાઈએ તે સાંભળ્યું એટલે નટુના ખભે હાથ મૂકીને કહ્યું કે – 'ભાઈ નટવર, ભગવાન પર લાગવગ ન ચાલે.' સહાધ્યાયીઓમાં ઈશ્વર આચાર્ય પણ અભ્યાસી અને નિષ્ઠાવાન વિદ્યાર્થી. પછીથી ઈશ્વરે ગિજુભાઈ પાસે તાલીમ લઈને બિંદુસરોવર રોડ ઉપર બાળમંદિર શરૂ કરેલું અને બાળશિક્ષણ માટે ઘણું સરસ કામ કરેલું. બાળકોને શિક્ષા નહિ કરવી, એમને પ્રેમથી ઉછેરવાં એવી તાલીમ એ મા-બાપોને પણ આપતા. ગામમાં સ્વચ્છતા રખાવતા, ગીતો ગવડાવતા, બાળશિક્ષણનાં સૂત્રો લખાવતા. ખાસ તો ઈશ્વર આચાર્યે સમાજસુધારા માટે કેટલીક પ્રવૃત્તિઓ પોતાના ઘરેથી શરૂ કરાવેલી. દા. ત., ઉઘાડે માથે ફરવું, જ્ઞાતિભોજનનો વિરોધ કરવો, વણકર વગેરે કોમને પણ મળવું – અડવું, ઘરમાં સ્ત્રીઓને સ્વતંત્રતા આપવી અને આઝાદીના આંદોલનમાં જોડાવું વગેરે.

જતીન્દ્ર આચાર્ય ગણિતમાં આગળ અને ધીરુભાઈ ભાષાઓમાં. બંને પહેલો કે બીજા નંબરે રહેતા પણ બંનેમાં કોઈ સ્પર્ધા નહોતી. જતીન્દ્રનાં બાળલગ્ન થયેલાં. ઘણો વખત વાંચવા એ ધીરુભાઈના ઘરે આવતા. હાઈસ્કૂલમાં હતા ત્યારે જ જતીન્દ્ર એક પુત્રના પિતા થઈ ચૂક્યા હતા. બંને મિત્રો સાથે મૅટ્રિક થઈને કૉલેજમાં દાખલ થવા મુંબઈ ગયેલા. ક્યારેક સાથે તો ક્યારેક અલગ રહીને એ ભણ્યા. 1941માં ધીરુભાઈ ગુજરાત કૉલેજમાં આવ્યા ત્યારે જતીન્દ્ર કડીની નૂતન સર્વ વિદ્યાલયમાં શિક્ષક બન્યા હતા. સોમનાથ ઠાકર, ધીરુભાઈના સારા મિત્ર. ઠીંગણા, બુદ્ધિશાળી, વિનોદી, કુસ્તીબાજ અને સ્કાઉટ લીડર. સોમનાથના પિતા રૂપાળા પુરાણી તરીકે સિદ્ધપુરમાં જાણીતા. સોમનાથના મોટા ભાઈને બજારમાં કટલરીની દુકાન હતી. તે કવિતા લખતા હતા. ધીરુભાઈએ એમની કવિતાની નોટ જોયેલી પણ ખાસ પ્રભાવિત નહોતા થયા. એમાં માત્ર ચીલાચાલુ ભજનો અને દલપતશાહી રચનાઓ હતી. આ બધા મિત્રો સાંજે સરસ્વતી નદીના કિનારે કે બિંદુસરોવર સુધી નિયમિત ફરવા જતા અને ભાતભાતની વાતો કરતા. નટવર પણ પરણેલો હતો. ઊંચો અને નિખાલસ નટવર મોટેથી હસતો. એને તમાકુ ખાવાની ટેવ હતી. સોમનાથ ખિસ્સામાં સૂડી અને સોપારી રાખતો. માણેકલાલ મૅટ્રિકનો ખાડો કૂદી શકેલો નહિ. માણેકલાલ છ ફૂટ ને બે ઈંચ ઊંચો, ટૂંકું ધોતિયું, ઉઘાડા પગ. શાળાના સમય સિવાય શરીર ઉપર શર્ટ પણ ન પહેર્યો હોય. જોકે માથે ટોપી અચૂક મૂકે. માણેકલાલને ખાવાનો અને ખવરાવવાનો બહુ શોખ. જાતે રાંધવાની કામગીરી પણ સંભાળી લે. સરસ રસોઈ બનાવી બધાને જમાડે. ક્રિકેટમાં ચોગ્ગા અને છગ્ગા

ફટકારે. બધાને દૂર દૂર પ્રવાસે લઈ જાય. આમ ભોળો અને સાફદિલ અને સ્વમાની પણ એટલો જ. કોઈની કૃપા ચાહે નહિ, દાદાગીરી વેઠે નહિ. વખત આવે એકલો લડી લે. આ માણેકલાલ અને સોમનાથ બંને તલાટી થયેલા અને એમના ઉપરી અધિકારીઓને બહુ પ્રિય રહેલા.

સિદ્ધપુરના શાળાજીવન દરમિયાન ધીરુભાઈને કેટલાક ઉત્તમ શિક્ષકોનો લાભ મળ્યો હતો. એમાંના એક તે મધુકુમાર શિવરાય દેસાઈ શાળાના આચાર્ય હતા. મોટી ઉંમરના, મોંમાં દાંત ન મળે, વારે વારે 'યુ શી' બોલવાની ટેવવાળા, બેઠી દડીના અને પાતળા બાંધાના, ધોળી મૂછો, સુઘડ અને સુંદર પહેરવેશ, રીતભાતમાં આભિજાત્ય. શિસ્તપાલનના આગ્રહી મધુકુમાર ઝીણા અવાજે અને મૃદુભાવથી સૌને બોલાવે, રસપૂર્વક અંગ્રેજી કવિતા શિખવાડે અને બરાબર સમજાવે પણ ખરા. બ્રાઉનિંગ અને વર્ડ્ઝવર્થનાં કાવ્યો એમણે મૅટ્રિકમાં ભણાવેલાં તે ધીરુભાઈને કાયમને માટે યાદ રહી ગયેલાં. આવા ગૌરવશાળી આચાર્યની મશ્કરી કરવાની હિંમત કોઈ કરતું નહિ. એ જમાનાના છોકરાઓ વધારે તોફાની પણ મધુકુમારસાહેબ સામે અવાજ કરવાની પણ કોઈની હિંમત ન મળે. ધીરુભાઈના વિદ્યાર્થી તરીકે હું પણ કહી શકું કે આચાર્ય ધીરુભાઈમાંય મધુકુમાર દેસાઈના વ્યક્તિત્વનાં ઘણાં લક્ષણો ઊતરી આવ્યાં હશે એમ લાગે.

એમના બીજા શિક્ષક તે વી. કે. દેસાઈ. અંગ્રેજી અને સંસ્કૃત બંને ભાષાઓ તથા એના સાહિત્યના ઊંડા સંસ્કાર ધીરુભાઈમાં રોપનાર વી. કે. દેસાઈ ફાંકડું અંગ્રેજી બોલતા. અંગ્રેજી ગદ્ય શીખવતી વખતે આંજી નાખે તેવી આલંકારિક ભાષા તેઓ બોલતા, એક શબ્દના અનેક સમાનાર્થી શબ્દો આપતા, એટલી તલ્લીનતાથી શીખવતા કે વિદ્યાર્થી એ પ્રવાહમાં સતત ખેંચાયેલો જ રહેતો. અંગ્રેજી બોલવા અને લખવાની તાલીમ ધીરુભાઈને એમની પાસેથી મળેલી. ભાંડારકરના પુસ્તકના આધારે ગુજરાતી વ્યાકરણના નિયમો શીખવાની બહુ મઝા આવતી. સંસ્કૃત વ્યાકરણ પણ વી. કે. દેસાઈ ઉત્તમ રીતે શીખવતા. વિદ્યાર્થીઓને આનંદ આવે એ માટે વચ્ચે વચ્ચે સંસ્કૃત અને ગુજરાતી કવિતાનાં સરસ ઉદાહરણો આપતા જતા. ભાષાસાહિત્ય શીખવનાર શિક્ષક પાસે સંદર્ભોની ખૂબ સમૃદ્ધિ હોવી જોઈએ એ વાત ધીરુભાઈ વી. કે. દેસાઈ પાસેથી શીખ્યા હતા. આ વી. કે. દેસાઈનું વ્યક્તિચિત્ર ધીરુભાઈએ આ રીતે આલેખ્યું છે –

> "વી. કે. દેસાઈ અમરેલી પાસે વાસાવડના નાગર હતા. મોટી કાબરચીતરી મૂછો, મધ્યમ બાંધાનું ભરાવદાર શરીર, કધોણ પડેલું ધોતિયું, હાફકોટ અને છાપરા પર નળિયું ગોઠવ્યું હોય એ રીતે માથા પર ગોઠવેલી કાળી ટોપી. ટોપીમાંથી બાબરી બહાર કપાળ

પર આવેલી હોય. આછા શીળીના ડાઘા પણ ચહેરો પ્રભાવશાળી અને અવાજ રણકદાર. છીંકણી સૂંઘે. અમને જેન્ટલમૅન કહીને બોલાવે. દરેકના નામની પહેલાં મિસ્ટર લગાડી બોલે. ગુરુ થવા જ સર્જાયા હોય એવું તેમનું વ્યક્તિત્વ. પ્રથમ દર્શને જ છાપ પાડે. તેથી જ કદાચ તેમનું બીજું નામ 'ગુરુભાઈ' પડ્યું હશે.''

સ્મરણમાધુરી (પૃ. 29)

આ વી. કે. દેસાઈસાહેબ ગોલવાડમાં ધીરુભાઈ ઠાકરના પડોશમાં રહેતા હતા. બંને કુટુંબો વચ્ચે સારું બનતું હતું. 'ગુરુભાઈ'નો ધીરુભાઈ ઉપર ઘણો પ્રેમ રહેતો. અંગ્રેજી અને સંસ્કૃતમાં ધીરુભાઈ વર્ગમાં મોટે ભાગે સૌથી વધુ ગુણ લાવતા હતા. વી. કે. દેસાઈ એ જમાનામાં ગ્રૅજ્યુએટ થયેલા હતા. જ્યારે ઘણા શિક્ષકો મૅટ્રિક પાસ થઈને થોડી ટ્રેનિંગ લેતા અને શિક્ષક બની જતા. સી. સી. ઠાકર પાંચમા ધોરણમાં ધીરુભાઈના વર્ગશિક્ષક રહેલા એ પણ ગ્રૅજ્યુએટ હતા. ઇતિહાસ અને અંગ્રેજી કવિતા બહુ રસપૂર્વક તેઓ શીખવતા. હીરાભાઈ પટેલ નામના એક શિક્ષક અંકગણિત, બીજગણિત અને ભૂમિતિ શીખવતા. આમેય વર્ષો સુધી ગુજરાતમાં ગણિતના શિક્ષકો તરીકે ઉત્તર ગુજરાતના પટેલો અગ્રેસર રહ્યા હતા. હીરાભાઈ પટેલ સચોટ રીતે શીખવતા. એમની શક્તિ માટે વિદ્યાર્થીઓને ખૂબ માન હતું. જાડા કાચના ચશ્માં, લાંબો કોટ, કાળી મૂછો, કાછડો મારેલું ધોતિયું, માથે કાળી ટોપી અને સદાય હસતો ચહેરો ! હીરાભાઈસાહેબનું આ વ્યક્તિત્વ ધીરુભાઈને કાયમ માટે યાદ રહી ગયું હતું.

સિદ્ધપુરના આવા સામાજિક અને શૈક્ષણિક વાતાવરણમાં ધીરુભાઈ મૅટ્રિક સુધી ભણ્યા હતા. આ દરમિયાન તેમને બીજા પણ ઘણા અનુભવો થયા હતા. મિત્રો સાથે રેલવેના પુલ ઉપર ચાલતા જતા હતા. અડધે પહોંચ્યા અને ખ્યાલ આવ્યો કે સામેથી ટ્રેન આવે છે. ટ્રેન નજીક આવતાં બે-ત્રણ મિત્રો દોડીને બાલ્કની સુધી પહોંચી ગયા પણ ધીરુભાઈએ તો ગભરાટના માર્યા નદીમાં ભૂસકો જ મારી દીધો. નદીમાં પાણી નહોતું પણ સદભાગ્યે રેતીના ઢગલા ઉપર પડેલા. પગે જબરદસ્ત મચકોડ આવી ગયેલ. જેમ તેમ કરીને ઘેર પહોંચ્યા અને ખાડામાં પગ પડી ગયો એમ જૂઠું બોલ્યા. પણ છેવટે ડૉક્ટર સામે સાચું બોલવું જ પડ્યું. હાડકું તૂટ્યું નહોતું એટલે કોઈએ ખાસ ઠપકો આપ્યો નહોતો પણ પંદર દિવસ ઘરમાં રહેવાની શિક્ષા તો થઈ જ હતી.

આ જ ગાળામાં બીજી એક કરુણ ઘટના બનેલી. ધીરુભાઈનાં બહેન સુમિત્રા સાસરે હતાં. એમને હિસ્ટીરિયાનો રોગ લાગુ પડેલો એટલે કલાકો સુધી બેભાન થઈ જતાં. દવા કરાવ્યા પછી સારું લાગતાં સુમિત્રાબહેનને સાસરે મોકલ્યાં હતાં,

પણ ત્યાંનું વાતાવરણ કઠોર અને ત્રાસદાયક હતું. એક દિવસ સુમિત્રાબહેનની સાસરી ભાવનગરથી તાર આવ્યો કે સુમિત્રા રસોઈ કરતાં ફીટ આવવાથી ઘણું દાઝી ગઈ છે. ધીરુભાઈનાં બા ભાવનગર ગયાં. મામાને બોલાવી લીધા. પરિસ્થિતિ બહુ ખરાબ હતી. સુમિત્રાનું મરણ થઈ ચૂક્યું હતું. વ્યથિત હૃદયે બા પાછાં આવી ગયેલાં. આ ઘટના પછી આખું ઘર આઘાતમાં સરી પડેલું. પ્રેમશંકરભાઈ પણ ઉદાસ અને સૂનમૂન થઈ ગયેલા. બાનું કરુણ કલ્પાંત અટકતું નહોતું. ધીરુભાઈની જોડે ઉછરેલાં સુમિત્રાબહેન આ રીતે ચાલી જતાં એમને પણ ઊંડો આઘાત લાગેલો. સુમિત્રા ચકોર બુદ્ધિશાળી અને હસમુખાં હતાં પણ સામાજિક રૂઢિ પ્રમાણે એમને વહેલાં પરણાવી દીધાં અને સાતમા ધોરણથી જ ઉઠાડી લીધાં હતાં. કુટુંબને એનું જ સૌથી વધારે દુઃખ હતું કે આવી હોનહાર દીકરીને જ્ઞાતિની કુરૂઢિઓનો ભોગ બનવું પડ્યું. લગ્નની વેદી ઉપર સુમિત્રા હોમાઈ ગઈ એનો વસવસો આખા કુટુંબને જીવનભર રહ્યો હતો. ભદ્ર વર્ગમાં એક કહેવત છે – ‘‘જ્ઞાતિ હોય પછી અગ્નિની શી જરૂર ?’’ – આ ઉક્તિ ધીરુભાઈના કુટુંબને સતત પીડતી રહેલી. ધીરુભાઈને અનુભવ થયેલો કે સગાં અને કુટિલ જ્ઞાતિજનોએ પિતાજીના સરળ સ્વભાવનો, પોતપોતાના સ્વાર્થ માટે લાભ લઈને એમને છેતરવામાં કશું બાકી રાખ્યું નહોતું. આવી ઘટનાઓના કારણે પછીનાં વર્ષોમાં ધીરુભાઈ અને અન્ય પરિવારજનો પણ કુટિલ જ્ઞાતિજનો અને સમાજના કુરિવાજોથી બને એટલા અળગા રહીને વિદ્યાક્ષેત્રે આગળ વધતા રહ્યા હતા.

મૅટ્રિકની પરીક્ષા આપવા સારુ ધીરુભાઈએ મોટા ભાઈ અને મિત્રો સાથે મોડી રાત સુધી વાંચવાનું રાખેલું. બધા મિત્રો સાથે વાંચતા. બાર વાગે ચા મુકાતી. રાતે અઢી વાગ્યા સુધી વંચાતું, જોડે ગપ્પા મારવાનુંય ચાલતું. માણેકલાલ ચા પીને પણ ઊંઘી જતો. સોમનાથ ઊંઘને ભગાડવા જુદી જુદી વાતો કરતો. જતીન્દ્ર અને ધીરુભાઈ એકાગ્રતાથી વાંચતા. બધા મિત્રો પરીક્ષા આપવા વડોદરા ગયેલા. પ્રેમશંકરભાઈના સગા માણેકલાલ જાનીને ત્યાં બધી જ સગવડો કરેલી એટલે પરીક્ષા સરસ રીતે અપાયેલી. વડોદરા કૉલેજનું ભવ્ય મકાન જોઈને, તેમાં બેસીને પરીક્ષા આપતાં ધીરુભાઈના મનમાં પોતાના ભાવિની રોમાંચક કલ્પનાઓ જાગી હતી. કૉલેજના અધ્યાપકો સુપરવાઇઝર તરીકે આવેલા, ધીરુભાઈ તેમને અહોભાવપૂર્વક જોઈ રહેલા. એ વખતે એમના મનમાં કૉલેજમાં જવાનું સ્વપ્ન વધારે ઉત્કટ બન્યું હતું. મૅટ્રિકની પરીક્ષામાં પાસ તો થઈ ગયા પણ કૉલેજનો અભ્યાસ કરવા માટે છેક મુંબઈ, સૂરત કે વડોદરા જવું પડે. પિતાજી પાસે એટલા પૈસાની સગવડ નહોતી કે એ ધીરુભાઈને બહાર ભણવા મોકલી શકે.

* * *

# 4

# કૉલેજનાં વર્ષો

ધીરુભાઈના મોટા ભાઈ મૅટ્રિક થઈને સરકારી નોકરીમાં જોડાઈ ગયા હતા. એટલે ધીરુભાઈ માટે તરત નોકરી કરવાની તાતી જરૂરિયાત નહોતી રહી. છતાં સ્કૉલરશિપ ન મળે તો કૉલેજમાં ભણવાનું ધીરુભાઈનું સ્વપ્ન સાકાર થાય એમ નહોતું. મૅટ્રિકમાં ચોસઠ ટકા મેળવ્યા છતાં વડોદરા અને મુંબઈની કૉલેજમાં પ્રવેશ મળે તો પણ સ્કૉલરશિપ મળવાની કોઈ શક્યતા નહોતી. પોતાના મિત્રો દ્વારા ધીરુભાઈ આ બધી વિગતો મેળવતા હતા. ધીરુભાઈનો સહાધ્યાયી જતીન્દ્ર કૉલેજમાં દાખલ થવા સારુ મુંબઈ ગયો હતો. એણે વિલ્સન કૉલેજમાં પ્રવેશ મેળવી લીધો હતો અને ગિરગામમાં નર્મદાશંકર હ. જોશી વિદ્યાભવનમાં રહેવાનું પણ નક્કી થયું હતું. જ્યારે પિતાજીના ટૂંકા પગારમાંથી ભણતરનો ખર્ચ કાઢવાનું અશક્ય જ હતું. એ જમાનામાં છાત્રાવાસમાં પ્રવેશ મેળવવા માટે પણ ઊંચા ટકા મેળવવાની જરૂરિયાત રહેતી. આ સ્થિતિમાં ધીરુભાઈ, કૉલેજમાં નહીં જવા મળે એ વાતે ઘણા નિરાશ હતા. સમજણ આવી ત્યારથી એમને આગળ ભણવાની હોંશ હતી. પરંતુ પૈસાના અભાવે એમનું દીર્ઘસેવિત સ્વપ્ન છિન્નભિન્ન થઈ જવાના આરે હતું.

મૅટ્રિક થયેલો એક કિશોર એ સમયે કેવા સંસ્કારથી સજ્જ હતો તે જાણવા આપણે એક શબ્દચિત્ર જોઈએ. બ્રાહ્મણ પરિવારના અને સમાજના કડક આચાર-વિચારમાં બહુ છૂટછાટ લેવાનું શક્ય નહોતું. કિશોર ધીરુભાઈએ પણ ઘરમાંય અબોટિયું પહેરીને જ જમવા બેસવું પડતું. જ્ઞાતિભોજનમાં તો નાહ્યા વગર જવાય જ નહીં. સંધ્યાવંદન નિયમિત કરવાનાં. રોજ સાંજે ગોવિંદ-માધવનાં દર્શન કરવાનાં. શ્રાવણના સોમવાર કરવાનું ફરજિયાત હતું. બાલારામ અને અન્ય મંદિરો હોય એવા સ્થળે પ્રવાસો પણ ગોઠવવાનું વલણ હતું. ધીરુભાઈ રોજ સવારે નદીએ નહાવા જાય અને નદીમાં ઊભા રહી સૂર્યને અર્ઘ્ય આપે, ભીનું ધોતિયું પહેરીને જ ઘેર આવવાનું અને પૂજા કરવાની. બળેવના દિવસે નદીએ જઈને સમૂહમાં

જનોઈ બદલવાની, બપોર સુધી નદીમાં ઊભા રહીને 'હેમાદ્રી' કરવાની. જૂની વહોરાવાડના છબીલા હનુમાનજીના મંદિરે ધજા ચઢાવવા સરઘસ નીકળે ત્યારે કોમી હુલ્લડોની શક્યતા હોય. ધજા ધુળેટીના દિવસે ચડતી. ક્યારેક મુસ્લિમો અને વહોરાઓ વચ્ચે ઘર્ષણ કે તંગદિલી થતાં. હુલ્લડમાં જે બહાદુરી બતાવે તેને એનો સમાજ માનથી જોતો. બ્રાહ્મણોના પરિવારમાં પણ પોતાની જ્ઞાતિમાં આબરૂ વધારવાનું વલણ હતું. એ માટે નોકરી અને પૈસાનું મહત્વ રહેતું. ધીરુભાઈ રોજ ગીતાનો એક અધ્યાય પણ વાંચતા. પ્રસંગોમાં કે બહાર જવાનું હોય તો ટોપી પણ ફરજિયાત પહેરવી પડતી. ખમીસ કે ઝભ્ભો ન પહેરો તો ચાલે પણ ટોપી શિષ્ટાચાર ગણાતી. અહિંસા અને સર્વધર્મ સમભાવ જેવા ગાંધીના વિચારો હજી આ યુવાપેઢીમાં બહુ પ્રવેશ્યા નહોતા. હિંદુત્વનું ગૌરવ જાળવવા અખાડા પ્રવૃત્તિમાં જોડાવું લગભગ ફરજિયાત હતું. સિદ્ધપુરમાં રહ્યા એ દરમિયાન ધીરુભાઈમાં પણ આવો એક યુવાન દેખાતો હતો. આ બધું તો ઠીક છે ઘર, કુટુંબ અને સમાજને કારણે આવાં આચરણો સહજભાવે, રોજિંદા જીવનનો એક ભાગ બનીને ચાલ્યાં કરતાં હતાં. પણ ધીરુભાઈ માટે મુખ્ય પ્રશ્ન કૉલેજમાં ભણવા જવાનો હતો.

કીડી ચાલવા માંડે તો જોજનો ચાલી નાખે છે. અને ગરુડ બેસી રહે તો ત્યાંનું ત્યાં જ રહે છે. ચાલનારને મંજિલ વહેલી મળે કે મોડી મળે પણ રસ્તે ચાલવાનો અનુભવ અને આનંદ તો મળે જ છે. આવી સમજણ હોવાથી ધીરુભાઈ છેલ્લી ઘડી સુધી કૉલેજમાં જવા પ્રયત્નશીલ રહે છે.

છેવટે ધીરુભાઈના નસીબ આડેથી પાંદડું ખસ્યું ખરું. કોઈ ઓળખીતાએ સૂચવ્યું કે સૂરતની એમ.ટી.બી. કૉલેજમાં, ચુનીલાલ પાર્વતીશંકર ફંડમાંથી, વિદ્યાર્થીનો અભ્યાસ અને આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખીને સ્કૉલરશિપ આપે છે. ધીરુભાઈની હાઈસ્કૂલના કારકુન દાસભાઈ ઠાકરે સૂરતની કૉલેજના વાઇસ પ્રિન્સિપાલ પ્રો. કે. એલ. ત્રિવેદી પર ભલામણ ચિઠ્ઠી લખી આપવાનું સ્વીકાર્યું. વીસમી જૂને કૉલેજ ઊઘડતી હતી. છેવટે અઢારમી જૂનની સાંજે ધીરુભાઈએ હિંમત કરીને પિતાજી સામે વિનમ્રભાવે દરખાસ્ત કરી કે – 'મને આગળ ભણવા જવા દો તો સારું. સૂરતમાં સ્કૉલરશિપ મળે તેમ છે. પ્રોફેસર પરની ભલામણચિઠ્ઠી પણ તૈયાર છે.' સંકોચ સાથે, નિરાશાભર્યા સૂરમાં ધીરુભાઈની આ વિનંતી સાંભળીને પિતાએ કહ્યું કે - 'તું આપણી સ્થિતિ જાણે છે. મદદ મળે તેમ હોય તો જા.' ધીરુભાઈએ એક કલાકમાં જ બધી તૈયારી કરી દીધી. સવારની ગાડી પકડીને વાયા અમદાવાદ, સાંજ સુધીમાં સૂરત પહોંચી ગયા. સાંજે જ પ્રિન્સિપાલને ચિઠ્ઠી આપી. પ્રિન્સિપાલ પોતે ગૃહપતિ પણ હતા. તેમણે ધીરુભાઈને નવી હૉસ્ટેલમાં કોઈ ખાલી રૂમમાં સૂવા માટે પણ કહ્યું. બીજા દિવસે પ્રવેશ મેળવીને ધીરુભાઈએ કૉલેજમાં ભણવાનું પોતાનું સ્વપ્ન હરખાતા હૈયે સાકાર થતું જોયું.

જીવનનો ખરો ઘડતરકાળ હવે શરૂ થતો હતો. હાઈસ્કૂલ અને કૉલેજના જીવનમાં ત્યારે તો આભ-જમીનનો ફેર હતો. સિદ્ધપુર જેવા રૂઢિચુસ્ત ગામમાંથી એક ઉત્સાહી યુવાન સૂરત જેવા રંગીલા શહેરમાં હવે ફરવાનો અને ભણવાનો લાભ લેવાનો હતો. નવા છાત્રાલયમાં ધીરુભાઈને સીંગલ રૂમ રહેવા માટે મળ્યો હતો. અહીં હવે ટોપી પહેરવાનું જરૂરી નહોતું. બે સત્રની ફી ભરી શકાય એટલી સ્કૉલરશિપ મંજૂર થઈ હતી. બીજું ખર્ચ મહિને પંદરથી વીસ રૂપિયા થતું હતું. વિદ્યાર્થીઓ ક્લબ પદ્ધતિથી રસોડું ચલાવતા. ભોજન બિલ બારથી ચૌદ રૂપિયા આવતું. (હું મોડાસા કૉલેજમાં ભણતો હતો ત્યારે 1968થી 1972ના વર્ષોમાં હૉસ્ટેલનું ફૂડબિલ 48થી 52 રૂપિયા આવતું હતું. આજે (2019) વલ્લભવિદ્યાનગરમાં વિદ્યાર્થીનું ફૂડબિલ 3500થી 4500 રૂપિયા આવે છે.) પુસ્તકો ધીરુભાઈના મામાએ મુંબઈથી મોકલ્યાં હતાં. કપડાં બે જોડી હતાં. કૉલેજથી શહેરમાં કે રેલવેસ્ટેશન જવાનું હોય તો પણ ધીરુભાઈ ચાલીને જ જતા. મહિનામાં બે-ત્રણ દિવસ એક-બે ટંક નહીં જમીને – કટ લઈને – ચાર-પાંચ રૂપિયા બચાવી પણ લેતા. જેમાંથી ટૅનિસ રમવાનું રૅકેટ લેતા કે પુસ્તક ખરીદતા. કૉલેજ અને છાત્રાલયનું વાતાવરણ મુક્ત અને આનંદમય હતું. સૂરતની બોલી સાંભળવાની મજા આવતી હતી. જુદા-જુદા ગામડેથી ભણવા આવેલા વિદ્યાર્થીઓ મિત્રો બન્યા હતા. આવા વાતાવરણમાં ધીરુભાઈને ફાવી ગયેલું. અહીં પણ જાત-ભાતના મિત્રો અને એવા જ અધ્યાપકો પણ હતા. જોકે એક વસ્તુ નોંધવી જોઈએ કે અધ્યાપકો મહેનતુ અને સજ્જ હતા. ભણાવવા માટે તત્પર અને નિસબતવાળા હતા. વિદ્યાર્થીઓમાં અંગત રસ લઈને પણ માર્ગદર્શન આપતા. આ બધું હોવા છતાં વિદ્યાર્થીઓમાં તોફાન કરવાની વૃત્તિ વધારે હતી. કૉલેજિયન થયા એટલે તોફાન ન કરીએ તો કેમ ચાલે એવું માનનારો એક વર્ગ પણ હતો. વિદ્યાર્થીઓ જાત-જાતના વેશ કાઢતા, દરેકનાં જુદાં જુદાં નામ પાડતા, મજાક-મશ્કરી કરતા. કૉલેજના સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પણ હોહા અને ધમાલ પણ ખૂબ થતી. ધીરુભાઈએ એવું પણ સાંભળ્યું હતું કે વડોદરા અને અમદાવાદની કૉલેજોમાં તો સૂરત કરતાં વધારે તોફાની વિદ્યાર્થીઓ હોય છે. એમ.ટી.બી. કૉલેજના ત્યારના પ્રિન્સિપાલ એન. એમ. શાહ બહુ કડક અને શિસ્તપાલનના આગ્રહી હતા. પણ તેઓ મુંબઈ યુનિવર્સિટી સિંડિકેટના અગ્રણી સભ્ય હોવાથી વારંવાર મુંબઈ જતા. એમની ગેરહાજરીમાં કે. એચ. ત્રિવેદી વહીવટ સંભાળતા. તેઓ માત્ર બી.એ. થયેલા હતા પણ સંસ્કૃત સરસ શીખવતા. એ જમાનામાં સંસ્કૃત ફરજિયાત શીખવવામાં આવતું. ડી. પી. જોશી અને એમ. પી. દવે પણ સંસ્કૃત સાહિત્યના અભ્યાસી અને રસિક અધ્યાપકો હતા. અંગ્રેજીમાં કે. એલ. દેસાઈ નવલકથા સરસ રીતે શીખવતા. આપણા હાસ્યલેખક જ્યોતીન્દ્ર દવે પણ સૂરતમાં પ્રૉફેસર હતા. ધીરુભાઈએ એમના વર્ગમાં બેસવાનું નહોતું પણ નાટ્યપ્રવૃત્તિ વખતે એમની જોડે વાતો થતી. આપણા

બહુ જાણીતા વિવેચક અને જેમના નામથી એમ. ટી. બી. કૉલેજ આજ સુધી ઓળખાય છે તેવા પ્રૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી માંદા હોવાથી એક વર્ષની રજા ઉપર હતા. આવા વાતાવરણમાં પહેલું સત્ર પૂરું થયું.

એ સમયમાં કૉલેજનાં વર્ષો આ પ્રમાણે ગણાતાં હતાં.

1. ફર્સ્ટ યર (આર્ટ્સ, સાયન્સ, કૉમર્સ)
2. ઇન્ટર (આર્ટ્સ, સાયન્સ, કૉમર્સ)
3. જુનિયર બી.એ., બી.એસસી., બી.કૉમ.
4. સિનિયર બી.એ., બી.એસસી., બી.કૉમ.

પ્રથમ વર્ષ આર્ટ્સમાં પણ ગણિત અને ભૌતિકશાસ્ત્ર ફરજિયાત હતાં. મેડિકલમાં જનારે ઇન્ટર સાયન્સમાં ‘બી’ ગ્રૂપ (બાયૉલૉજી) રાખવું પડતું. ‘એ’ ગ્રૂપ વાળા (ગણિતવાળા) એન્જિનિયરિંગમાં જઈ શકતા. ધીરુભાઈને બીજગણિત અને ભૂમિતિમાં વધારે રસ પડતો. પ્રિ. એન. એમ. શાહ બીજગણિત સરસ રીતે શીખવતા. એમની શિક્ષણપદ્ધતિ બધામાં સર્વશ્રેષ્ઠ હતી. અઘરી વસ્તુઓને પણ સ્પષ્ટ અને સરળ કરીને મૂકતાં એમને આવડતું. એમના વર્ગ પછી એમનું ભણાવેલું ચિત્તમાં સચોટ રીતે ઊતરી જતું હોવાથી કદી ભુલાતું નહીં. પ્રિ. શાહ પાસેથી અજાણતાં જ ધીરુભાઈ કડક શિસ્તપાલન અને ઉત્તમ ભણાવવાની પદ્ધતિ શીખી શકેલા એમ કહી શકાય. તર્કશાસ્ત્ર ભણ્યા નહોતા તો પણ ગણિત અને અધ્યાપકોના સરસ અધ્યાપનના કારણે ધીરુભાઈ સ્પષ્ટ વિચાર કરતાં શીખ્યા. વસ્તુના કાર્યકારણમાં જઈને, ઊંડી તપાસ કરવાની એમને ટેવ પડી હતી. કૉલેજનાં વર્ષોમાં એ જે શીખ્યા, ઘણુંબધું તો સભાનપણે પોતાનામાં ઉતારતા રહ્યા – તે બધું એ અધ્યાપક અને આચાર્ય થયા ત્યારે એમને બહુ જ કામ લાગેલું.

સૂરતમાં પહેલું સત્ર પૂરું કર્યા પછી ધીરુભાઈ વૅકેશનમાં મામાને ત્યાં મુંબઈ ગયેલા. એ દિવસોમાં વરલી ખાતે રાષ્ટ્રીય કૉંગ્રેસનું અધિવેશન ભરાયેલું. ત્યાં અબ્દુલ ગફ્ફારખાન નગર બનાવેલું. એમના મામાના દીકરા સુરેશભાઈ સાથે ધીરુભાઈ પણ અધિવેશનમાં સ્વયંસેવક તરીકે જોડાયેલા. ત્યાં એમણે એક અદભુત યુવાનને જોયો અને એના ચાહક બની ગયા. એ યુવક તે યૂસુફ મહેરઅલી. એ બધી સ્વયંસેવક સેનાનો મુખ્ય કમાન્ડર હતો. એની ચપળતા, એનો લાલ ગુલાબી ચહેરો, એની તેજસ્વી આંખો અને મૃદુલ વાણીથી બધા યુવકો એને પ્રેમઆદરથી જોતા હતા. અનેકનાં હૃદયના જીતી લેનાર આ યુવાન યૂસુફ મહેરઅલી પછીનાં વર્ષોમાં ગાંધીજી સાથે અનેક બેઠકોમાં વાર્તાલાપ કરતો હતો. આ રાષ્ટ્રીય અધિવેશનમાં ધીરુભાઈએ પહેલી વાર ગાંધીજી, જવાહરલાલ, વલ્લભભાઈ અને

અબ્દુલ ગફારખાન જેવા દેશનેતાઓને નજીકથી જોયા અને નિરાંતે સાંભળ્યા હતા. ચારેબાજુ રાષ્ટ્રીય જાગૃતિનું વાતાવરણ હતું. ધીરુભાઈને અહીંથી જ રાષ્ટ્રપ્રેમની દીક્ષા મળી એમ એ સ્વીકારે છે. સ્વાતંત્ર્ય માટે પણ એમનામાં ઉત્કટ ભાવના જાગી હતી. અહીંથી જ એમણે ખાદી પહેરવાનો સંકલ્પ કર્યો હતો. ધીરુભાઈના એક વિદ્યાર્થી તરીકે મેં એમને છેક 1968થી 2014માં એમનું અવસાન થયું ત્યાં સુધી ખાદીના સફેદ વસ્ત્રોમાં જ હંમેશાં જોયા છે. કાંજી કરેલું ખાદીનું સફેદ પાટલૂન અને ઉપર સફેદ ખાદીનો કાંજી કરેલો બુશર્ટ. કોટ-પેન્ટમાં મેં એમને ભાગ્યે જ જોયા હશે. જિંદગીનાં સાઠથી વધારે વર્ષો માત્ર સફેદ ખાદી પહેરવી એ સંકલ્પ એમણે બરાબર પાળી જાણ્યો હતો.

પ્રથમ વર્ષમાં પાસ થયા પછી ધીરુભાઈએ ‘એ’ ગ્રૂપ સાથે ઇન્ટર સાયન્સમાં દાખલ થવાનું નક્કી કર્યું હતું. પ્રથમ વર્ષની પરીક્ષા (સૂરત) ત્યારે કૉલેજ પોતે જ લેતી અને તેનું પરિણામ બહુ કડક આવતું. ધીરુભાઈ બીજા વર્ગમાં પાસ થયા. એમણે નક્કી કર્યું કે ઇન્ટર સાયન્સ માટે અમદાવાદ ગુજરાત કૉલેજમાં દાખલ થાઉં તો ત્યાં સારું શિક્ષણ મળે છે. જો સારા ટકા આવે તો પુણેની ઇજનેરી કૉલેજમાં પ્રવેશ મેળવવામાં મુશ્કેલી ન પડે. આવું વિચારીને ધીરુભાઈ ગુજરાત કૉલેજમાં સાયન્સ ફેકલ્ટીમાં દાખલ થયેલા. એમના પિતરાઈ ભાઈ ધનંજય ઠાકર પ્રીતમનગરમાં રહેતા હતા. એમના સંપર્કથી ધીરુભાઈને ઘણો લાભ થયો હતો. ધનંજયભાઈ સરળ નિખાલસ અને વિનોદી સ્વભાવના હતા. ગુજરાત કૉલેજમાંથી જ બી.એસસી. થયેલા એટલે માર્ગદર્શન પણ સારું આપતા. ખાસ તો ધનંજયભાઈને નાટ્યપ્રવૃત્તિમાં ભારે રસ હતો એટલે ધીરુભાઈને પણ એમણે નાટકમાં રસ લેતા કરેલા. ચંદ્રવદન મહેતાનું ‘આગગાડી’ નાટક એ વરસે કૉલેજમાં ભજવાયેલું. એની ઉત્તમ ભજવણીના કારણે કૉલેજની તવારીખમાં એ ઘટના જાણે કે ઇતિહાસ બની ગઈ. ચંદ્રવદન અને એમનાં નાટકો પણ ખૂબ જાણીતાં થયાં. ચંદ્રવદન પોતે એમાં રોલ કરતા અને નાટકનું દિગ્દર્શન પણ સંભાળતા. ધીરુભાઈને પણ આ નાટકમાં બે પાત્રોની ભૂમિકા મળી હતી. કૉલેજના વાર્ષિકોત્સવમાં વેશભૂષા સ્પર્ધામાં પણ ધીરુભાઈને પ્રથમ ઇનામ મળેલું. પ્રિન્સિપાલ અન અધ્યાપકો એમના પર ખુશ હતા. એ વર્ષમાં ગુજરાત કૉલેજના મૅગેઝિનમાં છાપવા માટે ધીરુભાઈએ ‘આપણાં લગ્ન’ એ નામનો નિબંધ લખ્યો હતો. ગુજરાતીમાં નવાસવા નિમાયેલા પ્રો. અનંતરાય રાવળને એ નિબંધ ગમેલો અને એમણે એ મૅગેઝિનમાં છાપેલો. ધીરુભાઈની આ પ્રથમ પ્રકાશિત કૃતિ કહેવાઈ. દેખીતી રીતે ધીરુભાઈનાં રસરુચિ અને ક્ષમતા ભાષાસાહિત્ય તરફ જ વિશેષ હતાં છતાં એમણે કારકિર્દીના ખોટા ખ્યાલમાં આવી જઈને ઇજનેર થવાનું નક્કી કર્યું હતું. બન્યું પણ એવું કે ભૌતિકવિજ્ઞાનની પ્રયોગની પરીક્ષામાં એમણે બર્નર પર શોટ્સ ગરમ કરવા મૂકેલા, એ કૃષિબલ સાથે નીચે

પડી ગયા એટલે રીડિંગ થઈ શક્યું નહીં. ત્યારે દરેક વિજ્ઞાનના દરેક વિષયમાં થિયરી અને પ્રૅક્ટિકલમાં અલગ અલગ પાસ થવું ફરજિયાત હતું. પાંચ ગુણ ખૂટતાં ધીરુભાઈ નાપાસ થયા અને એમનું ઇજનેર થવાનું શમણું પણ સમાપ્ત થઈ ગયું. ધીરુભાઈને પછી ખ્યાલ આવ્યો કે ઇજનેર થવાની પાત્રતા એમનામાં નહોતી. વળી કોઈએ વિષયસંદર્ભે સાચું માર્ગદર્શન પણ આપ્યું નહોતું. ખાસ તો ધીરુભાઈએ પોતે પોતાનાં રસરુચિની અવગણના કરી હતી એવું એમને જાતે જ સમજાયું હતું. આપણા દેશમાં વિદ્યાર્થીઓની રુચિ અને ક્ષમતા ચકાસવાની વ્યવસ્થા નથી અને એમને માર્ગદર્શન આપવાની જોગવાઈ પણ ઉચ્ચતર કેળવણીમાં રખાઈ નથી એ બાબત ભૂલભરેલી છે.

નાપાસ થવાનો પહેલો અનુભવ લઈને ઘોર હતાશા સાથે ધીરુભાઈ વૅકેશનમાં કોઈ લગ્નપ્રસંગે લીંબડી ગયા હતા. ત્યાં સગાંસંબંધીઓએ ભણવામાં હોશિયાર ગણાયેલ છતાં નાપાસ થયેલા આ યુવકની ખાસી ટીકા કરેલી. એમની એ નાલેશી ધીરુભાઈને ઘણા વખત સુધી યાદ રહેલી. એમને સૌથી વધારે ચિંતા તો હવે આગળ શું કરવું એ વિશેની હતી. પિતાજી પાસે આગળ ભણવાની વાત કયા મોઢે કરવાની ? મૂંઝવણનો પાર નહોતો અને અહમ્ ઘવાયેલું હતું. મન હાર માનવા તૈયાર નહોતું. ધીરુભાઈનો એક રૂમ પાર્ટનર પંચોળી ભણવાનું છોડીને વતન–ગામમાં પ્રાથમિક શિક્ષક થઈ ગયો હતો. ધીરુભાઈ માટે પણ એ રસ્તો તો ખુલ્લો જ હતો. પણ નિયતિએ ધીરુભાઈને એક સામાન્ય શિક્ષક બનાવવાને બદલે ગુજરાતી ભાષાનો જ્ઞાનકોશ, વિશ્વકોશ તૈયાર કરનારા વિદ્યાધર બનાવવા ધાર્યું હશે. ધીરુભાઈના એક સહાધ્યાયી મિત્ર જતીનભાઈ મુંબઈ ખાતે ઔદિચ્ય વિદ્યાર્થીભવનમાં રહીને વિલ્સન કૉલેજમાંથી ઇન્ટર સાયન્સ પાસ કરીને ઉનાળુ વૅકેશનમાં સિદ્ધપુર આવ્યા હતા. એમણે ધીરુભાઈને સલાહ આપી કે મુંબઈ આવીને ઇન્ટર આર્ટ્સમાં દાખલ થઈ જાવ. ઘણા સંકોચ અને પીડા સાથે ધીરુભાઈએ મુંબઈ ભણવા જવાની વાત પિતાજી સામે મૂકી. પિતાજીએ કશું જ કહ્યા વગર સંમતિ આપેલી. ધીરુભાઈના મનમાં એ ખટકો તો હતો જ કે કુટુંબમાં કમાનાર વ્યક્તિની જરૂર છે ત્યારે એ આગળ ભણવા જાય એ યોગ્ય કહેવાય ખરું ? નાપાસ થઈને એમણે આગળ ભણવાની લાયકાત ગુમાવી દીધી હતી. છતાં પિતાજીની સંમતિ કેમ મળી હશે ? આવા વિચારોમાં અટવાતા ધીરુભાઈ મુંબઈ જાય છે અને ન. હ. જોશી વિદ્યાર્થીભવનમાં પ્રવેશ મેળવે છે. ટ્રસ્ટની કારોબારીના સભ્ય ધીરુભાઈને જાણતા હતા. ત્યાં રહેવાનું મફત હતું. ક્લબ પદ્ધતિએ ચાલતાં રસોડાનો ખર્ચ ભાગમાં આવે તે આપવાનો થતો. ભવનનું મકાન પાંચ માળનું. છાત્રો માટે પાંચમો માળ રાખેલો. પચીસેક વિદ્યાર્થીઓને પ્રવેશ મળતો. ઊંચી ટકાવારીવાળા અને ઔદિચ્ય બ્રાહ્મણો જ તેમાં રહી શકતા. મકાનના ચાર માળ ભાડે આપેલા હતા એમાંથી ટ્રસ્ટીઓ વહીવટ કરતા અને શિષ્યવૃત્તિ

પણ આપતા. ધીરુભાઈને દર મહિને સાડા બાર રૂપિયાની છાત્રવૃત્તિ મળતી. આમ એમના ભોજનનો ખર્ચ બારોબાર નીકળી જતો હતો. સેન્ટઝેવિયર્સ કૉલેજમાં પ્રવેશ લીધેલો. ધીરુભાઈએ અહીં પણ લૉજિકના બદલે ગણિત લીધું હતું. અહીં અધ્યાપકો સારા હતા પણ ગુજરાત કૉલેજના મુકાબલે ઊણા ઊતરતા હોય અમે લાગેલું. જોકે ઇતિહાસના સુપ્રસિદ્ધ વિદ્વાન ફાધર હેરાસ, અંગ્રેજીના ફાધર ધૂર, સંસ્કૃતના પ્રો. ગૌરીપ્રસાદ ઝાલા અને ગુજરાતીના પ્રો. ભાનુશંકર વ્યાસ (બાદરાયણ) ખરેખર ઉત્તમ અધ્યાપકો હતા. અહીં ધીરુભાઈને નટરાજ વશી, નંદકુમાર પાઠક, ચંદ્રવદન ભટ્ટ જેવા અભ્યાસપ્રિય સહાધ્યાયીઓ મળ્યા હતા. અહીં પણ ગીત-સંગીત અને નાટકની પ્રવૃત્તિ ચાલતી હતી. ચંદ્રવદન મહેતાનું ‘આણલદે’ નાટક ઝેવિયર્સ કૉલેજે ભજવ્યું હતું. તેમાં દેવરાનું પાત્ર ચંદ્રવદન ભટ્ટે કરેલું. અમદાવાદવાળા ધનંજય ઠાકર બી. ટી. થવા માટે મુંબઈ આવેલા. ચંદ્રવદનના એ મિત્ર. અહીં પણ ‘કલમમંડળ’ ચાલતું, લોકો એને ભેળમંડળ પણ કહેતા. રવિવારે ફેલોશિપ સ્કૂલમાં બધા ભેગા થતા ‘આગગાડી’ નાટકનું મંચન થવાનું હતું. ધનંજયભાઈના કહેવાથી ધીરુભાઈને એમાં એક-બે ભૂમિકા મળી હતી. દીના ગાંધી જેવાં પછીથી જાણીતાં થયેલાં નટી એ નાટકમાં હતાં. મહેન્દ્ર મેઘાણીને પણ નારણિયાનું પાત્ર મળેલું. અહીં ધીરુભાઈને બીજા કવિઓ - લેખકોનો પરિચય થાય છે. જ્યોતીન્દ્ર દવે પણ મુંબઈ આવી ગયેલા. ધનસુખલાલ મહેતા, રમણીક સુખડિયા, બચુભાઈ ધ્રુવ, જમુભાઈ દાણી, જિતુભાઈ મહેતા, યજ્ઞેશ હ. શુક્લ – આ બધા લેખકો નાટક નિમિત્તે ભેગા મળતા હતા. ક્યારેક સ્નેહરશ્મિ અને ઉમાશંકર પણ આવી ચડતા. રેલવેના પ્લૅટફૉર્મના દૃશ્યમાં આ બધા જ ભાગ લેતા. ટૂંકમાં અનેક સાહિત્યકારોના સંસર્ગમાં આવવાની તક ધીરુભાઈના અધ્યાપકીય જીવનઘડતરમાં બહુ મહત્વની બની રહે છે.

મુંબઈ નિવાસનાં અને કૉલેજ કાળનાં આ વર્ષોમાં મોટા લેખકો અને ઉત્તમ સાહિત્યના પરિચયમાં આવવાનો લાભ ધીરુભાઈને મળ્યો હતો. આમાંથી ઘણા બધાંને એમણે 1960 પછીનાં વર્ષોમાં, એ મોડાસા કૉલેજના આચાર્ય થયા ત્યારે, વ્યાખ્યાનો માટે પ્રેમથી બોલાવ્યા હતા. ધીરુભાઈના રૂમ-પાર્ટનર દુર્ગેશ શુક્લ હતા. એ સિનિયર એમ.એ.માં ભણતા હતા. દુર્ગેશ કવિ, નાટ્યકાર અને વાર્તાકાર તરીકે જાણીતા હતા. દુર્ગેશ ધીરુભાઈ કરતાં આઠેક વર્ષ મોટા. એક દિવસ દુર્ગેશને મળવા એમની રૂમ ઉપર ઉમાશંકર આવી ચડ્યા. ઉમાશંકર ત્યારે જુ. એમ.એ.માં હતા. ધીરુભાઈએ ઉમાશંકરને પહેલી વાર અહીં જોયા અને પરિચય કેળવ્યો. ધીરુભાઈના મનમાં ઉમાશંકરની એક છબિ કોતરાઈ ગઈ હતી! ખાદીનું ધોતિયું, લીલાશ પડતો સફેદ ટપકાંવાળો ખાદીનો કોટ, સફાઈપૂર્વક ઓળેલા વાળ અને ચશ્માંની પાછળ દેખાતી ઝીણી પણ ઘણુંબધું માપી લેવા મથતી પાણીદાર આંખો. ઉમાશંકર એમ.એ.ની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં પ્રથમ આવેલા જ્યારે દુર્ગેશ શુક્લએ

સિનિયરની પરીક્ષા આપી જ નહોતી. આ મિત્રો મળતા ત્યારે સદાય સાહિત્યની વાતો થતી. 1936માં ઉમાશંકર સાથે થયેલો ધીરુભાઈનો આ પ્રથમ પરિચય 1988 ઉમાશંકરના અવસાન સુધી વિકસતો રહ્યો હતો. ઉમાશંકરને અનેક મોટાં પદો પર, વિવિધ હેસિયતમાં બેઠેલા જોયા હતા. ઉમાશંકર સાથે રહેવાનો, ફરવાનો, પ્રવાસ કરવાનો અને કામ કરવાનો અવકાશ ધીરુભાઈને અનેક વાર મળ્યો હતો. ઉમાશંકર જેવી સર્જક વિભૂતિ સાથેનો આવો નિકટ સંપર્ક રહ્યો તેને ધીરુભાઈ પોતાનું સદભાગ્ય સમજતા હતા. મારે ઉમેરવું જોઈએ કે મોડાસા કૉલેજમાંથી ધીરુભાઈએ 1977–78માં નિવૃત્તિ લીધી ત્યારે એમના વિદાય સમારંભમાં અમે એમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઉમાશંકરને બોલાવી લાવ્યા હતા. ઉમાશંકરને અમદાવાદથી ટૅક્સી કરીને તેડી લાવવાનું સદભાગ્ય મને મળ્યું હતું. તે દિવસે ‘સેતુ’ બંગલામાંથી નીકળતાં પહેલાં ઉમાશંકરે ચા બનાવી હતી. એમના હાથની ચા પીવાનો એ ધન્ય અવસર મારા જીવનની એક યાદગાર ક્ષણ બની રહ્યો છે.

છાત્રાલયથી ધીરુભાઈ સેન્ટઝેવિયર્સ કૉલેજ જવા માટે ધોબી તળાવ ચાલતા જતા અને ત્યાંથી ટ્રામમાં બેસતા. ટ્રામની ટિકિટ એક આનો હતી. પણ એ એક આનો બચાવવા માટે ધીરુભાઈ કૉલેજથી પાછાં વળતાં મરીન ડ્રાઇવ અને ચોપાટી થઈને ચાલતા આવતા. અહીં સુધી આવતાં ધીરુભાઈની સંધ્યાપૂજા અને ગીતાનો એક અધ્યાય વાંચવાનો ક્રમ બધું છૂટી ગયું હતું. મનમાં એ બધાંનો રંજ હતો પણ ચાર પાર્ટનરોની રૂમમાં આવા ધાર્મિક ઉપચારો પાળવાનું વ્યવહારુ લાગતું નહોતું. મુંબઈનું વાતાવરણ પણ સૂરત-અમદાવાદ કરતાં ઘણું ઘણું જુદું. પચરંગી લોકોની આ દુનિયા અને અનેક વૈવિધ્ય ધરાવતી મુંબઈ નગરી ધીરુભાઈના મનમાં અનેક આશ્ચર્યો જગવતી. વિદ્યાર્થીભવનનાં આ વર્ષો દરમિયાન વાંચવા-લખવાના, નાટક-સિનેમા જોવાના, લેખો-પુસ્તકો છપાવવાના, પૈસા કમાવાના જાતભાતના નુસખાઓ અજમાવવાના અને એવા કંઈક તુક્કાઓ કરી જોવાના એ દિવસો યાદગાર હોવા સાથે સમજણ પ્રેરનારા પણ હતા.

દુર્ગેશ શુક્લ બહુ વાંચનારા માણસ. અંગ્રેજી અને ગ્રીક સાહિત્યની વાતો પણ કરે. ગુજરાતી અને ભારતીય સાહિત્યની ગતિવિધિઓનો પણ દુર્ગેશને પરિચય ખરો. દુર્ગેશના કારણે ધીરુભાઈ પણ અંગ્રેજી પુસ્તકો વાંચતા થયા. ચિત્રકાર વિન્સેટ વાન્ગોફની ઈરવીંગ સ્ટોને લખેલી જીવનકથા ‘લસ્ટ ફૉર લાઇફ’ ધીરુભાઈએ એ દિવસોમાં વાંચેલી. જેનો ઘણાં વર્ષો પછી વિનોદ મેઘાણીએ ગુજરાતીમાં ‘સળગતાં સૂરજમુખી’ નામે અનુવાદ કરેલો. દુર્ગેશની વાતોનો, કવિતાના પ્રથમ શ્રોતા થવાનો લાભ પણ મળતો. આ જ સમયગાળામાં રવીન્દ્રનાથ ટાગોર અને શરદચંદ્રના બંગાળી પુસ્તકોનાં હિન્દી, ગુજરાતીમાં થયેલા અનુવાદો વાંચવાની પણ ધૂન લાગેલી હતી. શરદબાબુની નવલકથાઓ ઉપરાંત ટાગોરની ‘ગોરા’, ‘નૌકાડૂબી’

વગેરેના ગુજરાતી અનુવાદો તથા 'ગીતાજંલિ' અને 'પોસ્ટઑફિસ' (ટાગોર) વગેરેનાં અંગ્રેજી ભાષાંતરો ખૂબ રસપૂર્વક વાંચવાનું થયેલું. બંગાળી લેખકોથી આ મિત્રો એટલા પ્રભાવિત થયેલા કે બંગાળી ઢબનું ધોતિયું અને કુરતું ધીરુભાઈએ અને જતીન્દ્રે પહેરવાનું શરૂ કરેલું. ઉપરોક્ત બે બંગાળી લેખકોએ ધીરુભાઈની સાહિત્યદૃષ્ટિ અને ભાવનાસૃષ્ટિ રચી આપી હતી. કપડાંની બે જ જોડ હોય, કોઈ વાર તો દરરોજ ધોઈને એક જ ધોતિયું પહેરવા હોય, ખિસ્સાં ખાલી હોય તો પણ બંગાળી પુસ્તકોના વાચને આ યુવાનોના મનમાં ખુમારી ભરી દીધી હતી. દિન-રાત વાચનનો નશો, એનો આનંદ ઓછો થતો નહોતો. સામ્યવાદી વિચારધારાનો પવન પણ એ વર્ષોમાં ચોતરફ વાતો હતો. એ અંગેનાં પુસ્તકો પણ મળતાં. 'રશિયન નારી', 'કકળતું કાંગો', 'દરિયે દવ લાગ્યો', 'ચાલો વિચારીએ' અને 'ચાલો પલટીએ' જેવી ગ્રંથમાળાઓ પ્રગટ થતી હતી અને યુવાનો ફટાફટ એ વાંચી કાઢતા હતા. લોજમાં પ્રગતિશીલ વિચારધારાનાં પ્રવચનો થતાં. એ સાંભળવા આ મિત્રો જતા. આઝાદીનાં આંદોલનોની સાથે ચિત્ત હંમેશાં થનગનાટ અનુભવતું. બ્રિટિશ સામ્રાજ્યવાદ અને મૂડીવાદને આ મિત્રો ધિક્કારતા. પૈસો ભેગો કરવો જ ન જોઈએ એવા નવા વિચારને અમલમાં મૂકવાના ઉત્સાહમાં આ ચારેય મિત્રો જે આવે એ બધા પૈસા એક ડબ્બામાં ભેગા કરતા અને પોતાની જરૂરિયાત મુજબ વાપરતા. કદી કોઈએ લેવડ-દેવડનો હિસાબ કર્યો નહોતો. આ પગલું આમ તો એક તુક્કો હતું પણ આર્થિક વ્યવહારમાં આના કારણે ઉદાર રહેવાની એક ટેવ કાયમ માટે પડી હતી.

વિદ્યાર્થીભવનની સામે જ કૃષ્ણ સિનેમા હતું. એ ઉપરાંત ન્યૂ થિયેટર્સ પ્રભાત અને બૉમ્બે ટૉકીઝમાં આવે એ બધી ફિલ્મો આ મિત્રો અચૂક જોતા. ઘણી વાર તો પ્રથમ દિવસે પ્રથમ શોમાં જોવાનો આગ્રહ રાખતા. દુર્ગેશભાઈને અંગ્રેજી ફિલ્મો જોવાનો શોખ હતો. એમની સાથે રહીને ધીરુભાઈએ પણ કેટલીક સારી પરદેશી ફિલ્મો જોઈ હતી. ફિલ્મો જોવાની રુચિ કેળવાઈ હતી પણ પછીનાં વર્ષોમાં અધ્યાપક થયા અને બીજી જવાબદારીઓ આવી એટલે ફિલ્મો તરફનું વલણ પ્રમાણમાં ઓછું થઈ ગયેલું. જોકે 1975 અને અને 1983માં ધીરુભાઈએ ઇંગ્લૅન્ડનો પ્રવાસ કર્યો ત્યારે ત્યાંનાં ઓપેરાહાઉસમાં નાટકો અને થિયેટર્સમાં મૂવી જોવાનું સ્વીકાર્યું હતું. આમેય ધીરુભાઈ નાટકના જીવ. નાટક એમને ન ગમે તો જ નવાઈ.

* * *

# 5

# ઘડતરકાળ

'મુંબઈમાં હું પાંચ વર્ષ રહ્યો. તે દરમિયાન મારું બૌદ્ધિક ઘડતર થયું. વિવિધ રસરુચિ અને શક્તિ ધરાવતા પચરંગી (cosmopolitan) જનસમુદાયના સંસર્ગમાં આવવાનું થયું તે મોટી વાત હતી. નવી તાજી હવા માટે મગજમાં બારીબારણાં ખૂલી ગયાં હતાં. રાજકીય અને સાંસ્કૃતિક જાગૃતિના એ દિવસો હતા. ગાંધીજી, નહેરુ, સરદાર, સુભાષ, ટાગોર, રાધાકૃષ્ણન્ અને શ્રી અરવિંદ અમારી વિચારસૃષ્ટિના ઘડવૈયા હતા. દુનિયાને મહાન સંત, જગપ્રસિદ્ધ કવિ, સમર્થ તત્વજ્ઞ, આદર્શ યોગી, દીર્ઘદર્શી રાજકીય નેતા અને લડતમાં સમગ્ર દેશનું અદભુત સંગઠન સાધનાર લોખંડી પુરુષ ભારતે આપ્યાનો ગર્વ અમે લેતા. ઉદ્દામ વિચારવાળા અનેક યુવાનો પરદેશી શાસન સામે લડત ચલાવવા એકત્ર થતા. કૉલેજમાં એની ગરમી સતત અનુભવાતી. વિદ્યાર્થી-અવસ્થામાં અસહકારની લડતનાં સરઘસો અને સભાઓમાં અમે અચૂક હાજરી આપતા. ખાદી પહેરતા. સરકારી નોકરી લીધા પછી મેં ખાદીનાં કોટપાટલૂન પહેરવાનો નિયમ કર્યો હતો.'

– ધીરુભાઈ ઠાકર

દુર્ગેશ શુક્લના સહવાસથી ધીરુભાઈને કૉલેજકાળમાં જે સર્જકોના નિકટ પરિચયમાં આવવાનું બન્યું એમાં એક નામ બળવંતરાય ઠાકોરનું પણ છે. દુર્ગેશે પૃથ્વી છંદમાં 'ઉર્વશી' પદ્યરૂપક લખેલું અને 'ઊર્મિ' માસિકમાં પ્રગટ કરેલું. બ. ક. ઠાકોરે એ વાંચીને દુર્ગેશને પત્ર લખીને મળવા બોલાવેલા. પ્રવાહી પૃથ્વી છંદમાં થયેલું આવું કામ જોઈને એમણે દુર્ગેશને શાબાશી આપેલી. એક વાર ધીરુભાઈ પણ દુર્ગેશની જોડે બ. ક. ઠાકોરને ત્યાં ગયેલા. બ. ક. ઠાકોરનું વ્યક્તિત્વ જોઈને ધીરુભાઈ ખૂબ પ્રભાવિત થયેલા. બ. ક. ઠાકોર પ્રકાંડ વિદ્વત્તાવાળા, લેખક, કવિ અને પ્રોફેસર ! તેમનો દેખાવ પણ વિલક્ષણ. પ્રમાણમાં મેદસ્વી શરીર, ગળું-તળું એક લાગે એવો ભરાવદાર ચહેરો, લાંબી અને ઘાટી મૂછો, જાડો અને રૂક્ષ અવાજ. હાફ પેન્ટ અને

શર્ટ પહેરીને બેઠેલા બલ્લુકાકાને ધીરુભાઈ જોઈ જ રહેલા. બલ્લુકાકાએ ધીરુભાઈને પૂછેલું કે બી.એ. થઈને શું કરવા માંગો છો? ધીરુભાઈએ સંકોચ અને ગભરાટ સાથે જવાબ આપેલો. ટેબલ પર પડેલી ટોકરી વગાડી નોકરને બોલાવીને ચા-નાસ્તો મંગાવેલ. પછી તો દર પંદર દિવસે એમને મળવા જવાનું બનતું. ઊછરતી પેઢીને પ્રેરણા અને માર્ગદર્શન આપવાનું કામ બ. ક. ઠાકોરે જિંદગીભર કરેલું. જુવાન લેખકો સાથે જેટલો ઘનિષ્ટ સંબંધ બ. ક. ઠાકોરનો હતો એટલો કદાચ એમના સમયમાં કોઈ કવિ કે લેખકનો ભાગ્યે જ હશે. બળવંતરાય સ્વમતના ભારે આગ્રહી એટલે ઘણા જોડે સંબંધો બગડવાના પ્રસંગો પણ આવતા. જોકે બ. ક. ઠાકોર એની પરવા કરતા નહીં. ધીરુભાઈને એમના માર્ગદર્શનનો લાભ ઘણી વાર મેળેલો. 1940માં ધીરુભાઈ બી.એ. થયા અને ઍલ્ફિન્સ્ટન કૉલેજમાં ગુજરાતીના ખંડ સમયના અધ્યાપક તરીકે જોડાયા ત્યારે બલ્લુકાકાએ સલાહ આપેલી કે પ્રોફેસરે દરરોજ બે કલાક પોતાના વિષયનું અને બે કલાક બીજા વિષયોનું નિયમિત વાચન કરવું જોઈએ. બલ્લુકાકાની આ શિખામણ ધીરુભાઈએ આજીવન યાદ રાખેલી અને અમલમાં પણ મૂકેલી. ધીરુભાઈ મણિલાલ નભુભાઈ વિશે શોધનિબંધ તૈયાર કરતા હતા ત્યારે પણ બલ્લુકાકાનાં કીમતી સૂચનો એમને મળ્યાં હતાં. લખાણ નબળું હોય કે જરૂરિયાત કરતાં બહુ ટૂંકુ હોય ત્યારે પણ બલ્લુકાકા અસંતોષ વ્યક્ત કરતા. ધીરુભાઈએ સાહિત્યકારો વચ્ચેના વિવાદો અને પૂર્વગ્રહો વિશે અભ્યાસ કરીને એક પુસ્તક લખેલું 'કેટલાક સાહિત્યિક વિવાદો'. તેમાં બળવંતરાય વિશે એમણે નિષ્પક્ષ અને સ્પષ્ટ મંતવ્યો રજૂ કરેલાં છે. બ. ક. ઠાકોર, નરસિંહરાવ, નાનાલાલ અને મેઘાણીના સાહિત્ય તરફ સજ્જડ પૂર્વગ્રહોથી જોતા હોવાથી બ. ક. ઠાકોર એમના તરફ સહાનુભૂતિ દાખવી શકતા નથી. અરે, ગાંધીજી સાથે પણ એમને મતભેદો થયેલા. ગાંધીજીની ટીકા કરવામાં પણ બ. ક. ઠાકોર લગીરે પાછળ નહોતા. આવા વિલક્ષણ વ્યક્તિત્વવાળા મોટા કવિ અને વિવેચક બ. ક. ઠાકોરના પત્રો પણ પછીનાં વર્ષોમાં ધીરુભાઈ ઉપર આવતા. જોકે ધીરુભાઈ ઉપર બળવંતરાયની વિદ્વત્તાનો પ્રભાવ પડેલો નહીં કે પૂર્વગ્રહોનો. એક વાર ધીરુભાઈએ કોઈ ચર્ચામાં બળવંતરાયને આક્રમકતાથી બોલતા સાંભળ્યા પછી ચર્ચામાં ભાગ લેતા ગુજરાતી પ્રજાના સાહિત્ય પ્રેમ વિશે પ્રશ્ન પૂછેલો ત્યારે બલ્લુકાકા ગુસ્સામાં બોલેલા કે ગુજરાતી પ્રજા વિદ્યા અને વિદ્વાનો પ્રત્યે બેકદર છે, બહુ ઉદાસીન છે. ગુજરાતી પ્રજામાં ધર્મ વિશે વેવલાઈ અને મૂર્ખતા વિશેષ જોવા મળે છે. ત્યારે ધીરુભાઈએ જવાબમાં કહેલું કે – 'કાકા, ગુજરાત ગમે તેવી છે પણ ગુજરાતે ગાંધીજી અને બળવંતરાય ઠાકોર આપ્યા એ કાંઈ ઓછું છે ?' બલ્લુકાકા ધીરુભાઈ સામે તાડૂક્યા અને બોલ્યા – 'વ્હોટ' ? આઈ એમ ધી પ્રોડક્ટ ઑફ પૂના. ગમે એમ હોય પણ ધીરુભાઈ ઉપર બે ગુજરાતી કવિઓની વિભિન્ન છાપ પડી હતી.

એક ઉમાશંકર અને બીજા બળવંતરાય ઠાકોર. એક ઋજુ કોમળ અને બીજા રુક્ષ અને કઠોર ! પરંતુ બંને મોટા કવિઓ અને સાચા અર્થમાં વિદ્વાનો. આવા સર્જકો અને પ્રોફેસરોના સંપર્કો ધીરુભાઈને એમના કૉલેજકાળ દરમિયાન થતા રહેલા.

ઇન્ટર પાસ થયા પછી ધીરુભાઈ જુનિયર બી.એ.માં પ્રવેશ મેળવવા માટે સેન્ટઝેવિયર્સ કૉલેજમાં ફૉર્મ ભરતા હતા. (15મી જૂન, 1937) ધીરુભાઈની ઇચ્છા મુખ્ય સંસ્કૃત અને ગૌણ ગુજરાતી વિષય લેવાની હતી. એ ત્યાં ફૉર્મ ભરતા હતા અને એ વખતે પ્રૉ. કે. બી. વ્યાસ ત્યાં આવી ચડ્યા. કે. બી. વ્યાસ વિરમગામના, એક જ ફળિયામાં બંનેનાં ઘર. ઓળખીતા હોવાના નાતે કે. બી. વ્યાસે પૂછ્યું કયા વિષયો રાખ્યા છે ? ધીરુભાઈએ સંસ્કૃત મુખ્ય વિષય રાખ્યો એમ જણાવ્યું ત્યારે એમણે સલાહ આપી કે ગુજરાતી મુખ્ય વિષય રાખ અને ઍલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ થા. એ વર્ષે જ કૉલેજમાં પ્રથમ વર્ષથી જ ગુજરાતી વિષય યુનિવર્સિટીએ અભ્યાસક્રમમાં દાખલ કરેલો એટલે અધ્યાપકની નોકરી મળવાની શક્યતાઓ વધી ગયેલી. આ સિવાય પણ ભવિષ્યમાં ગુજરાતી વિષયના વધનારા મહત્ત્વ તરફ એમણે ધીરુભાઈનું ધ્યાન દોરેલું એટલે ધીરુભાઈ ગુજરાતી મુખ્ય વિષય રાખીને જુ.બી.એ.માં ઍલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ થયા હતા. અહીંથી ધીરુભાઈની વિદ્યાયાત્રા એક મોટો વળાંક લે છે. નરસિંહરાવ દિવેટિયા અને કેશવ હર્ષદ ધ્રુવ જેવા વિદ્વાનો આ કૉલેજમાં અધ્યાપક રહી ચૂક્યા હતા. કૉલેજનું મકાન પણ અંગ્રેજી ઇજનેરે તૈયાર કરાવેલું. વિશાળ ઓરડાઓ, ઊંચી ઊંચી બારીઓ અને છત, પથ્થરના પગથિયાવાળા દાદરા. વિશિષ્ટ વિદ્યાકીય પરંપરાઓને કારણે કૉલેજનું વાતાવરણ બહુ પ્રભાવક અને પ્રોત્સાહક હતું. એક એકથી ચડિયાતા અધ્યાપકો અને એવા જ કુશળ આચાર્યો ત્યાં નિમાતા અને કામ કરતા. અહીં ધીરુભાઈને ગજેન્દ્ર ગડકર અને કાંગલે જેવા સંસ્કૃતના વિદ્વાનો પાસે ભણવા મળ્યું. સંસ્કૃત કાવ્યમીમાંસા અહીં ભણવાથી બહુ પાકું થયું. જે પછીનાં વર્ષોમાં વિવેચક ધીરુભાઈનું ઘડતર કરવામાં મદદરૂપ બને છે. પ્રૉ. બેનરજી બર્નાડ શોના નાટકો શીખવતા. પ્રો. બાર્ટલે અને વેલીંગકર પણ અંગ્રેજી સાહિત્ય શીખવતા. વાર્ષિકોત્સવ વખતે નાટકના કાર્યક્રમો થતા. સૂરત અને અમદાવાદની કૉલેજો કરતાં અહીં શિસ્તપાલનનો આગ્રહ ઘણો વિશેષ રહેતો એટલે વિદ્યાર્થીઓ તોફાન કરવાને બદલે ભણવામાં ધ્યાન આપતા. સિનિયર બી.એ.માં સત્ર દીઠ બે અંગ્રેજી નિબંધો લખવાનું ફરજિયાત હતું. ધીરુભાઈએ એક નિબંધ ઓછો લખેલો એટલે એમણે બે રૂપિયા દંડ ભરવો પડેલો. આપણે આજે આવી કૉલેજો અને આવા વિદ્વાન પ્રોફેસરો વિશે વાંચીએ કે જાણીએ છીએ ત્યારે લાગે છે કે આપણે કોઈ સતયુગમાં ડોકિયું કરી રહ્યા છીએ.

જુનિયર બી.એ.ની પરીક્ષા પણ કૉલેજ લેતી. બીજા સત્રમાં મુંબઈ

યુનિવર્સિટીની નારાયણ મહાદેવ પરમાનંદ ઇનામી નિબંધની જાહેરાત કૉલેજના નોટિસ બૉર્ડ ઉપર મુકાઈ હતી. વિષય હતો '19મી સદીની પશ્ચિમ ભારતની પ્રવૃત્તિઓ'. ગુજરાતી ભાષામાં કુલ એકસો પાનામાં નિબંધ લખવાનો હતો. ઇનામ હતું બસો રૂપિયા. કે. બી. વ્યાસે ધીરુભાઈને આ નિબંધ લખવા માટે આગ્રહ કર્યો. ધીરુભાઈનું મન ઢચુપચુ હતું પણ વ્યાસસાહેબે કહ્યું કે 'તારા અભ્યાસને વિસ્તૃત અને ઊંડો કરવા માટે આ ઉત્તમ તક છે.' એમણે ધીરુભાઈને સંદર્ભ પુસ્તકોની યાદી કરી આપી. ધીરુભાઈ બે મહિના યુનિવર્સિટીના ગ્રંથાલયમાં જતા અને નોંધો તૈયાર કરતા. રાત-દિવસની મહેનત પછી નિબંધ તૈયાર થયો. ધીરુભાઈને બસો રૂપિયા ઇનામ મળ્યું. એમાંથી એમણે સો રૂપિયાનાં પુસ્તકો લીધાં અને સો રૂપિયા રોકડા. સાહિત્યની દુનિયામાં પ્રવેશ કરવા માટે આ ઘટનાએ ધીરુભાઈમાં ઉત્સાહ અને શક્તિ વધારવાનું કામ કર્યું.

જુનિયર બી.એ.માં પંચોતેર ટકા મેળવીને ધીરુભાઈ પાસ થયા એટલે એમને કૉલેજ તરફથી મેરિટ સ્કૉલરશિપ આપવામાં આવેલી. પંચોતેર ટકા આવવાના કારણે એમને ગોકળદાસ તેજદાસ છાત્રાલયમાં નિઃશુલ્ક રહેવાની સગવડ મળી. ગોવાલિયા ટૅન્ક પર આવેલું આ છાત્રાલય બહુ વિશાળ કૅમ્પસ અને ઉત્તમ સગવડો ધરાવતું હતું (1938). અહીં ભોજન, નિવાસ, પુસ્તકો, છત્રી અને ફી બધું જ પૂરું પાડવામાં આવતું હતું. હજામ અને ધોબીની સેવા પણ મફત મળતી હતી. ચાલીસથી પચાસ તેજસ્વી અને બુદ્ધિશાળી વિદ્યાર્થીઓને અહીં પ્રવેશ મળતો. પુસ્તકાલય બહુ સમૃદ્ધ હતું. સૂવા માટેની લૉબીમાં દરેકને મચ્છરદાની સહિત પલંગ મળતો. ભોજન માટે અને વાંચવા માટેના ખંડો પણ વિશાળ હતા. છાત્રાલયની સાથે સંસ્કૃત પાઠશાળા પણ હતી. એના પંડિતો પણ ત્યાં જ રહેતા એટલે તેનો લાભ મળતો. ડૉ. જિતેન્દ્ર જેટલીનો ધીરુભાઈને અહીં પ્રથમ પરિચય થયેલો. એ વિદ્વાન છાત્ર હતા. મધુસૂદન વ્યાસ, નંદુ ત્રિવેદી, ચંદ્રકાંત વોરા, કાવડિયા અને તંબોળી જેવા અનેક મિત્રો હંમેશાં ભણવાની, નૈતિકતાની અને આઝાદીની વાતો કરતા. આ છાત્રાલયમાં મહાદેવ દેસાઈ, મોરારજી દેસાઈ, ભુલાભાઈ દેસાઈ અને પ્રભાશંકર પટણી ભણતા ત્યારે રહ્યા હતા. આ છાત્રાલયના શાંત અને રમ્ય વાતાવરણમાં ધીરુભાઈ એકાગ્રતાથી અભ્યાસ કરી શક્યા. અનેક વિષયના બાહોશ છાત્રોનું મિત્રમંડળ બનવાથી પણ બીજા વિષયોમાં રસરુચિ કેળવાતા ગયેલાં. બહાર બીજે ચાલતાં વ્યાખ્યાનો અને ચર્ચાના કાર્યક્રમમાં બધા મિત્રો હાજરી આપવા જતા. દર શનિ-રવિએ આ પ્રકારના કાર્યક્રમોમાં જવાથી ધીરુભાઈને બહુ જ ફાયદો થયો હતો. મોડાસા કૉલેજમાં એ આચાર્ય બન્યા ત્યારે આ પ્રકારના અનેક કાર્યક્રમો યોજવાની એમને પ્રેરણા મળી તેના મૂળમાં આવી ઘટનાઓ પડેલી હતી. દેશમાં પ્રાંતીય સરકારોની પ્રથમ વાર ચૂંટણી થતી હતી (1938-39) ત્યારે આ બધા

મિત્રો કૉંગ્રેસના સ્વયંસેવક તરીકે પ્રચાર કરવા માટે આસપાસ બધે ફરી વળતા હતા. કૉલેજ તરફથી યોજાતાં પ્રવાસો અને પિકનિકમાં ધીરુભાઈ અચૂક જોડાતા. કૉલેજમાં ગુજરાતી સાહિત્યમંડળ ચાલતું. ધીરુભાઈએ એના મંત્રી તરીકે બે વર્ષ કામ કરેલું. આ મંડળના ઉપક્રમે ધીરુભાઈએ કનૈયાલાલ મુનશીને વ્યાખ્યાન માટે બોલાવેલા – મુનશી ત્યારે પ્રાંતીય સરકારમાં ગૃહમંત્રી હતા.

સામાન્ય વાચકને જાણીને આશ્ચર્ય થાય એવી કેટલીક વાતો કૉલેજોના અધ્યાપકોમાં બનતી રહેતી હોય છે. આ વિદ્યાર્થી તો ફલાણા અધ્યાપકનો પ્રિય વિદ્યાર્થી છે. એ એમને કાયમ મળતો હોય છે – એવું વિચારીને એ વિષયનો બીજો અધ્યાપક પેલા વિદ્યાર્થીને પરીક્ષામાં પોતાના પ્રિય વિદ્યાર્થી કરતાં થોડાક ગુણ ઓછા જ આપતો હોય છે – એવી માન્યતા બધે જ પ્રવર્તતી હતી. (આજે પણ આવી વૃત્તિ ઓછી થવાને બદલે વધી હોવાનો ઘણાને અનુભવ છે.) મનસુખલાલ ઝવેરીનો પ્રિય વિદ્યાર્થી હોય એને પ્રો. કે. બી. વ્યાસ થોડા ઓછા ગુણ આપે એ તો ખરું જ પણ અધ્યાપકની ભરતી કરવાની હોય ત્યારે એ પોતાના વિદ્યાર્થીને જ પસંદ કરતો હોવાનું બનતું રહેતું. આ વલણ આજે પણ જોવા મળે છે. સિનિયર બી.એ.માં પ્રથમ વર્ગ મેળવવા માટે ધીરુભાઈને પાંચ ગુણ ખૂટેલા. ધીરુભાઈને એનો બહુ વસવસો નહોતો પણ એમના પ્રોફેસર (વ્યાસસાહેબ) નિરાશ થયેલા. એ એવું માનતા હતા કે મારે જેની સાથે નથી બનતું એ પ્રોફેસર પરીક્ષક હોવાથી જાણીજોઈને ઓછા ગુણ આપ્યા છે. કે. બી. વ્યાસે ધીરુભાઈને બી.એ. પછી સ્કૂલમાં અને કૉલેજમાં નોકરી અપાવવામાં સામે ચાલીને ત્રણ-ચાર વાર સહાય કરી હતી.

ધીરુભાઈના જીવનમાં મહત્ત્વનો પ્રસંગ 1938–39ના વર્ષમાં જ બન્યો હતો. એ જુનિયર બી.એ.માં પાસ થયા એ ઉનાળામાં એમની સગાઈ થઈ હતી. એમના સાળા હરિકૃષ્ણ દવે મુંબઈમાં કસ્ટમ્સ ખાતામાં નોકરી કરતા હતા. ધીરુભાઈની સગાઈ થઈ હતી તે ધનલક્ષ્મીબહેન, હરિકૃષ્ણભાઈ સાથે મુંબઈમાં રહેતાં હતાં. એટલે લગ્ન પહેલાં ધીરુભાઈ ધનલક્ષ્મીબહેનને મળવા જતા. ચોપાટી, મરીનડ્રાઇવ અને હૅંગિંગ ગાર્ડન જેવાં સ્થળોએ એ સાથે ફરવા નીકળતાં. આમ લગ્ન પહેલાં એકબીજાના નિકટ પરિચયમાં આવવાનું બનેલું. એની સુખદ ફલશ્રુતિ લગ્નજીવનનાં વર્ષો દરમિયાન મળતી રહેલી. એમનું દામ્પત્ય જીવન બહુધા પ્રસન્ન અને મધુર રહ્યાનું નોંધાયું છે. બી.એ. થયા પછી એમનાં લગ્ન વતન વિરમગામમાં યોજાયાં હતાં. થોડા દિવસ વિરમગામમાં રહીને તેઓ બા-બાપુજી જોડે રહેવા સિદ્ધપુર પણ ગયેલા. ધીરુભાઈને એમ.એ. તો કરવું હતું. પણ હવે કમાવાની જરૂર ઊભી થઈ હતી. એટલે એ નસીબ અજમાવવા પાછા મુંબઈ પહોંચે છે.

જૂન, 1939માં ધીરુભાઈ મુંબઈમાં નોકરીની શોધ આદરે છે. મિત્ર જતીન્દ્ર

સાથે મળીને શાળાઓમાં તપાસ કરે છે. નોકરીનું ઠેકાણું પડતું નથી એટલે ધીરુભાઈ જતીન્દ્ર જોડે શૅરબજારમાં દલાલની ઑફિસમાં જઈને બેસે છે. જતીન્દ્રની સોબતમાં અને આસપાસના વાતાવરણથી પ્રેરાઈને ધીરુભાઈ પણ શૅરની લે-વેચમાં ઝુકાવે છે. જોકે ખોટનો અનુભવ થતાં એમાંથી બહાર નીકળી જાય છે. ખરેખર તો બંને મિત્રોને એ ગાળામાં નોકરી મળવાથી એ શૅરબજારના સટ્ટાથી ઊગરી ગયા હતા એમ કહેવું જોઈએ. વિલેપાર્લેમાં ગોકળીબાઈ હાઈસ્કૂલમાં દુર્ગેશ શુક્લ શિક્ષક તરીકે કામ કરતા હતા. એ સ્કૂલમાં ઝીણાભાઈ દેસાઈ (સ્નેહરશ્મિ) આચાર્ય હતા. તે રાજીનામું આપીને અમદાવાદ ગયેલા એટલે એમની જગ્યાએ એક બીજા આચાર્ય આવેલા. અમૃતલાલ યાજ્ઞિક પણ ત્યાં શિક્ષક હતા. પરંતુ યાજ્ઞિકસાહેબ રુઈયા કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાતાં ગોકળીબાઈ હાઈસ્કૂલમાં જગા પડેલી એટલે દુર્ગેશભાઈએ ધીરુભાઈને એ જગા માટે અરજી કરવાનું કહેલું. તરત જ રૂબરૂ મુલાકાત ગોઠવાઈ અને પાર્લાની આ જાણીતી સ્કૂલમાં ધીરુભાઈને પાંત્રીસ રૂપિયાના માસિક પગારની શિક્ષક તરીકે નિમણૂક મળેલી. એ ઘણા રાજી થયા હતા કેમ કે આ સ્કૂલમાં ઝીણાભાઈ જેવા કવિ આચાર્ય રહ્યા હતા અને થોડા વખત માટે કવિ ઉમાશંકર જોશી પણ અહીં શિક્ષક તરીકે નોકરી કરી ગયા હતા. ઇન્દ્ર વસાવડા અને ‘કોલક’ના નામથી નવલકથાઓ લખતા મગનભાઈ દેસાઈ પણ ગોકળીબાઈ સ્કૂલમાં એ વર્ષોમાં ભણાવતા હતા. ધીરુભાઈ ચર્નીરોડ પર તારાબાગમાં રહેતા અને રેલવેનો પાસ કઢાવી રોજ પાર્લા નોકરીએ જતા. ત્યારે મુંબઈની ગાડીઓમાં ખાસ ભીડ નહોતી રહેતી. શાળાનું વાતાવરણ સાહિત્યિક ફોરમવાળું હતું. મુક્ત અને નિખાલસ વાતાવરણમાં વિદ્યાર્થી તેમજ શિક્ષક બંને ખીલી શકે એવી પ્રેરક પરિસ્થિતિ હતી. ધીરુભાઈ તૈયારી કરીને રસપૂર્વક ભણાવતા. એમનો મૂળ આશય તો એમ.એ. કરવાનો હતો. ત્યારે એમ.એ.ના વર્ગો મોટા ભાગે શનિ-રવિવારે ચાલતા. એમ.એ.નું સેન્ટર યુનિવર્સિટી ગણાતી પણ વર્ગો વિષય અને પેપર પ્રમાણે જુદી જુદી કૉલેજોમાં યોજાતા. વિદ્યાર્થી હાજર રહે એ માટેનો બહુ આગ્રહ નહોતો રખાતો. ધીરુભાઈ એમ.એ.ના વર્ગો બને એટલા નિયમિત રહીને ભરવા જતા. ગોકળીબાઈ હાઈસ્કૂલમાં નોકરીના ચારેક મહિના થયા હશે અને પ્રો. કે. બી. વ્યાસે એક દિવસ સ્કૂલ પર રૂબરૂ આવીને, ચાલુ વર્ગે ધીરુભાઈને બહાર બોલાવીને કહ્યું કે ચર્નીરોડ પર ચિલ્ડ્રન્સ એકૅડેમી છે ત્યાં ગુજરાતી વિષયના શિક્ષકની તરત જરૂર છે. મેં તમારા માટે વાત કરી છે અને તમારે અત્યારે જ મને અરજી લખી આપવાની છે. કાલે ઇન્ટરવ્યૂ ગોઠવેલ છે. ધીરુભાઈની અરજી લઈને વ્યાસસાહેબ ચિલ્ડ્રન્સ એકૅડેમીના વહીવટકર્તા મિસીસ કીર્તિકરને આપી આવેલા. બીજા દિવસે ધીરુભાઈએ ઇન્ટરવ્યૂ આપ્યો અને એ પસંદગી પામ્યા. એમણે ગુજરાતી વિભાગના વડા તરીકે અને મૅટ્રિકના વર્ગશિક્ષક તરીકે કામ કરવાનું હતું. એમની પાસે ખાસ

અનુભવ તો નહોતો પણ એમણે પડકાર ઉપાડી લીધો. અહીં પગાર એંશી રૂપિયા હતો એટલે કે બમણાથી વધુ અને આવ-જા કરવાનું મટી જાય – આ મોટા ફાયદા હોવાથી એમણે પહેલી જાન્યુઆરી, 1940ના રોજ ચિલ્ડ્રન્સ એકેડેમીમાં શિક્ષક તરીકે જોડાવાનું પસંદ કર્યું. આ શાળામાં અનેક અનુભવી શિક્ષકો હતા. સંચાલક મંડળ પણ બહુ સક્ષમ અને શિક્ષણ માટે સંનિષ્ઠ હતું. અહીં પણ ધીરુભાઈને કેટલાક સારા શિક્ષકોનો પરિચય થયેલો. આ શિક્ષકોમાં એક ગોવર્ધન પંચાલ હતા જેમણે પછીથી ચિત્ર અને નૃત્યકલાનું કૌશલ્ય પ્રાપ્ત કર્યું હતું. ગોવર્ધન પંચાલ લલિતકલા ક્ષેત્રે ઝડપથી વિકાસ કરીને નૅશનલ સ્કૂલ ઑફ્ ડ્રામા(દિલ્હી)માં અધ્યાપક તરીકે નિયુક્તિ પામ્યા હતા. કલાક્ષેત્રે એમનું નામ ગુજરાત કરતાં ભારતમાં વધુ જાણીતું બનેલું. અહીં પણ ધીરુભાઈને નાટક તથા અન્ય પ્રવૃત્તિઓમાં કામ કરવાની તક મળેલી. મહેન્દ્ર મેઘાણી અહીં મૅટ્રિકના વર્ગમાં હતા.

ચિલ્ડ્રન્સ એકેડેમીમાં ત્રણેક મહિના કામ કર્યું હશે ત્યાં એક દિવસ પ્રો. કે. બી. વ્યાસ ધીરુભાઈને દરજીની દુકાને મળી ગયા. એમણે કહેલું ઍલ્ફિન્સ્ટન કૉલેજમાં પાર્ટટાઇમ લેક્ચરરની જગ્યા છે. એને માટે તમારે અરજી કરવાની છે. ધીરુભાઈના મનમાં તો ગડમથલ ચાલતી હતી. 'હું જ્યાં છું ત્યાં સુખી છું હજી એમ.એ.નું એક વર્ષ માંડ પૂરું થયું છે. એમ.એ. થયા વગર કેવી રીતે મને લેશે?' વ્યાસસાહેબે ધીરુભાઈને સમજાવતાં કહેલું કે – 'અરજી કરવામાં શું જાય છે. તમે બી.એ.માં ફર્સ્ટ છો.' ધીરુભાઈએ અરજી કરી જૂનમાં ઇન્ટરવ્યૂનો પત્ર આવ્યો. સરકારી કૉલેજમાં અધ્યાપકની નોકરી માટે જવું હોય તો કોટપાટલૂન વગર કેવી રીતે જવાય ? ધીરુભાઈ એમના મિત્ર મધુસૂદન વ્યાસનો સૂટ પહેરીને ગયા. ઇન્ટરવ્યૂમાં તો બધા દિગ્ગજો બેઠેલા. શિક્ષણ નિયામકે ધીરુભાઈને પૂછેલું કે – 'તમને એમ નથી લાગતું કે તમે અધ્યાપકની જગ્યા માટે ઘણા નાના છો?' ત્યારે ધીરુભાઈની ઉંમર બાવીસ વર્ષની હતી. ધીરુભાઈએ જરા બેપરવાઈથી જવાબ આપેલો : 'મને પૂરી શ્રદ્ધા છે કે હું મારી ફરજ સારી રીતે બજાવી શકીશ. છતાં આપને હું આ જગા માટે નાનો લાગતો હોઉં તો ફરી કોઈ વાર તક લઈશ.' ધીરુભાઈને આશા નહોતી કે એમની પસંદગી થશે કેમ કે વિશ્વનાથ ભટ્ટ અને મુરલી ઠાકુર જેવા વિવેચક અને કવિઓ પણ ઇન્ટરવ્યૂ આપવામાં હતા. પણ ધીરુભાઈને તો – 'ન માગે દોડતું આવે' એવું બનીને રહ્યું. રૂપિયા પંચોતેરના પગારથી હંગામી ધોરણે ધીરુભાઈની નિમણૂક થઈ. એમની નિમણૂક પાછળ ધીરુભાઈને બે પરિબળો કામ કરતાં દેખાયાં હતાં. એક તો પોતે આ કૉલેજના વિદ્યાર્થી હતા અને વ્યાસસાહેબના વિદ્યાર્થી પણ. એટલે વ્યાસસાહેબનો સદભાવ પણ હોય એ સહજ છે. ઇન્ટરવ્યૂમાં બીજા જાણીતા વિદ્વાન દી. બ. ઝવેરી, ધીરુભાઈના પેલા ઇનામી નિબંધના પરીક્ષક રહેલા તે હતા. એમની ભલામણ પણ હોઈ શકે. સ્કૂલના સંચાલકોએ કશો વાંધો ન લીધો. ધીરુભાઈએ

બુધ અને શનિએ બબ્બે અને મંગળ તથા શુક્રવારે એક-એક લેક્ચર કૉલેજમાં લેવાનું ગોઠવ્યું હતું. શાળાનો સમય સચવાય એમ હતો. શાળાના બીજા એક શિક્ષક વી. વાય. કંટક પણ વિલ્સન કૉલેજમાં પાર્ટટાઇમ ભણાવવા જતા જ હતા. જોકે ધીરુભાઈનું કામ ઘણું વધારે હતું. કૉલેજમાં નવીસવી કારકિર્દી બનાવવી હોય તો બરાબર તૈયારી કરીને ભણાવવું જોઈએ. બીજી બાજુ ચિલ્ડ્રન્સ એકૅડેમીમાં પૂરા સમયની કામગીરી તો યથાવત ચાલુ જ હતી. આ ઉપરાંત સિનિયર એમ.એ.ના વર્ગો ભરવા પણ જવાનું અને એની પરીક્ષાની તૈયારી પણ કરવાની હતી. વળી આ જ અરસામાં પત્નીને તેડાવીને ઘરસંસાર શરૂ કરેલો. ગોવાલિયા ટૅન્ક પાસે લક્ષ્મીનારાયણ બિલ્ડિંગમાં માસિક વીસ રૂપિયાના ભાડાથી ડબલ રૂમનું મકાન લીધું હતું. બાજુમાં જ મામાના દીકરા સુરેશભાઈ સપરિવાર રહેતા હતા અને મિત્ર જતીન્દ્ર પણ પત્નીને લઈને આ જ મકાનમાં રહેવા આવી ગયો હતો. બીજા પણ પરિચિતો અહીં જ રહેતા હતા આથી ધનલક્ષ્મીબહેનને અહીં બરાબર ગોઠી જાય એ સ્વાભાવિક હતું. આમ ધીરુભાઈએ ઘરસંસાર શરૂ કર્યો ત્યારે સ્કૂલના રૂપિયા એંશી અને કૉલેજના રૂપિયા પંચોતેર મળીને એકસો પંચાવન રૂપિયા મળતા હતા. આનંદથી ઘર ચલાવવા સાથે પચાસેક રૂપિયા બચાવી શકાતા હતા તે ધીરુભાઈ પિતાજીને મોકલી આપતા હતા.

ઘરસંસાર તો બરોબર ગોઠવાઈ ગયો હતો પણ કૉલેજમાં અધ્યાપનનું કાર્ય કસોટી કરતું હતું. ગોવર્ધનરામકૃત 'લીલાવતી જીવનકલા' પુસ્તક ઇન્ટર સાયન્સમાં અભ્યાસક્રમમાં હતું. ધીરુભાઈ વ્યાખ્યાનની પૂરી તૈયારી કરીને જતા અને સાયન્સના વિદ્યાર્થીઓ સામે સાહિત્યની વાત ઝીંકતા હતા. વિદ્યાર્થીઓની કક્ષાનું હશે ? એમને સમજાતું હશે કે નહીં? એવું ધીરુભાઈ વિચારતા ખરા પણ એમનું વ્યાખ્યાન ધારદાર બને એની કાળજી પણ રાખતા હતા. વિદ્યાર્થીઓ ઘણી વાર કુતૂહલપૂર્વક આ નવજુવાન રૂપાળા અને ઉત્સાહી અધ્યાપકને જોયા કરતા. બી.એ.ના વર્ગમાં ધીરુભાઈ સરસ્વતીચંદ્ર ભાગ-1 શીખવતા. બી.એ.ના વર્ગમાં માંડ દસ-બાર વિદ્યાર્થી ભાઈ-બહેનો હતાં. આપણા જાણીતા આધુનિક સર્જક સુરેશ જોશી એ જ વર્ષે જુનિયર બી.એ.ના વર્ગમાં આ કૉલેજમાં દાખલ થયા હતા. પછીથી સુરેશભાઈનાં પત્ની બન્યાં હતાં તે ઉષાબહેન દરુ પણ એ જ વર્ગમાં હતાં. સુરેશ જોશી ખૂબ પ્રશ્નો પૂછતા, એમાંથી વિવાદો પણ ઊભા થતા. ધીરુભાઈએ નોંધ્યું છે કે – અધ્યાપક તરીકેની એમની સજ્જતા વધારવામાં સુરેશ જોશી સાથેની આ વર્ગચર્ચાઓ ઘણી ઉપયોગી બની હતી.

આ વર્ષોમાં મુંબઈના આકાશવાણી કેન્દ્ર પરથી ગુજરાતી કાર્યક્રમો શરૂ થયેલા. ચંદ્રવદન મહેતા એનો હવાલો સંભાળતા હતા. એમણે મુનશીની 'રાજાધિરાજ' નવલકથાના પ્રસંગો સાંકળીને નાટ્ય રૂપાંતર તૈયાર કરેલું. આકાશવાણી પરથી

એની રજૂઆત કરવામાં ધીરુભાઈને પણ એક પાત્ર તરીકે જોડેલા. અહીં મધુકર રાંદેરિયા, મધુસૂદન વ્યાસ અને ચંદ્રા શાહ જેવા કલાકારોનો પરિચય થયેલો. આકાશવાણી પર બોલવાનો આ પ્રથમ પ્રસંગ ધીરુભાઈ માટે રોમાંચક હતો. મુંબઈમાં ધીરુભાઈનું જીવન હવે બરાબર ગોઠવાઈ ગયું હતું. એમનાં પત્નીને પણ મુંબઈ ગમી ગયેલું હતું. એ વખતનું મુંબઈ આજના જેવું ગીચ, ગંદું અને પ્રદૂષિત નહોતું. ધીરુભાઈને બહોળું મિત્રમંડળ હતું. કૉલેજના અધ્યાપકો સાથેના પરિચયો હતા. શાળાના સહકાર્યકરોનો પ્રેમ પણ હતો. સવારે વહેલા ઊઠીને હૅંગિંગ ગાર્ડન ફરવા જવાનો ક્રમ મુંબઈ આવ્યા ત્યારથી રાખ્યો હતો. અનેક લોકો ફરવા આવતા, કસરતો કરતા, એકબીજા જોડે પ્રેમોલ્લાસથી વાતો કરતા ત્યારે ધીરુભાઈ પણ ગાર્ડનની તાજી હવા ફેફસાંમાં ભરી લેતા. હૅંગિંગ ગાર્ડન પરથી ઊતરીને ક્યારેક વિલ્સન કૉલેજમાં મિત્રો સાથે ટેનિસ રમતા અને એ પછી ઈરાની રેસ્ટોરાંમાં ચા પીવા રોકાતા. મુંબઈ નિવાસના આ દિવસો આનંદ અને ઉત્તેજનાના હતા. આશા, ઉત્સાહ અને પ્રવૃત્તિપ્રેરક ચેતના દેશના વાતાવરણમાં ચોતરફ હતી તેનો સવિશેષ અનુભવ ધીરુભાઈને મુંબઈમાં થતો હતો. આવું ગમતીલું મુંબઈ છોડવાનું આવશે એવી તો એમણે કલ્પના જ નહોતી કરી.

એક દિવસ સમાચાર આવ્યા કે અમદાવાદની ગુજરાત કૉલેજમાં પાર્ટટાઇમ લેકચરરની જગ્યા હતી તે હવે ફુલટાઇમ લેકચરરની જગ્યા બની છે અને એની જાહેરાત છાપામાં આવી છે. ફરીથી પ્રો. કે. બી. વ્યાસસાહેબ ધીરુભાઈની પાસે ઉપસ્થિત થયા. વ્યાસસાહેબે અરજી કરવા માટે ધીરુભાઈ ઉપર રીતસર દબાણ કર્યું હતું એમ કહેવાય. ધીરુભાઈએ દલીલ કરેલી કે – ‘હું અહીં મુંબઈમાં ઠીક છું. ઠરીઠામ થયો છું. અહીં મને રૂપિયા એકસો પંચાવન મળે છે અને અમદાવાદની જગ્યા એકસો ત્રીસ રૂપિયાની છે.’ વ્યાસસાહેબે એમને સમજાવ્યા કે અહીંની પાર્ટટાઇમ જગ્યા ક્યારે ફુલટાઇમ થશે એ નક્કી નથી જ્યારે અમદાવાદની જગ્યા ફુલટાઇમ છે અને આગળ ઉપર તમને ઘણો લાભ થવાનો છે. વ્યાસસાહેબ સાચા હતા તો યુવાન ધીરુભાઈની મુંબઈ નહીં છોડવાની મનમરજી પણ એટલી જ સાચી હતી. જોકે ધીરુભાઈ અરજી કરે છે. એમ.એ.નું પરિણામ આવતાં પહેલાં જ ઇન્ટરવ્યૂ થાય છે. ખરેખર તો એ વખતે ગુજરાત કૉલેજમાં યશવંત શુક્લ પાર્ટટાઇમ લેકચરર હતા જ. એમને પણ ફુલટાઇમ થવાની અપેક્ષા હોય જ. આ ઉપરાંત બીજા ચારેક ઉમેદવારો પણ ઇન્ટરવ્યૂમાં આવ્યા હતા. પણ નસીબ કેવું કે ધીરુભાઈની વરણી થઈ. જેમણે મુંબઈ નહોતું છોડવું એમણે મુંબઈ છોડવાનું આવ્યું અને યશવંત શુક્લને અમદાવાદ નહોતું છોડવું તેમણે અમદાવાદ છોડીને મુંબઈ ધીરુભાઈ ઠાકરની ખાલી પડેલી પાર્ટટાઇમ લેકચરરની જગા પર જવું પડ્યું. અહીં એ નોંધવું જોઈએ કે પછીનાં થોડાંક વર્ષોમાં જ યશવંત શુક્લ અમદાવાદની એચ.કે.

આર્ટ્સ કૉલેજમાં આચાર્ય બને છે. તો વળી ધીરુભાઈ ગુજરાત કૉલેજમાં દોઢેક દાયકાની સેવાઓ આપ્યા બાદ મોડાસા કૉલેજમાં આચાર્ય તરીકે જોડાય છે. બંને એકબીજાના પરમસ્નેહી મિત્રો બને છે એટલું જ નહીં બંને ઉત્તમ આચાર્યો તરીકે સુખ્યાત બને છે અને બંને પોતપોતાની કૉલેજોને બેસ્ટ કૉલેજ બનાવીને યુ.જી.સી.નો ઍવૉર્ડ મેળવે છે.

મુંબઈ છોડવાનું થયું એ વર્ષોમાં ધીરુભાઈ અને એમના મિત્રોની અન્ય રચનાત્મક પ્રવૃત્તિઓ પણ આકાર લઈ રહી હતી. જ્ઞાતિમંડળના કેટલાક યુવાનો અહીં પણ વિવિધ પ્રવૃત્તિઓ યોજતા હતા. મુંબઈમાં પણ ઔદિચ્ય જ્ઞાતિમંડળ હતું. જ્ઞાતિના કાર્યકરોમાં ભાનુશંકર યાજ્ઞિક, મોહનલાલ પંડ્યા, પ્રેમીલાબહેન, દુર્ગાબહેન તથા ધીરુભાઈનાં મામી મુક્તાબહેન અગ્રણી અને સક્રિય કાર્યકર્તા તરીકે પ્રવૃત્ત હતાં. મુક્તાબહેન તો ગુજરાતી હિંદુ સ્ત્રીમંડળમાં વિશેષ કામ કરતાં હતા. મામાના દીકરા સુરેશભાઈ તથા એમનાં પત્ની પણ જ્ઞાતિમંડળોમાં રસ લેતાં હતાં. આ બધાં સંબંધીઓના કારણે ધીરુભાઈ પણ જ્ઞાતિના મેળાવડામાં જતા હતા. ધીરુભાઈના કેટલાક મિત્રો જ્ઞાતિમંડળની કેટલીક પ્રવૃત્તિઓમાં માનતા નહોતા. રૂઢિરિવાજો અને વિધિવિધાનોનો વિરોધ તો ધીરુભાઈને પણ હતો. એટલે ઉત્સાહમાં આવીને આ મિત્રોએ જ્ઞાતિવિહિન સમાજની સેવા કરવા માટે 'તરુણ સેવાસંઘ' નામે મંડળ શરૂ કરેલું. પણ એ પછી તો ધીરુભાઈએ મુંબઈ છોડી અમદાવાદ જવાનું હતું.

ધીરુભાઈ એમ.એ. સિનિયરની પરીક્ષાની તૈયારી કરતા હતા. એ દિવસોમાં એમનાં પત્ની પ્રથમ સુવાવડ માટે સૂરત ગયેલાં હતાં. મુંબઈથી સાળાની બદલી સૂરત થઈ હતી. મુંબઈ છોડીને અમદાવાદ જવાનો આ નિર્ણય થતો હતો ત્યારે ધીરુભાઈને ત્યાં પ્રથમ પુત્ર ભરતનો જન્મ થયો હતો (1941). પત્નીને મુંબઈ છોડવાની ઇચ્છા નહોતી પરંતુ એમની ગેરહાજરીમાં નિર્ણય થઈ ચૂક્યો હતો. ધીરુભાઈ એ વર્ષોમાં મુંબઈની સોંઘવારી વિશે લખે છે કે 'પાંચ રૂપિયામાં ચર્નીરોડથી વિલેપાર્લેનો લોકલ ટ્રેનનો મહિનાનો પાસ મળતો. હોટલો અને સિનેમાગૃહોમાં આજના જેવું માનવકીડિયારું ઊભરાતું નહોતું. ત્રણ પૈસામાં ઈરાની રેસ્ટોરામાં ચાનો મોટો કપ મળતો, ચાર આનામાં પેટ ભરાય એટલો નાસ્તો. લોન્ડ્રીવાળો એક કપડું ધોવાના ત્રણ પૈસા લેતો. મેં ઘર શરૂ કર્યું ત્યારે પાંચ રૂપિયામાં ગ્રાન્ટ રોડ પરથી એક સૂંડલો ભરાય તેટલાં કાચના વાસણ ખરીદેલાં. કાચનો ડાઇનિંગ સેટ તથા ચા-નાસ્તા માટેની સુંદર ક્રોકરી વસાવેલી. ઘરમાં ધાતુનાં વાસણ નામ માત્રના જ રાખેલાં. અઢાર રૂપિયામાં લાકડાનાં પાટિયાંવાળો ડબલબેડ પલંગ, દોઢ રૂપિયામાં રાઇટિંગ ટેબલ, બે રૂપિયામાં ખુરશી અને દશ રૂપિયામાં પુસ્તકો મૂકવાનું કબાટ ખરીદેલાં.' મુંબઈનું બીજું આકર્ષણ તે મુંબઈમાં વસતી દેશ-વિદેશની પ્રજાઓ તથા તેમના વ્યવહારો. સામાજિક અને રાજકીય બાબતોમાં અમદાવાદ કરતાં મુંબઈ

ત્યારે વધારે ઉદાર અને પ્રગતિશીલ હતું. આજે તો આ બંને શહેરોમાં આવું કોઈ વાતાવરણ જ બચ્યું નથી. મુંબઈ છોડવાની અનિચ્છા છતાં મુંબઈ છોડવાનો દિવસ આવીને ઊભો રહે છે. પાંચ રૂપિયામાં 'ફર્નિચર રીમૂવિંગ કંપની'એ બધો સામાન પૅક કરીને રેલવેમાં ચડાવી દીધો હતો. છેવટે 1941ની 19મી જૂને ધીરુભાઈએ ઍલ્ફિન્સ્ટન કૉલેજમાં ચાર્જ છોડીને રાતના ગુજરાત મેલમાં અમદાવાદ તરફ પ્રસ્થાન કર્યું હતું.

20મી, જૂને સવારે ધીરુભાઈ અમદાવાદ સ્ટેશને ઊતરીને સારંગપુર એક સગાને ત્યાં પહોંચે છે. સામાન પણ રેલવે પાર્સલથી ત્યાં જ પહોંચવાનો હતો. ગુજરાત કૉલેજમાં હાજર થવા માટે ધીરુભાઈ ઘોડાગાડીમાં ગયા હતા. કોટ-પાટલૂનમાં એમને જોઈને બહાર ઊભેલા વિદ્યાર્થીઓમાંથી કોઈ બોલેલું કે 'સૂટ-બૂટ પહેરીને કૉલેજમાં નવા દાખલ થવા આવ્યા લાગે છે.' સાચે જ ધીરુભાઈ એ વખતે ત્રેવીસ વર્ષના નવયુવાન હતા. જોગાનુજોગ ઍલ્ફિન્સ્ટન કૉલેજમાં ઇતિહાસના પ્રૉફેસર હતા તે આર. પી. પટવર્ધન બદલી પામીને ગુજરાત કૉલેજમાં પ્રિન્સિપાલ તરીકે આવ્યા હતા. સ્વાભાવિક રીતે જ એ ધીરુભાઈથી પરિચિત હતા. બી.એ. પાસ થયાનું સર્ટિફિકેટ ધીરુભાઈએ ઍલ્ફિન્સ્ટન કૉલેજમાં એમની પાસેથી જ મેળવ્યું હતું. પ્રો. પટવર્ધને ધીરુભાઈને પ્રેમપૂર્વક હસ્તધૂનન કરીને આવકાર્યા ત્યારે ધીરુભાઈને લાગ્યું હતું કે એમને ખરેખર આવી ઉષ્માની જરૂર હતી. અમદાવાદ કૉલેજમાં અનેક પડકારો ધીરુભાઈની રાહ જોતા ઊભા હતા.

* * *

# 6

# ગુજરાત કૉલેજ, અમદાવાદ (1)

ગુજરાત કૉલેજ ત્યારે આખા મુંબઈ ઇલાકામાં જાણીતી હતી. એનાં બે-ત્રણ કારણો હતાં. એક તો વિદ્વાન, સંનિષ્ઠ અને સમાજ પ્રત્યે નિસબતવાળા અધ્યાપકો ત્યાં કામ કરતા હતા. ગુજરાત બહારના પણ અનેક અધ્યાપકો અહીં આવતા અને ઉત્સાહપૂર્વક કામ કરતા. અમદાવાદ અને ગુજરાત એમને ગમતાં.

બીજું કારણ, અહીંના તોફાની વિદ્યાર્થીઓ. શિસ્તપાલન માટે આગ્રહ રાખનારા કડક અધ્યાપકો અને આચાર્યો હોવા છતાં વિદ્યાર્થીઓ ખાસ્સા તોફાની અને બેજવાબદાર એવા કે શિક્ષાને પણ ગાંઠે નહીં. સરકારી કૉલેજમાં તોફાન કરનાર વિદ્યાર્થીને બહુ બહુ તો તમે વર્ગની બહાર કાઢી મૂકી શકો. બહુ જ મોટા અને ગંભીર કારણ વગર આચાર્ય પણ વિદ્યાર્થીને કૉલેજમાંથી ડિસમિસ ન કરી શકે એવા એ દિવસો હતા. અધ્યાપકો પણ પોતાનું કામ નિષ્ઠાથી કરીને ચાલ્યા જતા. તોફાની વિદ્યાર્થીઓને વર્ગ બહાર કાઢી મૂકીને અધ્યાપકો પોતાનો તાસ પૂરો કરવાનો સંતોષ માનતા. ધીરુભાઈને પણ આવા તોફાની વિદ્યાર્થીઓનો સામનો કરવાનું એકથી વધારે વાર આવ્યું હતું.

ત્રીજું કારણ, એ દિવસો રાષ્ટ્રીય આંદોલનના દિવસો હતા. ગાંધીજીનો સાબરમતી આશ્રમ 1917–18થી અમદાવાદમાં જ કાર્યરત હતો. આંદોલનને લગતી અનેક પ્રવૃત્તિઓનું કેન્દ્ર અમદાવાદ અને ગુજરાત હતું. ગુજરાત કૉલેજ સરકારી હતી એટલે અંગ્રેજી સરકાર પ્રત્યેનો રોષ ઠાલવવાનું તે એક મહત્વનું સ્થળ છે એમ બધા માનતા. કોઈ પણ આંદોલનમાં કૉલેજના વિદ્યાર્થીઓ મોખરે રહેતા. તેથી કૉલેજમાં અવારનવાર હડતાળ પડવાનું વલણ વધારે હતું. અધ્યાપકોને હેરાન કરવા માટે પણ વિદ્યાર્થીઓ તોફાન કરતા.

આવા વાતાવરણમાં ધીરુભાઈએ અધ્યાપક તરીકેની પોતાની કારકિર્દી શરૂ કરવાની હતી. મુંબઈ કરતાં અહીંનું વાતાવરણ જુદું હતું. 1941માં જ અમદાવાદમાં

કોમી હુલ્લડો થયાં હતાં. લોકો શહેરમાંથી નદીની પશ્ચિમે એલિસબ્રિજ અને બીજા વિસ્તારોમાં રહેવા જવાનું વલણ ધરાવતા થયા હતા. ધીરુભાઈને પણ મીઠાખળી વિસ્તારમાં બૅરિસ્ટર ગાંધીના બંગલામાં ભોંયતળિયે ત્રણ રૂમ રસોડાવાળું ઘર પચીસ રૂપિયાના ભાડાથી મળી ગયું હતું. ઑગસ્ટના અંતે ધીરુભાઈનાં માતા-પિતા સિદ્ધપુરથી સૂરત જઈને દીકરા-વહુ (ધનલક્ષ્મી) તથા પૌત્ર(ભરત)ને લઈને અમદાવાદ મીઠાખળીવાળા મકાનમાં આવ્યાં હતાં. આમ અમદાવાદમાં ધીરુભાઈનો ઘરસંસાર તો ઝડપથી ગોઠવાઈ જાય છે. પણ અધ્યાપક તરીકેનું એમનું કાર્ય પડકારરૂપ બની રહે છે. જોકે ધીરુભાઈ પૂરી સજ્જતા સાથે એ પડકારોનો સામનો કરતા દેખાય છે. ઘરમાં ધનુબહેનને અમદાવાદ આવ્યાનું બહુ ગમતું નહોતું. પતિ-પત્ની બંનેને મુંબઈ બહુ યાદ આવતું. ધીરુભાઈએ એમની નોંધપોથીમાં લખ્યું હતું કે – ‘અમદાવાદના લોકો મહ્દઅંશે રૂઢિચુસ્ત, વ્યવહારકુશળ અને ઘણુંખરું આર્થિક લાભની જાડી ગણતરીથી ચાલનારા. મુંબઈને મુકાબલે અમદાવાદીઓ વર્તનમાં કંઈક બરછટ, મગનું નામ મરી ન પાડે એવા, એમની સંકુચિતતાનો ખૂણો આપણને વાગ્યા કરે.’ એક વર્ષ બાદ ઍલ્ફિન્સ્ટન કૉલેજમાં ફુલટાઇમ લેક્ચરરની જગ્યા થઈ એટલે ધીરુભાઈએ મુંબઈ બદલી માટે અરજી પણ કરેલી. જોકે હવે એમના ભાગ્યમાં અમદાવાદમાં જ સ્થાયી થવાનું લખાયું હતું. ધીરુભાઈ આ વાતનો વારે વારે અફસોસ કરનારા માણસ નહોતા. જે સામે આવ્યું છે તેને સ્વીકારીને પોતાના કામને સરસ રીતે પાર પાડવામાં અને મહેનત કરવામાં એ માનતા.

ગુજરાત કૉલેજના ગુજરાતી વિભાગમાં પ્રો. અનંતરાય રાવળ સાથે એમણે કામ કરવાનું હતું. આ પહેલાં ધીરુભાઈ ઇન્ટર સાયન્સ કરવા અમદાવાદની આ જ કૉલેજમાં સાયન્સ વિભાગમાં આવ્યા હતા ત્યારે અનંતરાય રાવળ નવા સવા જોડાયેલા અધ્યાપક હતા. કૉલેજ મૅગેઝિન માટે ધીરુભાઈએ એમને લગ્નવિષયક એક લેખ આપેલો તે રાવળસાહેબે પ્રકાશિત કર્યો હતો. પણ આ તો કંઈ પરિચય ન કહેવાય. રાવળસાહેબની ખ્યાતિ વિદ્વાન અને ઉત્તમ અધ્યાપક તરીકે બંધાઈ ચૂકી હતી. તેમની સાથે પોતે કેવી રીતે નભી શકશે એની ગડભાંજ મનમાં ચાલ્યા કરતી હતી. પણ રાવળસાહેબને મળવાનું થયું, એમની સાથે વર્ગો અને અભ્યાસક્રમની વાત થઈ ત્યારે ધીરુભાઈનો બધો ભાર હળવો થઈ ગયેલો. રાવળસાહેબની સજ્જતા, કોમળ સ્વભાવ અને સૌમ્ય મધુર વાણીએ ધીરુભાઈને એમના કરી લીધા હતા. રાવળસાહેબે કહેલું કે – ‘તમને જે અનુકૂળ હોય તે કૃતિ તથા અભ્યાસક્રમના મુદ્દા પસંદ કરી લ્યો. બાકીનું કામ હું સંભાળી લઈશ.’ બધા વર્ગોમાં બંનેએ જવાનું અને સિનિયર જુનિયરના ભેદ વગર અર્ધોઅર્ધ કામ વહેંચી લેવાનું. બીજા વર્ષે અભ્યાસક્રમ ન બદલાયો હોય તો પરસ્પર મુદ્દાઓ અને કૃતિઓ બદલીને ભણાવવાના એટલે નવું નવું શીખવા મળે. અને ભણાવવાની પણ મજા

પડે. ધીરુભાઈ લખે છે કે 'અમે તે પછી અઢાર વર્ષ સાથે કામ કર્યું. તેમાં તેમની ન્યાયબુદ્ધિએ વિચારેલું કાર્યવહેંચણીનું આ ધોરણ અમે ચીવટપૂર્વક અપનાવ્યું હતું. પ્રારંભિક કારકિર્દીમાં જ પ્રો. અનંતરાય રાવળ જેવા સાત્વિક પ્રકૃતિના સજ્જન અને વિદ્વાન અધ્યાપકનો સંગાથ મળ્યો તેને હું મારું સદભાગ્ય સમજું છું.'

નવા કે જૂના દરેક અધ્યાપકને કામ લાગે એવી અધ્યયન–અધ્યાપનની પદ્ધતિ ધીરુભાઈએ પોતાની રીતે વિકસાવી હતી.

'પહેલાં બે વર્ષના દરેક વર્ગમાં 150થી વધુ વિદ્યાર્થીઓ હતા. તેમાં ગુજરાતી ન લીધું હોય તેવા માંડ પાંચ ટકા. આટલા મોટા વર્ગ આગળ વ્યાખ્યાન આપવાનું અને શિસ્તપાલન કરાવવું એ એક પડકાર હતો. પરિસ્થિતિ કપરી લાગી, પણ યૌવનસહજ ઉત્સાહ, કશુંક કરી બતાવવાની તમન્ના અને નિષ્ઠાપૂર્વક મહેનત કરી છૂટવાની વૃત્તિએ મને પડકાર ઝીલવાની હિંમત આપી હતી.

મોટા વર્ગો લેવામાં વિષયની સજ્જતા ઉપરાંત અવાજ અને નાટ્યતાલીમ મને મદદરૂપ થયેલાં. પાઠ્યપુસ્તક શીખવતાં આખી કૃતિ વાંચવાનો મેં નિયમ રાખેલો. આ વાચન હું છટાદાર રીતે કરતો. અભ્યાસક્રમની બહાર એટલે કે પ્રસ્તુત ન ગણાય તેવી એક પણ વાત ગમે તેટલી રસ પડે તેવી હોય તોપણ ન જ કરવી એવો મારો સિદ્ધાંત હતો. પોતાની લખેલી ચોપડી વિદ્યાર્થીને ગમે તેટલી ઉપયોગી હોય છતાં તેની વર્ગમાં ભલામણ તો શું પણ તેનો નામોલ્લેખ પણ ન કરવો એવું પ્રથમથી જ નક્કી કર્યું હતું. સામે બેઠેલાની આંખમાં આંખ પરોવીને વાત કરવાની મેં ટેવ પાડેલી. આથી શ્રોતાનું ધ્યાન બીજે જાય નહીં. બોલતાં બોલતાં વક્તવ્યની અસર માપવા વર્ગમાં બેઠેલા વિદ્યાર્થીના મુખ પરના પ્રતિભાવ જોવા અને તેની આંખમાં ચમક આવે છે કે નહીં તે જોવાની મેં ટેવ પાડેલી. આ ઉપરથી હું મનમાં માપી લેતો કે વક્તવ્યમાં સામાને રસ પડે છે કે નહીં. તે પ્રમાણે જરૂર લાગ્યે વક્તવ્ય ને રજૂઆતમાં ફેરફાર કરવાનો પ્રયત્ન પણ કરતો. વક્તવ્ય દરમિયાન હળવાશ આવે તેવો પ્રસંગ કે મુદ્દો આવે તો તેને ઉપસાવવાની તક જતી કરું નહીં, પણ હસાવવા ખાતર વક્તવ્યને નુકસાન પહોંચે તેવું વિષયાંતર કદી કરું નહીં. વક્તવ્યનો કોઈ અંશ અસ્પષ્ટ રહી જાય કે સમજાય નહીં તેવો રહે તેવી પરિસ્થિતિ મારાં વ્યાખ્યાનોમાં ઊભી થવા દેતો નહીં. છતાં અઘરા મુદ્દા ફરીફરીને સમજાવવા પડે તો સમજાવતો. આટલી તકેદારી ને તૈયારી હોવા છતાં 1941ના પ્રથમ સત્રમાં મોટા વર્ગોમાં વિદ્યાર્થીઓ મારાં વ્યાખ્યાન શાંતિથી સાંભળતા નહીં. બીજી કૉલેજમાંથી વર્ગ ભરવા કેટલાક અહીં આવતા તે કેવળ તોફાન માટે જ. આવા કેટલાકને હું પકડતો ને બહાર કાઢી મૂકતો. તોફાની વિદ્યાર્થીઓ પ્રત્યે પાછળથી ડંખ રાખીને તેમને હેરાન કરવાનો ખ્યાલ કદી આવેલો નહીં. આથી સમય જતાં તેમનાં તોફાન

કે ગેરશિસ્ત-વર્તન ભૂલી જતો.'

તોફાની વિદ્યાર્થીઓનો એક કિસ્સો જરા જુદી રીતે ધ્યાન ખેંચે એવો, 'સ્મરણમાધુરી'માં (પૃ. 81) ધીરુભાઈએ નોંધ્યો છે. મોડાસાનો જે. બી. શાહ નામનો વિદ્યાર્થી એલ.ડી.આર્ટ્સ કૉલેજમાં ભણતો અને ગુજરાત કૉલેજમાં ધીરુભાઈના વર્ગમાં આવીને તોફાન કરતો. ધીરુભાઈએ તેને પણ બહાર કાઢી મૂકેલો. ઘણાં વર્ષો પછી જે. બી. શાહ મુંબઈમાં ધીરુભાઈને જુએ છે. ધીરુભાઈને પણ ચહેરો પરિચિત લાગે છે. બેઠી દડીનો એ યુવાન, ગોરો અને ગાલમાં ખંજન પડે. ધીરુભાઈને યાદ આવ્યું પણ ધીરુભાઈ કશું બોલે એ પહેલાં એ યુવકે જ સામેથી કહ્યું કે 'સાહેબ, હું તમારા વર્ગ ભરવા એલ.ડી. કૉલેજમાં આવતો. તમે મને એક વખત બહાર કાઢી મૂકેલો. ભૂતકાળ સંભારીને બંને હસ્યા. ધીરુભાઈ સાથે એ દિવસે મોડાસા કૉલેજના સંચાલક મંડળના પ્રમુખ રાયચંદભાઈ શાહ હતા. જે. બી. શાહ રાયચંદભાઈને સારી રીતે ઓળખે. (બંને મોડાસાના હતા ને!) એ દિવસથી જે. બી. શાહે કૉલેજના સંચાલનમાં ઊંડો રસ લેવા માંડેલો. પછી રાયચંદભાઈ નિવૃત્ત થયા તો સંચાલક મંડળના પ્રમુખ તરીકે જે. બી. શાહ આવે છે. અને છેલ્લા શ્વાસ સુધી (1979) કૉલેજના વિકાસમાં તન, મન, ધનથી સક્રિય રહે છે. જે. બી. શાહનું પંચાવન-સાઠ વર્ષની ઉંમરે જ અચાનક અવસાન થયેલ. પાછળથી એમના પરિવારજનોએ એમની યાદમાં મોડાસા કૉલેજ કૅમ્પસમાં 'જે. બી. શાહ ઇંગ્લિંશ મીડિયમ સ્કૂલ'ની દાન આપીને સ્થાપના કરી હતી. જે યુવાનને ધીરુભાઈએ વર્ગમાંથી કાઢી મૂકેલો એ યુવાન ધીરુભાઈએ સિંચેલી અને વિકસાવેલી મોડાસા કૉલેજને સર્વ રીતે મદદ કરવા ધીરુભાઈની સાથે (મંડળ દ્વારા) જોડાય છે. એ ઉત્તમ યોગાનુયોગ જ કહેવાય.

પછીનાં વર્ષોમાં ધીરુભાઈ ગુજરાતીના સંનિષ્ઠ અધ્યાપક અને અભ્યાસી વિવેચક તરીકે સ્થાપિત થાય છે. બીજી કૉલેજમાં વ્યાખ્યાનો આપવા ઉપરાંત અનુસ્નાતક કેન્દ્રોમાં પણ વર્ગો લેવા જતા હતા. સાહિત્ય કૃતિઓ વિશે સમીક્ષા લેખો લખવાનું આ જ વર્ષોમાં શરૂ કર્યું હતું. ધીરુભાઈ મુંબઈ હતા એ દિવસોમાં જયંતિ દલાલ સાથે દુર્ગેશ શુક્લ દ્વારા ઓળખાણ થઈ હતી. જયંતિ દલાલે 1939માં ગતિ પ્રકાશન શરૂ કરેલું. આ પ્રકાશનના ઉપક્રમે જયંતિ દલાલ 'રેખા' નામનું માસિક કાઢતા હતા. પન્નાલાલ પટેલનું પહેલું પુસ્તક (લઘુ નવલ) 'વળામણાં' 'રેખા' માસિકમાં જ પ્રગટ થયું હતું. દુર્ગેશ પાસેથી ધીરુભાઈને એ વાંચવા મળેલું. પછી તો પન્નાલાલ મોટા લેખક થયા અને ધીરુભાઈ મોડાસા કૉલેજમાં આચાર્ય તરીકે જોડાયા હતા. મોડાસાથી નજીક મેઘરજ પાસે રાજસ્થાનની સરહદે પન્નાલાલનું માંડલી ગામ આવેલું છે. એ સંદર્ભે ધીરુભાઈને થયેલું કે આપણા વિસ્તારના આ મોટા લેખકને કૉલેજમાં બોલાવવા જોઈએ. આ કૉલેજમાં પન્નાલાલ પટેલને પહેલી વાર જોવાનો અને સાંભળવાનો મને પણ (1968) મોકો મળ્યો હતો. ધીરુભાઈ

ગુજરાત કૉલેજમાં હતા એ દરમિયાન જયંતિ દલાલે એમને 1946થી ‘દષ્ટિક્ષેપ’ શીર્ષકથી ‘રેખા’ માસિકમાં ગ્રંથાવલોકન કરવાનું કામ સોંપેલું. 1950 સુધી ધીરુભાઈ ‘રેખા’માં ગ્રંથાવલોકનો કરતા હતા. લેખક તરીકે, ખાસ તો વિવેચક તરીકે ધીરુભાઈના ઘડતરમાં આ અવલોકન લેખને ખાસ્સો ભાગ ભજવ્યો ગણાશે. બીજો લાભ એ મળેલો કે અવલોકનો લખવા નિમિત્તે સર્જાતા સાહિત્યનું વાચન કરવાની એમને તક મળેલી. જયંતિ દલાલે ‘રેખા’ સામયિકમાં છપાતા પ્રત્યેક લેખના પંદર રૂપિયા આપવાનું પુરસ્કાર-ધોરણ સ્વીકાર્યું હતું. આમ સાહિત્યિક સામયિકોમાં પુરસ્કાર આપવાનો પ્રારંભ ‘રેખા’થી થયો એમ ગણાય. જોકે ‘નવચેતન’ના તંત્રી ચાંપશીભાઈ ઉદેશી વાર્તાકારોને દસ રૂપિયા પુરસ્કાર આપતા હતા. એ પણ નોંધવું જોઈએ.

ગુજરાત કૉલેજની સ્થાપના 1879માં થયેલી. ગુજરાતની આ જૂનામાં જૂની કૉલેજ રાજકીય અને સાંસ્કૃતિક જાગૃતિનું પણ એક મહત્વનું કેન્દ્ર હતી. સમગ્ર રીતે જોઈએ તો છેલ્લાં દોઢસો વર્ષમાં ગુજરાત કૉલેજે દેશને વિદ્વાન અધ્યાપકો, વિચક્ષણ રાજકીય કાર્યકરો, સંનિષ્ઠ સમાજસેવકો અને દષ્ટિમંત ઉદ્યોગપતિઓ ઉપરાંત ઉત્તમ કોટિના કલાકારો અને રમતવીરો પણ આપ્યા છે. ગુજરાત કૉલેજની ત્રણ મહત્વની પ્રવૃત્તિઓમાં નાટક અને સંગીત, ચર્ચા અને વ્યાખ્યાન તેમજ રમતગમત. આ ત્રણેયમાં નાટ્યસંગીત મંડળ વધારે પ્રભાવક હતું. ગુજરાતીમાં જેને ‘અવૈતનિક’ રંગભૂમિ તરીકે ઓળખવામાં આવે છે એ રંગભૂમિનાં બીજ 1920 પછી ગુજરાત કૉલેજમાં વવાયાં અને અંકુરિત થયાં હતાં. આ નાટ્યપ્રવૃત્તિમાં ધીરુભાઈએ પણ ઘણો સક્રિય ભાગ લીધો હતો. નાટ્યસંગીત મંડળના પ્રમુખ તરીકે તો વિદ્યાર્થી કલાકારો રહેતા પણ ઇન્ચાર્જ અધ્યાપક તરીકે પ્રા. અનંતરાય રાવળ, પ્રા. ભંડારકર અને પ્રા. ધીરુભાઈ રહેતા અને માર્ગદર્શન આપતા હતા. આ ગાળા દરમિયાન ‘સંભવિત સુંદરલાલ’, ‘મૂંગી સ્ત્રી’, ‘સંધ્યાકાળ’, ‘જો હું તું હોત’, ‘છીએ તે જ ઠીક’, ‘શંકિત હૃદય’, ‘મમ્બો જમ્બો’, ‘પાણિગ્રહણ’, ‘ધૂમ્રસેર’, ‘સુંદરવન’, ‘બે ખરાબ જણ’, ‘આગગાડી’, ‘જમાઈરાજ’, ‘ઢીંગલીઘર’, ‘કાકાની શશી’ અને ‘આણલદે’ જેવાં નાટકો ભજવાયાં હતાં. આ નાટ્યપ્રવૃત્તિએ ગુજરાતને, રંગભૂમિ અને થિયેટરને અનેક કલાકારો આપ્યા હતા. જેમાંના કેટલાંક નામ ખૂબ લોકપ્રિય અને જાણીતાં છે. દા. ત., નરોત્તમ શાહ, ચંદ્રકાન્ત રામી, શિરીન ભરુચા, કનુ શાહ, પ્રબોધ જોશી, કલ્લોલિની દિવેટિયા, જયંતિકા દેસાઈ, પી. સી. ભટ્ટ, નટુભાઈ પટેલ, વીણા કંથારિયા, દુષ્યંત મહેતા, લીના મજમુદાર, મયૂર પંડ્યા, કાન્તિ પટેલ, અવિનાશ મુનશી, અમિતા મહેતા, કોકિલા મુનશી, પ્રશાંત દેસાઈ, ચિત્રા ધોળકિયા, રમેશ પંડ્યા, લીના શેઠ, સુરભી દ્વિવેદી, વીરેન્દ્ર બારોટ અને યશવંત મહેતા વગેરે. ગુજરાત કૉલેજમાં નાટ્યપ્રવૃત્તિ એ પછી પણ સતત ચાલતી રહેલી.

આપણા જાણીતા કલાકાર નટસમ્રાટ જશવંત ઠાકરે પણ ગુજરાત કૉલેજના તખ્તા પર 'હૅમ્લેટ' નાટક ભજવેલું. ગુજરાત કૉલેજની નાટ્યપ્રવૃત્તિ વિશે ધીરુભાઈએ 'સ્મરણમાધુરી'માં બહુ વિગતે લખ્યું છે. છેલ્લે એટલું નોંધીએ કે યુનિવર્સિટીએ કૉલેજોને યુવક મહોત્સવ શરૂ કરવાનું કહ્યું ત્યારથી ગુજરાતમાં બીજે પણ નાટક, નૃત્ય અને સંગીતની પ્રવૃત્તિ વધારે તેજ ગતિએ વિકસે છે. નવાં નટમંડળો રચાય છે અને એકાંકી સ્પર્ધાઓ શરૂ થાય છે.

ધીરુભાઈના જીવનનો એક મહત્ત્વનો અને ગુજરાતભરમાં જાણીતો બનેલો પ્રસંગ નોંધવો જ જોઈએ. 1942ની 'હિંદ છોડો' ચળવળ ચાલતી હતી. આ ચળવળની વધુમાં વધુ અસર કૉલકાતા, મુંબઈ અને અમદાવાદમાં જોવા મળેલી. અમદાવાદના યુવાનો આ આંદોલન નિમિત્તે શાળા-કૉલેજો છોડીને શેરીઓમાં ઊતરી આવ્યા હતા. નવમી ઑગસ્ટે ખાડિયામાં ગોળીબાર થયેલો તેમાં રસ્તે જતા ઉમાભાઈ કડિયા મરાયા હતા. અમદાવાદના એ પહેલા શહીદ. નેતાઓને પકડી લેવામાં આવતા. બીજા દિવસે (10મી ઑગસ્ટે) આંદોલન વધારે ઉગ્ર બન્યું. લો કૉલેજ તરફથી વિદ્યાર્થીઓનું એક મોટું સરઘસ ગુજરાત કૉલેજ તરફ આગળ વધી રહ્યાના સમાચાર આવતાં પોલીસની ટુકડીઓ હથિયારબદ્ધ બનીને આગળપાછળ ગોઠવાઈ ગઈ હતી. 'ઇન્કિલાબ ઝિંદાબાદ'નાં સૂત્રોચ્ચારથી સરઘસ જુસ્સામાં આગળ આવતું હતું. પાછળ પોલીસનો કાફલો પણ હતો એટલે કેટલાક વિદ્યાર્થીઓ ગુજરાત કૉલેજના ઉત્તર તરફના દરવાજામાંથી સરઘસ રૂપે કૉલેજના કંમ્પાઉન્ડમાં પેઠા. પોલીસે એમને ઘેરી લેવાનો પ્રયત્ન કર્યો. ઉપરના માળે કોમન રૂમમાં બેઠેલા અધ્યાપકોએ આ અવાજો સાંભળ્યા એટલે તેઓ બાલ્કનીમાંથી આ દૃશ્યો જોતા હતા. સ્થિતિ તંગ બનતાં પ્રિન્સિપાલ પટવર્ધન અધ્યાપકોની પાસે આવ્યા. એમણે નીચે જોયું તો વિદ્યાર્થીઓની બરાબર સામે પોલીસ બંદૂકો સાથે ગોઠવાઈ ગઈ હતી. પટવર્ધને કેટલાક અધ્યાપકોને ઉદ્દેશીને કહેલું કે તમે નીચે જઈને વિદ્યાર્થીઓને શાંત કરો અને વિખેરાઈ જવાનું કહો. સરકારી કૉલેજના પ્રિન્સિપાલ સરકારની પોલીસને તો રોકી ન શકે એટલે એમણે સલામતી માટે વિદ્યાર્થીઓને જ જતા રહેવાનું કહેવું પડે એ સ્વાભાવિક હતું. પ્રો. દાવર, ડૉ. એન. એમ. શાહ, પ્રો. જે. ડી. ઓઝા અને ડૉ. શાલેતોરની સાથે પ્રો. ધીરુભાઈ ઠાકર પણ નીચે ઊતર્યા અને વિદ્યાર્થીઓના ટોળામાં પેઠા. વિદ્યાર્થીઓની ધક્કામુક્કીમાં ધીરુભાઈ આગળની હરોળ ક્રૉસ કરીને પોલીસની વચ્ચે ધકેલાઈ ગયા. અધ્યાપકો તો વિદ્યાર્થીઓને શાંત રહેવાનું કહેતા હતા. પોલીસને પણ એ જ સમજાવતા હતા કે આપ પણ શાંતિ રાખો. ત્યાં પાછળથી કોઈએ ઈંટનો નાનો ટુકડો લઈને પોલીસ ઉપર ફેંક્યો જે ગોરા ડી.વાય.એસ.પી.ને વાગ્યો. એણે માત્ર પાંચ ફૂટ દૂર ઊભેલા વિદ્યાર્થીઓ ઉપર ફાયર કરવાનો હુકમ આપ્યો તે જોઈને ધીરુભાઈએ જોશથી હાથ ઊંચો કરીને બૂમ પાડી 'પ્લીઝ સ્ટૉપ'.

પાસે ઊભેલા ડી.વાય.એસ.પી.એ એના હાથમાં રહેલી બંદૂકના નાળચાના બે પ્રહાર ધીરુભાઈના માથામાં જોરથી કર્યા. ધીરુભાઈ નીચે પડી ગયા. એમના માથામાંથી ખૂબ લોહી વહેતું હતું. અધ્યાપકો એમને ઉપાડીને બાયૉલૉજીની લૅબમાં અને પછી ઍમ્બુલન્સ બોલાવીને વા. સા. હૉસ્પિટલમાં લઈ ગયેલા પણ એ પહેલાં હાથમાં ધ્વજ લઈને સૂત્રોચ્ચાર કરતા વિદ્યાર્થીઓ ઉપર પોલીસે ગોળીબાર કર્યો જ. એ ગોળીબારમાં ગુજરાત કૉલેજનો ઇન્ટર સાયન્સનો વિદ્યાર્થી વિનોદ કિનારીવાલા હાથમાં ધ્વજ સાથે શહીદ થયો. બીજા અનેક વિદ્યાર્થીઓને પગમાં, હાથમાં, પેટમાં ગોળીઓ વાગી હતી. વાતાવરણમાં ઘણી ઉત્તેજના હતી. ઘવાયેલા વિદ્યાર્થીઓને પણ વા. સા. હૉસ્પિટલમાં ધીરુભાઈવાળા રૂમમાં જ દાખલ કરવામાં આવેલા. સારવાર દરમિયાન ધીરુભાઈનો કોટ કાઢી લીધેલો તે આ ધમાલ દરમિયાન કોઈ ઉપાડી ગયેલું. એ કોટના ખિસ્સામાં એ જ દિવસે થયેલા પગારના 130 રૂપિયા પણ હતા. ધીરુભાઈને એની તો કંઈ ચિંતા નહોતી પણ એમનાં પત્ની ધનલક્ષ્મીબહેન એ દિવસોમાં સૂરત હતાં. ધીરુભાઈના મિત્ર બાલકૃષ્ણ પંડ્યા અમદાવાદમાં જ હતા. તે ધીરુભાઈ પાસે દોડી આવેલા. ધનંજય ઠાકર પણ ખબર કાઢવા અને મદદ કરવા હાજર થઈ ગયેલા. ધીરુભાઈ ઘાયલ થયાના સમાચાર વિદ્યાર્થીજગતમાં પ્રસરી ગયા હતા. વા. સા. હૉસ્પિટલ પાસે પણ વિદ્યાર્થીઓનાં ટોળાં એકત્ર થવા માંડેલાં. ચારે બાજુ અફવાઓ વહેવા લાગી હતી. ભારે ઉત્તેજના વચ્ચે પ્રો. ધીરુભાઈના અવસાન થયાના સમાચાર પણ વાયુવેગે પ્રસરી ગયેલા. ક્યાંક તો એમની શોકસભા થયાનું પાછળથી ધીરુભાઈએ પણ જાણેલું. ધીરુભાઈને પોલીસે બેટનથી માર્યાના સમાચારથી પ્રિન્સિપાલ પટવર્ધનને આઘાત લાગેલો. એ પણ હૉસ્પિટલમાં દોડી આવેલા અને ગળગળા સાદે કહેલું કે તમે સ્વસ્થ થઈ જાઓ ત્યાં સુધી કૉલેજમાં હાજરીની ચિંતા કરતા નહીં. ધીરુભાઈ હજુ પ્રોબેશન પિરિયડ પર હતા એટલે એમને કેજ્યુઅલ રજા સિવાય બીજી રજા મળે તેમ નહોતું. જોકે ધીરુભાઈને એવી કશી ચિંતા નહોતી. એમની ચિંતા તો વિદ્યાર્થીઓના પગમાં, પેટમાં વાગેલી ગોળીઓ ઑપરેશન કરવા છતાં નીકળેલી નહીં, એ અંગે હતી. પસાભાઈ પટેલની સાથળમાં વાગેલી ગોળી ઘણા વખત સુધી નીકળી નહોતી. છતાં તેઓ ભવન્સ કૉલેજમાં રોજ ભણાવવા જતા હતા. ધીરુભાઈનાં માતા-પિતા સિદ્ધપુર હતાં. ખબર મળતાંની સાથે એમના પિતાજી દોડી આવેલા. ધીરુભાઈના માથે હાથ ફેરવતાં ભીની આંખે એ એમને જોઈ રહેલા. દસેક દિવસ પછી હૉસ્પિટલમાંથી ધીરુભાઈ ઘરે ગયેલા અને ક્રમશ પોતાનું કામ શરૂ કરેલું. આ બનાવ પછી કૉલેજના મુખ્ય દરવાજા ઉપર એક પોલીસ ઇન્સપેક્ટર ઊભો રહેતો. તમામનાં ઓળખપત્રો ચેક કરતો. હડતાળ ઘણા દિવસ ચાલી હતી છતાં કેટલાક વિદ્યાર્થીઓ ભણવા આવતા અને અધ્યાપકો એમને શીખવતા હતા. આપણા જાણીતા આઈ.એ.એસ. અધિકારી

કુલીનચંદ્ર યાજ્ઞિક આ બનાવ બન્યો એ દિવસે ત્યાં હાજર હતા. એમણે નજરે જોયેલી આ ઘટના વર્ણવતાં એ સમયની દેશભક્તિના વાતાવરણનો ખ્યાલ આપેલો. આ બધું બની ગયા પછી પણ વિદ્યાર્થીઓ આંદોલનના નામે છમકલાં કરતા જ હતા. ગુજરાત કૉલેજના ગોળીબારની અસર છેક વિસનગર સુધી થઈ હતી. ત્યાં પણ સભા-સરઘસો થવા લાગેલાં. વિસનગરમાં પણ એક દિવસ પોલીસે ગોળીબાર કરેલો અને એમાં ગોવિંદરાવ ઉત્રાણકર ખૂબ ઘવાયા હતા અને ડૉક્ટરોના પ્રયત્ન છતાં બચી શક્યા નહોતા.

* * *

# 7

# ગુજરાત કૉલેજ, અમદાવાદ (2)

શિક્ષક ચોવીસે કલાક અને બારેમાસ શિક્ષક હોય છે અને ખરા શિક્ષકની– અધ્યાપકની ભીતરમાં હંમેશાં એક વિદ્યાર્થી સક્રિય હોય છે. વર્ગોનો તો નિશ્ચિત સમય હોય છે, પરંતુ પુસ્તકો પાસે જવાનો સમય તો હંમેશાં વાટ જોતો હોય છે. વાંચવું, વાર્તાલાપો કરવા, ચર્ચા-ગોષ્ઠીઓમાં સામેલ થવું, લખવું અને સંશોધન કરવું તથા વિદ્વાનો સાથે સંપર્કમાં રહેવું એ અધ્યાપક માટે અનિવાર્ય ગણાય. ધીરુભાઈનો જમાનો આવાં વલણોને પોષક હતો. શરૂઆતનાં વર્ષોથી જ ધીરુભાઈ ઉપરોક્ત વિદ્યાકીય પ્રવૃત્તિઓમાં સક્રિય રહેતા. એટલે તો એમણે 'ગણધરવાદ' અને 'નિહનવવાદ' જેવા બે જૈન તત્વજ્ઞાનને લગતા ગ્રંથો અંગ્રેજીમાં લિપ્યંતર, ભાષાંતર તેમજ અંગ્રેજીમાં સાર અને વિવેચનાત્મક પ્રસ્તાવના સાથે પ્રકાશિત કરવા સારુ જૈનસિદ્ધાંત સોસાયટીને તૈયાર કરી આપ્યા હતા. આમ એમની લેખક તરીકેની કારકિર્દી અંગ્રેજી પુસ્તકના પ્રકાશનથી શરૂ થઈ હતી. આવા અઘરા ગ્રંથો તૈયાર કરવામાં એમને મહેનત તો પડી હતી પણ આ કાર્યથી એમને સંપાદન, ભાષાંતર અને તર્કશુદ્ધ રજૂઆત કરવા માટેની તાલીમ મળી હતી. સાથે સાથે ધનલાભ પણ થયો હતો.

અમદાવાદમાં બરાબર ગોઠવાઈ ગયા પછી ધીરુભાઈ શોધનિબંધ (Ph. D.) શરૂ કરવા માંગતા હતા. એ દિવસોમાં રા. વિ. પાઠક અમદાવાદની એલ.ડી.આર્ટ્સ કૉલેજમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ હતા. ધીરુભાઈ એમને મળવા જાય છે અને મહાનિબંધ તૈયાર કરવાની ઇચ્છા પ્રગટ કરે છે. પાઠકસાહેબ સંમત થાય છે. ધીરુભાઈ પાઠકસાહેબને 1940ના ગાળામાં મુંબઈ પણ મળેલા ત્યારે પાઠકસાહેબ મુંબઈમાં અધ્યાપક હતા. ગોવાલિયા ટૅંક વિસ્તારમાં પાઠકસાહેબ એમના નાના ભાઈ પ્રાણજીવનભાઈ પાઠકને ત્યાં રહેતા હતા. પાઠકસાહેબ વિધુર થયેલા એટલે ભાઈની સાથે રહેતા હતા. રોજ સાંજે પાઠકસાહેબ ચાલવા નીકળતા ત્યારે ધીરુભાઈ

પણ એમના છાત્રાલયથી એ જ રસ્તે ચાલવા જતા હતા. એ વર્ષોમાં પાઠકસાહેબે મુંબઈ યુનિવર્સિટીમાં આપેલાં ઠક્કર વ્યાખ્યાનો 'અર્વાચીન કાવ્ય સાહિત્યનાં વહેણો' શીર્ષકથી પુસ્તક રૂપે બહાર પડેલાં. સિનિયર બી.એ.માં ધીરુભાઈ પણ બીજા અનેક વિદ્યાર્થીઓની જેમ એ પુસ્તકનો ઊલટભેર ઉપયોગ કરતા હતા તેથી પાઠકસાહેબ માટે ખૂબ આદર હતો અને એમને મળવાની ઇચ્છા પણ રહેતી. એક દિવસ ધીરુભાઈ એમના મિત્ર મધુસૂદન વ્યાસ સાથે ચાલવાને રસ્તે પાઠકસાહેબને મળે છે. વિદ્યાર્થી તરીકે પોતાની ઓળખાણ આપે છે. પાઠકસાહેબે એમને અભ્યાસમાં કોઈ તકલીફ હોય તો કહો એમ જણાવેલું. ધીરુભાઈએ તરત જ કહ્યું હતું કે કાવ્યશાસ્ત્રમાં થોડીક મુશ્કેલી છે. આપ સમજાવશો ? પાઠકસાહેબે એમને બીજા દિવસે સાંજે મળવાનું જણાવેલું. પાઠકસાહેબે એમને કાવ્યપ્રકાશના થોડા મુદ્દા સમજાવેલા પણ સૌથી અગત્યની વાત બની એ તો જુદી જ હતી. પાઠકસાહેબે કળાનાં ત્રણ સૂત્રો સમજાવેલાં. (1) Art is Universal – કળા વિશ્વજનીન છે, (2) Art is Unity in variety – કળા એટલે વિવિધતામાં એકતા, (3) Art is self-Deception – કળા એટલે એક પ્રકારની આત્મવંચના. આ ત્રણે સૂત્રો સાહિત્યનાં સ્વરૂપ અને ભાવનને સમજવામાં જીવનભર ઉપયોગી નીવડ્યાં હતાં.

મહાનિબંધના સંદર્ભે ધીરુભાઈ આગળ વાત કરવા માટે ગુજરાત કૉલેજથી નીકળીને એલ.ડી.આર્ટ્સ કૉલેજમાં પાઠકસાહેબને મળવા ગયા ત્યારે ત્યાં પ્રોફેસર રસિકલાલ છો. પરીખ હાજર હતા. એમણે વિષય સૂચવતાં કહેલું કે મણિલાલ દ્વિવેદી વિશે સંશોધન વિવેચન કરવાનું બાકી છે. પાઠકસાહેબે પણ આ વિષયને યોગ્ય હોવાનું જણાવીને કહેલું કે વિષય વ્યાપવાળો અને અઘરો છે. ધીરુભાઈએ પડકાર રૂપે એ જ વિષય સ્વીકાર્યો અને પાઠકસાહેબના માર્ગદર્શનમાં સંશોધનકાર્ય કરવા માટે યુનિવર્સિટીમાં નોંધણી કરાવી દીધી ત્યારે હજી ગુજરાત યુનિવર્સિટી સ્થપાઈ ન હતી એટલે કૉલેજનો વહીવટ મુંબઈ યુનિવર્સિટીથી જ ચાલતો હતો. આ પછી તરતનાં વર્ષોમાં એવું બનેલું કે પાઠકસાહેબ પણ ધીરુભાઈ રહેતા હતા તે ભારતી નિવાસ સોસાયટીમાં રહેવા આવેલા. પાઠકસાહેબ અહીં પણ એમના બીજા નાના ભાઈ – નામે ન્હાનુભાઈની સાથે રહેતા હતા. નાનાભાઈનું કુટુંબ પાઠકસાહેબની બધી સગવડો સાચવતું. પીએચ.ડી.ના માર્ગદર્શન માટે ધીરુભાઈને પણ મળવાની સરળતા રહેતી. આ દરમિયાન ગુજરાતના શિક્ષણજગતમાં અને ભદ્ર સમાજમાં ચર્ચાસ્પદ બનેલી એક ઘટના અહીં નોંધવી જોઈએ :

1945ના અંતમાં પાઠકસાહેબે, મુંબઈમાં એમનાં વિદ્યાર્થિની રહેલાં એવાં હીરાબહેન સાથે લગ્ન કર્યાં. સમાજના વિભિન્ન વર્ગોમાં આ ઘટના ઘણી ચર્ચાયેલી. જોકે એથી પાઠકસાહેબ કે હીરાબહેન જરાય ચલિત થયેલાં નહિ. એમના લગ્નમાં મુંબઈ ખાતે ઉમાશંકર જોશી સમેત કેટલાક સર્જકોએ હાજરી આપેલી. આ ઘટનાથી

પાઠકસાહેબના ભાઈઓને દુઃખ થયું હતું. પાઠકસાહેબ ન્હાનુભાઈના ઘરમાંથી નીકળીને અલગ રહેવા એ જ ઘરના ઉપરને માળે ગયેલા. તેમ છતાં નાનાભાઈના પરિવારનું મનદુઃખ ઓછું થયેલું નહિ. એક દિવસ નાનાભાઈ ધીરુભાઈને મળવા આવે છે અને દુઃખી અવાજે કહે છે 'તમે અમે રહીએ છીએ એ મકાનમાં જશો ? તો અમે તમારા બ્લૉકમાં રહેવા આવીએ.' ધીરુભાઈ બધી વાત પામી ગયા અને એમણે તરત હા પાડી. બ્લૉક બંને સરખા હતા અને ભાડું પણ સરખું હતું. પરસ્પરના મકાનમાલિકની સહમતી લઈને બે જ દિવસમાં ઘર બદલી લીધાં. 1946ના જાન્યુઆરીના બરાબર બીજા અઠવાડિયાની આ ઘટના હતી.

ધીરુભાઈ પાઠકસાહેબની નીચેના બ્લૉકમાં રહેવા ગયાના ત્રણ-ચાર દિવસમાં જ એમના કુટુંબ માટે એક આઘાતજનક ઘટના બને છે. ધીરુભાઈના પિતા નિવૃત્ત થયા હતા અને સિદ્ધપુર રહેતા હતા. તેમની તબિયત નરમ રહેતી હતી. ધીરુભાઈ બે માસ પહેલાં સિદ્ધપુર જઈને એમને મળી આવેલા અને કહી આવેલા કે તમે હવે અમદાવાદ અમારી સાથે જ રહેવા આવી જાવ. 18 જાન્યુઆરીનો એ દિવસ હતો. સવારની ગાડીમાં પિતાજી સિદ્ધપુરથી અમદાવાદ આવવાના હતા. ધીરુભાઈ એ દિવસે અમદાવાદની સેશન્સ કોર્ટમાં જ્યુરર તરીકે જવાના હોવાથી એમણે રેલવેસ્ટેશને પિતાજીને લેવા એમના ભાણેજ કનુભાઈને જવાનું કહેલું. સ્ટેશન ઉપર કનુભાઈને દાદાજી મળ્યા નહિ. જોકે થોડી વાર પછી ઘોડાગાડીમાં સામાન લઈને બા-બાપુજી અને મોટાં બહેન બદલાયેલું ઘર પૂછતાં પૂછતાં આવી ગયેલાં. સાંજે આખો પરિવાર આનંદથી મળ્યો. ધીરુભાઈના બંને દીકરા ત્યારે બહુ નાના હતા : 1. ભરત - પાંચ વર્ષનો, 2. દિલીપ - બે વર્ષનો. મોકળાશવાળા ઘરમાં બાળકોને રમવાની મઝા પડતી હતી. પિતાજી પણ પ્રસન્ન હતા. જોકે એમની તબિયત એટલી સારી નહોતી એટલે એ સૂતા હતા. ધીરુભાઈએ એમને આશ્વસ્થ કરતાં કહેલું કે સવારે આપણે ડૉક્ટર મોહિલેને બતાવવા જઈશું. હવે તમારે અહીં જ રહેવાનું છે. પિતાજીએ જવાબ આપેલો કે ડૉક્ટરને બતાવવાની એટલી બધી ઉતાવળ નથી. આખું ઘર જમીને જંપી ગયેલું. રાતના દસ વાગ્યા પછી પિતાને પેટનો દુઃખાવો શરૂ થાય છે. ધીમે ધીમે વેદના અસહ્ય બનતાં ઘરનાં સૌ જાગી જાય છે. ઘરગથ્થુ ઉપાયો શરૂ કરે છે. સોસાયટીમાં રહેતા ડૉક્ટર છોટુભાઈ પટેલને મધરાતે જગાડીને બોલાવી લાવે છે. ડૉક્ટર દવા આપીને, સવારે ટેસ્ટ લઈશું કહીને જાય છે. જોકે દવાની કોઈ અસર થતી નથી. વેદના અસહ્ય બને છે અને પરોઢ થતાંમાં તો પિતાજીની શક્તિ હણાઈ જાય છે અને જોતજોતામાં ચહેરો ફિક્કો થઈ જાય છે. શરીર એકદમ શાંત પડી જાય છે. બધાંને ખ્યાલ આવી જાય છે કે પિતાજી હવે નથી રહ્યા. બધાંનો અવાજ સાંભળીને પાઠકસાહેબ અને હીરાબહેન મેડા ઉપરથી નીચે આવે છે. એય તપાસે છે તો શરીર ઠંડું પડી ગયું હતું. શરીરમાં પ્રાણ રહ્યો નહોતો.

જીવનમાં ધીરુભાઈએ આ પહેલાં કોઈને પ્રત્યક્ષ મૃત્યુ પામતાં જોયેલ નહિ. એમને વધારે દુઃખ તો એ વાતનું હતું કે પિતાજીને સાથે રાખીને તેઓ સેવા કરી શક્યા નહિ. જાણે છેલ્લી વિદાય લેવા જ એ અમદાવાદમાં આવ્યા ના હોય ! પાઠકસાહેબે ધીરુભાઈના પરિવારને આ દિવસોમાં ખૂબ હૂંફ આપેલી.

ધીરુભાઈએ એમના પિતાજીનું એક શબ્દચિત્ર દોર્યું છે – 'તેમનો પ્રેમ અમારું જીવનરસાયણ હતો. સીધો ઉપદેશ કે ઠપકો તેમણે ભાગ્યે જ આપ્યો હશે. જિંદગી આખી કુટુંબ માટે વૈતરું કરેલું. કદી અસંતોષ કે ઈર્ષ્યાનો સ્પર્શ એમને થયો નહોતો. બીજાને માટે ઘસાઈ છૂટવાની વૃત્તિ એવી કે કોઈનું કામ થતું હોય તો પોતાનો લાભ જતો કરે. માનમોભાની ગણતરી પણ ન કરે. સિદ્ધપુર રહેતા ત્યારે રોજ એક બે મહેમાન તો હોય જ. અગિયાર વાગ્યાની લોકલ જાય પછી જમવા બેસે. સ્ટેશને ફરવા ગયા હોય અને કોઈ પરિચિત મળી જાય તો આગ્રહ કરીને ઘેર જમવા તેડી લાવે. ફોઈના દીકરાઓ માટે અપાર પ્રેમ તે મૂળશંકર અને બાબુભાઈ ઊંઝાથી મામાને મળવા અઠવાડિયે બે વાર તો આવે જ. ભાણેજને જુએ ત્યારે જ મામાને ચેન પડે. દરરોજ પાઠશાળાના એક વિદ્યાર્થીને ભિક્ષા આપવાનો નિયમ. સાત ચોપડી ભણેલા પણ ઘરમાં નાનકડું પુસ્તકાલય. ધર્મ અને સાહિત્યના શિષ્ટ ગ્રંથો વસાવીને વાંચતા (એમણે 'સરસ્વતીચંદ્ર' પણ વાંચેલો). સવારે નાહીધોઈ, પૂજાપાઠ કરીને ગાદીતકિયે લખવા બેસે તે સાંજના પાંચ સુધી ચાલે. વચ્ચે જમવા ઊઠે તે માફ. તલાટી તરીકેનું તેમનું કામ ચોખ્ખું અને વ્યવસ્થિત. ગામડાના લોકો માટે પણ એટલાં જ માન અને પ્રેમ રાખે. એમના હસ્તાક્ષર પાતળા અને સુવાચ્ય. પાતળા પૉઇન્ટવાળી નંબર સાતની સ્ટીલ વાપરતા. કપડાં સાદાં અને સુઘડ. ધોતિયું, લાંબો કોટ અને કાઠિયાવાડી ફેંટો. ટૂંકી આવકમાં અમને ત્રણ ભાઈ અને બે બહેનને પરણાવ્યાં અને ભણવામાં યથાશક્તિ મદદ કરી. નાણાભીડ હોવા છતાં અમારી કમાણી ઉપર નભવાની અપેક્ષા કે ઉતાવળ દાખવી નહોતી. તેમની ઇચ્છા સરસ્વતી નદીના તીરે પોતાનો અગ્નિદાહ દેવાય તેવી હતી પણ વિધિએ સાબરમતીનો તટ એ માટે નિર્મિત કર્યો હશે. ઘણા દિવસ સુધી પિતાજીના અવસાનનો વિષાદ દૂર થયો નહિ. ચાર-પાંચ દાયકા પછી એ ઘટના યાદ કરું છું ત્યારે પણ તેમની સૌમ્ય, કરુણાપૂર્ણ, પ્રેમાળ મૂર્તિ નજર સમક્ષ તરવરે છે.' ('સ્મરણમાધુરી' પૃ. 100, 101).

પિતાજીના અવસાન પછી ધીરુભાઈ સપરિવાર સિદ્ધપુર ગયેલા. (ઘરનો સામાન લાવવા અને ઘર ખાલી કરવા માટે). પિતાજીના ઢાળિયા મેજમાંથી ત્યારે 105 રૂપિયા અને એક પત્ર મળ્યા હતા. પત્રમાં મિલકતની વહેંચણી વિશે લખેલું. જાણે કે વીલ બનાવી રાખેલું. આ ઉપરાંત એમના જીવનના જ્ઞાનઅનુભવ રૂપે સૂચના અને શિખામણ લખ્યાં હતાં તથા સૌને તે પ્રમાણે વર્તવાનું લખીને આશીર્વાદ પાઠવ્યા હતા.

*

પીએચ.ડી. માટેનું સંશોધનનું કામ ધીરુભાઈએ 1943માં શરૂ કરેલું મણિલાલ નભુભાઈની આત્મકથા હજી અપ્રગટ હતી પણ ધીરુભાઈએ એની અક્ષરસઃ નકલ કરી લીધી હતી. (એમને મૂળ નકલ આનંદશંકર ધ્રુવે વાંચવા આપેલી) મણિલાલના જીવન વિશે લખવાનું કામ અઘરું હતું કેમકે મણિલાલના સ્વભાવમાં અનેક વિકૃતિઓ હતી. સંસારની માયાના અનેક રંગોએ એમના જીવનમાં અસાધારણ પલટાઓ આણેલા. મણિલાલના જીવનનો બહુ કરુણ અંજામ આવેલો. બીજી બાજુ મણિલાલની વિદ્વત્તા અને ચિંતાનાત્મક સર્જન-લેખન ઉચ્ચકોટિનાં હતાં. એમને વિશ્વ ધર્મ પરિષદમાં અમેરિકા (શિકાગો) જવાનું બે વાર નિમંત્રણ મળેલું પણ એ જઈ શક્યા નહોતા. એમના લેખોનો વ્યાપક પ્રભાવ હતો. એમના તત્વચિંતનથી પ્રભાવિત થયેલા સ્વામી વિવેકાનંદ મણિલાલને મળવા નડિયાદ આવેલા. ધીરુભાઈએ મણિલાલનાં પુસ્તકો તથા લેખ-સામગ્રી મેળવવા માટે ઘણું મથવું પડેલું. છેવટે મણિલાલના પૌત્ર રમણલાલ ઓછવલાલ દ્વિવેદીનો સંપર્ક એક મિત્ર મારફતે થયો. રમણલાલ દાદાનાં પુસ્તકો અને નડિયાદનું વંશપરંપરાનું એ મકાન ધીરુભાઈને જોવા જવા દેવા સંમત થયેલા. અઢળક પુસ્તકો અને સામગ્રી ધીરુભાઈને પ્રાપ્ત થયાં. આ સામગ્રીનું વર્ગીકરણ કરવું, સંકલન કરવું અને લખવું એ ઘણું અઘરું કામ હતું. ધીરુભાઈ એ વર્ષોમાં બહુ વ્યસ્ત રહેતા. એમની તબિયત પણ નરમ રહેતી. ઘરમાં બાળકોની માંદગી પણ આવ્યા કરતી. કૉલેજમાં નાટક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની જવાબદારી ઉપરાંત એમ.એ.ના વર્ગો લેવાનું કામ પણ રહેતું. સામાજિક જવાબદારીઓ પણ ઉપાડવી પડતી એટલે અભ્યાસ અટકી અટકીને ચાલતો હતો. એમાં વળી ગુજરાત વિદ્યાસભાએ મણિલાલના નિબંધોનું સંપાદન કરી આપવાનું કામ સોંપેલું. 'મણિલાલની વિચારધારા' અને 'મણિલાલના ત્રણ લેખો' એવાં બે પુસ્તકો 1946માં ધીરુભાઈએ કરી આપેલાં જે ગુજરાત વિદ્યાસભાએ પ્રકાશિત કરેલાં. આ સંપાદનો તથા એમાં મૂકેલા ધીરુભાઈના અગ્રલેખો ખૂબ પ્રશંસા પામેલાં.

પીએચ.ડી.નાં ચાર સત્રો ક્યારનાં પૂરાં થઈ ગયાં હતાં. એ પછી પણ ચાર વર્ષ વીતી ગયાં હતાં. 1951માં મુંબઈ યુનિવર્સિટીએ પરિપત્ર કાઢેલો કે જૂના નોંધાયેલા વિદ્યાર્થીઓ 1951ની આખર સુધીમાં જો થીસિસ રજૂ ન કરે તો એમનાં સત્રો માન્ય ગણાશે નહિ. આ આખરીનામાથી ધીરુભાઈ સક્રિય બની ગયા. રાતદિવસ મહેનત શરૂ કરી. સિનોપસિસ સબમીટ કરી દીધો અને 1952ના માર્ચ સુધીમાં થીસિસ રજૂ કરવાની મહેતલ મેળવી લીધેલી. ઘણી મહેનતના અંતે થીસિસ તૈયાર કરીને સોંપી તો દીધો પણ ધીરુભાઈને ખબર પડી કે એમના થીસિસના પરીક્ષક તરીકે સુપ્રસિદ્ધ વિદ્વાન જેહાંગીર એરચ સંજાનાની નિયુક્તિ થઈ છે. એ તો બહુ કડક પરીક્ષક ગણાતા હતા. કોઈએ વળી ધીરુભાઈને એમ પણ કહ્યું કે અભ્યાસ

સમિતિના અધ્યક્ષ છે. થીસિસ પાસ ન થાય એ માટે જ સંજાનાની નિમણૂક કરી છે. અભ્યાસ સમિતિના અધ્યક્ષને, ધીરુભાઈના ગુરુ કે. બી. વ્યાસ સાથે અણબનાવ હતો એટલે ધીરુભાઈનો ડર સાચો હતો. એ જમાનામાં પણ અધ્યાપકોની ઈર્ષ્યાનો ભોગ વિદ્યાર્થીઓએ બનવું પડતું હતું.

ધીરુભાઈએ મણિલાલના બધા જ સાહિત્યસંદર્ભો લઈને અનેક પાસાંની ચર્ચાઓ કરી હતી. રા. વિ. પાઠક એ વર્ષોમાં પાછા મુંબઈ પહોંચી ગયા હતા. સાતસોથી વધારે પાનાંનો થીસિસ ધીરુભાઈએ સુંદર હસ્તાક્ષર ધરાવતા કોઈ ભાઈ પાસે લખાવ્યો હતો. રાત-દિવસ મહેનત કરીને થીસિસને શુદ્ધ અને સંગીન બનાવવાની પૂરી કાળજી લીધી હતી. વધારે પડતો શ્રમ અને ઉજાગરાને કારણે ધીરુભાઈને તાવ રહેતો. ચહેરા પર થાક વર્તાતો. હોમિયોપથીની દવા લઈને ધીરુભાઈ કામ કરતા રહેતા. મુંબઈ જઈને પાઠકસાહેબ પાસે એક એક શબ્દ વાંચી ગયા છતાં અને પાઠકસાહેબને પૂરતો સંતોષ થયો હોવા છતાં ધીરુભાઈના મનમાં સંજાનાનો ડર હતો. વળી ધીરુભાઈએ થીસિસમાં મણિલાલ વિશેના સંજાનાના મતનું ખંડન કર્યું હતું. જોકે પાઠકસાહેબે કહેલું કે તમારું કાર્ય એકદમ સરસ છે. સંજાનાને પણ એ જરૂર ગમશે જ. ધીરુભાઈના આશ્ચર્ય વચ્ચે ત્રણ જ અઠવાડિયામાં થીસિસનું પરિણામ આવી ગયેલું. સંજાનાએ એકી બેઠકે થીસિસ વાંચી જઈને પ્રશંસાત્મક અભિપ્રાય આપીને પીએચ.ડી.ની પદવી આપવા ભલામણ કરી હતી. પાઠકસાહેબ સાથે સમાચાર પણ કહેવડાવેલા કે – 'ધીરુભાઈ મુંબઈ આવે તો મને મળવા કહેજો.' ધીરુભાઈનો થીસિસ પ્રગટ થયો ત્યારે પંડિત સુખલાલજીને પણ એમાં રસ હોવાથી ધીરુભાઈએ એમને વાંચી સંભળાવેલો. થીસિસનું કામ આમ સંપન્ન થયા પછી ધીરુભાઈ એ ઉનાળામાં પરિવારજનોને લઈને જૂનાગઢ, સોમનાથ, પ્રભાસપાટણ વગેરે સ્થળે ફરતા ફરતા કોડિનાર પહોંચેલા. ધીરુભાઈનો જન્મ કોડિનારમાં થયેલો અને બાળપણ પણ ત્યાં જ વીતેલું. બધાંને એ સ્થળ જોવાની મઝા પડી હતી. ઘોડાગાડીમાં બેસીને બધાં મૂળ દ્વારકા પણ જઈ આવેલાં. બાળપણ જ્યાં વીત્યું એ જગ્યાની રોમાંચક વાતો ધીરુભાઈના પરિવારજનોએ બહુ રસપૂર્વક સાંભળી હતી. ઘાંટવડ ગામ અને ઉછાળા મારતી શિંગોડો નદી, રમણીય વનરાજી અને દૂરના ડુંગરા એ દૃશ્યો પરિવારજનોને પણ પ્રભાવિત કરી રહેલાં. પ્રવાસથી પાછા આવ્યા ત્યારે એમની બદલી અમદાવાદથી મુંબઈ થયાનો પત્ર આંગણામાં રાહ જોતો હતો.

જોગેશ્વરીમાં આવેલી ઇસ્માઈલ યૂસુફ કૉલેજમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે ધીરુભાઈએ જૂનથી હાજર થવાનું હતું. હવે અમદાવાદ છોડવાનું ગમતું ન હતું પણ જવું અનિવાર્ય હતું. જોગેશ્વરીમાં એ વખતે ગુજરાતીના પ્રાધ્યાપક બી. બી. ત્રિવેદી હતા પણ એમની પદવી સંસ્કૃત મુખ્ય વિષયમાં હોવાથી બી.એ. ઓનર્સમાં

ગુજરાતી ભણાવવા માટે એમને યોગ્ય ગણ્યા નહોતા. એમની જગ્યાએ ધીરુભાઈએ જવાનું હતું. અને ધીરુભાઈની જગ્યાએ અમદાવાદ બી. બી. ત્રિવેદીએ આવવાનું હતું. કુટુંબને અમદાવાદ છોડીને ધીરુભાઈ મુંબઈ પહોંચે છે. ઇસ્માઈલ કૉલેજ ઊંચી ટેકરી પર આવેલી હતી. કૉલેજની આસપાસ અત્યંત રમણીય પ્રકૃતિનાં દશ્યો આંખને ગમે તેવાં હતાં. પ્રિન્સિપાલ તરીકે પ્રો. જી. સી. બેનરજી હતા. જેમની પાસે ધીરુભાઈ ઍલ્ફિન્સ્ટન કૉલેજમાં બી.એ.માં ભણ્યા હતા. વિદ્વાન અને સૌમ્ય સ્વભાવના બેનરજી સાથે ધીરુભાઈને સારું ફાવતું. એ ગોરેગાંવમાં એક સગાને ત્યાં રહેતા હતા. ઇસ્માઈલ કૉલેજનો સમય સવારના નવથી બપોરના ત્રણ વાગ્યાનો હતો એટલે જમવાનો સમય સાચવી શકાતો નહોતો. કોમન રૂમ પાસેની લૉબીમાં ચાનો બમ્બો કાયમ ઊકળતો રહેતો તેથી વારંવાર ચા પીવાની સગવડ હતી પણ ભોજનનો ક્રમ તૂટવાથી ધીરુભાઈને ફાવતું ન હતું. બીજા સત્રથી તેઓ કૉલેજની હૉસ્ટલમાં રહેવા ગયા પણ ત્યાં ખાવાનું માફક આવતું નહોતું. એટલે ગોરેગાંવથી ટિફિન મંગાવતા હતા. આ બધામાં ધીરુભાઈની તબિયત ખાસ્સી બગડવા માંડેલી. મરડાની શરૂઆત થઈ ગઈ હતી અને શરીર સુકાવા માંડેલું. એક વખત ટેકરી ચઢતાં અંધારામાં એમની પાછળ આવતો સાપ એમણે જોયેલો. એ ડરીને ઝડપથી ટેકરી ચડી ગયેલા પણ દિવસો સુધી એમના મનમાંથી ડર ગયો નહોતો.

કુટુંબથી છૂટા પડવાને કારણે ચિંતામાં અને વ્યગ્રતામાં દિવસો જતા. પરિવારને મુંબઈ બોલાવી શકાય તેમ નહોતું. કેમકે નાના દીકરા દિલીપને કાયમ શરદી-ખાંસી રહેતાં. પોતાની આવી પરિસ્થિતિ પ્રિન્સિપાલ બેનરજીને કહી અને પુનઃ અમદાવાદ બદલી કરાવવા માટે મદદરૂપ થવા વિનંતી કરી હતી. ધીરુભાઈએ એ પણ કહેલું કે ઇસ્માઈલ કૉલેજમાં મને કોઈ મહાન સિદ્ધિ માટે મોકલવામાં નથી આવ્યો. ગુજરાતી ઑનર્સનો નવો વર્ગ શરૂ થયેલો તેમાં બે બહેનો દાખલ થયેલી. એક પરણવાની રાહ જોઈને ભણતી હતી અને બીજીને ગુજરાતીમાં રસ નહોતો. બંને બહુ અનિયમિત રહેતી. બીજા વર્ગોનું કામ પણ બહુ ઓછું હતું અને એમાં પણ મદદનીશ વ્યાખ્યાતા કાન્તિલાલ કાલાણી હતા. બીજા સત્રમાં વળી ધીરુભાઈના વિદ્યાર્થી ચંદ્રશંકર ભટ્ટને ગુજરાત કૉલેજમાંથી અહીં મોકલેલા. હૉસ્ટેલમાં એ બંને સાથે રહેતા. ધીરુભાઈ ઘણી વાર બધાને કહેતા કે સરકાર મને આ ટેકરી ચડવા માટે જ પગાર આપે છે. અમદાવાદમાં ધીરુભાઈ રહેતા હતા એ બંગલો મકાનમાલિકે બીજાને વેચી દીધો હતો એટલે પેલો નવો માણસ ધીરુભાઈના પરિવારને ઘર ખાલી કરાવવા માટે પજવતો હતો. ઘણી વાર પાણી બંધ કરી દેતો. અરધી રાતે જુદા જુદા અવાજો કરીને ડરાવતો. કોર્ટમાં કેસ પણ મૂકેલો. ધીરુભાઈના વકીલે માનસિક ત્રાસ આપવાનો મુદ્દો કોર્ટમાં રજૂ કર્યો હતો. મુંબઈ જતાં પહેલાં ધીરુભાઈએ નવી બંધાતી શારદા સોસાયટીમાં મિત્ર ધીરુભાઈ વ્યાસના આગ્રહથી એક પ્લૉટ રાખેલો.

બદલી થઈ એટલે ધીરુભાઈએ મિત્રને કહેલું કે પ્લૉટ બીજાને આપી દેજો. મિત્ર ધીરુભાઈ વ્યાસે પ્લૉટ બીજાને આપી દીધો અને પૈસા પોતાની પાસે રાખી લીધા હતા. પ્રિન્સિપાલ બેનરજીને ધીરુભાઈએ કરેલી વિનંતી કામ લાગી હતી. એ વખતે ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરી પુણેમાં હતી. પ્રોફેસર ભાંડારકર નાયબ નિયામક તરીકે હતા. ગુજરાત કૉલેજમાં તેઓ પ્રોફેસર અને પ્રિન્સિપાલ તરીકે વર્ષો સુધી રહેલા હોવાથી ધીરુભાઈને બરાબર ઓળખતા હતા. પ્રોફેસર બી. બી. ત્રિવેદીને અમદાવાદ નહોતું ફાવતું. એમને મુંબઈ આવવું હતું અને ધીરુભાઈએ અમદાવાદ જવું હતું. બંનેએ પરસ્પર બદલી માટે અરજી કરેલી તે નાયબ નિયામકે મુંબઈ યુનિવર્સિટીને મંજૂરી માટે મોકલેલી. મુંબઈ યુનિવર્સિટીએ ખાસ કેસ તરીકે મંજૂરી આપી હતી. આમ ધીરુભાઈ પાછા અમદાવાદ આવતાં હવે ઘરની જરૂરિયાત ઊભી થઈ હતી. એમણે મિત્ર ધીરુભાઈ વ્યાસને પોતાની હકીકત જણાવી તો શારદા સોસાયટીમાં જ ઓગણીસ નંબરના બંગલાવાળા બે ભાઈઓને છૂટા થવું હતું એટલે ધીરુભાઈ વ્યાસે પેલા જ પૈસા ભરી દઈને સાત-આઠ માસમાં મકાન તૈયાર કરી આપેલું. પેલા જૂના મકાન માલિક સાથે ચાલતા કોર્ટ કેસમાં સમાધાન થયું હતું. માનસિક ત્રાસ બદલ એણે ધીરુભાઈના પરિવારને વળતર ચૂકવવાનું સ્વીકારી લીધેલું. નવા મકાનમાં ધીરુભાઈની તબિયત ઘણી જ ખરાબ રહેતી હતી. મુંબઈથી લઈ આવેલા એ મરડો મટતો જ નહોતો. ઈમેટીનના અને ઓટો બ્લડના ઇંજેક્શન આપવા છતાં ઝાડામાં લોહી અને પરુ ચાલુ હતાં. પેટમાં કશું ટકતું નહિ. છેવટે અમદાવાદના સુપ્રસિદ્ધ વૈદ્ય શ્રી ગોવિંદપ્રસાદ પાસે ધીરુભાઈના નવાસવા થયેલા મિત્ર જયભિખ્ખુ (બાલાભાઈ દેસાઈ) લઈ ગયા. એમણે નિદાન કરીને આપેલી દવાથી છ માસમાં સારો એવો ફાયદો થયેલો. વૈદે નાડી જોઈને કરેલું નિદાન ધીરુભાઈની પ્રકૃતિ પ્રમાણેનું જ હતું. એથી ધીરુભાઈને અચરજ થયેલું. નાડી-પરીક્ષાથી કોઈ માણસ પાચનતંત્રને તો ઓળખે પણ સ્વભાવ વિશેની વાત પણ બરાબર કહી આપે એય ઓછા આશ્ચર્યની વાત નથી. વૈદે ધીરુભાઈને ચા છોડીને કાયમ માટે કૉફી પીવાનું કહેલું. સવારે જમતાં પહેલાં આદુનો રસ લેવાનો અને જમ્યા પછી પાચન માટેની ટીકડીઓ. બે માસ તો સૂરણ અને દહીં ઉપર જ રાખેલા. આમ ધીરુભાઈનું સ્વાસ્થ્ય પાછું બરાબર ગતિ પકડે છે. ગોવિંદપ્રસાદ વૈદ્ય પછીથી જીવનભર આયુર્વેદ યુનિવર્સિટીના સ્થાપક કુલપતિ બન્યા હતા. ધીરુભાઈ સાથે એમની મૈત્રી વર્ષો સુધી રહી હતી. આગળ આપણે જેનો ઉલ્લેખ કર્યો એ જયભિખ્ખુનો પ્રથમ પરિચય ધીરુભાઈને ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયના પ્રેસ શારદા મુદ્રણાલયમાં થયો હતો. 1942ના કિનારીવાલાની શહીદીના પ્રસંગની સાથે છાપામાં બાલાભાઈએ ધીરુભાઈનું નામ વાંચેલું. અને ધીરુભાઈએ એમની એક-બે વાર્તાઓ વાંચેલી. આમ બંને પહેલી મુલાકાતથી જ પાક્કા મિત્રો બની ગયેલા. પછીનાં

વર્ષોમાં જયભિખ્ખુના દીકરા કુમારપાળ ધીરુભાઈના વિદ્યાર્થી પણ બને છે. વળી ધીરુભાઈનું વિશ્વકોશ સ્વપ્ન કુમારપાળ દેસાઈના અવિરત સાથસહકારથી થયાની વાત તો આજે જગજાહેર છે. ધીરુભાઈ જયભિખ્ખુ પાસેથી લેખનની શિસ્ત શીખ્યા હતા અને પ્રિન્ટિંગ અંગેની ઘણી જાણકારી પામ્યા હતા. જયભિખ્ખુ ઉપનામ પત્ની અને પતિના નામ ભેગાં કરીને બનાવેલું હતું. જયભિખ્ખુનાં પત્નીનું નામ જયાબહેન અને જયભિખ્ખુનું બાળપણનું નામ ભીખાલાલ. એટલે ઉપનામ બન્યું 'જયભિખ્ખુ'. જયભિખ્ખુ કાયમ શારદા પ્રેસમાં બેસતા. છાપકામના નિષ્ણાત હોવાથી બધાને સલાહસૂચનો આપતા. અનેક લેખકોના સંપર્કમાં પણ આ રીતે જ આવવાનું બનેલું. જયભિખ્ખુ નિખાલસ અને સ્વમાની. એ દિવસોમાં ધૂમકેતુ પણ ત્યાં આવતા. ગુણવંતરાય આચાર્ય, કનુ દેસાઈ – આ બધા લોકો અમદાવાદમાં હોય ત્યારે જયભિખ્ખુને અચૂક મળે. ડાયરો ઘણી વાર જયભિખ્ખુના ઘરે પણ જામતો. કવિ કાગ આવે ત્યારે બધા જયભિખ્ખુને ત્યાં મોડે સુધી બેઠક કરતા. એમાં ધીરુભાઈ તો હોય જ પણ રતિકુમાર વ્યાસ, મનુભાઈ જોધાણી, મધુસૂદન મોદી, અનંતરાય રાવળ, કંચનલાલ પરીખ અને ધૂમકેતુ પણ હાજર હોય. ધીરુભાઈએ જયભિખ્ખુના પરિવાર સાથે અનેક પ્રવાસો કરેલા. ધીરુભાઈના બંને પુત્રોને જનોઈ આપી ત્યારે નિમંત્રણ પત્ર જયભિખ્ખુએ કલાત્મક ઢબે ફોટા છાપીને સુંદર બનાવેલો. મોટા દીકરા ભરતકુમારનાં લગ્ન વખતે જયભિખ્ખુની આગેવાનીમાં કવિ કાગ સમેત અનેક લોકો જોડાયેલા. સાયલામાં લોકગીતોની રમઝટ પણ બોલાવેલી. કાગબાપુએ વરકન્યાને આશીર્વાદ આપતો દુહો લખી આપેલો. આવા તો કેટલાય પ્રસંગો જયભિખ્ખુના પરિવાર સાથે સંભારણારૂપ બની ગયેલા છે. અચાનક 1969માં જયભિખ્ખુનું અવસાન થયું પણ એમના પરિવાર સાથેનો ધીરુભાઈનો નાતો તો કાયમ રહ્યો. જયાબહેન માતાની જેટલી મમતાથી અને કાળજીથી સૌની માવજત કરે અને વ્યવહારુ સલાહ પણ આપે. ધીરુભાઈ મોડાસાથી માંદા થઈને આવેલા ત્યારે કુમારપાળે એમને પોતાના ઘરે રાખીને સ્વજનની જેમ સારવાર કરેલી.

*

1940–50ના એ દાયકામાં કૉલેજોની મહત્તા ઘણી વધારે હોય એ દેખીતું છે. કેમકે ઉચ્ચશિક્ષણ હજી તો હવે મધ્યમ વર્ગ સુધી પહોંચી રહ્યું હતું. પોતાના શિક્ષણકાર્ય વડે અને વિદ્વાન અધ્યાપકો વડે કૉલેજો પોતાની પ્રતિષ્ઠા સ્થાપિત કરવામાં માનતી હતી. કૉલેજ માત્ર વિવિધ વિષયો શીખવી દે એટલું પર્યાપ્ત નહોતું ગણાતું. વિદ્યાર્થીને ઘડવા માટે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, રમતગમત અને સામાજિક જવાબદારીઓ પણ મહત્વનાં ગણાતાં. ગુજરાત કૉલેજનું મહત્વ મુંબઈની સારી કૉલેજો જેટલું જ હતું. જોકે શિસ્તના પ્રશ્નો ગુજરાતમાં વિશેષ હતા છતાં ગુજરાત કૉલેજમાં નાટ્યસંગીત મંડળની પ્રવૃત્તિઓ સતત ચાલતી રહેતી. પાંચ

રૂપિયા ભરીને વિદ્યાર્થીઓ એના સભ્ય બનતા. સભ્યસંખ્યા પણ ત્રણસોથી લઈને પાંચસો સુધી રહેલી. પહેલા સત્રમાં નાટ્યસંગીત મંડળ તરફથી એક-બે નાટક તો જરૂર ભજવાતાં. બીજા સત્રમાં વાર્ષિકોત્સવ નિમિત્તે મોટે ભાગે ત્રિઅંકી નાટક ભજવવામાં આવતું. 'જ્યૉર્જ ધ ફિફ્થ હૉલ'માં સતત ત્રણ દિવસ કાર્યક્રમો ચાલતા. સંગીત સંધ્યા પણ યોજાતી. બધું જ વિદ્યાર્થી કલાકારો જાતે કરતા. ધીરુભાઈ જેવા અધ્યાપકો સતત એમનું માર્ગદર્શ કરતા. 'રંગમંડળ', 'રૂપક સંઘ' અને 'જવનિકા' જેવાં મંડળો બહાર થતા પ્રયોગોમાં પણ ગુજરાત કૉલેજના કલાકાર ભાઈ-બહેનો વધારે સક્રિય રહેતાં. રૂપક સંઘે 1947માં ધીરુભાઈના દિગ્દર્શનમાં 'જયા અને જયંત' નાટકનો જાહેર પ્રયોગ કરેલો. બિનવિદ્યાર્થી નાટ્યકલાકારોને પણ ગુજરાત કૉલેજના કાર્યક્રમોનું ભારે આકર્ષણ રહેતું. કેટલાક રસિક નાગરિકો પણ વિના નિમંત્રણે આવી ચડતા. આનાથી ઘણી વાર અવ્યવસ્થા સર્જાતી પણ નાટક તો ચાલુ જ રહેતું. આગળ આપણે નોંધ્યું છે તેમ ગુજરાત કૉલેજે ગુજરાતી રંગભૂમિને ઘણા કલાકારો આપ્યા હતા. સંગીત અને નૃત્યનું ચલણ-વલણ ગુજરાતી પ્રજામાં ઓછું હતું છતાં ગુજરાત કૉલેજના સંગીત અને નૃત્યના કાર્યક્રમો ઊંચી કક્ષાના ગણાતા. ક્ષેમુ દિવેટિયા, અતુલ દેસાઈ, રાસબિહારી દેસાઈ, નવીન ગજ્જર, હર્ષિદા વ્યાસ, હંસા દવે, મીનળ મહાદેવિયા, અરુણ ઠાકોર અને રસિદા કાદરી જેવાં અનેક સ્વરકારો અને ગાયક કલાકારો ગુજરાત કૉલેજમાંથી જ બહાર આવ્યાં હતાં. આ કલાકારોએ સંગીતક્ષેત્રની પહેલી હરોળ ઘણાં વર્ષો સુધી સાચવી હતી.

આપણને આશ્ચર્ય થાય પણ અમુક કિસ્સામાં તો ગેરશિસ્તના મારણ તરીકે પણ નાટકનો ઉપયોગ થતો. તોફાની વિદ્યાર્થીઓને નાટકમાં જોડીને સારા કલાકારો નિપજાવ્યાનાં ઉદાહરણો પણ છે. દુષ્યંત મહેતા નામનો તોફાની વિદ્યાર્થી નાટકમાં પાઠ ભજવતો થયો એ પછી તોફાની મટીને સહુને પ્રિય થઈ પડેલો. 'સંકિત હૃદય' નાટકમાં એણે કરેલી કુંજની ભૂમિકા ખૂબ યાદગાર બની રહેલી. 'જમાઈરાજ' નાટકનો શનિયો સતવાદી અને 'કાકાની શશી'નો કવિ (પ્રશાંત દેસાઈ), 'પાણિગ્રહણ'નો કાન્તિ પટેલ અને 'મૂંગી સ્ત્રી' ધનબાઈ (શિરિન ભરૂચા), 'પીડાગ્રસ્ત પ્રોફેસર'નો પ્રીતમલાલ (ચંદ્રકાન્ત રામી), 'જો હું તું હોત'નો પુનમિયો (વિષ્ણુ મહેતા), 'આગગાડી' નાટકની રૂખી (કોકિલા મુનશી) આવાં અનેક પાત્રો અને એ ભજવનાર કલાકારો એ વર્ષોમાં પ્રેક્ષકોનાં પ્રીતિપાત્ર બની ગયાં હતાં. અમદાવાદમાં અવૈતનિક રંગભૂમિ બહુ ઝડપથી સ્થાપિત થઈ એમાં ગુજરાત કૉલેજનો મોટો ફાળો હતો. એ જ દિવસોમાં જશવંત ઠાકર, ધનંજય ઠાકર, પ્રદ્યુમ્ન ભટ્ટ અને વિષ્ણુકુમાર જેવા ઉત્તમ દિગ્દર્શકો નાટકમાં નટનો રોલ પણ કરતા.

*

મુંબઈથી બદલી પામીને ધીરુભાઈ પણ ગુજરાત કૉલેજમાં ગોઠવાઈ ગયા હતા. એમને સિનિયર કક્ષાએ બઢતી મળવાનો સમય પણ હવે થઈ ગયો હતો. પણ બ્રિટિશ શાસનની એક ખાસિયત એ હતી કે અધ્યાપકો વચ્ચે જેમ બને તેમ ભેદભાવ ઉત્પન્ન થાય અને એ બધા એક ન થાય, એમની વચ્ચે ઈર્ષ્યા-દ્વેષ ચાલતાં રહે એવો વહીવટ ગોઠવવો. અધ્યાપકોમાં પણ કુલ ત્રણ સંવર્ગો હતા.

અધ્યાપકોની ઘણી માંગણી છતાં શાસકોની અન્યાયપૂર્ણ નીતિ ચાલુ જ રહેલી. એમાંથી ત્રીજા સંવર્ગના અધ્યાપકોએ મંડળ રચેલું. એ વખતે કૉંગ્રેસની પ્રાદેશિક સરકારો રચાઈ હતી. અધ્યાપકો બધે જ રજૂઆત કરી ચૂક્યા હોવા છતાં ખાસ ફેર પડ્યો ન હતો. સરકારે ત્રીજો સંવર્ગ નાબૂદ ન કર્યો. નવી જગ્યાઓ ઊભી થાય એમાં ઘણી ક્લાસ ટુની જ હોય. ક્યારેક ક્લાસ થ્રીમાંથી જુનિયરને પણ બઢતી આપી દેવાતી. ધીરુભાઈને બઢતી આપતાં પહેલાં પબ્લિક સર્વિસ કમિશન દ્વારા એમનો ઇન્ટરવ્યૂ લેવામાં આવેલો. એટલે એમની નિયુક્તિ નવેસર કરવામાં આવી. એથી ધીરુભાઈને કોઈ લાભ ન થયો. બલ્કે ત્રણ ઇજાફા જેટલું નુકસાન થયેલું અને બે વર્ષ ફરીથી પ્રોબેશન પિરિયડમાં રહેવું પડેલું. દ્વિભાષી મુંબઈ રાજ્યમાં ગુજરાતીઓને અન્યાય થતો અને બિનગુજરાતીઓને લાભ મળતો. આવી પક્ષપાતભરી નીતિના કારણે અધ્યાપકોમાં અસંતોષ રહેતો હતો. બઢતી મળી એ વર્ષમાં ધીરુભાઈને ઝીણો ઝીણો તાવ આવ્યા કરતો. ઘણા ઉપચારો છતાં તાવ હઠતો ન હતો. ધીરુભાઈના સાળા આણંદ નોકરી કરતા હતા. એક વખત એ ધીરુભાઈને આણંદ ડૉ. કૂક પાસે લઈ આવેલા. ડૉ. કૂકે લોહી વગેરેની તપાસ કરીને ક્રોનિક મલેરિયા છે એવું નિદાન કરીને દવા આપેલી. એ પછી તાવ ગયો પણ અશક્તિ રહી હતી. ડૉક્ટરની સૂચના મુજબ ધીરુભાઈએ મિત્રો સાથે સહકુટુંબ હવાફેર માટે તીથલ જવાનું ગોઠવેલું. તીથલનો પણ એક સરસ અનુભવ થયેલો.

ધીરુભાઈનો શોધનિબંધ સારો એવો વખણાયો હતો અને બે ભાગમાં પુસ્તક રૂપે પ્રગટ થયો હતો.

1. 'મણિલાલ નભુભાઈ : જીવનરંગ'. આ ગ્રંથની પ્રસ્તાવના અનંતરાય રાવળે લખેલી.

2. 'મણિલાલ નભુભાઈ : સાહિત્ય સાધના'. આ ગ્રંથની પ્રસ્તાવના પંડિત સુખલાલજીએ લખી આપેલી.

પ્રથમ ગ્રંથનું પ્રકાશન ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયે કર્યું હતું. વળી આ ગ્રંથને મુંબઈ રાજ્ય તરફથી 1956ના શ્રેષ્ઠ ચરિત્ર ગ્રંથ તરીકે રૂપિયા બે હજારનું પારિતોષિક મળ્યું હતું. એ વખતના બે હજાર રૂપિયા એટલે ઘણી મોટી રકમ ગણાતી. બીજા ગ્રંથને મુંબઈ યુનિવર્સિટીએ પ્રકાશન માટે દાન આપેલું. આમ આ

બંને ગ્રંથો પ્રકાશિત થતાંની સાથે ઘણાનું ધ્યાન ખેંચે છે. ધીરુભાઈ એક વિવેચક સંશોધક તરીકે ગુજરાતી સાહિત્યમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી શકેલા. આ પછી એમની વિવેચનપ્રવૃત્તિ સાતત્યપૂર્વક ચાલતી રહે છે.

ધીરુભાઈને નાટકમાં હંમેશાં રસ રહ્યો હતો. વળી એમની નાટ્યરુચિને પ્રોત્સાહન મળતું રહે એવા પ્રસંગો આવતા રહેલા. ભારત સરકારે 1954માં આંતરયુનિવર્સિટી યુવક મહોત્સવો પ્રતિ વર્ષ યોજવાની નીતિ ઘડી હતી. જોકે આ વિચાર મુખ્યત્વે પ્રોફેસર ગુરુદયાલ સોંધીને આવેલો. પંજાબની સરકારી કૉલેજના આચાર્યપદેથી નિવૃત્ત થયા બાદ પ્રોફેસર ગુરુદયાલ કેન્દ્ર-સરકારના શિક્ષણ મંત્રાલયના યુવક કલ્યાણ વિભાગમાં સલાહકાર તરીકે નિમાયા હતા. એ માનતા હતા કે પ્રત્યેક કૉલેજમાં અને યુનિવર્સિટીમાં કલા અને સંસ્કૃતિનું સુરુચિપૂર્ણ અને પ્રશિષ્ટ વાતાવરણ બંધાય એ માટે પ્રોફેસરોને જરૂરી તાલીમ આપવી જોઈએ. આના અનુસંધાનમાં એમણે 1955ના મેમાં સિમલાની પાસે આવેલા સુબાથુ નામના એમના જ નાનકડા ગામમાં એક મહિનાનો નાટ્યતાલીમ શિબિર યોજ્યો હતો. ગુજરાત યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ધીરુભાઈ અને પ્રોફેસર વી. જે. ત્રિવેદીને એ શિબિરમાં મોકલવામાં આવેલા.

પ્રાકૃતિક વાતાવરણમાં, હિમાલયની પર્વતમાળાની ગોદમાં એક નાનકડા ગામમાં દેશની યુનિવર્સિટીઓમાંથી આવેલા વિદ્વાન અધ્યાપકો અને કવિઓ સાથે રહેવાનો અનેરો લાભ ધીરુભાઈને મળેલો. કુલ ત્રીસેક અધ્યાપકો આવેલા. ગુજરાતમાંથી રતુભાઈ પરીખ (સૂરત) પણ હતા અને બરોડા યુનિવર્સિટીમાંથી રમેશ ભટ્ટ અને ઊર્મિલાબહેન ક્ષત્રિય (જે પછી જાણીતાં નટી બનેલાં) આવેલાં. મુંબઈથી વસંત બાપટ અને ઉદેપુરથી નંદ ચતુર્વેદી જેવા કવિ અધ્યાપકો પણ હાજર હતા. ચંડીગઢથી કે. સી. આનંદ અને પતિયાલાથી સૂરજિતસિંહ આવ્યા હતા. શિબિરના નિયામક તરીકે, લંડનની રૉયલ એકેડેમી ઑફ ડ્રામેટિક આર્ટમાંથી તાલીમ લઈને હજી હમણાં જ ભારત આવેલા ઇબ્રાહિમ અલકાઝી હતા. તેમની મદદમાં તેમનાં પત્ની રોશન અલકાઝી અને અંગ્રેજી કવિ લેખક પ્રોફેસર નિસ્સીમ ઇઝીકિલ હતાં. પ્રોફેસર ગુરુદયાલે શિબિરનો હેતુ બરાબર સમજાવ્યો હતો. બધા અહીંથી તાલીમ લઈને પોતપોતાની કૉલેજોમાં તાલીમ શિબિરો ગોઠવવાના હતા અને વિદ્યાર્થીઓને યુવક મહોત્સવો માટે તૈયાર કરવાના હતા. ભારતની અસ્મિતા આવા આંતરયુનિવર્સિટી યુવક મહોત્સવો દ્વારા પ્રસરે એવો આશય હતો. ભારતની સંસ્કૃતિમાં રહેલી વિવિધતાનાં દર્શન આમ મનોરંજન સાથે લોકો સુધી પણ પહોંચે એ જરૂરી હતું. પ્રોફેસર ગુરુદયાલનું વ્યક્તિત્વ ધીરુભાઈને ગમી ગયેલું. છ ફૂટ ઊંચાઈ ધરાવતો ગોરો માણસ મુખમાં પાઇપ, માથે 'પી' કૅપ, હાથમાં લાકડી, ઘેરો અને રણકતો અવાજ, મજાક સાથે ગંભીરતા પણ એટલી જ. શિબિરના સંચાલક

અલકાઝી પણ બહુ જાણકાર, વિદ્વાન, સુંદર અને જુવાન કલાકાર તરીકે ગમી જાય એવા. પશ્ચિમમાં બહુ સન્નિવેશ વગર સરસ નાટકો ભજવાય છે એ વાત એમણે કરેલી જે આપણા માટે ત્યારે નવી હતી.

નાટ્ય શિબિરના તો અનેક અનુભવો ધીરુભાઈએ 'સ્મરણમાધુરી'માં વર્ણવ્યા જ છે. નાનકડું ગામ, ચારે બાજુ લીલાછમ પહાડો, નીરવ એકાંતમાં ઊતરી આવતી સુંદર સાંજ, મિત્રો સાથે ચર્ચા અને કાવ્યપાઠ. તાલીમના ભાગ રૂપે અલકાઝીએ જુલિયસ સીઝર નાટક ભજવાનું સોંપેલું. ધીરુભાઈને ફાળે જુલિયસ સીઝરનો રોલ આવેલો. એમણે ભજવેલો એ પાઠ એમને સદાને માટે યાદ રહી ગયેલો. એની વાત કરતાં એમના ચહેરા પર છલકાઈ આવતો આનંદ એક જુદા જ ધીરુભાઈનો પરિચય કરાવતો હતો.

શિબિરમાંથી પરત આવ્યા પછી કૉલેજોને આવરી લઈને ધીરુભાઈએ યુનિવર્સિટી દ્વારા 1956ના ઉનાળામાં પોરબંદર ખાતે પહેલો નાટ્યતાલીમ શિબિર યોજ્યો હતો. જેમાં એમને જયશંકર સુંદરી, ચંદ્રવદન મહેતા અને ધનંજય ઠાકર જેવા નાટ્યવિદોનો સહકાર મળેલો. દ્વિજેન્દ્રલાલ રૉયના 'શાહજહાં' નાટકનો ઝવેરચંદ મેઘાણીએ કરેલો ગુજરાતી અનુવાદ તાલીમ દરમિયાન ભજવેલો. બીજે વર્ષે સૂરતની એમ.ટી.બી.કૉલેજમાં આ શિબિર યોજેલો. પછીનાં છ-સાત વર્ષ પણ માઉન્ટ આબુ અને નારગોલ ખાતે નાટ્યતાલીમ શિબિરો યોજાતા રહેલા. 1972 સુધી નાટ્યતાલીમનું આવું વાતાવરણ ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાં અધ્યાપકો દ્વારા પહોંચ્યું હતું. વિદ્યાર્થીઓ નાટક-સંગીત અને નૃત્ય જેવા કાર્યક્રમો પોતે જ તૈયાર કરે અને ભાડૂતી કલાકારો ન લાવે એવો આ શિબિરો પાછળનો આશય ઘણું મથવા છતાં સફળ થયો ન હતો. ધીરુભાઈએ આ વિશેનો ખેદ એમનાં વ્યાખ્યાનોમાં પણ વારંવાર વ્યક્ત કરેલો.

*

ઘણાં વર્ષો સુધી મૅટ્રિકની પરીક્ષા મુંબઈ યુનિવર્સિટી લેતી હતી પણ 1956થી એ પરીક્ષા મુંબઈ સરકારે પોતાને હસ્તક લઈને 'સેકન્ડરી સ્કૂલ સર્ટિફિકેટ પરીક્ષા' (SSCE) એવું નામ આપેલું. પરીક્ષાનું આખું તંત્ર પૂના ખાતે ગોઠવેલું. કૉલેજોના અધ્યાપકોને પરીક્ષાના મૉડરેટર તરીકે પૂના બોલાવવામાં આવતા. પેપર તપાસવાનું પૂરું ન થાય ત્યાં સુધી આશરે એક મહિનો પૂનામાં રોકાવું પડતું. ધીરુભાઈને 1957 અને 1958ના ઉનાળામાં બે વાર પૂના જવાનું અને એક એક માસ રોકાવાનું બનેલું. 1958માં ધીરુભાઈ સહકુટુંબ પૂના ગયેલા ત્યારે એમની દસ મહિનાની પુત્રી હિના માંદી પડી ગયેલી. એમના નાના પુત્ર દિલીપના જન્મ પછી હિનાનો જન્મ ચૌદ વર્ષ બાદ થયો હતો. પૂનામાં મૉડરેટર તરીકે કામ કરતી વખતે પરીક્ષકોની

બેદરકારીના અને બેજવાબદારીના કેટલાક કિસ્સાઓ સામે આવેલા. ધીરુભાઈ જેવા શિસ્તમાં કામ કરનાર અધ્યાપકને આ વાત બહુ ખટકતી. એક અધ્યાપકે તો તપાસેલી ઉત્તરવહીઓની વચ્ચે એક થોકડો નહીં તપાસેલી ઉત્તરવહીઓનો પણ મોકલી આપેલો. પછી એ થોકડો ન જડતાં ઘરમાં ચોરી થતાં ઉત્તરવહીઓ ચોરાઈ ગયાનું જણાવેલું. બોર્ડે એ અધ્યાપકને છેક રાજકોટથી પૂના બોલાવેલા અને એમની બેદરકારી બતાવેલી.

ગુજરાત કૉલેજમાં વર્ષો સુધી ધીરુભાઈએ પ્રોફેસર અનંતરાય રાવળ અને ઇન્દ્રવદન દવે સાથે કામ કરેલું. પ્રોફેસર દવે રાજીનામું આપીને પોરબંદરની મહિલા કૉલેજમાં ગયેલા તો રાવળસાહેબ પચ્ચીસ વર્ષ ગુજરાત કૉલેજમાં રહ્યા પછી, આચાર્ય તરીકે બઢતી મળતાં જામનગરની સરકારી કૉલેજમાં ગયેલા. હવે જાણે ધીરુભાઈ કૉલેજમાં એકલાપણું અનુભવતા હતા. રાવળસાહેબનો પ્રેમાદર અને હૂંફભર્યો સંબંધ યાદ આવતો. રાવળસાહેબ પછી ભાષા નિયામક બનેલા અને છેલ્લે ગુજરાત યુનિવર્સિટીના ભાષાભવનમાં અધ્યક્ષપદેથી નિવૃત્ત થયેલા. ગુજરાત કૉલેજમાં ગુજરાતી વિભાગમાં રાવળ સાહેબના ગયા પછી તંત્ર દ્વારા કેટલાક અન્યાયકારી ફેરફારો થયા હતા. સરકારી નોકરીમાં કંઈ ને કંઈ ખટપટો ચાલતી જ હોય છે પણ ધીરુભાઈને એમાં રસ નહોતો. હવે એ ત્યાં કંઈક ઉદાસ મને કામ કરતા હતા. 1959નું એ વર્ષ હતું. ધીરુભાઈનું ભાગ્યચક્ર પણ બદલાવાનું હતું. એની એમને કે કોઈનેય ક્યાં જાણ હતી ?

દ્વિભાષી મુંબઈ રાજ્યનું એ છેલ્લું વર્ષ. રાજ્ય-સરકારે ગુજરાતી અને મરાઠી લેખકોને મહારાષ્ટ્ર તથા વિદર્ભના પ્રદેશોમાં ટૂર પર લઈ જવાનો કાર્યક્રમ માહિતી ખાતા તરફથી ગોઠવ્યો હતો. આ પ્રવાસ ધીરુભાઈ માટે આનંદદાયક હોવા સાથે દિશા બદલનારો પણ હતો. પ્રવાસમાં આટલા લેખકો સામેલ હતા : ચુનીલાલ વ. શાહ, મનુભાઈ જોધાણી, જયભિખ્ખુ, નગીનદાસ પારેખ, યશવંત શુક્લ, પન્નાલાલ પટેલ, ઈશ્વર પેટલીકર, પીતાંબર પટેલ, બાલમુકુંદ દવે, સુભદ્રા ગાંધી, હસિત બૂચ, બકુલ ત્રિપાઠી (આ બધાં અમદાવાદથી જોડાયાં હતાં). મુંબઈથી હીરાબહેન પાઠક, સારંગ બારોટ અને વિઠ્ઠલ પંડ્યા તથા મોડાસાથી રમણલાલ સોની પણ હતાં. આટલા બધા લેખકો સાથે પ્રવાસ કરવાનો આનંદ જ કંઈ અનેરો હતો.

પ્રવાસ દરમિયાન એક દિવસ રમણલાલ સોનીએ ધીરુભાઈને કહ્યું કે – ‘મોડાસામાં અમે 1960ના જૂનથી આટર્સ અને સાયન્સ કૉલેજ શરૂ કરીએ છીએ તમે એના આચાર્ય તરીકે જોડાઓ અને મોડાસા આવો – એવી અમારી વિનંતી છે.’ ધીરુભાઈએ એ વાતને બહુ ગંભીરતાથી લીધી નહોતી પણ એમ કહેલું ખરું કે – ‘મને સરકારી નોકરીમાં વીસ વર્ષ થયાં છે એટલે પેન્શનનો લાભ મારે લેવો

હોય તો હું રાજીનામું મૂકીને મોડાસા ન આવી શકું પરંતુ મોડાસાની સંસ્થા સરકાર પાસે મારી નોકરી ઉછીની માંગે તો હું તમારું નિમંત્રણ સ્વીકારી શકું.' રમણલાલ સોનીએ કહેલું કે અમારી એવી પણ તૈયારી છે. પ્રવાસથી આવ્યા પછી ધીરુભાઈ તો એ વાત ભૂલી ગયેલા પણ એક દિવસ ગુજરાત યુનિવર્સિટીના રજિસ્ટ્રાર રહેલા અને ધીરુભાઈના મિત્ર જેવા કંચનલાલ પરીખે ધીરુભાઈને એક સાંજે એમના ઘરે જમવા બોલાવેલા. ધીરુભાઈ ત્યાં ગયા ત્યારે ખબર પડી કે મોડાસામાં કૉલેજ કરવા માટે સ્થપાયેલ મથુરદાસ લાલજીભાઈ ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળના પ્રમુખ શ્રી રાયચંદભાઈ શાહ ત્યાં હાજર હતા. જમતાં જમતાં ઘણી વાતો થઈ. રાયચંદભાઈએ કહેલું કે – 'અમારે તમારા જેવા અનુભવી માણસની જરૂર છે અને તે માટે અમે સરકાર પાસે માગણી કરીશું.' 1960નો માર્ચ મહિનો હતો. હજી દ્વિભાષી મુંબઈ રાજ્ય હતું. એના શિક્ષણ મંત્રી હિતેન્દ્ર દેસાઈ હતા. મોડાસા કૉલેજના સંચાલકમંડળે શિક્ષણમંત્રીને લેખિત વિનંતી મોકલી આપેલી. પૂનાથી શિક્ષણ નિયામકે ધીરુભાઈને પુછાવ્યું કે – 'તમે પ્રતિનિયુક્તિ (ડેપ્યુટેશન) પર જવા તૈયાર છો ?' ધીરુભાઈએ હકારમાં જવાબ મોકલી આપેલો. સરકારે એમને બે વર્ષ માટે મોડાસા મોકલવાની વાત સ્વીકારી અને મોડાસા કેળવણી મંડળને જાણ કરી દીધેલી. સરકારી કચેરીના ઠરાવ પ્રમાણે ધીરુભાઈ 1960ના એપ્રિલની અધવચ્ચે ગુજરાત કૉલેજમાંથી છૂટા થઈને મોડાસા જવા પ્રયાણ કરે છે.

* * *

# 8

# વિદ્યાયજ્ઞના આચાર્ય, મોડાસા (1)

'મુંબઈ અને અમદાવાદની કૉલેજોમાં શિક્ષણકાર્ય કરતાં કરતાં ધીરુભાઈ ઠાકરે કેળવણીનું જે તત્ત્વદર્શન વિકસાવ્યું, તેને વધુ વ્યાપક સામાજિક પરિવેશમાં અજમાવવા વર્ષ 1960માં મોડાસા જેવા અંતરિયાળ, કસબાના ગામમાં, આર્ટ્સ-સાયન્સ કૉલેજના સ્થાપક આચાર્યની કામગીરી સ્વીકારી અને આમ ગુજરાત ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે એક નવીન ઉપક્રમ (INNOVATION) આદર્યો.

મોડાસાની કૉલેજના એ ઔપચારિક રીતે તો આચાર્ય હતા ખરા; પણ શૈક્ષણિક, મનોવૈજ્ઞાનિક, સામાજિક અને તાત્વિક દૃષ્ટિએ એ આચાર્યપદના ઔપચારિક સીમાડામાં પુરાઈ રહેલા નહોતા. એ હોદ્દાની વૈધિક સરહદોની પાર જોઈ શકતા હતા. એ મોડાસા પ્રદેશના સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને વ્યવહારુ જીવનના અભ્યાસી બન્યા. લોકજીવનનાં વિવિધ પાસાં, પરિમાણો, પ્રશ્નો અને અપેક્ષાઓનો એમણે સહાનુભૂતિથી અભ્યાસ કર્યો. પ્રદેશના સર્વતોમુખી વિકાસમાં ઉચ્ચ શિક્ષણ કેવી રીતે સહાયક નીવડી શકે એનો એમણે નકશો આંક્યો હતો...ધીરુભાઈએ પ્રયોગશીલ અભિગમ અપનાવી, પોતાના થકી, કૉલેજના સંચાલક મંડળ, અધ્યાપકો અને વિદ્યાર્થીઓને સાંકળી લઈને, કૉલેજના શિક્ષણકાર્ય માટે વિશાળ પટ ધરાવતું એક આગવું પોત (curriculum) વિકસાવ્યું. એને અમલમાં મૂક્યું અને એના દ્વારા ઘડાયેલાં એ પ્રદેશનાં યુવાનો અને યુવતીઓ, વિશેષ કરીને સમાજના પછાત અને અણવિકસિત વર્ગો; એમાંય આદિવાસીઓ, દલિતો, ખેતમજૂરો જેવા તબક્કાઓના વિદ્યાર્થીઓ સમાજમાં જોડાતા ગયા, સમાજના વિકાસમાં ફાળો આપતા ગયા અને કેટલાકે તો સામાજિક, રાજકીય નેતૃત્વ પણ સંભાળ્યું. આ પરિણામ હતું ધીરુભાઈના વ્યવહારવાદના સક્રિય તત્વદર્શનનું.'

(ડૉ. દાઉદભાઈ ઘાંચી, 'સવ્યાસાચી : સ્મરણદીપના પ્રકાશમાં', પૃ. 16-17)

આ જીવનકથાના વાચકને એ યાદ અપાવીએ કે ધીરુભાઈએ ગુજરાત

કૉલેજ અને અમદાવાદ છોડ્યાં ત્યારે એમની પાસે અમદાવાદમાં રોકાઈ જવાનાં કેટલાંક મહત્વનાં કારણો હતાં. જેમકે ગુજરાત કૉલેજમાં એમને મળેલા વિદ્યાર્થીઓ જે પછી કવિઓ-લેખકો થયા – એ સૌનો ધીરુભાઈ માટેનો પ્રેમાદર અકબંધ હતો. એ વિદ્યાર્થીઓ પણ કેવા ! લાભશંકર ઠાકર, રાધેશ્યામ શર્મા, કુમારપાળ દેસાઈ, ચંદ્રકાન્ત શેઠ, મહેશ દવે વગેરે. લેખનક્ષેત્રે પણ એમણે લખેલા બે ગ્રંથો વિદ્યાર્થીઓમાં ખૂબ વંચાતા હતા.

1. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ

2. અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા

અમદાવાદમાં રહીને, મોટા ગ્રંથાલયોનો લાભ લઈને આવા પ્રકારનું વધુ લેખન કરી શકાય એમ હતું. એમના બંને દીકરા – ભરત અને દિલીપ હાઈસ્કૂલનું શિક્ષણ પૂરું કરીને કૉલેજમાં અભ્યાસ કરતા હતા. પરિવાર બરાબર ઠરીઠામ થયેલો હતો અને નદીની પશ્ચિમે વિકસી રહેલું નવું અમદાવાદ રમણીય હતું. ગુજરાત યુનિવર્સિટીની કૉલેજોના અધ્યાપકોમાં ધીરુભાઈ જેવા વિદ્વાન અને સિનિયર અધ્યાપકનું હોવું સન્માનજનક હતું. તેમ છતાં ધીરુભાઈએ મોડાસા જવાનો નિર્ણય કેમ કર્યો હશે એવો પ્રશ્ન થાય એ સહજ છે. આગળ ઉપર વાચકને એનો જવાબ જરૂર મળી રહેશે.

ધીરુભાઈનો ઉછેર બહુધા કસબા જેવાં ગામડાંઓમાં થયો હતો. ગ્રામજીવનના એમને સુખદ અનુભવો હતા. ગામડાની અગવડોથી એ ટેવાયેલા હતા. અગવડો કે અભાવો એમણે પાર કરી લીધાં હતાં. મુંબઈ અને અમદાવાદની સરકારી કૉલેજોમાં વીસ વર્ષનો અનુભવ લીધા પછી એ ઘણું શીખ્યા હતા. ગુજરાત કૉલેજમાં અઢાર વર્ષ ધીરુભાઈના જીવનના સુવર્ણકાળ સમાં હતાં. ઉત્તમ મિત્રો, તેજસ્વી વિદ્યાર્થીઓ અને કીમતી સંબંધોની સોગાત અમદાવાદ નિવાસ દરમિયાન મળ્યાં હતાં. એ વર્ષોમાં મોડાસા પણ એક અણવિકસિત કસબા જેવું હતું એમ કહી શકાય. જોકે ધીરુભાઈએ સંચાલક મંડળની શિક્ષણ માટેની ખરી તરસ હોવાની ખાતરી મેળવી હતી. મોડાસા જવા અંગે ધીરુભાઈએ પોતે જણાવેલ કારણો એમના જ શબ્દોમાં નોંધીએ :

'ગુજરાત કૉલેજે મને અત્યંત કીમતી અનુભવ અને સંબંધોની ભેટ આપી હતી. મારા જીવનનો એ સુવર્ણકાળ હતો. પણ સરકારી નિયમો અને તંત્રની જડતા, સંકુચિતતાથી મારું મન ગૂંગળાતું હતું. મોડાસામાં મારે આચાર્ય તરીકે ડેપ્યુટેશન પર જવાનું હતું. મને કામ કરવાની સ્વતંત્રતા મળવાની હતી, મારા ચિત્તમાં ઉચ્ચ શિક્ષણ વિશે જે વિચારો રમતા હતા એને અમલમાં મૂકવાની તક મને મળવાની હતી એટલે જવાનું નક્કી કરેલું.

ત્યારે શિક્ષણમાં રાજકારણનો પગપેસારો ખાસ થયો ન હતો. વળી 'મારી રીતે કામ કરવા મળશે' એવી પૂર્વશરતે જ હું મોડાસા ગયો હતો. એ સમયગાળો એવો હતો કે તમે ઇચ્છો એવા શક્તિવંત, પ્રતિભાવંત વિદ્વાન અધ્યાપકોને તમે સામેથી સંસ્થામાં બોલાવી શકતા. ત્યારે શિક્ષણમાં કે જીવનનાં અન્ય ક્ષેત્રોમાં આજના જેટલો (2013) મૂલ્યહ્રાસ થયો નહોતો. શિક્ષણસંસ્થા માટે મારી પોતાની એક ફોર્મ્યુલા હતી :

1. વિદ્યાર્થી શિક્ષણસંસ્થાનું હૃદય છે.

2. અધ્યાપક તેની બુદ્ધિ

3. મૅનેજમેન્ટ હાથપગ

4. લૅબોરેટરી અને લાઇબ્રેરી તેનાં ફેફસાં છે.

5. પ્રિન્સિપાલ શિક્ષણસંસ્થાનું મુખ છે.

મોડાસા વિસ્તાર એટલો પછાત હતો કે શિક્ષણ વિશે ત્યાંની પ્રજાને કોઈ ખ્યાલ જ નહોતો. અમે સામાજિક કાર્યકરોની જેમ આદિવાસી વિસ્તારોમાં ફરી ફરીને લોકોને કૉલેજના ભણતર વિશે સમજાવતા. વિદ્યાર્થીઓ લઈ આવતા. પહેલા વર્ષે 150 વિદ્યાર્થી મેળવી શકેલા. પણ 1978માં હું નિવૃત્ત થયો ત્યારે પાંચ વિદ્યાશાખાના મળીને 3000 વિદ્યાર્થી હતા. ઉમાશંકર જોશી મોડાસાને ઉત્તર ગુજરાતનું ઓક્સફર્ડ કહેતા.'

(શરીફા વીજળીવાળાએ લીધેલો ઇન્ટરવ્યૂ, 'નવનીત સમર્પણ', માર્ચ-2013)

ધીરુભાઈ કૉલેજના નિમિત્તે 1960માં મોડાસા ગયા એ પહેલાં બે-એક વખત જયભિખ્ખુ સાથે રમણલાલ સોનીને ત્યાં જઈ આવેલા. રમણલાલ સોની મોડાસા હાઈસ્કૂલમાં શિક્ષક હતા અને મૅટ્રિક્યુલેશનની પરીક્ષામાં પરીક્ષક તરીકે નિમાતા ત્યારે મુંબઈમાં રમણલાલ સાથે મળવાનું થયેલું અને મિત્રતા પણ બંધાઈ હતી. એટલે પહેલી વાર જ્યારે ધીરુભાઈ આચાર્ય તરીકે મોડાસા પહોંચ્યા ત્યારે રમણલાલ સોનીને ત્યાં ઊતરેલા અને આમેય મોડાસા કૉલેજમાં જોડાવાનું નિમંત્રણ પણ એમને રમણલાલ સોનીએ જ આપેલું. બાળસાહિત્યના લેખક તરીકે રમણલાલ સોની ગુજરાતમાં જાણીતા હતા. શરૂઆતના દિવસોમાં ધીરુભાઈને રમણલાલ સોનીએ મોડાસા વિશે, આસપાસના પ્રદેશ વિશે અને સંચાલક મંડળ વિશે ઘણી ઉપયોગી માહિતી આપી હતી.

મોડાસા, તલોદ રેલવેસ્ટેશનથી ત્રીસ માઈલ દૂર હતું. અમદાવાદ મોડાસાને જોડતી એક પાતળી સડક બનેલી હતી. એ આખો વિસ્તાર પછાત ગણાતો હતો. મોટા ભાગે આકાશી ખેતી અને પશુપાલન પર નભતા ગામડાંના લોકો પ્રમાણમાં

ગરીબ હતા. શિક્ષણ અને તેમાંયે કૉલેજનું શિક્ષણ મેળવવાની એમને ન તો સમજ હતી કે ન એવી કોઈ દરકાર હતી. બે ટંકનું ખાવાનું મળે એટલું કમાઈ લેવાનું અને ઘરસંસાર ચલાવવાનો એટલી જ એમની પહોંચ હતી.

મથુરદાસ લાલજીભાઈ ગાંધી એ પ્રદેશના અગ્રણી સામાજિક કાર્યકર અને બાહોશ સ્વાતંત્ર્યસેનાની હતા. મોડાસા ઈડર સ્ટેટમાં ગણાતું. આખો પ્રદેશ સાબરકાંઠાના નામે ઓળખાતો. મથુરદાસે આ વિસ્તારની પ્રજામાં રાજકીય અને સામાજિક જાગૃતિ લાવવા માટે લોકકલ્યાણની પ્રવૃત્તિઓ તથા એ માટે કેટલાક કાર્યકરો તૈયાર કર્યા હતા. મોડાસા જેવા કસબામાં સરકારી હૉસ્પિટલને ટક્કર મારે તેવી અદ્યતન સુવિધાઓવાળી સાર્વજનિક હૉસ્પિટલ એમણે સ્થાપેલી. ગુજરાતની જૂની અને ઉચ્ચ શૈક્ષણિક પરંપરા ધરાવતી પ્રથમ પંક્તિની થોડીક માધ્યમિક શાળાઓમાં જેની ગણના થાય એવી એક હાઈસ્કૂલ પણ એમણે મોડાસામાં સ્થાપી હતી. મથુરદાસના પરિવારે આ વિસ્તાર માટે નિઃસ્વાર્થ સેવાઓ આપી હતી એને ધ્યાનમાં લઈને કૉલેજ સંચાલક મંડળે સંચાલક મંડળનું નામ 'મથુરદાસ લાલજીભાઈ ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ, મોડાસા' એવું રાખ્યું હતું. સ્કૂલનું સંચાલક મંડળ જુદું હતું. (એનું નામ 'મોડાસા કેળવણી મંડળ'.)

મોડાસામાં મુસ્લિમ સમેત અનેક કોમના માણસો વસતા હતા. એમાં વણિકો વેપારધંધા અર્થે છેક મુંબઈ સુધી જતા હતા એટલે આગળ પડતા ગણાતા. આપણે ત્યાં મોટા ભાગે બધે હોય છે એમ એક જ જ્ઞાતિમાં બે જૂથ અહીં પણ હતાં. એક જૂથ તે ખડાયતા વણિકોનું અને બીજું જૂથ તે દશાનીમા વણિકોનું. જોકે કૉલેજના કામમાં બંને જૂથોએ સતત સાથે રહીને કામ કરેલું. હૉસ્પિટલમાં ડૉક્ટર તરીકે રસિકલાલ શાહ હતા. આ પ્રદેશને ઉત્તમ દાક્તરી સેવાઓ આપવામાં એમણે અથાગ મહેનત કરેલી. એ પછી ડૉક્ટર ડી. એમ. દવે આવેલા. તેઓ પણ નિઃસ્વાર્થ ભાવે ઉત્તમ સેવાઓ આપતા. કૉલેજની સ્થાપનાના પાયામાં સૌથી વધુ યોગદાન રાયચંદભાઈ શાહનું હતું. તેઓ મંડળના સ્થાપક પ્રમુખ હતા. રાયચંદભાઈ મુંબઈમાં વકીલાત કરતા હતા. મોડાસાના મિત્રોનો સાથ મળતાં રાયચંદભાઈએ ભંડોળ એકઠું કરીને આર્ટ્સ અને સાયન્સ કૉલેજ શરૂ કરવા માટે અરજી કરેલી. આર્ટ્સ કૉલેજ માટે ધનસુરાના અગ્રણી સોમાલાલ કસ્તૂરદાસ શાહે રૂપિયા બે લાખનું દાન આપેલું. મુંબઈમાં એમની ભાગીદારીમાં શ્રીકૃષ્ણ ઑઇલ મિલ ચાલતી હતી. એમની ઇચ્છા કૉલેજ સાથે ઑઇલ મિલનું નામ જોડવાની હતી. ધીરુભાઈએ એમને સમજાવેલું કે આમ કરવાથી નામ બહુ લાંબું થાય અને બેહૂદું લાગે. છેવટે નામ નક્કી થયું 'શ્રી એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ.' સાયન્સ કૉલેજ માટે બહુ જાણીતા દાતા સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસ તરફથી રૂપિયા પાંચ લાખનું દાન મળેલું. હૉસ્ટેલનો એક બ્લૉક બનાવવા માટે રાયચંદભાઈએ દાન

આપેલું તો પ્રયોગશાળા માટે એક દેસાઈ પરિવારે અને પુસ્તકાલય માટે ધનસુરાના એક સુજ્ઞ પરિવારે દાન આપેલાં. આ ઉપરાંત પણ નાનીમોટી દાનની રકમ સતત મળતી રહેલી.

શરૂઆતનાં બે વર્ષ કૉલેજ સ્કૂલના મકાનમાં બેસતી હતી. મંડળે કૉલેજના કૅમ્પસ માટે મોડાસા–ધનસુરા–અમદાવાદ રોડ પર 25થી 30 એકર જમીન લઈ રાખી હતી. બધી જ જમીન ખેતરાઉ હતી. મોડાસા બસસ્ટૅન્ડથી મોડાસાની બહાર બે કિલોમીટર દૂર કૉલેજ કૅમ્પસની આ જગા નિર્ધારિત થઈ હતી. આયોજકો જાગૃત હતા અને ધીરુભાઈના માર્ગદર્શનમાં સારાં બાંધકામો દર વર્ષે બંધાતાં આવતાં હતાં. સૌથી પહેલાં વિદ્યાર્થીઓ માટે હૉસ્ટેલનો એક બ્લૉક બાંધ્યા પછી આર્ટ્સ અને સાયન્સ કૉલેજના બે નોખાં મકાનો કાટખૂણે બંધાયાં હતાં. હૉસ્ટેલ માટેની દસબાર એકર જગ્યા ભેરુંડા જવાના રોડની ડાબી બાજુએ રાખેલી અને જમણી બાજુએ વિશાળ જગ્યામાં કૉલેજોનાં મકાનો ક્રમશઃ બંધાતાં જતાં હતાં. હૉસ્ટેલના બીજા ત્રણ બ્લૉક બંધાયા પછી રેક્ટરનો બંગલો પણ બાંધવામાં આવેલો. રેક્ટરનો બંગલો હૉસ્ટેલના પ્રવેશ દ્વાર સામે જ હતો. જોકે એ બંગલામાં પછીથી ધીરુભાઈ ઠાકર પોતે રહેવા આવેલા. રેક્ટરને હૉસ્ટેલના એક બ્લૉકના બીજા માળે ત્રણ-ચાર રૂમ ફાળવી આપેલા. પછીનાં વર્ષોમાં કૉમર્સ કૉલેજ થઈ. બી.એડ. કૉલેજ (1968) પણ થઈ અને છેલ્લે 1973માં લૉ કૉલેજ બની હતી. આ ઉપરાંત અધ્યાપકોના નિવાસો, મહિલા છાત્રાલયો, મોટું પુસ્તકાલય, કેન્ટિન, મ્યુઝિયમ, નાટ્યગૃહ, પેવેલિયન, બોટનિકલ ગાર્ડન, પાણીના બે કૂવા, અતિથિગૃહ અને આરોગ્યકેન્દ્ર પણ બાંધવામાં આવેલું. યુજીસીના અનુદાનની રકમ એક કરોડથી વધારે મેળવી શકાઈ હતી. સંચાલક મંડળ રાજી થઈને ‘મૅચિંગ શૅર’ આપતું હતું. ઉત્તમ અધ્યાપકો રાખી શકાયા હતા અને યુજીસીએ નિર્ધારિત કરેલાં વિદ્યાકીય ધોરણો સાચવવાનું કામ બહુ ચીવટપૂર્વક થતું હતું. આ તો વાત થઈ કૉલેજ કૅમ્પસ પર ઉપલબ્ધ મકાન આદિની સુવિધાઓની. ખરું કામ તો ગુણવત્તાવાળું શિક્ષણ આપવાનું અને સાથે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ કલાક્ષેત્રો માટે તૈયાર કરવાનું હતું.

1960નું વર્ષ ગુજરાત રાજ્યની સ્થાપનાનું વર્ષ હોવાથી ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. એ વર્ષમાં તાલુકા કેન્દ્રોમાં અને નાનાં-મોટાં શહેરોમાં સંખ્યાબંધ કૉલેજો ખૂલી હતી. ગ્રામવિસ્તારોમાં પણ નજીક નજીકના કસબાઓમાં કૉલેજ શરૂ કરવાનો ઉત્સાહ વર્તાતો હતો. મોડાસાની સાથે એ વર્ષે, તલોદમાં, મહેસાણા જિલ્લામાં પિલવાઈ અને માણસામાં, ખેડા જિલ્લામાં બોરસદ અને ભાદરણ, વડોદરા જિલ્લામાં સંખેડા અને ડભોઈમાં કૉલેજો ખૂલી હતી. અમદાવાદમાં પણ સંખ્યાબંધ કૉલેજો એ વર્ષે ઉમેરાઈ હતી. આના કારણે ખાસ કરીને અંગ્રેજી અને અર્થશાસ્ત્ર જેવા વિષયોમાં અધ્યાપકોની ખેંચ પડવા માંડેલી. થોડો વધારે પગાર આપીને ઉત્તમ

ગુણવત્તાવાળા અધ્યાપકોની નિમણૂક કરવાનું ધીરુભાઈએ અને સંચાલક મંડળે ઠરાવ્યું હતું. સાયન્સ કૉલેજના લૅબ વગેરેના આયોજન માટે અને વિભાગના અધ્યક્ષ તરીકે અમદાવાદથી ડૉ. ડી. એન. શાહને બોલાવી લાવ્યા હતા. ગુજરાત કૉલેજમાં વર્ષો સુધી કામ કરતાં કરતાં ડબલ એમ.એ. થઈને અમદાવાદની એક કૉલેજમાં અધ્યાપક બનેલા જે. જે. જોશીને ધીરુભાઈ મોડાસા લઈ આવેલા. ધીરુભાઈની વિચક્ષણતા જુઓ, પ્રૉ. જોશી ઇતિહાસ અને અર્થશાસ્ત્ર બંને વિષયોમાં યોગ્યતા અને પરિપક્વતા ધરાવતા હતા. તો વળી એમને વહીવટી કામનો પણ અનુભવ હતો. આમ આરંભે થોડા અધ્યાપકોની નિમણૂક કરીને જૂનની પંદરમી તારીખે, કૉલેજનું ઉદઘાટન કરવા, નવા રચાયેલા ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી હિતેન્દ્ર દેસાઈને બોલાવ્યા હતા. હાઈસ્કૂલના પ્રાંગણમાં કાર્યક્રમ ગોઠવાયો હતો. કૉલેજ માટેનો ઉત્સાહ ખાસ્સો વર્તાતો હતો. ઉદઘાટન વખતે જ કેટલાંક પારિતોષિકો, ફી માફી તથા આર્થિક સહાયની જાહેરાત કરી દીધી હતી. દરેક વિષયમાં પ્રથમ આવનારને સો રૂપિયાનું પારિતોષિક આપવાની જાહેરાત કરી એ સાથે જ સભામાંથી કેટલાક લોકોએ પોતે એ માટે દાન કરશે એમ નોંધાવ્યું હતું. આગળ નોંધ્યું તેમ પહેલા વર્ષે કુલ મળીને દોઢસો વિદ્યાર્થીઓ હતા. પછાત વર્ગના અને આર્થિક પછાત વર્ગના વિદ્યાર્થીઓની ફી ત્યારે લેવામાં આવતી નહોતી. વળી હૉસ્ટેલમાં રહીને ભણનાર પછાત વર્ગના વિદ્યાર્થીઓને આખું વર્ષ ભોજન બિલ ભરવાનું નહોતું. વર્ષ આખરે એમને સરકાર તરફથી મળનારી શિષ્યવૃત્તિની રકમમાંથી હૉસ્ટેલનું બિલ કાપી લેવામાં આવતું. ક્યારેક સરકાર તરફથી શિષ્યવૃત્તિ ન મળે એવું બનતું ત્યારે એ ખર્ચ સંસ્થા પોતે ઉપાડતી.

એક નાનકડી પણ મહત્વની વાત નોંધવાનું મન થાય છે તે એ છે કે કૉલેજમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધે અને ગામડાં સુધી ઉચ્ચ શિક્ષણ વિશેની સમજણ પ્રસરે એવા હેતુથી ધીરુભાઈ અને સંચાલક મંડળના માણસો (એમાં પ્રમુખ રાયચંદભાઈ અને ઉપપ્રમુખ મગનભાઈ પણ હોય) જીપ લઈને જૂનના પહેલા અઠવાડિયામાં આસપાસનાં ગામોમાં ફરી વળતા. મૅટ્રિકનું પરિણામ આવ્યું હોય એ જ વખતે ધીરુભાઈ અને અધ્યાપકો, મંડળના માણસો ગામડે-ગામડે ફરી વળતા. ધનસુરા, બાયડ, કેમાઈ થઈને સાઠંબા સુધી, માલપુર, મેઘરજ થઈને ઊંડવા સુધી, ટીંટોઈ, શામળાજી થઈને છેક રતનપુર સુધી, રાયગઢ, હિંમતનગર, પ્રાંતિજ, ઈડર થઈને પોશીના સુધી તથા ઈશાનમાં છેક વિજયનગર જેવા અંતરિયાળ વિસ્તાર સુધી વિદ્યાર્થીઓ મેળવવા માટે ખેપ થતી. રૂબરૂ મળીને ફી, સ્કૉલરશિપ, પુસ્તકો, રહેવા-જમવાની સગવડ વગેરે વાતો સારી રીતે સમજાવી શકાતી. મુંબઈ રહેતા મંડળના પ્રમુખ, ઉદ્યોગપતિ, આચાર્ય પોતે અને વિદ્વાન અધ્યાપકો પણ આ કામને મહત્ત્વનું ગણતા. આના કારણે ત્રણ-ચાર વર્ષમાં જ મોડાસાની કૉલેજોમાં વિદ્યાર્થીઓની

સંખ્યા ખૂબ વધવા માંડેલી.

પહેલા દશકામાં કૉલેજમાં નિમાયેલી અધ્યાપકોની એક યાદી કરીએ તો પણ સમજાશે કે મોડાસાની કૉલેજને કેટલા બધા ઉત્તમ અધ્યાપકો મળ્યા હતા. ગુજરાતી વિષયમાં ધીરુભાઈ ઉપરાંત જે. સી. દવે, ટી. આર. શુક્લ, એમ. આઈ. પટેલ અને પ્રાગજીભાઈ ભામ્ભી. અંગ્રેજીમાં પંકજ સોની, મહેન્દ્ર અમીન,

પ્રો. શર્મન, આર. બી. સીંગ અને પ્રો. વાઘેલા પછીનાં વર્ષોમાં પ્રો. ભરત દવે પણ જોડાયા હતા. સંસ્કૃતમાં જિતેન્દ્ર દેસાઈ અને ઋષિરાજ અગ્નિહોત્રીની સેવાઓ એ નિવૃત્ત થયા ત્યાં સુધી ઉપલબ્ધ હતી. એ વિભાગમાં દશરથ વેદિયા અને વિનોદ પુરાણી જોડાયા હતા. મનોવિજ્ઞાનમાં નટુભાઈ શાહ જેવા વિદ્વાન અને સાહિત્યરસિક અધ્યાપક નિવૃત્તિ સુધી સેવા આપતા રહેલા. હિંદીમાં એલ. ડી. જોશી અને ગુણવંત પટેલ, અર્થશાસ્ત્રમાં સુરેશ પટેલ, અમૃત સોની. આમાં મહેન્દ્ર અમીન કવિતા લખતા અને નાટકોના ગુજરાતી અનુવાદ કરતા. કૉલેજમાં નાટ્યપ્રવૃત્તિ એમની દેખરેખ નીચે ચાલતી. પ્રાગજીભાઈ અને અમૃત સોની મોડાસા કૉલેજમાં ભણીને જ ત્યાં અધ્યાપક થયા હતા. પ્રાગજીભાઈ વાર્તાઓ લખતા અને લોકગીતો સરસ રીતે ગાઈ સંભળાવતા. પ્રો.. સોનીને પણ સાહિત્યમાં ઊંડો રસ હતો. 1970 પછી પ્રો. સનત ભટ્ટ અંગ્રેજીમાં અને આપણા ત્રણ આધુનિક કવિઓ જયદેવ શુક્લ (બે વર્ષ માટે), ભૂપેશ અધ્વર્યુ (પાંચ-છ વર્ષ માટે) અને કિશોરસિંહ સોલંકી ગુજરાતીના અધ્યાપક તરીકે પસંદગી પામ્યા હતા. કૉમર્સ કૉલેજ શરૂ થતાં કૉમર્સના અધ્યક્ષ તરીકે પસંદગી પામ્યા હતા.  કૉમર્સના અધ્યક્ષ તરીકે પોતાના વિષયમાં નિષ્ણાત એવા પ્રો. સૈયદ જોડાયા હતા. સાયન્સ કૉલેજના આચાર્ય તરીકે ધીરુભાઈ ગોધરાથી અવિનાશ મુનશીને લઈ આવ્યા હતા. મુનશીસાહેબ ગુજરાતીમાં એકાંકીઓ સારી રીતે લખતા હતા. 1968માં બી.એડ. કૉલેજ સ્થપાઈ. એના આચાર્ય તરીકે ધીરુભાઈ વલ્લભવિદ્યાનગરથી પ્રો. દાઉદભાઈ ઘાંચીને લઈ આવેલા. શિક્ષણશાસ્ત્રી તરીકે, અંગ્રેજીના ઉત્તમ અધ્યાપક તરીકે જાણીતા દાઉદભાઈએ બી.એડ. કૉલેજને એની સર્વોત્તમ ઊંચાઈએ પહોંચાડી હતી. ઉત્તમ શિક્ષકો તૈયાર કરવા માટે દાઉદભાઈ અભ્યાસક્રમો ઉપરાંત વ્યક્તિત્વ વિકાસને લગતી બીજી અનેક પ્રવૃત્તિઓમાં તાલીમાર્થીઓને પળોટતા. દાઉદભાઈ એટલું સખત કામ લેતા કે તાલીમાર્થીઓ બહાર જઈને કહેતા કે – ‘ઘાંચીસાહેબ પીલી પીલીને અમારું તેલ કાઢે છે.’ પરંતુ મોડાસાની બી.એડ. કૉલેજમાં તૈયાર થયેલા સેંકડો તાલીમાર્થીઓ ઉમદા આચાર્યો અને ઉત્તમ શિક્ષકો બન્યાનું ગુજરાત જાણે છે. મોડાસામાં ધીરુભાઈના નામ પછી તરત લેવાતું નામ તે દાઉદભાઈ ઘાંચીનું.

ધીરુભાઈને ખબર હતી કે ગ્રામવિસ્તારમાં કૉલેજને પ્રતિષ્ઠિત કરવી તે કામ

અઘરું છે. પણ અઘરું કામ કેવી રીતે પાર પાડી શકાય એય જાણતા હતા. એટલે એમણે કૉલેજમાં ઉત્તમ શિક્ષણ સાથે બીજી અનેક પ્રવૃત્તિઓ પણ પ્રથમ વર્ષથી જ શરૂ કરી દીધેલી. કૉલેજનું પહેલું વર્ષ હોય અને હજી એનું મકાન પણ ન બન્યું હોય તોય ગુજરાતી સાહિત્ય પરિષદનું પ્રથમ જ્ઞાનસત્ર પોતાના આંગણે બોલાવવાનું સાહસ તો ધીરુભાઈ જ કરી શકે. કનૈયાલાલ મુનશી પાસેથી ઉમાશંકર અને જયંતિ દલાલ વગેરેની નવી પેઢીએ પરિષદનો વહીવટ ચાર-પાંચ વર્ષથી સંભાળ્યો હતો. એનું નવું બંધારણ ઘડાયું હતું. એ પ્રમાણે એક વર્ષે અધિવેશન થાય અને બીજે વર્ષે જ્ઞાનસત્ર ભરાય. જ્ઞાનસત્ર અભ્યાસીઓ અને વિદ્વાનો માટે હોય જ્યારે અધિવેશન સૌ જિજ્ઞાસુઓ અને સાહિત્યરસિકો માટે હોય. એ વખતે પરિષદના પ્રમુખ કાકાસાહેબ કાલેલકર હતા. પરિષદનું પ્રથમ જ્ઞાનસત્ર મોડાસા કૉલેજને આંગણે, કૉલેજની સ્થાપનાના વર્ષે જ ભરાય એ બંને ઐતિહાસિક ઘટનાઓ હતી. ઉમાશંકર જોશી, જયંતિ દલાલ, સુરેશ હ. જોશી, અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, ગુલામ મહંમદ શેખ, જયંત પારેખ જેવા કવિઓ–સર્જકો જ્ઞાનસત્રમાં હાજર રહેલા. જ્ઞાનસત્રનો વિષય હતો 'સાહિત્યમાં મૂલ્યનિષ્ઠા'. કાકાસાહેબે આ વિષય પર પરિસંવાદ પ્રારંભતાં કહેલું કે – સાહિત્યમાં જીવનમૂલ્યોનું ઘણું મહત્વ છે. એની સામે સુરેશ જોશી અને અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ જેવાઓએ કહેલું કે સાહિત્યસર્જનમાં સાહિત્ય સિવાય ઇતર મૂલ્યોને કોઈ સ્થાન નથી. અનિરુદ્ધ એમના મીઠા અવાજમાં અને તર્કબદ્ધ વાકધારાથી બોલેલા. એમના વ્યાખ્યાનની પછીથી ઘણી ચર્ચાઓ થઈ હતી. એમ કહી શકાય કે ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાની જિકર કરતો પ્રથમ વિદ્રોહી અવાજ મોડાસાના જ્ઞાનસત્રમાંથી પ્રગટ્યો હતો.

બરાબર આ જ ગાળામાં ધીરુભાઈને 'ગુજરાત સમાચાર'માં 'સાહિત્ય અને સંસ્કાર' વિભાગમાં સંપાદન-લેખનની જવાબદારી સોંપાઈ હતી. દર રવિવારે સાહિત્યની ગતિવિધિઓ વિશે ધીરુભાઈ લખતા. એમનું આ કૉલમ છએક વર્ષ ચાલેલું. સાહિત્યમાં મૂલ્યબોધની ચર્ચા એમણે આ કૉલમ દ્વારા પણ કરેલી. કવિતામાં પ્રયોગખોરીને એમણે અગંભીર ગણાવી હતી. 'કવિઓ કે વિદૂષકો ?', 'બૂટપોલીસ કરતા કવિઓ', 'આજના આ કવિઓને થયું છે શું ?' આવા લેખો દ્વારા ધીરુભાઈએ 'રે' મઠના કવિઓની વિચિત્ર રીતભાત પરત્વે ટીકા કરેલી, તો વળી જ્યાં જ્યાં નવા પ્રયોગોમાં નૂતન સાહિત્યિક આબોહવાની શક્યતા દેખાતી તો એને વિશે હકારાત્મક લેખો લખ્યા હતા. આ ચર્ચાઓ નિમિત્તે સુરેશ જોષી સાથે ધીરુભાઈને ઘણો વિવાદ થયો હતો. સાહિત્યનાં સ્વરૂપોમાં રૂપવાદી, અસ્તિત્વવાદી અને આધુનિક ચેતના પ્રવાહને દર્શાવતી વિચારધારાઓ વિશે પણ ધીરુભાઈએ તટસ્થભાવે જે લાગ્યું તે લખ્યું હતું. આજેય આટલાં વર્ષો પછી સાહિત્યના અભ્યાસી તરીકે ઘણાને સમજાયું છે કે આધુનિકતાવાદી વલણોમાં ડહોળું પાણી ઘણું હતું. એ નવા પ્રયોગો ત્યારે નવી

પેઢીને ગમ્યા હોય એ સ્વાભાવિક છે. પણ વર્ષો વીતતાં ગયાં એમ આધુનિકતાની મર્યાદાઓ આજે સ્પષ્ટ વર્તાઈ આવી છે. અલબત્ત આધુનિકતાનાં આંદોલનોએ ગુજરાતી સર્જન વિવેચનને પરંપરાની કેટલીક મર્યાદાઓમાંથી મુક્ત કરીને નવી દિશાઓ પણ સુઝાડી છે એ કબૂલ કરવું જોઈએ.

અમદાવાદમાં ધીરુભાઈનો જે સાહિત્ય સ્વાધ્યાય ચાલતો હતો એ મોડાસામાં પણ એમણે ચાલુ રાખેલો. 'ગુજરાત સમાચાર'નો સાહિત્ય વિભાગ બંધ થયો એ પહેલાં ધીરુભાઈએ સાહિત્યની બદલાતી દિશાના બે-એક નિર્દેશો કર્યા હતા. એક તો મધુ રાયની 'ચહેરા'માં ગુજરાતી નવલકથા ધીરુભાઈને કરવટ બદલતી દેખાઈ હતી. એમણે 'ચહેરા'ને આનંદથી આવકારી હતી. રઘુવીર ચૌધરીની 'અમૃતા' નવલકથા બહાર પડી અને તરત જ ધીરુભાઈએ 'ગુજરાત સમાચાર'ની કૉલમમાં એને વિશે લેખ લખેલો. આધુનિક સંવેદના 'અમૃતા'માં અસ્તિત્વવાદી વિચારધારાના સંદર્ભમાં સુચારુ રૂપે અભિવ્યક્તિ પામી હોવાનું નોંધીને ધીરુભાઈએ 'અમૃતા'ના પ્રકાશનને એક અપૂર્વ સાહિત્યિક ઘટના તરીકે બિરદાવી હતી. આ સમીક્ષાના કારણે 'અમૃતા' અને રઘુવીર ચૌધરી તરફ સાહિત્યની દુનિયાનું વિશેષ ધ્યાન દોરાયું હતું. મોડાસામાં બપોરની કૉલેજ હોવાથી ધીરુભાઈ અમદાવાદની જેમ સવારના સાતથી અગિયાર સુધી સાહિત્યનું વાચન-લેખન કરતા. બાકીનો બધો સમય કૉલેજને આપતા. અમદાવાદની જેમ બીજે કશે જવાની દોડાદોડી પણ અહીં નહોતી. અધ્યાપન અને કૉલેજસંચાલન સિવાય બીજે કશે ધ્યાન આપવાનું નહોતું એટલે ચિત્ત પ્રસન્ન અને મુક્ત રહેતું. વળી કૅમ્પસ પર (રેક્ટર બંગલોમાં) રહેવા ગયા એ પછી વધારે સમય મળતો હતો. ખેતરોની વચ્ચે કૉલેજનાં મકાનો હોવાથી વાતાવરણ શાંત અને રમણીય પણ હતું. ઘણી વાર આચાર્યની જવાબદારી સ્વીકાર્યા પછી અધ્યાપક એની સજ્જતા ગુમાવતો હોવાનાં દૃષ્ટાંતો આપણી સામે ઘણાં છે. પણ ધીરુભાઈ એ બાબતે નોખા પડી આવ્યા હતા. એમનાં સ્વાધ્યાય અને સજ્જતા ઓછાં થયાં નહોતાં. એ વખતે એમના જેવા બીજા આચાર્યો પણ સક્રિય હતા. દા. ત., યશવંત શુક્લ, ચંદ્રકાન્ત ટોપીવાળા, પ્રિ. એસ. આર. ભટ્ટ, પ્રિ. માવળંકર, પ્રિ. હરિહર શુક્લ, પ્રિ. દિલાવરસિંહ જાડેજા. જોકે આ બધામાં કૉલેજસંચાલનને ગુણવત્તા સાચવીને ટોચ ઉપર લઈ જવાનું કામ ધીરુભાઈ જેટલી કુનેહ અને મહેનતથી બીજા કોઈ આચાર્યે ભાગ્યે જ કર્યું હતું.

સંનિષ્ઠ અને વિદ્યાપ્રેમી અધ્યાપકો મળ્યા એ સંસ્થાનું સૌભાગ્ય હતું. કૉલેજમાં વિદ્યાકીય તેજસ્વી પરંપરાઓ ઊભી કરવામાં કેટલાક વિદ્વાન અધ્યાપકોએ પરિશ્રમપૂર્વક અને સમજણ સાથે સહકાર આપ્યો હતો. આવા અધ્યાપકો માટે ધીરુભાઈને થોડો વધુ પક્ષપાત હોય એ દેખીતું છે. શિસ્તમાં કડક હોવા છતાં ધીરુભાઈ પ્રેમાળ અને વ્યવહારુ રહેતા. બપોરની રિસેસમાં એ હંમેશાં કૉમન

રૂમમાં અધ્યાપકો સાથે બેસીને ચા પીતા, મિત્રભાવે ચર્ચા કરતા અને અંગત રીતે ખબરઅંતર પણ પૂછતા. આમ છતાં ગેરશિસ્તની બાબતમાં ધીરુભાઈનું વલણ નિયમ પ્રમાણે જ વર્તવાનું રહેતું. એક અધ્યાપકે લૅબનાં સાધનોની ખરીદીમાં ગોટાળો કરેલો. ધીરુભાઈએ પહેલાં એના પુરાવા મેળવી લઈને પછી એ અધ્યાપકને બોલાવીને રાજીનામું લખી આપવા કહેલું. એ અધ્યાપક પાસે કશો બચાવ કે કોઈ વિકલ્પ નહોતો. બીજા એક અધ્યાપકે કૉલેજમાં ભણતી અને એની પડોશમાં રહેતી વિદ્યાર્થિની સાથે લગ્ન કરવાનું વિચારેલું. એ યુવતી અને એનાં મા-બાપ તૈયાર હતાં. એ અધ્યાપક આ અંગે ધીરુભાઈની સલાહ લેવા ગયેલા. ધીરુભાઈએ સ્પષ્ટ કહેલું કે એ વિદ્યાર્થિની તમારી પાસે આજ વર્ષે ટી.વાય. ભણી ચૂકી છે. તમે એની સાથે લગ્ન કરીને આ કૉલેજમાં રહો તો સમાજમાં ખોટો મૅસેજ જાય એટલે તમે રાજીનામું આપીને લગ્ન કરો એવો મારો આગ્રહ છે અને એમ કરો તો તમને મારા આશીર્વાદ પણ છે. એ અધ્યાપક પણ કેવા ! એમણે રાજીનામું આપીને લગ્ન કર્યું અને ઊઘડતા સત્રે બીજી કૉલેજમાં જોડાયા. બે-ત્રણ વર્ષ પછી એ ત્યાં આચાર્ય પણ થયેલા.

કૉલેજને સુચારુ રીતે ચલાવવા ધીરુભાઈએ કેટલાક નિયમો બનાવેલા. દરેક અધ્યાપકને એમના આ દશસૂત્રી વિચારની જાણ કરતા અને એ પ્રમાણે કામ કરવા સલાહ આપતા. આ દશ સૂત્રો આજે પણ અમલમાં મૂકવા જેવાં છે.

1. અધ્યાપકોએ કૉલેજમાં નિયમિત આવવાનું છે પણ હાજરીપત્રકમાં સહી કરવાની જરૂર નથી.

2. દર મહિનાની પાંચમી તારીખે પગાર મળી જાય એવી સંચાલક મંડળે જોગવાઈ કરવી જોઈએ.

3. વિદ્યાર્થીઓ જોડે અધ્યાપકે વર્ગમાં અને વર્ગ બહાર સતત સંપર્કમાં રહેવું જોઈએ. વર્ગ બહારની પ્રવૃત્તિઓ માટે સાથે રહીને આયોજન કરવું જોઈએ.

4. પુસ્તકોનો છૂટથી ઉપયોગ થવો જોઈએ. અધ્યાપકો અને વિદ્યાર્થીઓ નિયમિત ગ્રંથાલયમાં જતા હોય અને ત્યાં બેસીને કામ કરતા હોય એ દેખાવું જોઈએ. અધ્યાપકોએ દર વર્ષે નવાં આવેલાં મહત્ત્વનાં પુસ્તકો વિભાગના અધ્યક્ષને કે ગ્રંથપાલને સૂચવવાં જોઈએ.

5. વર્ગમાં ટ્યુટોરિયલ પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ. અર્થાત્ વિદ્યાર્થીઓ પાસેથી એમના પ્રશ્નો સાંભળવા અને ઉકેલવા જોઈએ.

6. જે ગામમાં કે નગરમાં કૉલેજ થઈ છે એનો લાભ એ વિસ્તારના નાગરિકોને મળે એ માટે દર રવિવારે

ક્યાંક ને ક્યાંક જાહેર વ્યાખ્યાન જેવા કાર્યક્રમો થોડાક મિત્રોએ સાથે મળીને

ગોઠવવા જોઈએ.

7. વિદ્યાર્થીઓની રુચિ ઘડાય, બીજા વિષયો તરફ એ જોતા થાય એવા વિદ્યાકીય ઉપક્રમો રચવા સાથે સંસ્કારવર્ધક કાર્યક્રમો પણ વિચારવા જોઈએ.

8. તેજસ્વી વિદ્યાર્થીને સતત પ્રેરણા અને માર્ગદર્શન મળે એ જોવું ઘટે. આની સાથે સામાન્ય વિદ્યાર્થીની ઉપેક્ષા ન થાય એનું પણ ધ્યાન રાખવું જોઈએ.

9. એન.સી.સી.ની તાલીમ અને રમતગમતની પ્રવૃત્તિમાં હિસ્સેદારી ફરજિયાત ન હોવાં છતાં આપણે ત્યાં તેને ફરજિયાત ગણીને ચાલવું જોઈએ. (બેમાંથી એક પ્રવૃત્તિની પસંદગી અનિવાર્ય છે.)

10.આ કૉલેજ આપણી છે, આ સંસ્થા સાથે સંકળાયેલા સૌ કોઈ આપણા પરિવારનો હિસ્સો છે. સંસ્થા માટે પ્રેમ અને ગૌરવની લાગણી સતત રહે એવું વર્તન કરવું જોઈએ.

આ સૂત્રો પાછળ ધીરુભાઈનો આશય વિદ્યાર્થીના સુદૃઢ વ્યક્તિત્વને ખીલવવાનો હતો. આ કૉલેજમાંથી બહાર પડેલો વિદ્યાર્થી સારો નાગરિક બને એવો આપણો અભિગમ હોવો જોઈએ. એવું વાતાવરણ વિદ્યાર્થીને વર્ગમાં અને વર્ગની બહાર મળી રહેવું જોઈએ. આ માટે સૌએ સંયુક્ત પુરુષાર્થ કરવાનો હોય છે. ગામડાંગામના વિદ્યાર્થાઓની લઘુતાગ્રંથિ કે એમનાં શરમસંકોચ ધીમે ધીમે દૂર કરવાં જોઈએ. જ્ઞાતિ, ધર્મ કે વર્ગના ભેદ વગર આપણે સૌની સાથે સમાન વ્યવહાર કરીશું એવું આ સંસ્થા ઇચ્છે છે. મોડાસામાં પિસ્તાલીસ ટકા જેટલા મુસ્લિમો છે. આમ તો મોટા ભાગે સૌ હળીમળીને રહે છે પણ ક્યારેક બહારનાં કે અંદરનાં તોફાની તત્વોની ઉશ્કેરણીથી કોમી હુલ્લડો થાય છે એની અસર જનજીવન પર પડે એટલી જ શિક્ષણ સંસ્થાઓ ઉપર પણ પડે. એટલે ધીરુભાઈ આ બાબતે સભાનતાથી કામ લેતા અને એમના બિનસાંપ્રદાયિક વલણમાંથી જરાય ચલિત થતા નહોતા. એક વખત એક મુસ્લિમ વિદ્યાર્થીને ગુણાંક ઓછા હોવાથી વાર્ષિક પરીક્ષાનું ફૉર્મ મળ્યું નહીં. એટલે એ ધીરુભાઈ પાસે ગયેલો. એ વિદ્યાર્થીએ ધીરુભાઈને કહેલાં વાક્યો આ પ્રમાણે છે – 'સાહેબ મને ફૉર્મ આપશો તો પણ હું પાસ થવાનો નથી, પણ મારા ફાધરના સંતોષ ખાતર તમારે ફૉર્મ આપવું પડશે. તેમનો મિજાજ બહુ ખરાબ છે. તેમણે એક ખૂન કરી નાંખેલું. જેલમાંથી હમણાં જ છૂટ્યા છે. ઘડીવારમાં આવેશમાં આવીને ખૂન કરી નાખે એવો જલદ એમનો મિજાજ છે.' ધીરુભાઈ એમની ગર્ભિત ધમકી પામી ગયેલા એટલે હસીને કહેલું કે – 'ભાઈ, તેની તું ચિંતા ન કરીશ. આ વર્ષ તો તારું બગડ્યું પણ આવતા વર્ષથી ભણવામાં બરાબર ચિત્ત પરોવ નહીં તો ઊઠી જા ને ધંધે લાગ – એ બે જ રસ્તા છે.' બીજે વર્ષે એ વિદ્યાર્થી ધ્યાનથી ભણ્યો. એન.સી.સી.નો અધિકારી બનેલો. અધવચ્ચે કૉલેજ છોડીને ટ્રાન્સપોર્ટના

વ્યવસાયમાં જોડાઈ ગયેલો. એક વખત કૉલેજમાં યુનિવર્સિટીના રમતોત્સવ માટે મેદાન તૈયાર કરવાનું હતું ત્યારે એણે માટી વગેરે લાવી આપવામાં, આ મારી કૉલેજ છે એમ કહીને નિઃશુલ્ક મદદ કરેલી. ધીરુભાઈના વર્તનથી જ એવી છાપ પડતી કે અહીં લાગવગ ચાલશે નહીં.

કૉલેજ શરૂ થયાનું બીજું વર્ષ હતું. શ્રી ગુલઝારીલાલ નંદા સાબરકાંઠામાંથી ચૂંટાઈને સાંસદ બનેલા. કેન્દ્રમાં આયોજન પ્રધાન હતા. મોડાસાને રેલવેથી જોડવાનું વચન બીજા સાંસદોની જેમ એમણે પણ આપેલું. એક વાર એ મોડાસા વિશ્રાંતિગૃહમાં ઉતરેલા ત્યારે કેટલાક પ્રતિનિધિઓ રેલવેની માંગણી માટે મંત્રીશ્રીને મળવા ગયેલા. રસ્તા ઉપર પાર્ક કરેલી એમની મોટર તોફાની ટોળાએ બાળી મૂકેલી. દેખીતી રીતે જ પોલીસે આવીને લાઠીચાર્જ શરૂ કરેલો. બાજુમાં જ મોડાસા હાઈસ્કૂલનું મકાન હતું. કૉલેજ પણ ત્યાં જ બેસતી હતી. એ વખતે કૉલેજ ચાલુ હતી અને ધીરુભાઈએ જોયું કે કમ્પાઉન્ડમાં પોલીસ પ્રવેશતી હતી. ધીરુભાઈ ઝડપથી દરવાજા પાસે ગયા. પોલીસને અંદર આવતી રોકીને કહ્યું 'તમે અંદર ન આવશો, કૉલેજ ચાલુ છે, વિદ્યાર્થીઓ તોફાનમાં સંડોવાયેલા નથી. તમે અંદર આવશો અને તોફાન થશે તો જવાબદારી તમારી રહેશે.' પોલીસ અંદર આવી નહીં પણ જિલ્લાના કલેક્ટર અને પોલીસવડા બંને ધીરુભાઈના વર્તનથી નાખુશ થયાના સમાચાર ધીરુભાઈને સાંજ પહેલાં મળી ગયેલા. કલેક્ટર પહેલાં સરકારી કૉલેજમાં પ્રોફેસર હતા અને ધીરુભાઈને જાણતા હતા. એમણે ધીરુભાઈને પછી કહેલું કે – 'તમે પણ સરકારી નોકર છો.' ધીરુભાઈએ જવાબ આપેલો કે – 'પણ કૉલેજના આચાર્ય તરીકે મારી જવાબદારી વિદ્યાર્થીઓને સાચવવાની છે.' એ સાંજે જયંતિ દલાલ મોડાસામાં વ્યાખ્યાન કરવા આવેલા એની ધીરુભાઈને ખબર નહોતી. પણ જયંતિ દલાલને ખબર પડેલી કે ધીરુભાઈએ ગુજરાત કૉલેજની જેમ અહીં પણ પોલીસને રોકવાનું પરાક્રમ કર્યું હતું. રાતે દસ વાગ્યે જયંતિ દલાલ ધીરુભાઈના ઘરનું બારણું ખખડાવે છે. બારણું ખોલતાં – સામે જયંતિ દલાલને ઊભેલા જોઈને ધીરુભાઈ અચરજ પામે છે. બે-એક કલાક વાતો કર્યા પછી દલાલસાહેબ પાછા અમદાવાદ જવા નીકળી જાય છે.

રવીન્દ્ર જન્મશતાબ્દીનું વર્ષ આવતાં ધીરુભાઈએ રવીન્દ્રનાથવિષયક એક પ્રદર્શન ગોઠવેલું. એના ઉદઘાટન અને વ્યાખ્યાન માટે એમણે ઉમાશંકર જોશીને નિમંત્રણ આપ્યું હતું. ઉમાશંકર એ વખતે ગુજરાત યુનિવર્સિટીના ભાષા સાહિત્યભવનમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ હતા. નગીનદાસ પારેખને લઈને ઉમાશંકર બસમાં બેસીને અમદાવાદથી મોડાસા આવેલા. વિદ્યાર્થીઓના એક નાનકડા સમૂહને પ્રેમથી રવીન્દ્રનાથની વાતો કરીને બંને વિદ્વાનો બસમાં જ પાછા અમદાવાદ ગયેલા. ધીરુભાઈ માટેના પ્રેમથી અને સાબરકાંઠા તો ઉમાશંકરનો

વતન –જિલ્લો એટલે એ મોડાસા ન આવે તો જ નવાઈ ! આવા અનેક મિત્રોની હૂંફ ધીરુભાઈને મળ્યા કરતી. પછી તો કૉલેજનું મકાન તૈયાર થતાં કૅમ્પસ ઉપર નાટ્યપ્રવૃત્તિઓ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વ્યાખ્યાનો, પરિસંવાદો સાતત્યપૂર્વક થવા માંડેલાં. વર્ષમાં ત્રણ ઇન્ટર્નલ પરીક્ષાઓ લેવાતી. નવરાત્રીના દિવસોમાં પણ ઇન્ટર્નલ ટેસ્ટ લેવામાં આવતો. અગિયારથી ત્રણ નિયમિત વર્ગો ચાલતા. ત્રણથી પાંચ નિમંત્રિત વક્તાઓનાં વ્યાખ્યાનો સભાખંડમાં ગોઠવાતાં રહેતાં. યુવક મહોત્સવો અને રમતગમતના ઉત્સવો પણ કૉલેજના યજમાનપદે યોજાતા. મલ્લિકા સારાભાઈ અમદાવાદની ટીમમાં યુવક મહોત્સવમાં ભાગ લેવા આવેલાં. કૉલેજનું મુખપત્ર 'માઝુમ' નામે દર વર્ષે પ્રગટ થતું. પછી સામગ્રી વધુ મળવા લાગી એટલે દર ત્રણ મહિને કૉલેજનું મુખપત્ર પ્રગટ થતું. વિદ્યાર્થીઓ પોતાની કૃતિઓ કૉલેજનાં ભીંતપત્રોમાં પ્રકાશિત કરતા. ગુજરાતી, હિંદી, અંગ્રેજી ત્રણેયના અલગ ભીંતપત્રો દર પંદર દિવસે મુકાતાં. એનું સંચાલન અગ્રણી વિદ્યાર્થીઓની ટીમ કરતી. કૉલેજના સ્ટાફરૂમમાં આચાર્યોની હાજરીમાં દર પંદર દિવસે એક અધ્યાપક એમને ગમતા વિષય પર વ્યાખ્યાન આપતા. આ કાર્યક્રમનું નામ 'સંગોષ્ઠી' હતું. વિદ્યાર્થીઓને પણ વ્યાખ્યાનમાં બેસવાની છૂટ હતી. આવાં વ્યાખ્યાનોના એક-બે સંચયો પણ કૉલેજે પ્રગટ કર્યા હતા. આ બધી પ્રવૃત્તિઓ જોતાં આજે આપણે કહી શકીએ કે – 'મોડાસા કૉલેજ ઉત્તર ગુજરાતનું ઑક્સફર્ડ છે' એવી ઉમાશંકર જોશીની વાત એકદમ સાચી હતી.

મોડાસા કૉલેજમાં થોડો સમય આવીને અન્યત્ર ચાલી ગયેલા અધ્યાપકો પણ યાદ કરવા જરૂરી છે. પ્રો. કે. એસ. શાસ્ત્રી સંસ્કૃતના અધ્યાપક તરીકે શરૂઆતનાં વર્ષોમાં મોડાસા કૉલેજમાં જોડાયા હતા. એ જ રીતે પ્રો. મહેશ દવે મનોવિજ્ઞાન વિષયમાં, પ્રો. પ્રવીણસિંહ ચાવડા અંગ્રેજી વિષયમાં, પ્રો. કિશોરસિંહ સોલંકી ગુજરાતી વિષયમાં અને છટાદાર વક્તવ્ય આપતા પ્રો. લલિત મહેતા કૉમર્સ વિભાગમાં કેટલોક સમય સેવાઓ આપીને અન્યત્ર ગયા હતા.

1968ના જૂનમાં હું મોડાસા કૉલેજમાં અંગ્રેજી મુખ્ય વિષય રાખવાના આશયથી એફ.વાય.બી.એ.માં દાખલ થયો હતો. પ્રિ. આર્ટ્સ મેં લુણાવાડા કૉલેજમાં કરેલું. ધીરુભાઈને મેં પહેલી વાર જોયેલા. અગિયાર વાગ્યે હૉસ્ટેલના દરવાજા પાસેના બંગલેથી ધીરુભાઈ કૉલેજ આવવા નીકળે. ખાદીના કાંજી કરેલાં સફેદ પેન્ટ અને બુશર્ટ પહેર્યાં હોય. ઊંચો, ગોરો વાન, ટટ્ટાર ચાલ, ગરમી હોય તો આંખે ગૉગલ્સ અને માથે ઇંગ્લિશ હેટ, હાથમાં સ્ટિક હોય. એમને દૂરથી આવતાં જોઈને કૉલેજની લૉબીઓમાં સોપો પડી જાય. કોઈ વિદ્યાર્થી બહાર ફરતો ન દેખાય. અમારો વર્ગ લેવા આવો ત્યારે એ પ્રસન્ન અને હસતા ચહેરે બોલતા હોય. જરા હસે તો ગાલે ખંજન પડતાં. આકર્ષક વ્યક્તિત્વ, વિષયમાં ઓતપ્રોત થઈને ચોખ્ખા

શબ્દોમાં બધું સ્પષ્ટ કરીને સમજાવે. ટી.વાય.માં અમે ઓછા વિદ્યાર્થીઓ હતા એટલે ક્યારેક એમની ઑફિસમાં અમારો વર્ગ લેતા. એમ.એ.માં તો અમે સાતેક મિત્રો હતા એટલે રવિવારની સવારે એમની ચેમ્બરમાં જ અમે બેસતા. સતત બે કલાક સુધી એ વર્ગ લેતા. શરૂઆતમાં એમનાથી સહુની જેમ મનેય ડર લાગતો. પણ પછી બહુ ઝડપથી એમની નિકટ જવાનું બનેલું એનું નિમિત્ત મારું કાવ્યલેખન હતું.

એફ.વાય.બી.એ.માં હું નવોસવો આવેલો. ‘સી’ બ્લૉકમાં પહેલા માળે રૂમ નં. સી-30માં અમે ચાર મિત્રો રહેતા. સાહેબના બંગલેથી અમારો રૂમ સ્પષ્ટ દેખાય. શિયાળાની એક સવારે હું બહાર લૉબીમાં ઊભો રહીને બ્રશ કરતો હતો. સાહેબ બંગલેથી ઝડપભેર અમારા બ્લૉક તરફ આવ્યા. મારી સામે જોઈને કડક અવાજે પૂછ્યું કે ‘રૂમમાં લાઇટ કેમ ચાલુ રાખી છે ? તમે પછી મને મળો.’ મારા તો હોંશકોશ ઊડી ગયા. એક-બે મિત્રોએ કહ્યું કે બિસ્તરો બાંધીને મળવા જજે. એક-બે મિત્રોએ વળી કહ્યું કે મળવા જ ન જતો નહીં તો કાઢી જ મૂકશે. બપોરે ફ્રી પિરિયડ વખતે ડરતો ડરતો હું એમની ચેમ્બર સુધી ગયો. પટાવાળાએ મને કહ્યું કે સાહેબ બહાર ગયા છે. એ પછીના દિવસોમાં હું એમને મળવા ન ગયો. દરમિયાન એમણે ભીંતપત્રમાં મુકાયેલી મારી એક-બે કાવ્યરચનાઓ જોઈ હશે(ભીંતપત્ર એમની ચેમ્બરના પ્રવેશદ્વારની ડાબી બાજુ મુકાતું.) એટલે એમનું પ્રાગજીભાઈ દ્વારા કહેણ આવ્યું કે – તમે સાહેબને મળી આવજો. હું પહેલા લાઇટવાળા પ્રસંગની લાયમાં ડરતો ડરતો સાહેબ સામે હાજર થયેલો. એમણે બેસાડીને મારી કવિતા વિશે આનંદ વ્યક્ત કરીને કહ્યું કે – ‘વધારે વાંચવાનું રાખો.’ મારા ઘરકુટુંબ વિશે પણ કેટલાક પ્રશ્નો પૂછેલા. એફ.વાય.બી.એ.માં દરેક ટેસ્ટમાં અને યુનિવર્સિટી પરીક્ષામાં પણ મારો પ્રથમ વર્ગ હતો. એફ.વાય.ના વર્ગમાં પણ હું પ્રથમ હતો. અમીનસાહેબ અને પંકજ સોનીસાહેબ મને મુખ્ય વિષય અંગ્રેજી રાખવા સમજાવતા હતા. છેવટે હું ધીરુભાઈના પ્રેમાગ્રહને વશ થઈને તથા મારાં રસરુચિ અને શક્તિને અનુસરીને એસ.વાય.બી.એ.માં ગુજરાતી વિષયના વર્ગમાં બેઠો હતો. પછી તો ધીરુભાઈની મારા માટેની કાળજી સતત વધતી ગયેલી. પુઅર બૉયઝ ફંડમાંથી મારી ટર્મ ફી અને પરીક્ષા ફી ભરાતી. ક્યારેક મારું ફૂડબિલ પણ સાહેબ તરફથી ચૂકવાઈ જતું. સાહેબ મને વિવેચન સંગ્રહોની અનુક્રમણિકા તથા સૂચિ બનાવવાનું કામ સોંપતા. એ જ વર્ષે મને ક્ષય હોવાનું નિદાન થયું ત્યારે એમણે દવાની ગોઠવણ કરી આપેલી. અન્ય અધ્યાપકોએ પણ એ બે વર્ષ મને એમના ઘરે બોલાવીને બબ્બે માસ સુધી જમાડવાની વ્યવસ્થા પણ કરેલી. 1973માં હું એમ.એ. થયો એ જ વર્ષે મોડાસામાં લૉ કૉલેજનું ઉદઘાટન થયેલું. એના ઉદઘાટન પ્રસંગે અતિથિવિશેષ તરીકે ઈડર કૉલેજના આચાર્ય હરિહર શુક્લ આવેલા. એમણે ધીરુભાઈને કહેલું કે – ‘અમને ગુજરાતીના એક અધ્યાપકની જરૂર છે. તમારે ત્યાંથી કોઈ એમ.એ. થયેલો સારો

છોકરો હોય તો એક-બે દિવસમાં ઈડર મોકલી શકો ?' ધીરુભાઈએ એ જ સાંજે, મારો એક મિત્ર બી.એડ. કરતો હતો તેને મારે ગામ સંદેશો લઈને મોકલેલો. બીજે દિવસે હું વહેલી સવારે નીકળીને અગિયાર વાગ્યે ઈડર પહોંચેલો. ત્યાં મારો ઇન્ટરવ્યૂ થયો અને મને ઑર્ડર આપવામાં આવેલો. હું ત્યારે મારા ગામની હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે કામ કરતો હતો. 1 જુલાઈ, 1973થી હું ઈડર કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે જોડાયેલો. એ પછી ધીરુભાઈ પાસે પી.એચડી. કરવાના ઉદ્દેશથી જતો હતો. 1975માં એમના માર્ગદર્શનમાં મેં શોધ નિબંધનું કામ શરૂ કર્યું અને 1978ના અંતે પૂરું કર્યું ત્યારે ધીરુભાઈ મોડાસા કૉલેજમાંથી વયોચિત નિવૃત્તિ લઈને અમદાવાદ પહોંચી ગયા હતા. 1979થી મોડાસા કૉલેજના અનુસ્નાતક વિભાગમાં દર રવિવારે એમ.એ.ના વર્ગો લેવા આવવાનું મેં સ્વીકારેલું. તે છેક 1987માં મેં ઈડર છોડ્યું ત્યાં સુધી મોડાસા કૉલેજમાં એટલે કે જે કૉલેજમાં હું ભણ્યો હતો એ જ કૉલેજમાં વિઝિટિંગ પ્રોફેસર તરીકે સેવાઓ આપવાનું સૌભાગ્ય મને સાંપડ્યું હતું. ધીરુભાઈના માર્ગદર્શનમાં ઘણા વિદ્યાર્થીઓ તૈયાર થયેલા.ધીરુભાઈ પાસે પી.એચડી. કર્યું હોય એવા અમે ચાર અધ્યાપકો. પ્રવીણ દરજી, કુમારપાળ દેસાઈ, હું અને જોસેફ પરમાર. મોડાસા કૉલેજ સ્થપાઈ ત્યારે એના પ્રથમ જી.એસ. તરીકે કરસનદાસ સોનેરી ચૂંટાયા હતા. ધીરુભાઈ પાસે ભણેલા વિદ્યાર્થીઓ કવિઓ, લેખકો, વિવેચકો, આચાર્યો થયા. બીજાં અનેક ક્ષેત્રોમાં પણ ધીરુભાઈના વિદ્યાર્થીઓ અગ્રસ્થાને રહીને સેવાઓ આપતા હતા. ડૉ. રમણ સોની અને ડૉ. મોતીભાઈ પટેલ પણ એમ.એ.માં ધીરુભાઈ પાસે ભણેલા. એમની પાસે ભણેલા એમના વિદ્યાર્થીઓએ ક્યારેક ધીરુભાઈના વિવેચનની મર્યાદા બતાવી હશે તો એ પણ એમણે સ્નેહપૂર્વક સ્વીકાર્યાના દૃષ્ટાંતો મોજૂદ છે.

ધીરુભાઈની દીર્ઘદૃષ્ટિને કારણે કૉલેજને એક વિશાળ ગ્રંથાલય પ્રાપ્ત થયેલું. આ ગ્રંથાલયમાં અધ્યાપકો અને સંશોધકો માટે બેસવાની અલગ વ્યવસ્થા પણ હતી. શ્રી એચ. બી. નાગર જેવા ઉત્તમ અને પુસ્તકપ્રેમી તથા ગ્રંથાલયશાસ્ત્રના જાણકાર ગ્રંથપાલ મળ્યા હતા. બીજી કૉલેજોનાં નાનાં-મોટાં ગ્રંથાલયો જે તે બિલ્ડિંગમાં હોય એ તો ખરું જ પણ આ મધ્યસ્થ ગ્રંથાલયનો સૌ કોઈ છૂટથી ઉપયોગ કરતું. પુસ્તકો પસંદ કરવા માટે અધ્યાપકો વિશ્વ પુસ્તકમેળામાં દિલ્હી સુધી પણ જતા. ધીરુભાઈ પોતે પણ ગ્રંથાલયની અવારનવાર મુલાકાત લેતા અને સગવડો વધારતા રહેતા. બંગલામાં ધીરુભાઈનું પોતાનું પણ સમૃદ્ધ પુસ્તકાલય હતું.

*

ધીરુભાઈની સંવેદનશીલતાનાં થોડાંક ઉદાહરણો નોંધવા જેવાં છે. મયૂર નામના એક વિદ્યાર્થીએ આપઘાત કરેલ. ધીરુભાઈ તે દિવસે બહાર હતા.

બહારગામથી આવ્યા પછી તેમણે આ ઘટના જાણી ત્યારે એમને પારાવાર દુઃખ થયેલું. દિવસો સુધી ધીરુભાઈને આ પ્રશ્ન મૂંઝવતો રહેલો કે એવું તો શું બન્યું હશે કે મયૂરે આપઘાત કરવો

પડ્યો ? એમણે મયૂરનાં સગાંઓને અને મિત્રોને વારંવાર પૂછ્યું. કોઈની પાસેથી ખુલાસો ન મળ્યો. મયૂરની શોકસભામાં કેટલાક વિદ્યાર્થીઓ ખૂબ રડ્યા પણ હતા. ધીરુભાઈની ઊંઘ હરામ થઈ ગયેલી. એમણે કૉલેજમાં વિદ્યાર્થીઓના માર્ગદર્શન માટે એક કેન્દ્ર શરૂ કરાવડાવ્યું. વળી મોડાસા આરોગ્ય કેન્દ્રના ડૉક્ટરોને બોલાવીને વિદ્યાર્થીઓની તબીબી તપાસ કરાવવા સાથે દવા પણ આપવામાં આવતી. એક બીજો પ્રસંગ પણ નોંધીશું :

એક વાર મોડી રાતે ધીરુભાઈએ હૉસ્ટેલના કોઈ રૂમમાંથી વિદ્યાર્થીઓની ધમાલના અવાજો સાંભળ્યા. ઊંઘમાંથી મધરાતે જાગેલા ધીરુભાઈ હાથમાં સોટી લઈને ત્યાં પહોંચ્યાં, ને ધીંગામસ્તી કરતા વિદ્યાર્થીઓને જોઈને એ એમના પર તૂટી પડ્યા. સોટી તૂટી ગઈ ત્યાં સુધી ધીરુભાઈએ વિદ્યાર્થીઓને માર્યા. ઘરે આવીને થયું કે આમ વિદ્યાર્થીઓને મારવાનું કામ ખોટું જ થયું છે. પશ્ચાત્તાપ થયો. સવારે બહારગામ જવાનું હોવાથી રાતે જ માફી પત્ર લખ્યો ને સવારે ગૃહપતિને બધી વાત કરી, પત્ર પહોંચાડવાનું કહીને એ ગયા. પાછા આવ્યા ત્યારે ગૃહપતિએ કહ્યું કે : 'સર, વિદ્યાર્થીઓ જ સામે ચાલીને માફીપત્ર આપી ગયા છે.' નિવૃત્તિવિદાય ટાણે આ પ્રસંગ યાદ કરીને ધીરુભાઈએ એ વિદ્યાર્થીઓની, ભીની આંખે, માફી માગી હતી. ગુરુની આ સંવેદના અને શિષ્યોની ગુરુવત્સલતા આજે તો વ્યતીત બની ચૂકી છે.

ત્રીજો થોડો વિચિત્ર ગણાય એવો કિસ્સો શ્રી રમણીક અરાલવાળા કવિની બાબતમાં બન્યો હતો. ગુજરાત કૉલેજમાં એ ધીરુભાઈના વિદ્યાર્થી હતા. અમદાવાદમાં કોઈ શાળામાં શિક્ષક થયેલા. કૉલેજના સંચાલક મંડળના સભ્યોએ ધીરુભાઈને વિનંતી કરેલી કે અરાલવાળાને આપણી કૉલેજમાં લઈ આવો. (સંચાલક મંડળના સભ્યોમાંથી, જ્ઞાતિબંધુ હોવાથી, કેટલાકને એ પરિચિત હતા.) અરાલવાળાની સજ્જતા અને કવિતાથી ધીરુભાઈ પરિચિત હતા એટલે એમને નિમણૂક આપવામાં આવેલી. કૉલેજની શરૂઆતનાં જ એ વર્ષો હતાં. અપરિણીત અરાલવાળા વર્ગો સારી રીતે લેતા અને કૉલેજનું મૅગેઝિન તથા અન્ય કાર્યક્રમોમાં મદદ કરતા. પછી ધીમે ધીમે એમની કેટલીક વિચિત્રતાઓ પ્રગટ થવા માંડેલી. એ અત્યંત વહેમી સ્વભાવના હતા. એમને સતત લાગ્યા કરતું કે કોઈકે તેમને મારી નાંખવાનું કાવતરું કરેલું છે. કોઈ ઝેર આપવાનો પેંતરો કરે છે. આવા વહેમથી હોટલ કે લૉજમાં જમવાનું એમણે બંધ કરેલું. પડોશી ઉપર પણ શંકા રાખે.

બજારનું ચવાણું ફાકે. ધીરુભાઈએ એમને સમજાવવાની બહુ કોશિશ કરી. એમને પોતાના ઘરે જમવા બોલાવતા. તેમ છતાં અરાલવાળાની માનસિક સ્થિતિ બગડતી ચાલેલી. કોઈ મારું ખૂન કરી દેશે એવા ભયથી વર્ગમાં પણ મોટું ચપ્પુ લઈને જવા લાગેલા. પડોશીઓ અને અધ્યાપકો સાથે પણ ઝઘડા થવા માંડેલા. આ બધું જોઈને ધીરુભાઈને ગુસ્સો ચડે, દયા આવે. ધીરુભાઈ એમને ઘણું બધું કહે પણ એ બોલે નહીં. એક દિવસ વહેલી સવારે એ મોડાસા છોડીને જતા રહ્યા પછી કૉલેજમાં કદી પાછા આવ્યા નહોતા. ભૂખ્યા અને તરસ્યા હોય છતાં અરાલવાળા વર્ગ સારી રીતે લેતા. ભણાવવામાં કોઈ તકલીફ નહોતી. એમણે સંપાદિત કરેલા અંકોનું લખાણ સુઘડ અને સુરુચિપૂર્ણ હતું. રમણીક અરાલવાળાની એક જાણીતી સૉનેટ રચના ‘વતનનો તલસાટ’ આપણે ત્યાં મૅટ્રિકની અને બી.એ.ની પરીક્ષામાં ઘણી વાર પુછાતી હતી અને આજે પણ પુછાય છે. આ કવિતા અરાલવાળા મૅટ્રિકમાં ભણતા હતા ત્યારે એમને જ ભણવાની આવી હતી. રૂપાળી કન્યાઓ એમને પરણવા ઇચ્છે છે પણ કોઈ એમને કાવતરું કરીને અટકાવી રહ્યું છે એવો એમનો વહેમ વારેવારે પ્રગટ કરતા. ભણવાનાં વર્ષોમાં મિલમાં કામ કરતા હતા અને મોડી ઉંમરે ભણવા બેઠા ત્યારે એમનાં કાવ્યો પ્રકાશિત થઈ ચૂક્યાં હતાં. થોડાં વર્ષો પછી ઉનાળાની ધીખતી બપોરે અરાલવાળા ઓચિંતા ધીરુભાઈના બંગલે જઈ ચડેલા. શરીર કૃશ થઈ ગયેલું. જાતે પાણિયારે જઈને પાણી પીધું. ધીરુભાઈએ આઇસક્રીમ મંગાવ્યો તે ખાધો. ચૂપચાપ બેસી રહ્યા અને બે-ત્રણ કલાક ત્યાં જ ઊંઘી ગયા. પછી જાગ્યા એવા કશું પણ બોલ્યા વગર ચાલી ગયેલા. એ પછી થોડાક મહિનાઓ બાદ એમના અવસાનના સમાચાર આવેલા.

હિંદીના એક સારા અધ્યાપક ગુણવંત પટેલ. ધીરુભાઈએ એમને ગૃહપતિ બનાવેલા. છાત્રાલયને એમણે હરિયાળું બનાવી દીધેલું. એન.સી.સી.નો ચાર્જ લીધેલો, નાટ્યપ્રવૃત્તિમાં સક્રિય રસ લેતા. નવરાત્રીમાં વિદ્યાર્થીઓને ગરબે રમાડતા. પણ પછી એમના કુટુંબમાં એવું કંઈક બન્યું કે ગુણવંતભાઈની માનસિક સ્થિતિ ચિંતાજનક થવા માંડેલી. અમેરિકા એમના ભાઈને ઘરે રહેવા માટે બાર મહિનાની રજા લઈને ગયેલા પણ બે જ મહિનામાં પાછા આવી ગયેલા. એમના ચહેરા પરથી નૂર ઊડી ગયેલું. આંખોમાં ખિન્નતા અને ડર, જરાય ઊંઘ નહીં, કોઈ ઊંડો આઘાત લઈને પાછા આવેલા. ધીરુભાઈએ ગુણવંતભાઈને પોતાના ઘરે રાખીને બહુ આસાએશ આપવાનો પ્રયત્ન કરેલો. એકાદ વર્ષ પછી ગુણવંતભાઈ થોડાક ગતિશીલ બનેલા. ધીરુભાઈ નિવૃત્ત થઈને અમદાવાદ ગયા એ પછી ગુણવંતભાઈ વધારે બીમાર પડ્યા અને અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં વિશેષ સારવાર પામે એ પહેલાં એમનું અવસાન થયેલું. શિસ્તની બાબતમાં કઠોર ગણાતા ધીરુભાઈનું સંવેદનશીલ હૈયું આવા અનેક પ્રસંગોમાં પ્રત્યક્ષ થતું રહેલું. એક હરિજન વિદ્યાર્થી

બાજુના ગામડેથી ચાલીને કૉલેજ આવતો. એની તબિયત સારી નહોતી રહેતી. ધીરુભાઈએ એને માટે સવારે હૉસ્ટેલમાં સારું જમવાની અને આરોગ્ય કેન્દ્રમાંથી મફત દવા આપવાની વ્યવસ્થા કરેલી.

*

મોડાસાથી આશરે ત્રીસ-ચાલીસ કિમી.ના અંતરે શામળાજી પાસે દેવની મોરી નામનું ગામ મેશ્વો નદીના કિનારે વસેલું. બાજુમાં જ શામળાજીના ડુંગરો. ત્યાં ખોદકામ કરતાં પુરાતત્વ વિભાગને તેત્રીસ જેટલી બુદ્ધની ટેરાકોટાની મૂર્તિઓ, અસ્થિપાત્ર, એના ઉપર લખેલો લેખ વગેરે મળેલું. પુરાતત્વ વિભાગની મંજૂરી લઈને ધીરુભાઈએ આ બધા અવશેષો મોડાસા કૉલેજમાં લાવીને મ્યુઝિયમનો આરંભ કર્યો હતો. મોડાસાથી લુણાવાડા જતાં કલેશ્વરીની ટેકરી પાસેથી ઘણાં મરોડદાર શિલ્પો એ લઈ આવેલા. પ્રો. એલ. ડી. જોશીને મ્યુઝિયમનો ચાર્જ સોંપેલો અને પછી તો અનેક જગ્યાએથી શિલ્પો, મૂર્તિઓ, જૂના સિક્કા, તામ્રપત્રો બધું મ્યુઝિયમમાં આવવા માંડેલું. જૂની રંગભૂમિના 19મી સદીમાં લખાયેલાં અને ભજવાયેલાં પણ અપ્રગટ રહેલાં, મણિલાલ પાગલ અને પ્રભુલાલ દ્વિવેદીનાં બાવન નાટકોની હસ્તપ્રતો પણ ખરીદીને મ્યુઝિયમમાં મૂકેલી છે. મ્યુઝિયમનું અલગ મકાન પણ છે. આદિવાસી સ્ત્રી-પુરુષોનાં વસ્ત્રો, અલંકારો અને વિવિધ વાજિંત્રોના નમૂનાઓ પણ આ મ્યુઝિયમમાં ઉપલબ્ધ છે. નાટક પ્રવૃત્તિમાં ધીરુભાઈને વિશેષ રસ હોવાથી કૉલેજમાં એમણે ઓપનએર થિયેટર ઊભું કરેલું. યુવક મહોત્સવ નિમિત્તે અહીં એમણે અનેક કલાકારોને બોલાવેલા. દેશી નાટકો અને અંગ્રેજી નાટકો પણ અન્ય કંપની કે સંસ્થા દ્વારા અહીં રજૂ કરાવતા. ગામડાની પ્રજાને ધીરુભાઈએ આવી અનેક ઉચ્ચકોટિના મનોરંજનવાળી કૃતિઓનો આસ્વાદ કરાવેલો. મોડાસા કૉલેજ પણ યુવક મહોત્સવમાં રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેતી અને ઇનામો મેળવતી. મોડાસા કૉલેજના રંગમંચ ઉપર ચંદ્રવદન મહેતા, જશવંત ઠાકર, દીના પાઠક, મૃણાલિની સારાભાઈ, કુમુદિની લાખિયા તથા મલ્લિકા સારાભાઈ જેવાં કલાકારોને જોવા-સાંભળવાનો લાભ મોડાસા કૉલેજના વિદ્યાર્થીઓને અને મોડાસાની જનતાને મળ્યો હતો. મહેન્દ્ર અમીને અડધો ડઝનથી વધારે અંગ્રેજી નાટકોના ગુજરાતી અનુવાદો કરીને યુવક મહોત્સવમાં એ નાટકો ભજવીને મોડાસા કૉલેજને ઇનામો તથા નામના અપાવ્યાં હતાં. રમતગમતના ક્ષેત્રે પણ મોડાસા કૉલેજના વિદ્યાર્થીઓ તમામ પ્રકારની રમતોમાં રાષ્ટ્રીય કક્ષા સુધી જતા અને અગ્રહરોળમાં રહેતા હતા. ફિઝિકલ ઇન્સ્ટ્રક્ટર તરીકે નરેન્દ્રપ્રસાદ આડેસરા અને રમણ પટેલની સેવાઓ વિદ્યાર્થીઓ આજીવન ભૂલે નહીં એવી હતી.

વિદ્યાર્થીમંડળોની ચૂંટણીઓ શિસ્તબદ્ધ રીતે થાય એવા નિયમો બનાવેલા.

સારી પરંપરા અને ધાક હોવાથી વિદ્યાર્થીઓ શિસ્તની મર્યાદા લોપતા નહીં. આમાં અધ્યાપકોનો પણ મોટો ફાળો હતો. આ એક જ એવી કૉલેજ હતી કે ચૂંટણીના બીજા દિવસે વિદ્યાર્થીઓને રજા આપવામાં આવતી નહીં. વિદ્યાર્થીઓ માગણી કરતા હતા પણ ધીરુભાઈ એમને સમજાવીને શાંત પાડી દેતા. ધીરુભાઈએ અધ્યાપકો સમક્ષ વિનંતી રૂપે એક દરખાસ્ત મૂકેલી કે કૉલેજ ચલાવવા માટે દાનવીરો દાન આપે છે તો અધ્યાપકોએ થોડું યોગદાન આપવું જોઈએ – આ યોગદાન એટલે ઉનાળાની ત્રણ મહિનાની રજાઓમાં અધ્યાપકો પંદર દિવસ માટે ગ્રંથાલયમાં આવે, અગિયારથી પાંચ સુધી વાંચે, લખે, સ્વાધ્યાય કરે અને સજ્જતા વધારે. કૉલેજ એમને બપોરનો ચા-નાસ્તો નિઃશુલ્ક આપે એવું ઠરાવ્યું હતું. અધ્યાપક પોતાને અનુકૂળ પંદર દિવસ ગ્રંથપાલને લખી જણાવતા. 1973 સુધી આ વ્યવસ્થા સારી રીતે ચાલી. પછીનાં વર્ષોમાં (કે. એસ. શાસ્ત્રીની નેતાગીરીમાં) રચાયેલાં અધ્યાપકમંડળનું પીઠબળ મળતાં અધ્યાપકો એમ કહેવા લાગ્યા કે વૅકેશનમાં તમે અમને કામ કરવાની ફરજ પાડી શકો નહીં. જોકે આ કામગીરી તો સ્વૈચ્છિક હતી અને એનો લાભ અધ્યાપકને પોતાને જ થવાનો હતો. આ બધા પ્રસંગો બતાવે છે કે એક આચાર્ય દ્વારા કેટલું બધું અને કેવું કેવું કામ થઈ શકે છે. ધીરુભાઈની નામના કંઈ એમ જ બની નહોતી. એ તો આચાર્યોના પણ આચાર્ય ગણાય એવું એમનું કામ હતું.

મોડાસા કૉલેજ આટલું બધું કામ કરી શકી એનો યશ સંચાલક મંડળને પણ મળવો જોઈએ. રાયચંદભાઈ શાહ આ સંસ્થાઓના પિતાતુલ્ય હતા. જિંદગીનો એક દાયકો આ કૉલેજનું સંવર્ધન કરીને એને વટવૃક્ષ બનાવવામાં એમણે ખર્ચી નાખ્યો હતો. દાન આપવું અને દાન મેળવી લાવવું, કૉલેજમાં બધી જ વિદ્યાશાખાઓ સ્થાપવી અને વિસ્તારવી એ એમનું કામ હતું. એમના આ કાર્યમાં સાથ આપનાર મગનલાલ શાહ, રમણલાલ સોની, ડૉ. નાથાલાલ શાહ, વિઠ્ઠલદાસ શાહ, છબીલદાસ બાપુલાલ અને છબીલદાસ લક્ષ્મીચંદ શાહ વગેરેનું યોગદાન પણ એટલું જ હતું. રાયચંદભાઈના અવસાન પછી જે. બી. શાહે પ્રમુખ-સ્થાને રહીને કૉલેજની વિકાસયાત્રાને આગળ ધપાવી હતી. એમનું અચાનક અવસાન થતાં મગનલાલ ગિરધારલાલ શાહે સંચાલક મંડળની ધુરા સંભાળેલી. આજેય આ મહાનુભાવોના દીકરાઓ સંચાલક મંડળનો કારોબાર સંભાળી રહ્યા છે.

*

કૉલેજમાં ઉત્તમ વિદ્વાનોને વ્યક્તવ્યો માટે બોલાવવા અને લેખકો, સર્જકોને પણ બોલાવવા એ સિલસિલો ધીરુભાઈએ કાયમ ચાલુ રાખેલો. આ દરમિયાન ધીરુભાઈનાં મહત્ત્વનાં પુસ્તકો પણ પ્રગટ થતાં હતાં. ‘રસ અને રુચિ’ તથા ‘સાંપ્રત સાહિત્ય’ જેવા એમના વિવેચન અને સમીક્ષાના ગ્રંથો આજે પણ ધ્યાનપાત્ર છે.

ધીરુભાઈએ ‘આપણાં કરુણ પ્રશસ્તિ કાવ્યો’ અને ‘આપણા ખંડ કાવ્યો’નું સંપાદન કરેલું. આ પુસ્તકો બી.એ. કક્ષાએ અભ્યાસક્રમમાં રહેતાં હતાં. ‘અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા’ શીર્ષકથી ધીરુભાઈએ લખેલો ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ પછીથી એમણે જુદા જુદા યુગ પ્રમાણે પાંચ વિસ્તૃત ભાગોમાં લખી અને પ્રકાશિત કર્યો હતો. છેક 2010 સુધી ધીરુભાઈ આ ગ્રંથોની સંશોધિત આવૃત્તિઓ પ્રકાશિત કરતા રહેલા. ગુજરાતી સાહિત્યમાં ઓછાવત્તા ઇતિહાસો લખાયા છે ખરા, સાહિત્ય પરિષદે પણ લેખકકેન્દ્રી ઇતિહાસો લખાવીને સંપાદન રૂપે પ્રકાશિત કર્યા છે પરંતુ બી.એ., એમ.એ.ના વર્ગોમાં છેક 1956થી માંડીને આજદિન સુધી ધીરુભાઈ ઠાકરની આ ઇતિહાસ ગ્રંથશ્રેણી જ વંચાય છે અને વખાણાય છે. ધીરુભાઈનો આ ઇતિહાસ વિદ્યાર્થીભોગ્ય હોવા ઉપરાંત જે તે યુગનો, સાહિત્યસ્વરૂપનો, જે તે લેખકનો અને એની કૃતિનો ટૂંકો માર્મિક અને ગુણગ્રાહી પરિચય કરાવે છે. એમના આ ઇતિહાસલેખન વિશે શરીફા વીજળીવાળા પોતાનો પક્ષપાત દર્શાવે છે. એના ઉત્તરમાં ધીરુભાઈ જણાવે છે કે :

> ‘મને પોતાને શુષ્ક વિગતો કદી ન ગમતી. એટલે લખતી વખતે હું વિદ્યાર્થીને રસ પડે તે રીતે વિગતો, તારણોને મૂકવા કોશિશ કરતો. મૂળભૂત રીતે હું શિક્ષક. તંતોતંત ... વિદ્યાર્થીની આંખમાં આંખ પરોવીને બોલવાની ટેવ. એ જ રીતે વાંચનારની આંખમાં આંખ પરોવીને લખું. સરળ, સાદી ભાષામાં, વિશદ કરતો જાઉં એટલે કદાચ વિદ્યાર્થીને મજા પડતી હશે. જોકે મારી લેખનશૈલીની ટીકા પણ થઈ છે. હું સર્જકના જીવન વિશે વધુ વાત કરું છું એવું પણ મારા વિશે કહેવાયું છે. પરંતુ સાહિત્યને સુસંગત જીવનની વાત કર્યા વગર સર્જકના કાર્યને કઈ રીતે સમજી શકાય ?’
>
> (ધીરુભાઈ ઠાકરની મુલાકાત, ‘સમ્મુખ’ પૃ. 126)

આધુનિક વિવેચક પ્રો. સુમન શાહ પણ ધીરુભાઈના ઇતિહાસલેખનથી ખાસ્સા પ્રભાવિત થયેલા. એમણે નોંધ્યું છે કે ‘ગુજરાતી સાહિત્યના ઇતિહાસ વિશેનું મારું જ્ઞાન ધીરુભાઈના ઉપરોક્ત ગ્રંથથી થયેલું. ગુજરાતી સાહિત્યકારો વિશે જાણવાનું એક માત્ર સાધન એટલે ધીરુભાઈનો ઇતિહાસ.’ ડૉ. રમણ સોની ધીરુભાઈના આ ઇતિહાસગ્રંથ વિશે લખે છે કે :

‘ઇતિહાસની ચોપડી દિલચશ્પ બને એ વિરલ ગણાય. પણ ધીરુભાઈની લખાવટ એવી કે વિદ્યાર્થીચિત્તમાં ઇતિહાસગ્રહણ રસપૂર્વક થાય. અધ્યાપક થયા પછી, વર્ષો સુધી સાહિત્યનો ઇતિહાસ શીખવતાં બીજા ઉત્તમ ગ્રંથોના દરવાજા

ખૂલ્યા ત્યારે પણ, આ ‘વિકાસરેખા’નો અને એમ ધીરુભાઈનો, તંતુ તો જળવાયેલો રહ્યો જ. કેમ કે, એની ઇતિહાસ લેખેની કેટલીક મર્યાદાઓ હોવા છતાં, પાયાના પાઠ્યગ્રંથ (ટૅક્સ્ટ) તરીકે એનું સ્થાન અકાટ્ય. એ રીતે, પરોક્ષ ભાવે, મારી જેમ અનેક વિદ્યાર્થી – શિક્ષકોના મનમાં વિકાસરેખાકાર ધીરુભાઈનું સ્થાન અકાટ્ય.

(‘સવ્યસાચી : સ્મરણદીપના પ્રકાશમાં’, પૃ. 118)

એક વિદ્યાપુરુષની સાધના કેવી હોય ? એનો ખ્યાલ આપણને ધીરુભાઈએ લખેલા આ સાહિત્યના ઇતિહાસ પરથી આવી શકે. ધીરુભાઈનો સંશોધનગ્રંથ ‘મણિલાલ નભુભાઈની સાહિત્ય સાધના’ પ્રો. સંજાણાએ વખાણેલો. પંડિત સુખલાલજી એનાથી પ્રસન્ન થયેલા. પ્રો. રા. વિ. પાઠકને એનાથી સંતોષ થયેલો. આ કંઈ નાની વાત નથી. મણિલાલ વિશે આનાથી ઉત્તમ કોઈ ગ્રંથ ગુજરાતી વિવેચનમાં હજી મળ્યો નથી. ‘કેટલાક સાહિત્યિક વિવાદો’ શીર્ષકથી પ્રગટ થયેલો એમનો ગ્રંથ સંશોધન, વિવેચનની એક નૂતન અને ઉચ્ચકક્ષાની પરિપાટી પ્રસ્થાપિત કરી આપે છે. સાહિત્યકારોના પરસ્પરના મતભેદો એમના રાગદ્વેષો, એમની સાહિત્ય વિશેની માન્યતાઓની ચર્ચા કરતો આ ગ્રંથ વિશેષ ધ્યાનપાત્ર છે. મણિલાલ નભુભાઈના આત્મવૃત્તાંતનું ધીરુભાઈએ કરેલું સંપાદન એની તટસ્થ પ્રસ્તાવનાને કારણે લોકોને સમજવામાં વધારે સરળ પડ્યું છે. ધીરુભાઈએ લખેલું શેઠ કસ્તૂરભાઈ લાલભાઈનું જીવનચરિત્ર ‘પરંપરા અને પ્રગતિ’ એક જુદા જ વિષયને આપણી સામે રજૂ કરે છે. ગુજરાતી મહાજન પરંપરા અને ઔદ્યોગિક વિકાસનો આખો ઇતિહાસ ધીરુભાઈએ એમાં રજૂ કર્યો છે. મણિલાલ નભુભાઈના જીવન વિશે ‘ઊંચો પર્વત ઊંડી ખીણ’ નામે નાટક પણ એમણે લખ્યું છે. મણિલાલના સાહિત્ય વિશે અંગ્રેજીમાં એમણે મોનોગ્રામ તૈયાર કરેલો છે. જીવનમાધુરી શ્રેણીના નવગ્રંથો ઉપરાંત એમણે પાબ્લો નેરુદાની આત્મકથાનો ગુજરાતીમાં અનુવાદ ‘સત્યની મુખોમુખ’ નામે કરેલો છે. આ કામ એમણે વિશ્વકોશના પચ્ચીસ ભાગો પ્રગટ થયા પછી 2010માં કર્યું હતું. ‘અલ્કેમિસ્ટ’ નવલકથાનો અનુવાદ પણ એમણે ‘પ્રવાસી પિરામિડનો’ નામે આપેલો છે. ‘નાટ્ય તાલીમના નેપથ્યે’ – ગ્રંથ નાટકક્ષેત્રે કામ કરનાર સૌ કોઈને ઉપયોગી થાય એવો છે. આપણા કોઈ પણ વિવેચક કે સંશોધકને લખવાનો કદી વિચાર આવ્યો ન હોય એવો એક ગ્રંથ ધીરુભાઈએ ગુજરાતી સાહિત્યને આપીને સૌને ચોંકાવી દીધા હતા. એ ગ્રંથ એટલે ‘ગાંધીજી અને પાંચ સાક્ષરો’. સાહિત્યકારો સાથેના ગાંધીજીના મતભેદો અને મનભેદોની અહીં સદષ્ટાંત તથા મૂળગામી ચર્ચા કરવામાં આવેલી છે. આ સિવાય પણ ધીરુભાઈનાં અનેક પુસ્તકો, સંપાદનો પ્રગટ થયાં છે.

1973માં ધીરુભાઈ ગુજરાતી વિષયના અધ્યાપક સંઘના પ્રમુખ વરાયા હતા.

ગુજરાત યુનિવર્સિટીની સેનેટ સિન્ડિકેટ અને અભ્યાસ સમિતિમાં ધીરુભાઈને ઉમાશંકર જોશીના સાંનિધ્યમાં કામ કરવાની તક મળી હતી. શિક્ષણ વિશેના અને સાહિત્ય વિશેના પોતાના વિચારો વિશદતાથી અને ભારપૂર્વક મૂકવાનું બન્યું હતું. 2000–01માં ધીરુભાઈ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે વરાયા હતા. 1975માં એમણે ઇંગ્લૅન્ડ, યુરોપ અને અમેરિકાનો પ્રવાસ એમના દીકરા દિલીપ અને પરિવારજનો સાથે કર્યો હતો. 'સફર સો દિવસની' નામે પ્રવાસગ્રંથમાં આ પ્રવાસોનું આલેખન મળે છે. 1983 અને 1993માં પણ ધીરુભાઈ એમના દીકરા દિલીપભાઈને ત્યાં લંડન જઈને રહેલા. આ પ્રવાસોમાં ધીરુભાઈએ પશ્ચિમનાં અનેક નાટકો જોયાં હતાં. એ નાટકોમાં કામ કરતાં સુખ્યાત નટનટીઓનો અભિનય જોઈને ધીરુભાઈ અચંબિત થયા હતા. વિશ્વની શ્રેષ્ઠ ગણાતી યુનિવર્સિટીઓ, કૉલેજોની મુલાકાતો નિરાંત જીવે ધીરુભાઈ લઈ શકેલા. મ્યુઝિયમો અને કલાકેન્દ્રોની મુલાકાતો પણ એમણે રસપૂર્વક લીધી હતી. આપણને પ્રશ્ન થાય કે એક માણસ આટલાં બધાં કાર્યો, ગુણવત્તા સાથે સમાધાન કર્યા વગર, કેવી રીતે કરી શકતો હશે ? ધીરુભાઈમાં રહેલા વિદ્યાપુરુષની આ સાધના સાચે જ વિરલ છે. એમના આ કાર્યો માટે એમને કેટલાંક સન્માનો મળ્યાં હતાં. 1996માં મળેલો રણજિતરામ સુવર્ણચંદ્રક એ સૌમાં શિરમોડ છે. ગુજરાતી સાહિત્ય પરિષદે 2006માં 'સચ્ચિદાનંદ સન્માન' આપીને સન્માન્યા હતા. મહારાષ્ટ્ર રાજ્યની ગુજરાતી સાહિત્ય અકાદમીએ એમને 'વીર નર્મદ પુરસ્કાર'થી 2012માં નવાજ્યા હતા.

* * *

9

# કારમો આઘાત : વિપથગામી પરિબળો, મોડાસા (2)

1973 સુધીમાં તો મોડાસા કૉલેજ એના વિકાસની ચરમસીમાએ પહોંચી ગઈ હતી. એ વરસે પાંચે કૉલેજનો સંયુક્ત વાર્ષિકોત્સવ ઊજવાયો હતો. એના અતિથિવિશેષ તરીકે લંડનની બ્રાઉન યુનિવર્સિટીના, અંગ્રેજી તથા નાટ્યકળાના પ્રાધ્યાપક બાર્નહીલને બોલાવેલા હતા. કૉલેજમાં ચાલતા નાટ્યમંડળ – રંગલોક સમક્ષ એમણે સરસ વ્યાખ્યાન આપેલું. કૉલેજની પ્રવૃત્તિઓથી અને વિદ્યાર્થીઓની શિસ્તથી, અહીં અપાતા ઉચ્ચ શિક્ષણથી પ્રો. બાર્નહીલ બહુ પ્રભાવિત થયા હતા. એ વર્ષે દાતાઓને સન્માનવાનો કાર્યક્રમ પણ યોજાયો હતો. અનેક મોટા કેળવણીકારોને બોલાવ્યા હતા. ગુજરાતમાં યુનિવર્સિટી-શિક્ષણનું પુનર્ગઠન કરવા માટે રાજ્ય-સરકારે નિમેલી સમિતિએ મોડાસા કૉલેજ કૅમ્પસની મુલાકાત લીધેલી. એમાં જોધપુર યુનિવર્સિટીના કુલપતિ અને પ્રસિદ્ધ કેળવણીકાર વી. વી. જ્હૉન સાથે પ્રો. જે. બી. સાંડીલ્ય તથા કુલપતિશ્રી ઈશ્વરભાઈ પટેલ વગેરે હાજર રહેલા. કૉલેજ કૅમ્પસના આ વાતાવરણથી આ સમિતિ બહુ પ્રભાવિત થઈ હતી. પ્રો. વી. વી. જ્હૉને ધીરુભાઈને કૅમ્પસની પ્રશંસા કરતો સરસ પત્ર લખ્યો હતો. આ વિદ્યાસંકુલના વિકાસનું સર્વોચ્ચ બિંદુ જાણે કે આવી જ ગયું હોય એમ ઉપરના પ્રસંગોથી લાગે, એ પછી બનતી ગયેલી ઘટનાઓ ધીરુભાઈ માટે આઘાતક હતી અને કૅમ્પસના વિકાસ પર પૂર્ણવિરામ મૂકનારી પણ. ગાંધી જન્મશતાબ્દીના વર્ષમાં (1969) અમદાવાદ તથા ગુજરાતમાં કોમી દાવાનળ લાંબા સમય સુધી ચાલેલો ત્યારે પણ મોડાસામાં તોફાનો નહોતાં થયાં. બધા લોકો સંપીને રહેતા હતા.

સપ્ટેમ્બર 11, 1973ના દિવસે મોડાસામાં અચાનક પથ્થરબાજી શરૂ થઈ અને સાંજ સુધીમાં તો દુકાનોની એક પછી એક હાર આગમાં ભસ્મીભૂત થઈ ગઈ. પોલીસદળ અને મુખ્યમંત્રી દોડી આવ્યા. શાંતિસેના રચાઈ. નારાયણ દેસાઈ પંદર દિવસ રહીને બે કોમ વચ્ચે સમાધાન કરાવીને ગયા હતા. છતાં પ્રજાજીવનના

વ્યવહારમાં કડવાશ વર્તાવા માંડેલી. કૉલેજ પંદર દિવસ બંધ રહેલી. એન.એસ. એસ.ના વિદ્યાર્થીઓએ બળેલી દુકાનોની સફાઈ કરવામાં મદદ કરેલી. આમ છતાં પરિણામ વિપરીત આવેલું. અમદાવાદમાં નવનિર્માણનું આંદોલન શરૂ થયેલું. કૉલેજ કૅમ્પસ ઉપર એના કારણે ધીમે ધીમે અશાંતિ વધવા લાગેલી. કૉલેજ પરિવારના કેટલાક અધ્યાપકોની નિંદા કરતી નનામી પત્રિકાઓ શહેરમાં ફરતી થઈ હતી અને જાહેર સ્થળો પર ચોંટાડવામાં આવી હતી. કૅમ્પસની કૉલેજોના આચાર્યોએ આની સામે નગરજનોને તથા વિદ્યાર્થીઓને સાચી અને પ્રમાણભૂત વિગતો દર્શાવીને સમજાવવાની કોશિશ કરેલી. કેટલાક વિદ્યાર્થીઓએ પણ અધ્યાપકો પરના આક્ષેપોને વખોડી કાઢ્યા હતા. જોકે ભારેલો અગ્નિ હવે બહાર પ્રગટ થવા માંડ્યો હતો. ઝેર ઠીક ઠીક પ્રસરવા માંડ્યું હતું. જેમની સામે આક્ષેપો થયા હતા એ અધ્યાપકોને નોકરીમાંથી દૂર કરવાની સુઆયોજિત હિલચાલ શરૂ થઈ ગયેલી. ચાલુ વર્ષે સ્થપાયેલી લૉ કૉલેજમાં અમદાવાદથી ભણવા આવેલા એક સિનિયર વિદ્યાર્થીએ (એ મોડાસાની બાજુના ગામનો વતની હતો) આ સમગ્ર આંદોલનની આગેવાની લીધી હતી. શરૂઆતમાં પાંચ-છ અધ્યાપકોનાં નામ હતાં. પછી એમાં ગ્રંથપાલનું નામ પણ ઉમેરાયું. આ અધ્યાપકો સાથે મૈત્રીભાવથી જોડાયેલા અને સારી પ્રવૃત્તિઓમાં સાથે રહેવાની લાગણીથી મદદરૂપ બનેલા બે નવા આવેલા અધ્યાપકોનાં નામ પણ એમાં ઉમેરાયાં હતાં. નવનિર્માણ આંદોલનના પડઘાઓ સાથે આ અધ્યાપકો હટાવો આંદોલન પણ મજબૂત બનતું ગયેલું.

આ અધ્યાપકો સતત વાંચનારા, લખનારા અને વિદ્યાર્થીઓને મદદ કરનારા હતા. અભ્યાસમાં તેજસ્વી અને ભણાવવામાં વખણાયેલા હતા. અલબત્ત એ કોઈની શેહમાં તણાતા નહોતા. પોતાને સાચું લાગે તે કહેતા અને આચરણમાં મૂકતા. કોઈની ખુશામત ન કરનારા આ અધ્યાપકો થોડા સ્વતંત્ર મિજાજી પણ હતા. એમાં એક બે સામ્યવાદી વિચારધારાના હતા. કોઈ એક વિધર્મી હતા, તો એક અગુજરાતી પણ હતા. સામ્યવાદી વિચારધારા ધરાવનારા અધ્યાપકો નવનિર્માણ આંદોલન દરમિયાન ‘નાગરિક સમિતિ’ અને ‘સાબરયુથ’ વચ્ચે ચાલેલા પત્રિકા યુદ્ધમાં સંડોવાયેલા હતા. જોકે કોઈનું માનસ કોમવાદી નહોતું અને એમનાં મંતવ્યો કૉલેજના કામમાં બાધારૂપ નહોતાં. કૉલેજનું કામ તેઓ નિષ્ઠાથી કરતા અને અનેક પ્રવૃત્તિઓમાં હાજર રહીને મહત્વની ભૂમિકા ભજવતા. કૉલેજના વિકાસમાં એમનો હિસ્સો પણ ઘણો હતો એટલે ધીરુભાઈનો પક્ષપાત એમના તરફ વધારે હોવાનું બીજા અધ્યાપકોને, નગરજનોને, મંડળના કેટલાક સભ્યોને અને વિદ્યાર્થીઓને પણ દેખાતું હતું. કેટલાકની ઈર્ષા તો કેટલાકનો દ્વેષ પણ ખાનગીમાં સક્રિય બનતો હશે એ અશક્ય નહોતું. ગામમાં કોમવાદ પ્રસરતો જતો હતો. એની સાથે કેટલાંક વિઘ્નસંતોષી તત્વોએ આ ‘નવરત્નો’ને દૂર કરવાની ઝુંબેશ ઉપાડેલી. લૉ કૉલેજનો

પેલો સિનિયર વિદ્યાર્થી જે જી.એસ. પણ હતો એની સાથે એજ્યુકેશન કૉલેજનો બીજો એક અગ્રણી વિદ્યાર્થી પણ આ ઝુંબેશમાં જોડાયો. કેળવણી મંડળને રોજ પત્રો લખવામાં આવતા. બધી કૉલેજોના વિદ્યાર્થીમંડળોના પ્રતિનિધિઓએ પણ સંયુક્ત આવેદનપત્ર આપીને અધ્યાપકોના નામજોગ આક્ષેપો પણ મૂકેલા. આમ નવ અધ્યાપકો અને એમની સાથે આચાર્ય તરીકે સંરક્ષક તરીકે ઊભેલા ધીરુભાઈ જાણે એક બાજુ હતા તો સામે આખો વિદ્યાર્થી સમુદાય જીદે ચડેલો હતો. વિદ્યાર્થીઓને અંદરખાને કેટલાક નાગરિકોનો અને કેટલાક અધ્યાપકોનો પણ છૂપો ટેકો મળતો હશે એમ માની શકાય. વિદ્યાર્થીઓએ કરેલા આક્ષેપો આવેદનપત્રમાં જે ભાષામાં મુકાયા હતા એ ભાષા વિદ્યાર્થીઓની નહીં પણ કોઈ કસાયેલા વકીલની કરામત હોય એવું વર્તાઈ આવતું હતું. આ અધ્યાપકો ભ્રષ્ટાચારી છે, કોમવાદી છે, કૉલેજમાં મોડે સુધી રોકાય છે અને વિવિધ પ્રવૃત્તિઓમાં જોડાતી વિદ્યાર્થિઓનું શોષણ પણ કરે છે. આ અધ્યાપકો મનસ્વી રીતે વર્તે છે. ઘમંડી છે. હવે એમનાં અપકૃત્યો ચલાવી નહીં લેવાય. આચાર્યશ્રીએ પણ એમની સામે કોઈ પગલાં કેમ લીધાં નથી. આવા આક્ષેપો હવે તો જગજાહેર થયા હતા. આંદોલન ઉગ્ર સ્વરૂપ પકડી ચૂક્યું હતું. હડતાળ ચાલુ થઈ ગઈ હતી. વિદ્યાર્થીઓને સમજાવવા માટે કૉલેજના રંગભવનમાં એકત્ર કર્યા ત્યારે અમુક તોફાની તત્ત્વોએ પથ્થરમારો ચલાવ્યો. દાઉદભાઈ અને ધીરુભાઈ એ પથ્થરમારાની વચ્ચે ઊભા રહીને પણ વિદ્યાર્થીઓને સમજાવતા હતા. કૉલેજના ત્રણ પટાવાળા ભાઈઓ બંને આચાર્યોની આગળ-પાછળ ઊભા રહીને, પૂંઠા ધરીને આવતા પથ્થરોને ઝીલતા હતા. તેમ છતાં કેટલાક પથ્થર ધીરુભાઈ અને દાઉદભાઈને વાગેલા. છેવટે વિદ્યાર્થી પ્રતિનિધિઓ સાથે બેસીને ચર્ચા કરવાનું ઠરાવ્યું. જોકે બધું વ્યર્થ હતું. ચારે તરફ આક્રમક મિજાજ અને ક્રોધ હતો. કોઈ કશું સાંભળવા તૈયાર નહોતું.

રંગભવનથી નીકળીને ધીરુભાઈ અને દાઉદભાઈ આર્ટ્સ કૉલેજ તરફ આવતા હતા ત્યારે એમણે જોયું કે કેટલાક તોફાનીઓ ત્રીજે માળેથી વર્ગોનું ફર્નિચર નીચે ફેંકતા હતા. નીચે ઊભેલા અધ્યાપકો પર હુમલો કરવામાં આવ્યો. તોફાનીઓ અને અધ્યાપકો વચ્ચે છૂટા હાથની મારામારી શરૂ થઈ એટલે ધીરુભાઈ દોડીને ટોળાની વચ્ચે ધસી ગયા અને બૂમ પાડીને કહ્યું કે, 'Kill Me, but don't kill the college.' ધીરુભાઈ પણ આક્રોશ અટકાવી શક્યા નહીં. હિંસા અને જોરતલબીનું વાતાવરણ ઉગ્ર બનતું હતું. પોલીસ આવી, ઈજા પામેલા વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને હૉસ્પિટલમાં ખસેડવા પડ્યા. સામસામે ફોજદારી કેસ કરવામાં આવ્યા. બે-ત્રણ કલાકમાં જ કૉલેજ કૅમ્પસ પર ભય અને આતંક છવાઈ ગયા હતા. 21મી માર્ચ, 1974નો એ દિવસ હતો. નવનિર્માણ આંદોલન શાંત પડી ગયું હતું. ચીમનભાઈની સરકાર બરખાસ્ત થઈ ગઈ હતી અને રાજ્યમાં ગવર્નરનું

શાસન ફેબ્રુઆરીથી લાગુ થઈ ગયું હતું. પછીના બે દિવસ આચાર્યોએ કૉલેજ બંધ રાખવાનો નિર્ણય લીધેલો. સ્થાનિક પોલીસ ઇન્સ્પેક્ટરનું વલણ પણ બિનસાંપ્રદાયિક નહોતું. અધ્યાપક નિવાસમાં રહેતા એક મુસ્લિમ અધ્યાપકના ઘર પર હુમલો થયો હતો. એ અધ્યાપકનાં પત્નીને પ્રસૂતિનો પ્રસંગ હતો અને ધનલક્ષ્મીબહેન ત્યાં મદદરૂપ થવા માટે ગયાં હતાં. બીજા રહેવાસીઓએ એમની પણ ટીકા કરી. આથી ધીરુભાઈને ઊંડો આઘાત લાગ્યો. પ્રેમપૂર્વક જળ સીંચીને ઉછેરેલો આ લીલોછમ બાગ કોઈ જંગલી પશુઓએ એકાએક છિન્નભિન્ન કરી નાંખ્યો હતો. વ્યવહારુ અને કઠોર હૃદયના ગણાતા ધીરુભાઈ પણ અંદરથી હચમચી ગયા હતા.

ત્રણ દિવસ પછી ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ઈશ્વરભાઈ પટેલ, કુલસચિવ શ્રી કંચનલાલ પરીખ, પ્રિ. યશવંત શુક્લ અને પ્રિ. ઘનશ્યામભાઈ પરીખ મોડાસા આવ્યા. એમણે પણ સંચાલક મંડળને સ્પષ્ટ કહ્યું કે યુનિવર્સિટીના નિયમો પ્રમાણે અધ્યાપકોને તમે છૂટા કરી શકો નહીં. ઘવાયેલાઓને મળવા તેઓ હૉસ્પિટલ ગયા. વિદ્યાર્થીઓ સાથે વાત કરવા માટે એમને બોલાવ્યા. પણ કોઈ આવ્યું નહીં. યશવંતભાઈએ ધીરુભાઈને ચેતવવા કહેલું કે વિદ્યાર્થીઓ લડાયક મૂડમાં છે ને પરિસ્થિતિ અત્યંત ગંભીર છે. ધીરુભાઈને પણ આ વાતની પ્રતીતિ થઈ ચૂકી હતી. પચ્ચીસમી તારીખે બધી કૉલેજોના વિદ્યાર્થી પ્રતિનિધિઓએ સભા ભરીને ઠરાવ કર્યો કે નવ અધ્યાપકોને દૂર ન કરાય ત્યાં સુધી કોઈએ કૉલેજ જવું નહીં. (નવનિર્માણ આંદોલનના કારણે કોઈ પરીક્ષાઓ લેવાની નહોતી અને વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપી દેવાની વાતો ચાલતી હતી એટલે પણ વિદ્યાર્થીઓએ કશું ગુમાવવાનું નહોતું. વગર પરીક્ષાએ પાસ થઈને બધા ઉપલા વર્ગમાં જવાના જ હતા.) વિદ્યાર્થીઓએ ઠરાવ કરવા ઉપરાંત ધમકી આપેલી કે અમારી માગણી પૂરી નહીં થાય ત્યાં સુધી અમે કૉલેજ ચાલવા દઈશું નહીં. ધીરુભાઈ એ વખતે એમની ચેમ્બરમાં બેઠા હતા. એમણે એક વિદ્યાર્થી આગેવાનને બોલાવ્યો. બેસાડીને સમજાવવાનો પ્રયત્ન કર્યો. વિદ્યાર્થીએ જરા પણ ડર્યા વગર કહ્યું કે – ‘સાહેબ, તમે આટલાં વર્ષથી અમારું લોહી પીધું છે. અમે તેનો બદલો લઈશું.’ ક્ષણવાર તો ધીરુભાઈ અવાક્ થઈ ગયેલા. પછી પૂરી સ્વસ્થતાથી એમણે કહેલું કે ‘ભલે, ભાઈ તારે જે કરવું હોય તે કર. કોઈકે તારા કાનમાં ભયંકર ઝેર રેડ્યું છે તેથી તું આમ બોલે છે. એક દિવસ જરૂર તને તારી ભૂલ સમજાશે, પણ તે વખતે મોડું થઈ ગયું હશે.’ વિદ્યાર્થી ગુસ્સામાં બબડતો બબડતો ચાલ્યો ગયેલો. હવે કોકડું વધારે ગૂંચવાતું જતું હતું. વિદ્યાર્થીઓનું ઉગ્ર આંદોલન જોઈને મંડળના હોદ્દેદારો ઢીલા પડવા માંડેલા. એમના ઉપર સ્થાનિક નાગરિકોનું પણ દબાણ વધતું જતું હતું. વિદ્યાર્થીઓ અધ્યાપકોને કાઢવા મક્કમ હતા તો ધીરુભાઈ અધ્યાપકોને નહીં કાઢવા મક્કમ હતા. વાત આટલી હદે પહોંચેલી જાણીને અધ્યાપક મંડળના પ્રમુખ પ્રો. કે. એસ. શાસ્ત્રી એમના કારોબારી સભ્યો

સાથે મોડાસા આવ્યા. શાસ્ત્રીજી તો અહીં નોકરી કરી ગયા હતા એટલે પરસ્પર ઓળખતા હતા. અધ્યાપક મંડળે પણ અધ્યાપકોને છૂટા ન કરવાની વાત દોહરાવી હતી. ધીરુભાઈએ તો આ માટે ઉપવાસ પણ કર્યા હતા. એમનું કહેવું હતું કે – નિર્દોષને સજા ન થઈ શકે. જ્યારે સંચાલક મંડળના કેટલાક સભ્યો હવે બોલતા થયા હતા કે કૉલેજમાં શાંતિ સ્થાપવા માટે અધ્યાપકોને છૂટા કરવા સિવાય બીજો કોઈ ઉપાય નથી. મંડળ અધ્યાપકોને વધારાનો પગાર આપીને પણ છૂટા કરવા માગતું હતું એટલે અધ્યાપકો પણ બોલવા લાગ્યા હતા કે ગમે તે થાય પણ અમે અહીંથી જઈશું નહીં. વિદ્યાર્થીઓમાં કોમવાદી ઝનૂન પણ ફેલાવા માંડેલું. આ સ્થિતિ જોઈને એક શિક્ષક તરીકે ધીરુભાઈને પોતાની જાત પર તિરસ્કાર થયેલો. આટલાં વર્ષોની મહેનત ક્યાં ગઈ ? વ્યાપક જીવનદૃષ્ટિ અને ઉદાર માનવતાના સંસ્કાર આપવાના મારા પ્રયત્નો ક્યાં ગયા ? – આવા વિચારો ધીરુભાઈનો બધો ગર્વ ઓગાળી નાખે છે. એમને થયેલું કે મેં આજદિન સુધી ધગધગતી રેતીમાં પણ પાણી રેડ્યા કર્યું છે. વિદ્યાર્થીઓને વિશ્વવિદ્યાના બળે પણ જો માનવતા ન શીખવી શકાતી હોય તો આ લાખોની કિંમતનાં મકાનો અને સાધનો શા કામનાં ? તો બીજી બાજુ આ લાખોના સામાનને અગ્નિમાં હોમાઈ જતો પણ શી રીતે જોઈ શકાય ? ધીરુભાઈનો અંતરાત્મા ડંખતો હતો. હૃદય વલોવાઈ જતું હતું. છાતીમાં મૂંઝારો વ્યાપી જતો હતો. સંચાલક મંડળની કાર્યવાહક સમિતિએ ધીરુભાઈની હાજરીમાં અધ્યાપકોને છૂટા કરવાનું પોતાનું વલણ ધીરુભાઈના સખત વિરોધ વચ્ચે પણ સ્પષ્ટ કર્યું. ધીરુભાઈ એ બેઠકમાંથી વૉકઆઉટ કરી ગયા. તે રાત્રે ધીરુભાઈને હાર્ટઍટેક આવ્યો. ડૉ. દવે દોડી આવ્યા. ઇન્જેક્શન આપ્યું. કાર્ડિયોગ્રામ લીધો. બીજા દિવસે ધીરુભાઈને અમદાવાદ ડૉ. પી. પી. મહેતાની સારવાર નીચે રાખવામાં આવ્યા. આવી બીમારી છતાં ધીરુભાઈનું ચિત્ત તો મોડાસા જ હતું. મોડાસા કૅમ્પસ પર આંદોલન ચાલુ જ હતું. કૉલેજનું ફર્નિચર સળગાવીને એક-બે અધ્યાપકોને એમાં હોમી દેવાનો પ્રયત્ન પણ થયો હતો. ધીરુભાઈના બંગલાનું તાળું તોડીને, ફર્નિચર બહાર કાઢીને આગ ચાંપી દેવામાં આવી હતી. બીજા દિવસે છાપાંઓ આ સમાચાર માંદગીને બિછાને પડેલા ધીરુભાઈ સુધી પહોંચાડે છે. ધીરુભાઈ ઘોર હતાશામાં જાણે કે તરફડતા હતા. કુટુંબીજનો પણ દુઃખી દુઃખી થઈ ગયેલા.

સંચાલક મંડળના સેક્રેટરી ડૉ. નાથાલાલ શાહ પત્રો લખીને ધીરુભાઈને બધું જણાવતા હતા. વિદ્યાર્થી નેતાઓએ ચોવીસ કલાકમાં અધ્યાપકોને છૂટા કરવાનું આખરીનામું આપેલું. મંડળ નિર્ણય લઈ શકતું નહોતું. તોફાન વધવાની બીકે દાઉદભાઈએ પેલા નવેનવ અધ્યાપક મિત્રોને કૉલેજમાં નહીં આવવા વિનંતી કરેલી. કોઈ એક અધ્યાપકને કહેવાનું રહી ગયેલું. એટલે તે કૉલેજમાં પહોંચ્યા ત્યારે વિદ્યાર્થીઓએ તેમને ઘેરીને આગમાં ફેંકવાની કોશિશ કરેલી. કેટલાક માણસો

દોડી આવતાં તે બચી ગયેલા. હિંસા વધતી જતી હતી એટલે નાછૂટકે સંચાલક મંડળે નિર્ણય લીધો હતો કે 'કૉલેજના તથા વિદ્યાર્થીઓના હિતમાં નાછૂટકે નવે અધ્યાપકોને ત્રણ માસની નોટિસ આપીને છૂટા કરવાનું નક્કી કર્યું છે.' આ વાત જાણીને ધીરુભાઈ સમસમી ગયેલા. કૉલેજમાં વિવાદાસ્પદ અધ્યાપકો હવે નહીં આવે એ શરતે વીસમી એપ્રિલ સુધી કૉલેજ ચાલી. જોકે હાજરી બહુ ઓછી હતી. કૉલેજ કૅમ્પસ પર એસ.આર.પી. અને સી.આર.પી.એફ.ના જવાનો મૂકેલા હતા. તે છતાં આગજનીના બનાવો બન્યા હતા. વૅકેશન પડ્યા છતાં કૅમ્પસ પરની સમસ્યા હલ નહોતી થઈ. કૉલેજના સ્થાપનાકાળથી જોડાયેલા અધ્યાપકોને પણ મંડળે છૂટા કરવાની નોટિસ આપી દીધી હતી. અધ્યાપકોએ નોટિસ સ્વીકારી નહોતી. સંચાલક મંડળે યુનિવર્સિટીને લખ્યું હતું કે જો અધ્યાપકો છૂટા થવાનું નહીં સ્વીકારે તો અમારે જુલાઈથી કૉલેજ બંધ કરવાની ફરજ પડશે.

કુલપતિ શ્રી ઈશ્વરભાઈ પટેલ આ સમસ્યા ઉકેલવા તૈયાર થાય છે. એમણે સંચાલક મંડળના હોદ્દેદારોને, પેલા નવ અધ્યાપકોને, અધ્યાપક મંડળના પ્રમુખ પ્રો. શાસ્ત્રીને યુનિવર્સિટી ખાતે બોલાવ્યા. માંદા હોવા છતાં ધીરુભાઈને પણ મિટિંગમાં લઈ આવ્યા હતા. દસ કલાકની ચર્ચાના અંતે જે નક્કી થયું તે આ પ્રમાણે હતું : નવ અધ્યાપકોને તેમની નોકરીનાં વર્ષોના પ્રમાણમાં મંડળ વળતર ચૂકવે અને અધ્યાપકો રાજીનામાં આપે. કુલપતિની હાજરીમાં કરારપત્ર પર બધા પક્ષોએ સહીસિક્કા કર્યા. મંડળે અધ્યાપકોને મોટી રકમ ચૂકવવાની આવી. છૂટા થયેલા અધ્યાપકો પૈકી એક-બે જણાએ શિક્ષણક્ષેત્ર છોડીને અન્યત્ર કામ શરૂ કર્યું હતું જ્યારે બાકીના સાતે જણને કોઈ ને કોઈ સંસ્થામાં એ જ વર્ષે અધ્યાપક તરીકે નિયુક્તિ મળી ગઈ હતી. આમ થવાથી ધીરુભાઈને થોડીક રાહત મળી હતી. છતાં એમની નિરાશા કંઈ ઓછી થઈ નહોતી. ધીરુભાઈને લાગ્યું હતું કે ગ્રામીણ સમાજને એ પ્રગતિશીલ વિચારશ્રેણી આપવામાં નિષ્ફળ ગયા હતા. સંચાલક મંડળ, અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને ગ્રામસમાજ વિશેનો ધીરુભાઈનો તમામ ભ્રમ ભાંગી ગયો હતો. સિદ્ધાંત અને ગુણવત્તાની સામે સ્વાર્થ, મમત્વ અને દંભ પર બંધાયેલી પોલી પ્રતિષ્ઠાની જ લોકોને પડી હતી. સંકુચિત વિચારનો આપણો સમાજ હજી ધર્મના વાડાઓમાં કેદ હતો. નવા વિચારો અને તાજી હવાની લોકોને જાણે કે ગરજ જ નહોતી.

ધીરુભાઈને થયા કરતું હતું કે મારું સ્વપ્ન રોળાઈ ગયું. મારી બધી આશાઓ પર પાણી ફરી વળ્યું છે. એમને લોહીનું ઊંચું દબાણ રહેતું હતું. ઊંઘ આવતી નહોતી. સતત બેચેનીમાં જીવતા હતા. હવે મોડાસામાં રહેવાનો શો અર્થ ? એવો પ્રશ્ન પણ એમને રોકતો હતો. નોકરીનાં બાકી રહેલાં ચાર વર્ષ આવી નિરાશા અને નાલેશી પછી મોડાસામાં ગાળવાથી નવું શું થઈ શકવાનું છે. બે એક કૉલેજોએ ધીરુભાઈને પોતાને ત્યાં જોડાવાની ઓફર પણ કરેલી. ધીરુભાઈ એ વિશે ગંભીરપણે

વિચારવા લાગેલા. જોકે એમના અંતર મનમાંથી સામે બીજા પ્રશ્નો ઊભા થતા હતા, 'તું રાજીનામું આપીને જઈશ તો તારી નાલેશી નહીં થાય ?' 'જેમણે આ તોફાન ઊભું કર્યું તેમનો વિજય થયો નહીં ગણાય ?' 'નવ અધ્યાપકો માટે જે બેબુનિયાદ અપપ્રચાર થયો હતો તેને સમર્થન નહીં મળે ? તારું રાજીનામું તું અમુક જૂથનો તરફદાર હતો એમ સાબિત નહીં કરે ?' ધીરુભાઈની વ્યવહારબુદ્ધિ કહેતી હતી કે પાછા મોડાસા જવાથી પેલા અધ્યાપકોના વળતરના પ્રશ્નો ઉકેલવામાં મદદ થશે. વળી ચૌદ વર્ષથી ઉછેરેલી સંસ્થાને ખંડિત અવસ્થામાં છોડીને જવાનું જરાય ઠીક લાગતું નહોતું. છેવટે ધીરુભાઈએ રાજીનામું નહીં આપ્યું, પાછા મોડાસા ગયા. ઘણાને એમાં સત્તામોહ દેખાયો, તો કેટલાકને કાયરતા પણ લાગી. ધીરુભાઈને પેલી ગ્રીક પુરાણકથાનો નાયક સિસિફસ યાદ આવતો હતો. એ નાયક તળેટીમાંથી એક મોટો પથ્થર શિખર પર ચડાવીને મૂકતો. પરસેવે રેબઝેબ થઈ જતો. પથ્થર થોડીક વાર સ્થિર થઈને પાછો નીચે ગબડી જતો. પાછો એ ફરીથી પથ્થરને શિખર પર ચડાવતો ને પથ્થર પુનઃ નીચે ગબડી જતો. ધીરુભાઈને લાગેલું કે પોતે પણ આ સિસિફસની જેવી નિષ્ફળ જતી મહેનત કરી રહ્યા છે. ગોવિંદપ્રસાદ વૈદ્ય ધીરુભાઈને દવા સાથે નિરાશામાંથી બહાર આવવાની હિંમત પણ આપતા. નિરાશાજનક પરિસ્થિતિમાંથી હિંમત હાર્યા વગર પ્રયત્ન કરવાનું ધીરુભાઈ માટે નવું નહોતું. તેમ છતાં ચૌદ વર્ષની મહેનતને ધૂળમાં મેળવી દેનાર ઘટના એમને અજંપ કરતી હતી. છેવટે આશાવાદી બનીને એમણે ફરીથી કામ શરૂ કરેલું. જે નવા અધ્યાપકો નીમ્યા એમાં ગુજરાતીના એક સારા અધ્યાપક કવિ ભૂપેશ અધ્વર્યુ એમને મળ્યા હતા. કિશોરસિંહ સોલંકી પણ એ વર્ષોમાં ત્યાં જોડાયા હતા.

1974માં ધીરુભાઈને હાર્ટઍટેક આવ્યો પછી એમના દીકરા દિલીપભાઈએ એમને આરામ માટે લંડન તેડાવ્યા હતા. દિલીપભાઈ વડોદરા યુનિવર્સિટીમાંથી બી.ઈ.(ડિસ્ટિન્કશન) પાસ કરીને આઈ.આઈ.એમ.માંથી એમ.બી.એ.થઈને, બહુ રાષ્ટ્રીય કંપની આઈ.બી.એમ.માં જોડાયા હતા અને યુ.કે.માં લંડન ખાતે સપરિવાર રહેતા હતા. ધીરુભાઈના મોટા દીકરા ભરતકુમાર એમ.એ. ગુજરાતીમાં કરીને ધોળકાની આર્ટ્સ કૉલેજમાં પ્રોફેસર તરીકે જોડાયા હતા. 1974માં તો ધીરુભાઈએ લંડન જવાની ના પાડી હતી. મોડાસા કૉલેજનું ખરાબે ચડેલું નાવ એ પાછું ઠીક કરવા માંગતા હતા. 1975ના એપ્રિલમાં ધીરુભાઈ પૂરા સો દિવસ માટે લંડન જવા નીકળે છે. ઇંગ્લૅન્ડમાં પ્રવાસ કરવા સાથે ધીરુભાઈ અમેરિકા, કૅનેડા અને યુરોપમાં પણ ફર્યા હતા. આગળ આપણે એ વિશે કેટલીક વિગતો નોંધી છે. ઇંગ્લૅન્ડથી પરત આવીને ધીરુભાઈએ 'સફર સો દિવસની' એવું માહિતીસભર પ્રવાસનું પુસ્તક આપ્યું હતું.

બાકીનાં વર્ષોમાં ધીરુભાઈએ મોડાસા કૉલેજ માટે એટલા જ ખંતથી કામ કર્યું

હતું. કૉલેજને UGCની શ્રેષ્ઠ કૉલેજ તરીકે ઇનામ પણ મળ્યું હતું. લૅન્ગવેજ લૅબ માટે પણ દાન મેળવી આપ્યું હતું. ગુજરાત યુનિવર્સિટીની ચાર કૉલેજોને UGC એ ‘કોહસિપ’ યોજના માટે પસંદ કરી હતી. જેમાંની એક મોડાસા આર્ટ્સ કૉલેજ હતી. અધ્યાપન અને પરીક્ષણ સુધારણા માટે રૂપિયા ત્રણ લાખની ગ્રાન્ટ ઉક્ત અન્વયે મંજૂર થઈ હતી. 1978ના જૂનની 30મી તારીખે ધીરુભાઈ વયોચિત નિવૃત્તિ લે છે. માનસિક રીતે એ એકદમ તૈયાર હતા. સંચાલક મંડળે એમને પાંચે કૉલેજોના સંયોજક તરીકે જોડાવા અને કૅમ્પસ પર રહેવા આગ્રહ કર્યો હતો. પણ ભૂતકાળમાં બનેલી ઘટનાઓએ એમનો ‘મૂડ’ બગાડી દીધો હતો. સાપ કાંચળી ઉતારે તેમ, મોડાસા કૉલેજ કૅમ્પસ તરફની બધી જ આસક્તિનો ત્યાગ કરીને ધીરુભાઈ અમદાવાદ જવા નીકળી ગયા હતા. મંડળના પુનઃ પ્રેમાગ્રહને કારણે સલાહસૂચન આપવા પૂરતા એક વર્ષ મોડાસા આવવા-જવાનું સ્વીકાર્યું હતું. મહિનામાં એક-બે વાર આવવાનું થતું. એક વર્ષને અંતે એ કામગીરી પણ એમણે છોડી દીધેલી. 1978ના ઑગસ્ટમાં શ્રી એચ. એમ. પટેલના અતિથિ વિશેષપદે ધીરુભાઈનો વિદાય સમારંભ કૉલેજ પરિવારે યોજ્યો હતો. આસપાસનાં ગામડાંઓમાંથી અનેક પૂર્વ વિદ્યાર્થીઓ તથા સ્નેહીજનો ઊમટી પડ્યાં હતાં. સૌએ એમને અપાર પ્રેમ અને પુષ્પોથી નવરાવી દીધેલા. એચ. એમ. પટેલે પણ ધીરુભાઈની અઢાર વર્ષની ઉત્તમ સેવાઓને હૃદયના ઊંડાણેથી બિરદાવી હતી. 19–1–1979ના દિવસે ધીરુભાઈના ખાસ કરીને ગુજરાતીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ધીરુભાઈનો સન્માન સમારંભ યોજ્યો હતો. શિક્ષણમંત્રીશ્રી નવલભાઈ શાહના પ્રમુખસ્થાને અને શ્રી ઉમાશંકર જોશીના અતિથિવિશેષપદે યોજાયેલો એ સન્માન સમારંભ ઉભયપક્ષે ધન્યતાનો અનુભવ કરાવનારો હતો. આ સમારંભ યોજનારા પૂર્વવિદ્યાર્થીઓ હતા : કરસનદાસ સોનેરી, કુમારપાળ દેસાઈ, પ્રવીણ દરજી, પ્રાગજીભાઈ ભામ્ભી, મણિલાલ હ. પટેલ, પ્રવીણ રાવળ, બી. જે. ભરવાડ, આર. એસ. પટેલ, રજની મહેતા, નાસીરખાં પઠાણ, વલ્લભભાઈ પટેલ તથા અન્ય. એ સમારંભમાં ઉમાશંકર જોશીએ કહેલા શબ્દો આજેય અમારા કાનમાં ગુંજે છે : ‘ધીરુભાઈ, હું તો આ પ્રદેશ છોડીને ચાલ્યો ગયો પણ અમારાં અધૂરાં તમે પૂરાં કર્યાં. જેટલા ધન્યવાદ આપું તેટલા ઓછા છે. અમારા પ્રદેશ ઉપરના તમારા ઋણભારનો સ્વીકાર કરું છું, પણ એને શબ્દોમાં કેવી રીતે વ્યક્ત કરું ?’ આ શબ્દો બોલાયા ત્યારે અમે એમના વિદ્યાર્થીઓ, આખી સભા તથા ખુદ ધીરુભાઈ ગદગદ હતા. આવી ધન્ય ઘડીઓ જીવનમાં કોક વાર જ આવે છે.

* * *

# 10

# જ્ઞાનયજ્ઞના પુરોહિત

'જ્યારે જ્યારે ધીરુભાઈની મુલાકાત થતી, ત્યારે એમનામાં મને એક વિશાળ વડલાનું સ્વરૂપ જોવા મળતું. આજે જ્યારે એમને યાદ કરું, ત્યારે એક શાંત, પ્રભાવશાળી સંતપુરુષની છબી મારી દૃષ્ટિ સમક્ષ ઊપસી આવે છે. એમનું સાન્નિધ્ય મને સદૈવ આગવી સુવાસ આપતું હતું. એમની પાસે બેસીએ એટલે આપણને શાંતિનો અનુભવ થાય. કોઈ કામમાં કશીય ઉતાવળ ન હોય અને ગમે તેટલા કામમાં ડૂબેલા હોય, તો પણ નિરાંતે વાત કરતા હોય.'

– બાલકૃષ્ણ દોશી

ગુજરાત યુનિવર્સિટીએ શિક્ષણના માધ્યમ તરીકે 1951માં માતૃભાષાનો સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો એ પછી સ્નાતક–અનુસ્નાતક કક્ષાએ માતૃભાષા દ્વારા શિક્ષણ આપવાનો ઉપક્રમ છેલ્લાં સાંઠ વર્ષથી ચાલે છે. ગુજરાતની ટૅકનિકલ અને મેડિકલ યુનિવર્સિટીઓને બાદ કરતાં માતૃભાષામાં જ શિક્ષણ અપાય છે. આ માટે જ્ઞાનપ્રાપ્તિનાં સાધનો ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ કરાવવા માટે થઈને યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડની રચના કરવામાં આવેલી. ગ્રંથનિર્માણ બોર્ડ ઉચ્ચ શિક્ષણ માટેના વિવિધ વિષયોના સ્વતંત્ર ગ્રંથો ગુજરાતી ભાષામાં તૈયાર કરાવે છે. તો વળી વિદેશી ભાષાના શિષ્ટમાન્ય ગ્રંથો ગુજરાતીમાં અનુવાદ રૂપે પણ મોટી સંખ્યામાં પ્રકાશિત કરવાનું વલણ આવકાર્ય છે. વિદ્યાર્થીઓને આ રીતે નવા નવા માહિતી ગ્રંથો મળે છે પરંતુ જ્ઞાન-વિજ્ઞાનની તમામ શાખાઓની અદ્યતન તેમજ આધારભૂત માહિતી તત્કાળ પીરસે તેવા સર્વસંગ્રાહક વિશ્વકોશ(General Encyclopaedia)ની ઊણપ હજુ ગુજરાતમાં પુરાઈ નહોતી. સામાન્યજનોની જ્ઞાનભૂખ પણ છેલ્લાં વર્ષોમાં વધારે ઊઘડી છે. આગળની કોઈ પણ પેઢી કરતાં આજની પેઢીને જ્ઞાનના સ્રોત સુધી પહોંચવાની વિશેષ જરૂર ઊભી થઈ છે. આપણી ગુજરાતી ભાષા પણ અનેક સૂક્ષ્મ શાસ્ત્રીય વિભાવનાઓને યથાર્થ નિરૂપી શકે તેટલી ખેડાઈને સક્ષમ બની છે. આ

પરિસ્થિતિમાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે ગુજરાતી ભાષામાં સર્વસંગ્રાહક વિશ્વકોશ તૈયાર કરવાનો સંકલ્પ કરેલો. વિશ્વકોશનું કામ અનેક વિદ્વાનો સાથે મળીને જ કરી શકે. એ માટે વિશાળ લાઇબ્રેરી, અદ્યતન સાધનોથી સજ્જ વિશાળ ભવન તો જોઈએ જ પણ સાથે સાથે સમુદાર દાતાઓ અને સરકારની મોટી સહાય આવશ્યક ગણાય. એનું અલગ કમ્પ્યૂટર સેન્ટર હોય, પોતાનું છાપખાનું હોય, રહેવા-જમવાની સગવડ સાથેનું અતિથિગૃહ હોય તો જ આ કામ થઈ શકે. પૂજ્ય મોટાના દસ લાખ રૂપિયાના દાનમાંથી ગુજરાત યુનિવર્સિટીએ વિશ્વકોશનો અલાયદો વિભાગ રચેલો. 1978માં મોડાસાથી નિવૃત્ત થઈને ધીરુભાઈ અમદાવાદ આવ્યા ત્યારે તે વખતના કુલપતિ ડૉ. પી. સી. વૈદ્યે તેમને વિશ્વકોશનું કામ ઝડપથી અને વ્યવસ્થિત રીતે થાય એવા હેતુથી સોંપેલું. એ અરસામાં મરાઠી વિશ્વકોશનું કામ મહારાષ્ટ્ર સરકાર તરફથી સતારા જિલ્લાના વાઈ ગામે ચાલતું હતું. ધીરુભાઈ અને રઘુવીર ચૌધરી યુનિવર્સિટીના બે અધિકારીઓને લઈને વાઈ ગામે વિશ્વકોશવિષયક માહિતી મેળવવા ગયેલા. વાઈ કેન્દ્રમાં ઉપર ગણાવી તે બધી જ સુવિધાઓ હતી. વિશ્વકોશ કેવી રીતે તૈયાર થાય એની પદ્ધતિનો અભ્યાસ કરીને ધીરુભાઈએ ગુજરાતી વિશ્વકોશ વીસ ભાગમાં તૈયાર કરવાની યોજના ઘડી કાઢેલી. એ વખતના ધોરણે અંદાજિત ખર્ચ પંચોતેર લાખ રૂપિયા સરકાર સમક્ષ મૂકેલો. સરકારે પ્રથમ પચાસ લાખ રૂપિયા મંજૂર કર્યા અને પ્રોજેક્ટને, સરકારી ઠરાવ કરીને મંજૂરી આપેલી. યુનિવર્સિટીએ ગ્રાન્ટના કાગળો તૈયાર કરાવ્યા એ જ ગાળામાં સરકાર બદલાઈ ગઈ. બીજી સરકાર આવી તેણે પહેલું કામ આગલી સરકારનો ઠરાવ રદ કરીને વિશ્વકોશની યોજના નામંજૂર કરી. યુનિવર્સિટીએ નાછૂટકે વિશ્વકોશ વિભાગ બંધ કરીને થયેલું કામ પોટલામાં બાંધીને હરિ ઓમ આશ્રમને પહોંચાડવા સાથે આશ્રમે આપેલી દાનની રકમ વ્યાજ સાથે પરત કરી હતી.

ધીરુભાઈના મનમાંથી વિશ્વકોશનો વિચાર ખસતો નહોતો. એટલે 1985ના ઑગસ્ટમાં વ્યાખ્યાન કરવા માટે ધીરુભાઈ વિસનગર ગયા ત્યારે એમના જૂના મિત્ર, સ્વાતંત્ર્યસેનાની અને ઉત્તર ગુજરાતના અગ્રણી કાર્યકર સાંકળચંદ પટેલને મળ્યા. એમણે સાંકળચંદભાઈને વિશ્વકોશની અનિવાર્યતા સમજાવી. 'દુનિયાભરનું જ્ઞાન ગુજરાતી ભાષામાં ઉતારી આપે તેને વિશ્વકોશ કહેવાય. દરેક પ્રજાને માટે પોતાની ભાષામાં વિશ્વકોશ હોય એ અનિવાર્ય ગણાય.' ધીરુભાઈ જો આ કામ ઉપાડી લેતા હોય તો પોતે આર્થિક ખર્ચની તમામ જોગવાઈ પૂરી કરશે એવી વાત કરી. ધીરુભાઈ એમને હા પાડીને અમદાવાદ આવ્યા અને ટ્રસ્ટ બનાવવાની શરૂઆત કરી. સૌ પહેલાં એમણે કુમારપાળ દેસાઈને વાત કરી. કુમારપાળ વિદ્યાવ્યાસંગી હોવા સાથે વ્યવહારકુશળ તથા અનેક શ્રેષ્ઠીઓને ઓળખતા હોય એવા વિનમ્ર માણસ. ધીરુભાઈના મિત્ર જયભિખ્ખુના સુપુત્ર કુમારપાળ તેમના વિદ્યાર્થી પણ

હતા. કુમારપાળ દેસાઈએ તરત જ સંમતિ આપી અને દરેક પ્રકારના કામ માટે તૈયારી બતાવી. ધીરુભાઈ અને કુમારપાળ દેસાઈએ મળીને ટ્રસ્ટ રચ્યું. શ્રેણીકભાઈ કસ્તૂરભાઈને ટ્રસ્ટના પ્રમુખ થવા મનાવી લીધેલા. ડૉ. જે. જે. ત્રિવેદી, પ્રો. દેવવ્રત પાઠક, કંચનલાલ પરીખ, વિઠ્ઠલભાઈ અમીન, સાંકળચંદ પટેલ અને પ્રભુદાસ પટેલ ટ્રસ્ટમાં જોડાયા. ટ્રસ્ટના કાર્યાલય માટે અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની એચ. એલ. કૉમર્સ કૉલેજની હૉસ્ટેલના ભોજનાલયનું મકાન વાપરવા માટે મેળવી શકાયું. સાંકળચંદભાઈએ રાતોરાત વિસનગરથી કડિયા-મજૂર બોલાવીને રસોડાના ચૂલા ખોદાવી કાઢીને જરૂરી સમારકામ અને રંગરોગાન કરાવીને વિદ્વાનો કામ કરી શકે એવી સુવિધાઓ ઊભી કરી આપેલી. જુદા જુદા વિષયના નિષ્ણાતોએ મળીને દરેક વિષયમાં લખાવવાનાં અધિકરણોની પદ્ધતિ અને યાદી નક્કી કરવામાં સક્રિયતા દાખવી હતી. સમગ્ર વિશ્વકોશની ડિઝાઇન તો ધીરુભાઈએ એ પહેલાં તૈયાર કરી રાખી હતી. કોઈ પણ વિષયનું અધિકરણ અહીં ગુજરાતીમાં જ લખવાનું હતું એટલે વિજ્ઞાનના વિષયોમાં કામ થોડું મુશ્કેલ હતું. પણ આરંભે જ જે. જે. ત્રિવેદીએ વિજ્ઞાનના વિષયોના, પ્રો. દેવવ્રત પાઠકે સમાજવિદ્યાઓના, ડૉ. એન. પી. મહેતાએ કૃષિના, ડૉ. સુશ્રુત પટેલે ખગોળના, પ્રો. રવીન્દ્ર વસાવડાએ સ્થાપત્યના આયોજનમાં મદદ કરી. ડૉ. હરિત દેરાસરીએ ડૉ. શિલીન શુક્લનો મેળાપ કરાવ્યો. આ એક મહત્વની ઘટના હતી. ડૉ. શુક્લે તબીબી વિદ્યાના સમગ્ર વિભાગોનું ઉત્તમ રીતે આયોજન કરીને વિવિધ શાખા-પ્રશાખાના નિષ્ણાત ડૉક્ટરો પાસે લેખો લખાવીને શુદ્ધ ગુજરાતી લખાણો એકલે હાથે તૈયાર કરી આપ્યાં હતાં. તબીબી વિદ્યાના અંગ્રેજી શબ્દોના ગુજરાતી પર્યાય નક્કી કરવામાં પણ તેમનો અગ્ર હિસ્સો હતો. શ્રી એન. એલ. કરગથ્રાએ ફૉરેન્સિક સાયન્સમાં મદદ કરેલી. આમ વિશ્વકોશનું કામ ઝડપથી ચાલવા માંડ્યું. એનો ભૂમિકા ખંડ 1986માં તૈયાર થયો એ જોઈને સાંકળચંદભાઈએ આ દુનિયામાંથી વિદાય લીધેલી. આ એક વર્ષના ટૂંકાગાળામાં એમણે તેર લાખ જેટલી માતબર રકમ આ સત્કાર્ય પાછળ ખર્ચી નાખી હતી. 1988માં ઓરિસાના ભુવનેશ્વર ખાતે ભારતીય ભાષાઓમાં વિશ્વકોશની રચના કરી રહેલી સંસ્થાઓના પ્રતિનિધિઓની પરિષદ માનવ સંસાધન વિકાસ મંત્રાલયના ઉપક્રમે યોજાઈ હતી. ધીરુભાઈ ભૂમિકાખંડ લઈને ત્યાં ગયેલા અને કેટલાક નવા મુદ્દા રજૂ કરેલા. આ દરમિયાન, ધીરુભાઈ ઊડિયા ભાષામાં એકલે હાથે વિશ્વકોશ રચનાર વિનોદ કાનૂનગોને એમના ઘેર મળવા ગયેલા. ત્યાંથી ધીરુભાઈને ઘણી વાતો જાણવા મળેલી. વિનોદ કાનૂનગોએ બસો પાનાંનો એક એવા ચાલીસ ગ્રંથો એકલે હાથે તૈયાર કરેલા. કાનૂનગો અંગ્રેજી ચાર ચોપડી ભણેલા. ગાંધીવાદી કાર્યકર. સ્વાતંત્ર્યસંગ્રામ વખતે જેલવાસ વેઠેલો. ત્યાં એમને વિશ્વકોશ રચવાની પ્રેરણા થયેલી અને એમણે પુસ્તકો, સામયિકો, વર્તમાનપત્રો વગેરેમાંથી વિષયવાર

માહિતી મેળવીને ફાઈલો તૈયાર કરવા માંડેલી. એમનું આખું કુટુંબ આ પ્રવૃત્તિમાં જોડાઈ ગયેલું. અખિલ ભારતીય વિશ્વકોશ નિર્માણ સંસ્થાઓનું એમણે સંગઠન રચેલું. ઓરિસા સરકારે એમને મકાન માટે જમીન અને બાંધકામ માટે આર્થિક સહાય આપેલી. વળી વિશ્વકોશ પ્રગટ થતાંની સાથે ઓરિસાની સરકાર તેની બે હજાર નકલો ખરીદી લેતી અને શાળા-મહાશાળાઓમાં મોકલી આપતી. આ બધું જોઈ જાણીને ધીરુભાઈને ખૂબ બળ મળેલું અને થયેલું કે આપણે પણ વિશ્વકોશનું કામ પાર પાડી શકીશું જ.

વિશ્વકોશનું કામ તો 'જગન્નાથનો રથ' છે. આ રથને જેમ અનેક ભક્તજનો ખેંચે છે એમ વિશ્વકોશને પણ અનેક હાથોની જરૂર હોય છે. ભુવનેશ્વરથી વળતાં ધીરુભાઈ દિલ્હી ઊતરે છે. તત્કાલીન શિક્ષણ સચિવ ડૉ. કિરીટભાઈ જોશીને મળે છે. તેઓ બે દિવસ પછી નિવૃત થવાના હતા. ધીરુભાઈએ તેમને વિશ્વકોશની વાત કરી. સરકારી સહાય માટે વિનંતી કરી. ડૉ. જોશીના સદભાવથી વિશ્વકોશના દરેક ગ્રંથને બેથી ત્રણ લાખ રૂપિયાની ગ્રાન્ટ એ જ દિવસે મંજૂર થઈ. હવે ધીરુભાઈના હાથપગમાં વધારે જોમ આવ્યું હતું. પૂજ્ય મોટા અને પૂજ્ય પ્રમુખ સ્વામી પાસેથી આશીર્વાદના પ્રતીક રૂપે અનુક્રમે દસ લાખ અને પાંચ લાખ રૂપિયા મળ્યા હતા. પહેલો ગ્રંથ પૂજ્ય મોટાને અને બીજો ગ્રંથ પ્રમુખસ્વામીને અર્પણ કરવામાં આવ્યો હતો. કુમારપાળભાઈના સતત પ્રયત્નોથી અને શ્રેણિકભાઈ શેઠ જેવાના સહકારથી દાનનો પ્રવાહ મળવાનો શરૂ થયો હતો. ટ્રસ્ટીમંડળમાં જાણીતા દાનવીર શ્રી દીપચંદભાઈ ગારડી જોડાયા હતા. સાંકળચંદ પટેલને સ્થાને વિસનગરવાળા ભોળાભાઈ પટેલ દાન માટે આગળ આવ્યા હતા. ગુજરાત સરકારે વિશ્વકોશભવન માટે નિઃશુલ્ક જમીન ઉપલબ્ધ કરાવી હતી તો ગુજરાતમાં સંસ્કાર પ્રવૃત્તિ ઉપરાંત રાહત અને સેવાકાર્યમાં હંમેશાં મોખરે રહેનાર હીરાલાલ ભગવતી તરફથી વિશ્વકોશભવન તૈયાર કરવા માટે માતબર દાન મળ્યું હતું. સહકારી પ્રવૃત્તિના આગેવાન કાર્યકર શ્રી બળદેવભાઈ ડોસાભાઈ, ઉત્તર ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ સ્થાપનાર ટેકનૉક્રેટ શ્રી નૃસિંહભાઈ પટેલ તથા વ્યવસ્થાપન નિષ્ણાંત શ્રી નીતિનભાઈ શુક્લ (ધીરુભાઈના જમાઈ) વિશ્વકોશના ઉમદા કાર્યોમાં સહકાર આપવા જોડાયા હતા.

વિશ્વકોશના ગ્રંથ તો કક્કાવારી પ્રમાણે તૈયાર થતા હતા. ત્રીજો ભાગ તૈયાર થયો ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલ હતા. ત્રીજા ગ્રંથના વિમોચન માટે ચીમનભાઈને બોલાવ્યા હતા. ચીમનભાઈ કસાયેલા રાજનીતિજ્ઞ ઉપરાંત સારા પ્રોફેસર અને આચાર્ય પણ હતા. ગુજરાતી વિશ્વકોશનું મહત્વ એ બરાબર સમજતા હતા. સ્વાગત પ્રવચનમાં ધીરુભાઈએ માત્ર એટલું જ કહ્યું કે, 'નર્મદા યોજના ગુજરાતની જીવાદોરી છે તો વિશ્વકોશની યોજના ગુજરાતની સંસ્કારદોરી

છે. તેને નિભાવવાની જવાબદારી સરકારની છે.' ચીમનભાઈએ પ્રકાશન ખર્ચના પચાસ ટકા જેટલી ગ્રાન્ટ મંજૂરી પર એમના અવસાનને આગલે અઠવાડિયે જ સહી કરેલી. આવી આર્થિક સહાયથી વિશ્વકોશની પ્રવૃત્તિને વેગ મળ્યો. 1997 સુધીમાં આઠ ગ્રંથો પ્રગટ થઈ ચૂક્યા હતા. એ ગાળામાં વળી શંકરસિંહ વાઘેલા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી પદે આવ્યા. વિશ્વકોશની પ્રવૃત્તિમાં એમને ઘણો રસ હતો. એમણે પહેલાં વિશ્વકોશને બે કરોડ રૂપિયાની સહાય મંજૂર કરી અને પછીથી વિશ્વકોશના પ્રકાશનખર્ચના સોએ સો ટકા ગ્રાન્ટ આપવાની જાહેરાત કરી હતી. આના પરિણામે નવથી વીસ ગ્રંથોના પ્રકાશન અંગેની સઘળી જવાબદારી ગુજરાત સરકારે નિભાવી હતી. પછીના પાંચ ગ્રંથો માટે પણ આર્થિક સહાય મળતી રહેલી. આમ ગુજરાતમાં વિશ્વકોશ તૈયાર કરવાનો મહાભગીરથ પ્રયાસ સફળતાને આરે પહોંચ્યો. 1985માં શરૂ થયેલું આ કામ અનેક અવરોધો વચ્ચે ચોવીસ વર્ષ પછી અનેક વિદ્વાનોના સાતત્યપૂર્ણ ઉદ્યમને પરિણામે પૂર્ણતાને આરે પહોંચ્યું. પચીસ ગ્રંથોની આ શ્રેણી પૂરી થઈ. એક હજાર પાનાંનો (ડબલ ડેમી) એક એવા પચીસ ગ્રંથ. 169 વિષયજૂથ, 23,000 અધિકરણો, 1500 લેખકો...સાચે જ આ જ્ઞાનયજ્ઞ ગુજરાતની એક વિરલ ઘટના છે. આપણને જાણીને આનંદ થાય કે વિશ્વકોશ પૂરો થયા પછી પણ બાળવિશ્વકોશ, ચરિત્રકોશ અને પરિભાષાકોશ પણ એકાધિક ભાગોમાં બહાર પાડવામાં આવ્યા છે. આજે 2019માં નાટ્યકોશનું કામ ચાલે છે. ચંદ્રકાન્ત શેઠ અને ધીરુબહેન પટેલની સેવાઓ આજપર્યંત ચાલુ છે. ધીરુભાઈના ગયા પછી કુમારપાળ દેસાઈ સાથે ચંદ્રકાન્ત શેઠ રાહબર બનીને કામ કરી રહ્યા છે. આવડા મોટા કામના આર્થિક વ્યવહારો સુપેરે પાર પાડવાનું કામ કુમારપાળ દેસાઈએ કોઈને ખબર ન પડે એ રીતે કર્યું છે. પ્રીતિ શાહ, નલિની દેસાઈ જેવા અનેકોનો સહકાર પણ મળતો રહ્યો છે. અધિકરણ લેખનમાં તમામ વિષયોના નિષ્ણાતોની સહાય વખતોવખત મળતી રહી હતી. ભાગ્યે જ કોઈ એવો ગુજરાતી વિદ્વાન હશે જેણે વિશ્વકોશ માટે એનાં રસરુચિ પ્રમાણેનું અધિકરણ લેખન નહીં કર્યું હોય.

વિશ્વકોશમાં રોજેરોજ આવીને બેસનારા વડીલ ધીરુભાઈનો વિષયનિષ્ણાત વિદ્વાનો સાથે પ્રેમાદરભર્યો વ્યવહાર રહ્યો છે. એક પરિવારની જેમ બધા બપોરે ત્રણ વાગે સાથે બેસીને ચા પીવે છે અને ધીરુભાઈ દ્વારા લવાયેલા મમરાનો હળવો નાસ્તો કરે છે. કોશકાર્યનાં આ ચોવીસ વર્ષ ધીરુભાઈના જીવનનો એક બીજો સુવર્ણકાળ ગણાવી શકાય. કોશ એમના જીવનનું મિશન બનીને એમને જિવાડતું રહ્યું છે એવું એ વારંવાર કહેતા. 1985માં કોશનું કામ શરૂ કર્યું ત્યારે જ એમને બીજો ઍટેક આવેલો. એ પછી પણ બીમારીના તબક્કાઓ આવતા રહેલા. ઘરે આરામ કરતા હોય કે હૉસ્પિટલમાં હોય ધીરુભાઈ વિશ્વકોશની ચિંતા કરતા અને

આગળના કામ માટે દિશાસૂચનો કરતા રહેતા. ઘરમાં ધનલક્ષ્મીબહેન બીમાર હોય ત્યારે અને કોઈ દેખરેખ રાખનારું માણસ ન મળે ત્યારે પણ ધનલક્ષ્મીબહેન ધીરુભાઈને કહેતાં કે – 'તમે બહાર ઘરને તાળું મારીને ઑફિસ જાવ. મારી ચિંતા ન કરશો.' ધનલક્ષ્મીબહેનના અવસન પછી 19, શારદા સોસાયટી – પાલડીનું નિવાસસ્થાન છોડીને ધીરુભાઈ દીકરી હિનાબહેનને ત્યાં બોપલ રહેવા ગયેલા. એમના જમાઈ નીતિન શુક્લ ટૉરેન્ટ અને પછીથી હજીરા જેવી કંપનીઓમાં ઉચ્ચ હોદ્દા પર કાર્યરત હતા. ધીરુભાઈની દેખરેખ રાખવા એક માણસ કાયમ હાજર રહેતો. મોટી બીમારી સિવાય ધીરુભાઈ વિશ્વકોશની ઑફિસે બપોરે ત્રણ વાગ્યે ન પહોંચ્યા હોય એવું કદી બન્યું નથી. ઘરે પણ સ્વાધ્યાય ચાલતો હોય. વિશ્વકોશનું કામ ઘરે બેસીને પણ એ કરતા રહેતા. પચીસ ગ્રંથોનાં લગભગ તમામ અધિકરણો ધીરુભાઈની આંખ નીચેથી પસાર થયાં છે. આ વાત જ આપણને દંગ કરી દે એવી છે. આટલા બધા કામ વચ્ચે પણ મળવા આવનાર સૌ કોઈને ધીરુભાઈ પ્રેમાદરથી બેસાડતા. વિશ્વકોશના દરેક વોલ્યુમના વિમોચન માટે એમણે ભારતમાંથી ઉચ્ચકક્ષાના વિદ્વાનોને બોલાવવાનો આગ્રહ રાખેલો. વિશ્વકોશભવનનું ઉદઘાટન કરવા એ વખતના લોકસભાના સ્પીકર સોમનાથ ચેટર્જી આવેલા. છેલ્લે એક ગ્રંથના વિમોચનમાં આવેલા પ્રો. નામવરસિંહે કહેલું કે 'વિશ્વકોશ તૈયાર કરવાનું આ કામ ભારતની કોઈ પણ ભાષા કરતાં નોખું અને નિરાળું છે. આ ગ્રંથોને તો હાથી પર મૂકીને નગરમાં શોભાયાત્રા કાઢવી જોઈએ.' 2019માં ધીરુભાઈની ગેરહાજરીમાં આ શોભાયાત્રા પણ સંપન્ન થઈ છે.

વિશ્વકોશના આ મહત્ત્ કાર્ય વિશે ધીરુભાઈનો એક અભિપ્રાય નોંધીએ –

'અમને નિવૃત્ત વિદ્વાનોએ સૌથી વધુ મદદ કરી. આર્થિક અપેક્ષા નહીંવત્. જિંદગીભરના અર્જિત કરેલા જ્ઞાનના નિચોડ રૂપે બધું અર્પણ કરવાની તૈયારી. આ પ્રતિબદ્ધતા ન હોય તો કામ બહુ અઘરું પડ્યું હોત. ગુજરાતી પ્રજા પૈસા વગર કંઈ ન કરે તે વિશ્વકોશના અધિકરણ લેખકોએ ધરાર ખોટું ઠરાવ્યું. અમારું આ સામૂહિક સાહસ છે. સામૂહિક પુરુષાર્થનું આ ફળ છે. એક વ્યક્તિનો પ્રયાસ મટીને તે હવે વિવિધ પ્રકારની ક્ષમતા ધરાવતી અનેક વ્યક્તિઓનું સંયુક્ત સાહસ બનેલ છે. વિશ્વકોશ માહિતીનું જ્ઞાનમાં રૂપાંતર કરવાનું અને જ્ઞાનને ક્રિયામાં પ્રવર્તતું કરવાનું કેન્દ્ર બન્યું છે. વિશ્વકોશ વિશ્વસંસ્કૃતિનું દ્વાર જ નહીં, તેનું જીવંત પ્રતીક પણ બને છે. ગુજરાતી ભાષાના વિશ્વકોશના પ્રાદુર્ભાવમાં હું નિમિત્ત બન્યો તેમાં મારી વિદ્યાયાત્રાની સાર્થકતા છે. આ પવિત્ર પુરુષાર્થમાં મને સહાયરૂપ થનારા સાથીઓ અને એની સાથે સંકળાયેલા સૌ કોઈનો હું ઋણસ્વીકાર કરું છું.'

('સમ્મુખ' – પૃ. 131)

વિશ્વકોશનું કામ શરૂ થયું એ ગાળામાં ધીરુભાઈ અને કુમારપાળ દેસાઈ, ઉમાશંકર પાસેથી સલાહસૂચનો મેળવવા, એમને મળવા ગયા હતા. ઉમાશંકરે આ ગંજાવર કામ માથે લેવા માટે આશ્ચર્ય વ્યક્ત કરીને એની મુશ્કેલીઓ સમજાવી હતી. કેટલાંક મહત્વનાં સૂચનો આપવા સાથે શુભેચ્છાઓ પણ પાઠવેલી. ધીરુભાઈને અપેક્ષા હતી કે ઉમાશંકરની વિદ્વત્તાનો લાભ પણ વિશ્વકોશને મળે. જોકે એ અપેક્ષા ફળે એ પહેલાં 1988ના ડિસેમ્બરમાં ઉમાશંકર જોશીનું નિધન થયું હતું. એમનાં ઉપયોગી સૂચનો ધીરુભાઈએ બને એટલાં અમલમાં મૂક્યાં હતાં. વિશ્વકોશભવનમાં ધીરુભાઈના માર્ગદર્શનમાં બીજી કેટલીક કલાપ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવેલી જે આજે પણ નિયમિત ચાલુ છે. આ પ્રવૃત્તિઓમાં વિવિધ વ્યાખ્યાનશ્રેણીઓ, લલિતકલા કેન્દ્ર, આર્ટ ગૅલરી, માહિતી વિતરણ કેન્દ્ર, સ્વાધ્યાય અને સૂચિ સહિત સંશોધનને પ્રેરતું વાઙ્મય વિકાસ કેન્દ્ર, પુસ્તક પ્રકાશન ઉપરાંત બીજી અનેક પ્રવૃત્તિઓથી વિશ્વકોશભવન સતત ધમધમે છે.

2012 પછી ધીરુભાઈની તબિયત એટલી બધી સારી નહોતી રહેતી. એ 93–94 વર્ષના થયા હતા. ઘણી વાર દવાખાને પણ દાખલ કરવા પડતા. આમ છતાં વિશ્વકોશની પ્રવૃત્તિઓ એમને સતત આકર્ષિત કરતી રહેતી, 2014ના જાન્યુઆરીમાં એમની બીમારી વધતાં એમને હૉસ્પિટલમાં રાખવામાં આવેલા. છેલ્લે સુધી આવનારને ઓળખતા અને વાત કરતા. 20 જાન્યુઆરીએ હું એમને મળવા ગયો ત્યારે એમને ઑક્સિજન આપવામાં આવી રહેલો હતો. મેં એમના ચરણો પર બંને હાથ મૂકીને માથું નમાવેલું. દિલીપભાઈએ એમને કહ્યું કે મણિલાલ પટેલ મળવા આવ્યા છે. ધીરુભાઈએ થડકતા અવાજે કહેલું કે 'વિશ્વકોશમાં આવજો અને કામ કરજો એ હવે તેમને સૌને સોંપીને અમે તો હવે આ ચાલ્યા.' 24 જાન્યુઆરીએ એમણે દેહ છોડ્યો. 25 જાન્યુઆરીએ સાંજે કેન્દ્રસરકારે એમને પદ્મભૂષણનું સન્માન જાહેર કર્યું. ધીરુભાઈનું જીવનકાર્ય પદ્મભૂષણથીયે અધિક મોટું અને માનવજાત માટે મહત્વનું હતું. એમની સ્મૃતિને વાગોળતાં આજે પણ આંખો નમ બને છે. એમની સ્મૃતિને શત્ શત્ વંદન.

* * *

# 11

# વિશ્વકોશ વિશેષ

રજી ડિસેમ્બર, વિશ્વકોશનો સ્થાપના દિવસ. ધીરુભાઈ ઠાકરે તા. 2-12-2013ના દિવસે, વિશ્વકોશના 28મા જન્મદિવસે એમનું છેલ્લું પ્રવચન આપતાં જે અનુભવસિદ્ધ અને પ્રેરક શબ્દો કહ્યા હતા તે અહીં આરંભે જ નોંધીને આગળ વધીએ :

'જ્ઞાનને કોઈ સીમાડા હોતા નથી. માણસનો સતત પ્રયત્ન કોઈ ને કોઈ રીતે સત્યને પામવાનો હોય છે. વિશ્વકોશ એ સત્ય પામવાનું સાધન છે, તેથી જ આપણે કહીએ છીએ કે સંશોધન-કાર્યમાં વિશ્વકોશ એ બહુ મોટું સહાયક સાધન છે. માણસ પૃથ્વી ઉપર વિકસેલા અને વિકસતા જીવનસમેત સમગ્ર જગતને પામવાનો નિરંતર પુરુષાર્થ કરતો હોય છે. તેના ફળ સ્વરૂપે વિજ્ઞાન, તત્વજ્ઞાન તથા અન્ય અનેક વિદ્યાઓ વિકસતી જોવા મળે છે. જ્ઞાન અનાદિ અને અનંત છે. મનુષ્યજીવન છે ત્યાં સુધી એ પ્રવાહ ટકવાનો છે. આ જ્ઞાનના પ્રવાહને વહેતો રાખવાનું અને એને પુષ્ટ કરવાનું મહત્વનું કાર્ય વિશ્વકોશ કરે છે. વિશ્વકોશનો સતત વિકાસ અનિવાર્ય છે. સંસ્કૃતિ અને શિક્ષણના વ્યાપ સાથે વિશ્વકોશ અનિવાર્યતયા જોડાયેલો છે. જે દેશ કે ભાષામાં વિશ્વકોશ ન હોય તેની સાંસ્કારિક દરિદ્રતા છતી થયા વિના રહેતી નથી. વિવિધ ક્ષેત્રોમાં થયેલા અને થતા વિકાસને જોવા માટેનું અને માપવા માટેનું પારાશીશી જેવું સાધન વિશ્વકોશ છે.'

ગુજરાતીમાં વિશ્વકોશ નથી એવું મહેણું ભાંગવાનું આ મહાન કાર્ય, ધીરુભાઈ ઠાકર, કુમારપાળ દેસાઈ, ચંદ્રકાન્ત શેઠ અને બીજા અનેક વિદ્વાનો સહકાર્યકરો, દાતાઓ-શ્રેષ્ઠીઓ દ્વારા સંપન્ન થયું એનો પણ એક રસપ્રદ ઇતિહાસ છે. અઢી દાયકા ચાલેલા આ ભગીરથ કાર્યના કેટલાક મહત્વના તબક્કાઓની વાત કરીએ, આગળના પ્રકરણમાં આપણે વિશ્વકોશ વિશે એક સર્વાંગીણ આલેખ જરૂર આપ્યો છે. પણ અહીં થોડી બહુ અગત્યની વાતો ટૂંકમાં રજૂ કરવાથી આ મહાપ્રકલ્પના

વિકટ માર્ગમાં આવેલાં અવરોધક પરિબળો અને સામે ચાલીને મળી આવેલી અનેક મદદોનો પરિચય મળશે.

*

લેખક જયભિખ્ખુ ધીરુભાઈના પરમ અને પ્રગાઢ મિત્ર રહ્યા હતા એટલે કુમારપાળ દેસાઈને ધીરુભાઈએ પોતાની નજર સામે ઊછરતા અને વિકસતા જોયા હતા. (કુમારપાળ જયભિખ્ખુના દીકરા થાય એ જાણ સારુ) મૅટ્રિકમાં કુમારપાળ સારા ગુણાંક મેળવીને પાસ થયા એ ખબર આપવા ધીરુભાઈ એમના ઘરે ગયા હતા. કુમારપાળ એ પછી ગુજરાત કૉલેજમાં અભ્યાસ માટે જોડાયા ત્યારે ધીરુભાઈ ત્યાં અધ્યાપક હતા. વિદ્યાર્થી સંઘની ચૂંટણીમાં કુમારપાળ ઊભા રહેલા. 104 મતે એમનો વિજય થયો અને સામેના ઉમેદવારને માત્ર ચાર જ મત મળેલા. જયભિખ્ખુને આ પરિણામ જણાવવા ધીરુભાઈ રૂબરૂ મળવા ગયેલા. કહેવાનો મતલબ એ છે કે ધીરુભાઈ અને કુમારપાળ વિશ્વકોશના કાર્ય માટે જ નથી મળ્યા બલ્કે ધીરુભાઈ કુમારપાળને બહુ નજીકથી ઓળખતા અને અનુભવતા રહેલા. પછી તો કુમારપાળે ધીરુભાઈ પાસે પીએચ.ડી. માટેનું શોધકાર્ય શરૂ કરી પૂરું કરેલું.

એટલે ધીરુભાઈ પાસે જ્યારે વિશ્વકોશના કાર્ય માટે સાંકળચંદ પટેલે જવાબદારી ઉપાડવાની દરખાસ્ત મૂકી ત્યારે સ્વાભાવિક રીતે જ ધીરુભાઈએ કુમારપાળ દેસાઈનો સંપર્ક કરેલો. સાંકળચંદભાઈને ખાતરી આપતાં પહેલા ધીરુભાઈએ કુમારપાળને બોલાવીને કહેલું કે, 'તમે મને નિયમિત બબ્બે કલાક આપો તો આપણે આ કાર્ય ઉપાડીએ.' ત્યારે કુમારપાળ ભાષાભવન(ગુજરાત યુનિવર્સિટી)માં અધ્યાપક હતા. આવા મહત્વના કાર્ય માટે અને ગુરુજીના સહાયક અને સહકાર્યકર બનવા માટે કુમારપાળ તત્પર હોય એ સહજ હતું. શરૂઆતમાં આર્થિક સહાયતા સાંકળચંદભાઈ કરવાના હતા એટલે આ કાર્ય માટે કોઈ એક સુવિધાવાળું મકાન શોધવું, નિષ્ણાતોની ટીમ તૈયાર કરવી અને કોશલેખનની કાર્યપદ્ધતિ તૈયાર કરવી ઇત્યાદિ કાર્યો અગ્રતાક્રમે હતાં.

ધીરુભાઈ અને કુમારપાળ સૌ પહેલાં તો શ્રેણિકભાઈ કસ્તૂરભાઈને મળવા ગયા. શ્રેણિકભાઈએ કુમારપાળને કહ્યું કે 'તું રણમાં વહાણ ચલાવવાની વાત કહે છે.' ત્યારે કુમારપાળે દૃઢ વિશ્વાસ સાથે જવાબ આપેલો કે 'પાણીમાં તો વહાણ ચલાવી શકાય છે. એક વાર રણમાં પણ ચલાવી જોઈએ.' આખી યોજના સમજીને શ્રેણિકભાઈ સંમત થયેલા અને ટ્રસ્ટનું અધ્યક્ષપદ સંભાળવા એમને રાજી કરી શકાયેલા. ટ્રસ્ટની રચના થઈ અને કામ જગ્યા શોધવાનું આવ્યું. એ જગ્યા શોધવામાં પણ શ્રેણિકભાઈની મદદ મળેલી. એચ. એલ. કૉમર્સ કૉલેજની હૉસ્ટેલનું, ઘણા વખતથી બંધ પડેલું રસોડું શરૂઆત કરવા માટે નક્કી થયું. સાંકળચંદભાઈએ સાવ

અવાવરુ જગ્યાને થોડાક દિવસોમાં એક કામચલાઉ કાર્યાલયમાં ફેરવી આપેલી. આ અવાવરુ રસોડાના કટાઈ ગયેલા બંધ તાળાને ખોલવામાં પ્રો. પ્રીતિ શાહ પણ સાથે હતાં. પ્રીતિબહેન આમ આરંભથી આજ સુધી વિશ્વકોશના કાર્યમાં મહત્વની જવાબદારીઓ ઉપાડી રહ્યાં છે. ત્યારે તો એ પણ મહિલા કૉલેજમાં અધ્યાપક હતાં. ઑફિસ સ્ટાફ સિવાય આ બધા વિદ્વાનો - લેખકો બપોરે બે વાગ્યા પછી કોશ કાર્યાલયે આવતા અને છ વાગ્યા સુધી પોતપોતાનું વાંચન-લેખન અને સંશોધનકાર્ય આગળ ચલાવતા.

કોશનું કાર્ય શરૂ થયું ત્યારે મોડાસા કૉલેજથી નિવૃત્ત થઈને આવેલા ધીરુભાઈની ઉંમર સડસઠ વર્ષની હતી. એમને એક હાર્ટઍટેક પણ આવી ગયેલો હતો. કોશનું કાર્ય એક વર્ષ ચાલ્યું અને એનો ભૂમિકા ખંડ તૈયાર થયો તે જોઈને સાંકળચંદભાઈને સંતોષ થયેલો અને વિશ્વાસ બેઠેલો કે હવે વિશ્વકોશનું કામ જરૂર આગળ ચાલશે અને પૂર્ણતાએ પહોંચશે. આર્થિક પાસું સધ્ધર રાખવાનું કાર્ય સાંકળચંદભાઈ કરી શકે એમ હતા પરંતુ ઉંમરના કારણે એમનું અવસાન થયું. અલબત્ત, એમના જમાઈ (વિસનગરના) ભોળાભાઈ પટેલે આર્થિક મદદ માટે સાથે રહેવાનું સ્વીકારેલું. આ ગાળામાં દરેક વિષયોના નિષ્ણાતોની ટીમ તૈયાર થવા સાથે અધિકરણોના વિષયો અને લેખનપદ્ધતિ પણ ગોઠવાઈ ગયાં હતાં. આમ શરૂઆતના તબક્કાનાં અઘરાં કાર્યો પાર પડતાં જતાં હતાં. આપણે આગળ નોંધ્યું છે તેમ વિશ્વકોશના ગ્રંથો પ્રગટ કરવા માટે સરકારી સહાય પણ મળતી થઈ હતી. એક યોજના એવી પણ કરેલી કે ગ્રંથ એવી વ્યક્તિને અર્પણ થાય કે આર્થિક સહાય પણ મળે અને ગ્રંથનું મૂલ્ય પણ સૌને સમજાય. એક ગ્રંથ પ્રમુખ સ્વામીને અર્પણ કરાયેલો. બીજો ગ્રંથ મા સર્વેશ્વરીનાં આશીર્વાદ પામેલો. ગ્રંથો તૈયાર થતા જતા હતા અને એના લોકાર્પણના કાર્યક્રમો પણ સરસ રીતે યોજાતા હતા. ખાસ તો સમાજ સુધી, વિદ્યાક્ષેત્રના સૌ અભ્યાસીઓ સુધી અને લોકો સુધી વિશ્વકોશની કામગીરી અને મહત્તા પહોંચે એ આશય રાખવામાં આવ્યો હતો.

ગુજરાતીમાં તૈયાર થતા આવા ઉત્તમ વિશ્વકોશને ગુજરાત બહાર લઈ જવાનું કામ પણ અનિવાર્ય હતું. આ માટે એક વિશ્વકોશ ગ્રંથનું લોકાર્પણ મુંબઈમાં અને બીજા એક ગ્રંથનું લોકાર્પણ કૉલકાતામાં રાખવામાં આવેલું. બંને સમારંભો સાહિત્યના અધિવેશનની જેમ દીપી ઊઠેલા. વિશ્વકોશનું કામ એટલું વિશાળ હતું કે એ માટે પોતાના આગવા અને અદ્યતન તથા સુવિધાપૂર્ણ મકાનની હવે તાતી જરૂર હતી. આ માટે કૉર્પોરેશનનો સંપર્ક કરીને ઉસ્માનપુરામાં આવેલી એક જગ્યા સરકાર પાસે મંજૂર કરાવવાનું કામ શરૂ કરાયેલું. એ સરકારી જગ્યાને પચાવી પાડીને કોઈ માથાભારે માણસ અડ્ડો જમાવીને બેઠેલો. રેવન્યૂ ખાતાએ જમીન વિશ્વકોશના ભવન માટે મંજૂર કરી આપી એ પછી પણ પેલા શખ્સને હઠાવવાનું

અઘરું હતું. કુમારપાળે થોડોક વખત સમજાવટથી કામ લીધું અને પછી શાંતિપૂર્વક છતાં કાયદાપ્રમાણે કડકાઈથી કામ લઈને જગ્યા ખાલી કરાવી અને ભવનનું કામ આરંભાયું. કુમારપાળ અદ્યતન સુવિધાવાળું એક મોટું ભવન તૈયાર કરવા ચાહતા હતા. કરોડ કરતાં વધારેનો ખર્ચ થાય એમ હોવાથી શ્રેણિકભાઈએ એ અંગે વિચારવા કહ્યું, પણ કુમારપાળ મક્કમ રહ્યા અને એમના પ્રયત્નોથી અને ધીરુભાઈ તથા એમની ટીમ દ્વારા તૈયાર થયેલા વિશ્વકોશના ગ્રંથો જોઈને દાતાઓ તરફથી દાનનો પ્રવાહ શરૂ થયો હતો. ટ્રસ્ટના સભ્યો ઉપરાંત આ કાર્યમાં સૌથી વધારે યોગદાન તો કુમારપાળ દેસાઈનું જ રહ્યું છે.

દાતાશ્રી પ્રતાપભાઈ ભોગીલાલ તરફથી મુખ્ય ભવન માટે દાન મળેલું. આજે એ ભવનનું નામ મૃગાવતી ભગવતી વિશ્વકોશભવન છે. શ્રેણિકભાઈએ ભવન સંદર્ભે જ દાન આપ્યું અને ટ્રસ્ટે આ સમગ્ર સંકુલને ‘શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ વિશ્વવિદ્યા સંકુલ’ નામકરણથી સ્વીકાર્યું. પ્રવીણચંદ્ર ગંભીરચંદ તરફથી માહિતીકેન્દ્ર માટે દાન મળેલું. એ અંતર્ગત પુસ્તક પ્રકાશન શ્રેણી પણ ચાલે છે. દીપચંદ ગારડી તરફથી ગ્રંથાલય માટે દાન પ્રાપ્ત થયું હતું. કેટલાક લોકોએ સામે ચાલીને પણ દાન આપ્યું છે. કૃષિ યુનિવર્સિટીમાં ગ્રંથપાલ રહેલા કાન્તિલાલ ઠાકરે પાંચ લાખ રૂપિયાનું દાન ગ્રંથશ્રેણી માટે કરેલું છે. દાન પાછળનો એમનો આશય જણાવતાં એમણે કહેલું કે ‘ગુજરાતીમાં તમારી પાસે કોઈ વિશ્વકોશ તો છે નહિ.’ આ મહેણું તમે લોકોએ ભાંગ્યું છે માટે હું આ દાન કરવા માટે આવ્યો છું. એવા જ એક બીજા દાતા અટીરાના ગ્રંથપાલ શ્રી પી. સી. શાહે સામે ચાલીને પાંચ લાખ રૂપિયાની સહાય કરેલી તથા અગિયાર માસ, વિશ્વકોશના ગ્રંથાલયમાં આવીને કોઈ પણ જાતનો ચાર્જ લીધા વિના સેવાકાર્ય કર્યું હતું. એમના તરફથી કર્મચારીઓને પાર્ટી પણ આપતા. એવી જ મદદ બીજા એક શ્રેષ્ઠી સી. કે. મહેતા તરફથી મળી રહી. અનેક વિદ્વાનોએ, વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતોએ નિઃશુલ્કપણે પોતાની સેવાઓ વિશ્વકોશને આપી છે. ધીરુબહેન પટેલ જેવાં અનેકોનો ઉલ્લેખ કરી શકાય. વિશ્વકોશના ટ્રસ્ટીઓ તરફથી પણ સ્વૈચ્છિક દાન મળતું રહ્યું છે. પ્રકાશ ભગવતીએ વિશ્વકોશના સભાગૃહ માટે, ગ્રંથ પ્રકાશન માટે તેમજ વિવિધ કાર્યો માટે દાન આપવા ઉપરાંત ઉમદા સહયોગ આપ્યો છે. ધીરુભાઈ ઠાકરનાં દીકરી હિનાબહેનના પતિ નીતિન શુક્લ તરફથી પંદર લાખની સહાય મળી છે. એ બંને જણ હવે વિશ્વકોશ સાથે સંકળાઈને કામ કરે છે. કુમારપાળ દેસાઈના પરિવારજનો તરફથી પણ સહાય મળતી રહી છે. ધર્મતત્વદર્શનને લગતી પ્રવૃત્તિઓ માટે પ્રીતિ શાહ તરફથી પાંચ લાખ રૂપિયાની સહાય મળી છે. નાનું મોટું દાન કરનારા બીજા અનેક દાતાઓ તથા વિવિધ કાર્યક્રમોની જવાબદારી લઈને ગાંઠનું ગોપીચંદન કરીને રાજી થનારા કલાકારો અને વિદ્વાનોને પણ અત્રે યાદ કરવા જોઈએ. અમર ભટ્ટ જેવા ગાયક,

શિલીન શુક્લ જેવા તબીબ, અમિત અંબાલાલ અને અનિલ રેલિયા જેવા કલામર્મજ્ઞ ઉપરાંત અનેક લેખકો, કવિઓ, વિદ્વાન વક્તાઓ વિશ્વકોશની બીજી અનેકવિધ કલાપ્રવૃત્તિઓમાં અને જ્ઞાનવિતરણમાં મદદરૂપ થવા આવે છે.

વિશ્વકોશભવનમાં અનેકવિધ પ્રવૃત્તિઓ ચાલે છે. ભવનમાં વીજાણુ માધ્યમોના પ્રયોગો સાથે અદ્યતન સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. ચિત્ર-પ્રદર્શનો, ગીત-સંગીતના કાર્યક્રમો, કાવ્યપઠન, સર્જક કેફિયત, જ્ઞાનવિજ્ઞાનના અનેક ક્ષેત્રોનાં વ્યાખ્યાનો, નૃત્ય અને નાટકો, પુસ્તક-વિમોચન, ગ્રંથ-પરિચય, ગદ્યવિશ્વ જેવા ઉપક્રમો હેઠળ અનેકવિધ કાર્યક્રમો થતા રહે છે. આ કાર્યક્રમોની સૌને જાણ કરવા માટે પણ પ્રિન્ટ અને ડિજિટલ મીડિયાનો ઉપયોગ થાય છે. કોશની પ્રવૃત્તિઓ ઉપરાંત મહત્વના જ્ઞાનવિતરણ માટે થઈને ‘વિશ્વવિહાર’ માસિક પણ નિયમિતપણે નીકળે છે. આ સામયિક ધીરુભાઈની નજર તળેથી બે-ત્રણ વખત પસાર થતું ત્યારે જ છપાવા જતું. પ્રીતિ શાહ આરંભથી ‘વિશ્વવિહારક તથા પુસ્તક પ્રકાશનોનું કાર્ય સરસ રીતે થતું રહે એની ચીવટ રાખે છે. સરસ પ્રોડક્શન, સરસ કવર પેઇજ, કાર્યક્રમોનાં સુંદર નિમંત્રણ કાર્ડ, ફોટોગ્રાફ, વીડિયોગ્રાફી અને વીસીડી તૈયાર કરવાનું કામ પણ પ્રત્યેક કાર્યક્રમની સાથે નિયમિતપણે ચાલ્યા કરે છે.

ધીરુભાઈએ વિશ્વકોશમાં કોઈ જ પ્રકારની ‘હાયરારકી’ ઊભી થવા દીધી નહોતી. અહીં કોઈ ‘ખાસ’ નથી અને કોઈ ‘સામાન્ય’ નથી. બધા જ સરખા. બધા પોતપોતાના સમયે આવીને કામ કરે. સોંપેલા કામ માટે ધીરુભાઈ એમને બોલાવે, ચર્ચા કરે. કોઈનું કામ નિયમિત કે સમયસર ન હોય તો ધીરુભાઈ જરાક વિશિષ્ટ રીતે એમને પૂછે કે ‘આજકાલ બહુ વ્યસ્ત લાગો છો નહિ ? ઘણું કામ રહેતું હશે નહિ ?’ સોંપેલાં બધાં જ કામ ધીરુભાઈને યાદ હોય. કેટલી બધી વખત એમને બીમારી આવી હોય કે હૉસ્પિટલમાં હોય ત્યારે કે ઘરે આરામમાં હોય ત્યારે પણ કુમારપાળ કે જે કોઈ મળવા જાય એમને વિશ્વકોશ વિશે પૃચ્છા કરે. કાગળ-પેન મંગાવીને બાકી કાર્યોની યાદી કરી એ આગળ ધપાવવાનું કહે. સાંજે છ વાગે બધા મિત્રોએ જતાં પહેલાં ધીરુભાઈના રૂમમાં બેસવાનું. ધીરુભાઈ સહુ માટે સેવમમરા લાવ્યા હોય. બધા એમાંથી થોડા-થોડા લે. એ સાથે સાંપ્રત પરિસ્થિતિની ગંભીર ચર્ચા થાય અને હળવી રમૂજો પણ આ બેઠકમાં થતી.

વિશ્વકોશ ઉપરાંત પરિભાષાકોશ, બાળવિશ્વકોશ તો તૈયાર થયા જ છે પણ આ બધું ઑનલાઇન ઉપલબ્ધ થાય એ પ્રક્રિયા પણ ચાલે છે. ઑલાઇન બાળસાહિત્યનું સામયિક હવે શરૂ થશે. અંધજનો માટે યોગ અને નાટકો કરાવવાનું કામ પણ જસુભાઈ કવિના સહકારથી કરવામાં આવે છે. સરકારે વિશ્વકોશને ‘ગેઝેટિયર્સ’ તૈયાર કરવા પણ આપેલાં. બીજી કેટલીક સંસ્થાઓની જવાબદારી

પણ વિશ્વકોશ ઉપાડે છે. કવિ ન્હાનાલાલ અને અનંતરાય રાવળના નામ સાથે સંકળાયેલી સંસ્થાઓની પ્રવૃત્તિઓનું આયોજન પણ વિશ્વકોશ કરી આપે છે. બધું જ સરસ અને સમયસર થાય, ગુણવત્તાસભર અને ધોરણસર થાય એ આગ્રહો સતત પાળવામાં આવે છે. સાડા ત્રણસોથી વધુ વ્યાખ્યાનો અને બીજા અનેક કાર્યક્રમો વિશ્વકોશે કર્યા છે પણ એમાંથી એક પણ કાર્યક્રમ સમયથી પાંચ મિનિટ પણ મોડો શરૂ થયો નથી એટલું જ નહિ કાર્યક્રમ સમયસર પૂરો કરવાનો આગ્રહ પણ પાળવામાં આવે છે. વિશ્વકોશમાં બીજા ટ્રેનિંગ પ્રોગ્રામ પણ ગોઠવાતા રહે છે. હવે તો રેકૉર્ડિંગ માટેનો તેમજ ડૉક્યુમેન્ટરી તૈયાર થઈ શકે એવો અદ્યતન સાધનોથી યુક્ત સ્ટુડિયો બનાવવામાં આવ્યો છે. વિશ્વકોશ  ત્રણ મહત્ત્વના ઍવૉર્ડ પણ આપે છે.

1. પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ

2. સમાજ ઉત્કર્ષ ઍવૉર્ડ

3. જીવનશિલ્પી ઍવૉર્ડ

ઉપરોક્ત ઍવૉર્ડ જે તે ક્ષેત્રે ઉત્કૃષ્ઠ કામ કરનાર, સાહિત્યકારો, સારસ્વતો, કલાકારો, સમાજસેવીઓ અને અન્યોના જીવનને ઓછામાં ઓછું કષ્ટપ્રદ બનાવવા મથનાર જીવનશિલ્પીઓને આપવામાં આવે છે. ધીરુભાઈની વિદાય પછી દાઉદભાઈ ઘાંચી કહે છે તેમ 'અનુ-ધીરુભાઈ યુગ' વિશ્વકોશમાં શરૂ થયો છે. વિશ્વકોશ હવે એક આંદોલન બની રહ્યું છે. વિશ્વકોશ સંસ્થા અમદાવાદની જ નહિ ગુજરાતની એક મહત્ત્વની એવી સંસ્થા બની રહી છે જે તમામ કલાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ક્ષેત્રે જવાબદરીપૂર્વક સક્રિય છે. આપણી સાહિત્ય સંસ્થાઓ, જે કાર્યો કરવા વર્ષોથી વિચારતી રહી હતી એમાંનાં ઘણાં બધાં કાર્યો વિશ્વકોશ સંસ્થાએ ઉત્તમ ગુણવત્તા સાથે સંપન્ન કરી દીધાં છે અને આજે એક સતત જીવતીજાગતી પ્રજાની વચ્ચે ધબકતી સંસ્થા તરીકે વિશ્વકોશ સૌને માટે ગૌરવ લેવા જેવી ઘટના બની રહી છે.

ડૉ. દાઉદભાઈ ઘાંચી કહે છે : 'ધીરુભાઈનાં જીવન અને કાર્યો સાથે સંકળાયેલી યાદો અપરંપાર છે. કારણ કે તેઓ ઘણી બધી દૃષ્ટિએ ધની હતા, ધનવાન હતા, ધનકુબેર હતા. એમનું આ ધન વિશિષ્ટ પ્રકારનું હતું. એમના ધનભંડારમાં જે અખૂટ ધન હતું તે હતું સંસ્કારધન, જ્ઞાનધન, વિદ્યાધન, પ્રેમધન, અનુકંપાધન, સ્મૃતિધન, સાહિત્યધન, સર્જનધન અને માનવધન. તેઓ જીવનભર ધન અર્જિત કરતા રહ્યા અને સાથે સાથે ઉદારતાપૂર્વક વહેંચતા પણ રહ્યા. ગુજરાત વિશ્વકોશ પરિવાર બડભાગી ગણાય કે એને આવો સમૃદ્ધ ધનવારસો સાંપડ્યો. સાથે સાથે એને પડકાર પણ મળ્યો કે એ આ વારસાને પચાવી જાણે, જાળવી જાણે અને

એનો સુચારુ ઉપયોગ કરી જાણે. 'અનુ-ધીરુભાઈ યુગ'ની સામે નૂતન આયામો, નવીનીકરણો અને નવાં સાહસો કરવાનું કાર્ય રાહ જુએ છે. વિશ્વકોશે આ અઘરું કાર્ય સ્વીકારીને છેલ્લાં પાંચ વર્ષમાં એક નવી ઓળખ પણ ઊભી કરી છે.'

વિશ્વકોશને ધીરુભાઈએ 'સત્યશોધની શાશ્વત યાત્રા' કહી છે. છેલ્લા પ્રવચનમાં એમણે કહેલું કે વિશ્વકોશની પ્રવૃત્તિ એ કંઈ એક પેઢીનું કામ નથી, એની મશાલ પેઢી દર પેઢી ફરતી રહેવી જોઈએ. કોઈ અગ્નિહોત્રીનો સતત હોમ-હવન ચાલતો રહે એવી રીતે આપણા જ્ઞાનકોશનો યજ્ઞ પણ ચાલતો રહેવો જોઈએ. વિશ્વકોશના પ્રમુખ ધુરાવાહક ધીરુભાઈ ઠાકરના આ શબ્દો વિશ્વકોશ પરિવાર આજે સાચા પાડી અને ગૌરવભેર આગળ વધતો રહ્યો છે એ આનંદની વાત છે.

*

ધીરુભાઈનાં દીકરી હિનાબહેન, પિતાજી અને ગૃહસ્થ તરીકે ધીરુભાઈનું વ્યક્તિત્વ વર્ણવતાં કહે છે કે – 'એમણે એમના બાપુજી પાસેથી રામાયણ, મહાભારત સાંભળ્યાં હતાં. એમ એમણે અમને પરિવારજનોને મોડાસા નિવાસ દરમિયાન ગિરધરકૃત રામાયણ સંભળાવી હતી. એમનું નિયમિત ગીતાવાંચન અમારા સૌ માટે પ્રેરક હતું. ગમે એવા સંકટમાં શોકાય ન થઈ જવું અને સફળતા કે સુખની પળોમાં બહુ હરખઘેલા ન થઈ જવું. જ્ઞાન કે ધનનું કદી અભિમાન ન કરવું ઇત્યાદિ બાબતો અમે એમની પાસેથી શીખ્યાં. બાપુજી કર્મને મહત્ત્વ આપતા. સંતુલન રાખતા. સંવેદના દાખવતા છતાં તટસ્થ રહેતા. અનેક વિસંવાદો અને તણાવો વચ્ચે અમે એમને સ્વસ્થ રહેતા જોઈને આશ્ચર્યચકિત થઈ જતાં. શરીરની પીડામાં પણ શાંતિ દાખવતા. ઘરમાં સેવક હોય કે સ્વજન સહુની સાથે માનપૂર્વક સંવાદ કરતા. ઘણી વાર અમારાથી ભૂલ થઈ હોય કે એ પોતે કોઈ મુશ્કેલીમાં હોય તે છતાં અમે એમને કોઈ દિવસ ઊંચે સાદે બોલતા સાંભળ્યા નથી. બહાર બધા એમને 'કડક' માણસ તરીકે ઓળખાવે એમાં સચ્ચાઈ હશે પણ અમને એમની ઋજુતા અને મૃદુતાનો અનુભવ એમની પાછલી જિંદગીમાં તો ખાસ થયો છે. હાસ્ય અને રમૂજના પ્રસંગો કહીને અમારાં સંતાનો જોડે પણ નિરાંતે બેસતા. એમના અંતિમ દિવસોમાં હૉસ્પિટલમાં કુમારપાળ દેસાઈ અને ચંદ્રકાન્ત શેઠ મળવા આવે અને પલંગની બાજુમાં ઊભા રહે ત્યારે એટલી પીડાની વચ્ચે પણ એમણે કહેલું કે : 'વિશ્વકોશને હું આ બે મારા ડાબા-જમણા બાહુઓ જેવા મહારથીઓના હાથમાં સોંપીને નિશ્ચિતતાથી વિદાય લઉં છું. ધીરુભાઈ કાયમ કહેતા કે કુમારપાળ જેવા સમર્થ સારથિ હોય પછી વિશ્વકોશનો રથ અટક્યા વિના ચાલે એમાં કશી જ નવાઈ નથી.'

* * *

# પરિશિષ્ટ

## ડૉ. ધીરુભાઈ ઠાકરની કૃતિઓની સંપૂર્ણ સૂચિ

નાટક : ઊંચો પર્વત, ઊંડી ખીણ (1993), બે બાળનાટકો (1998)

વિવેચન : મણિલાલ નભુભાઈ : સાહિત્યસાધના (1956, 2005), રસ અને રુચિ (1963), સામ્પ્રત સાહિત્ય (1968), પ્રતિભાવ (1972), વિક્ષેપ (1973), વિભાવિતમ્ (1983), મણિલાલ નભુભાઈ (1980), Manilal Dvivedi (1983), નાટ્યકળા (1985), અભિજ્ઞાન (1992), Glimpses of Gujarati Literature (1999), રંગમાધુરી (2000), શબ્દ અને સંસ્કૃતિ (2002), શબ્દનું સખ્ય (2007), કેટલાક સાહિત્યિક વિવાદો (2011), ગાંધીજી અને પાંચ સાક્ષરો (2012)

સાહિત્યનો ઇતિહાસ : ગુજરાતી સાહિત્યની વિકાસરેખા ભા. 1થી 5 (નવું સંશોધિત-સંવર્ધિત સંસ્કરણ 2005-2011)

ચરિત્ર : મણિલાલ નભુભાઈ : જીવનરંગ (1958, 2005), પરંપરા અને પ્રગતિ (કસ્તૂરભાઈ લાલભાઈનું જીવનચરિત્ર, 1980), સ્મરણમાધુરી (1991), મણિલાલ દ્વિવેદી

નિબંધ : શબ્દમાધુરી (1991), સંસ્કારમાધુરી (1991), સત્સંગમાધુરી (1995), અંગત-બિનંગત (1998), વિશ્વમાધુરી (2007), પ્રસંગ માધુરી (2012), દ્રષ્ટા અને સ્રષ્ટા

પ્રવાસ : સફર સો દિવસની (1977), સફરમાધુરી (2004)

સ્વાધ્યાય અને સૂચિ : અભિનેય નાટકો (1958), સુદર્શન અને પ્રિયંવદા (1966), જ્ઞાનસુધા (1988), સમાલોચક (1988)

અનુવાદ : ગૌતમ બુદ્ધ (નૅશનલ બુક ટ્રસ્ટ) (1966), સમાજલક્ષી મનોવિજ્ઞાન (1956), સત્યની મુખોમુખ (2010)

અનુવાદ-સંપાદન (અંગ્રેજી) : Ganadharavada (1942), Nihnavavada (1947)

સંપાદન : મણિલાલની વિચારધારા (1948), મણિલાલના ત્રણ લેખો (1949), કાન્તા (1954), નૃસિંહાવતાર (1955), આત્મનિમજ્જન (1959), પ્રાણવિનિમય (1968), મણિલાલ નભુભાઈ દ્વિવેદીનું આત્મવૃત્તાન્ત (1979), ધૂમકેતુ વાર્તાસૌરભ : 1-2 (1958), જયભિખ્ખુ વાર્તાસૌરભ : 1-2 (1955), ચૌલાદેવી (સંક્ષિપ્ત) (1956), કરુણપ્રશસ્તિ કાવ્યો (1970), મારી હકીકત (1983), મ. ન. દ્વિવેદી સાહિત્યશ્રેણી 1થી 8 (1999થી 2002), સિદ્ધાંતસારનું અવલોકન (2004), નાટ્યતાલીમના નેપથ્યે (2005)

સંપાદન (અન્યના સહકારમાં) : ગ્રંથ અને ગ્રંથકાર, પુ. 10 (1952), આપણાં ખંડકાવ્યો (1958), ચંદ્રહાસ આખ્યાન (1961), કાવ્યસંચય-2 (1981), સાહિત્ય કિરણાવલિ 1-2-3 (1954), સર્વોદય વાચનમાળા 1-2-3-4 (1958), આનંદ વાચનમાળા 1-2-3-4 (1961), Tribute to Ethics (1983), ગુજરાતી વિશ્વકોશ ભૂમિકાખંડ અને ખંડ 1થી 25 (1987, 1989થી 2009), નાટક દેશવિદેશમાં (2002), મણિલાલ દ્વિવેદી સંચય


પત્રો : પત્રમાધુરી (2002)

પ્રકીર્ણ : પ્રવાસી પિરામિડનો (2006), દીવાદાંડી (2007), અનુભવનું અત્તર (2008)

* * *



તેત્રીસ વર્ષની વયે




સાડત્રીસ વર્ષની વયે જુલિયસ સીઝરની ભૂમિકામાં




મોડાસાનું શૈક્ષણિક સંકુલ




કૉલકાતામાં ગુજરાતી વિશ્વકોશ ખંડ 22નો વિમોચન સમારોહ સ્વપન મજમુદારની ઉપસ્થિતિમાં




ગુજરાતી વિશ્વકોશના 24મા ખંડનું વિમોચન કરતા શ્રી નામવરસિંહજી



1985ની બીજી ડિસેમ્બરે અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના રસોઈગૃહમાં
વિશ્વકોશનો પ્રારંભ




વિશ્વકોશના નવનિર્મિત ભવનનું ઉદઘાટન કરતા શ્રી સોમનાથ ચેટરજી




વિશ્વકોશના વિવિધ સંકુલોનું ઉદઘટન કરતા પૂજ્ય મોરારિબાપુ



ઉસ્માનપુરા વિસ્તારમાં આવેલું વિશ્વકોશભવન




ગુજરાતી વિશ્વકોશના 25મા ખંડ અને બાળવિશ્વકોશના પ્રથમ ખંડની
વિમોચન-વિધિ (15 ડિસેમ્બર, 2009)




શ્રી મણિલાલ હ. પટેલને શ્રી ધનજી કાનજી ચંદ્રક અર્પણ કરતા








## ઋષિતુલ્ય પ્રતિભા પુરુષની જીવનકથા

'જ્ઞાનયજ્ઞના આચાર્ય'-ધીરુભાઈ ઠાકરની આ જીવનકથા, એમના સાડા નવ દાયકા (૯૫ વર્ષ)ના સફળ અને સાર્થક જીવનનો રસપ્રદ આલેખ રજૂ કરે છે. આપણા શિક્ષણ-સમાજનું દસ્તાવેજી છતાં રસાળ શૈલીમાં અહીં ઊપસતું ચિત્ર આસ્વાદ્ય હોવા સાથે પેઢીઓ માટેય પ્રેરક છે. ધીરુભાઈ સતત વિદ્યાવ્યાસંગી આચાર્ય રહ્યા. વિશ્વની સચરાચરસૃષ્ટિનું અને માનવવિદ્યાઓ તથા શાસ્ત્રોનું સકળ જ્ઞાન ગુજરાતી ભાષામાં અવતારવાનું ભગીરથકાર્ય 'વિશ્વકોશ' (૨૫ ગ્રંથો) સ્વરૂપે ગુજરાતને સમર્પિત કરનાર આ ઋષિતુલ્ય પ્રતિભા પુરુષનું 'જીવન-મિશન' પણ આ જીવનકથા દ્વારા સહુને સુલભ થઈ રહ્યું છે, એ એક વિરલ સુયોગ છે. ડૉ. ધીરુભાઈ ઠાકરના શૈશવથી આરંભીને એમના સમગ્ર જીવનને અને વિશેષ એમના વિદ્યાપુરુષાર્થને 'જ્ઞાનયજ્ઞના આચાર્ય' પુસ્તકમાં ડૉ. મણિલાલ હ. પટેલે વિસ્તૃતપણે આલેખ્યા છે. વળી એક વિશેષ સુયોગ પણ એ છે કે આપણા સુખ્યાત સર્જક-વિવેચક મણિલાલ હ. પટેલ ધીરુભાઈ ઠાકરના વિદ્યાર્થી પણ રહ્યા છે. એક સર્જક-વિદ્યાર્થીની કલમે લખાયેલી પોતાના ઋષિતુલ્ય ગુરુની જીવનકથા આથી અત્યંત રસપ્રદ બની છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પ્રકાશન